કુમાર

આવતી કાલનાં નાગરિકોનાં સાહિત્ય-કલા અને જ્ઞાન-સંસ્કાર ઘડતરનું માસિક · વર્ષ ૪૩મું · અંક ૨જો · ફેબ્રુઆરી · ઈ. સ. ૧૯૬૬
સંસ્થાપક · રવિશંકર રાવળ




જન્મ : ૧૩-૧-૧૮૯૪] **સ્વ. દેશળજી પરમાર** [નિધન : ૧૨-૨-૧૯૬૬

ગુલાબી ને અમીર દિલના આદમી, સન્નિષ્ઠ ને સાત્ત્વિક વૃત્તિના સજ્જન, કર્તવ્યપરાયણ ને શિષ્ય-વત્સલ શિક્ષક અને જીવનરસાયન ભરેલાં શાંત ને પ્રસન્ન કાવ્યોના સર્જક શ્રી દેશળજી પરમાર લગભગ આજીવન કાવ્યોપાસક રહ્યા. પંડિતયુગ ને ગાંધીયુગ વચ્ચેની કડી રૂપ શ્રી પરમારે શૈશવ ને કૌમારની નિર્દોષતા ને માધુર્ય ગાયાં, તો ભાવગંભીર ને ચિંતનસભર કવિતા પણ લખી. પ્રાસાદિક, મધુર ને અક્લેશકર વાણીમાં એમણે જીવનશુદ્ધિ અને સમર્પણની ભાવના તથા વ્યક્તિજીવન અને રાષ્ટ્રજીવનના ખમીરવંતા ભાવોને ગૂંથ્યા છે. તેઓ એક સારા ને સાચા તથા શિષ્ટ ને ભાવનાશીલ કવિ હતા; ગુજરાતના સંસ્કારધનના એક ઉત્તમાંશ રૂપ ગુજરાતના ઘરદીવડા હતા.

તંત્રી · બચુભાઈ રાવત

અંક ૫૦૬



રાગિણી ધનાશ્રી

ચિત્રકાર :
શ્રીમતી
ફ્રમી દાલાસ

મુઘલ ચિત્રોની સંયોજન શૈલીએ કરેલા આ ચિત્રમાં નજર સમગ્ર ચિત્ર પર ઘૂમી વળીને ચિત્રવિષયના કેન્દ્રસ્થાને ખેંચાઈ આવે છે. એકબીજાની સામે કે સાથે મુકાએલા રંગો અરસપરસ પૂરક બની જે રંગભાત સર્જે છે એ ભરચક છતાં આંખને ખૂંચે નહિ તેવી બની રહે છે. શ્રીમતી ફ્રમીબહેનનો પરિચય આ અંકની 'કલાવાર્તા'માં છે. (બ્લૉકો એમના સૌજન્યથી)



વાચકો લખે છે

જાન્યુઆરી અંકનું પૂઠું જોઈ ખૂબ આનંદ થયો, પણ ગાંધીજીનું ચિત્ર ઉપર લઈ જઈ એ જગ્યાએ સ્વ. શ્રી જવાહરલાલનો ફોટો મૂક્યો હોત તો વધારે સારુ લાગત. ત્રણે વડા પ્રધાનો લાઇનમાં આવત અને ઉપર રાષ્ટ્રપિતા ગાંધીજી એમના પર આશિષ વરસાવતા હોત.

(અમદાવાદ) —હરિવદન પટેલ

[● એ રચના જાન્યુઆરી માસની 'પ્રસંગત્રયી' વિષે છે, વડા પ્રધાનો વિષે નહિ.]

જાન્યુ૦ 'કુમાર': રેવ. ફાધર વાલેસની લેખમાળા માટે અભિનંદન. આટલું અર્થપ્રચુર, પ્રેરણાત્મક અને વ્યવહારુ તેઓ કેવી વિશિષ્ટ રીતે જોઈ શકે છે! દરેક નવલોહિયાના જીવનપથની એ દિશાસૂઝ છે. લેખકને કદીક કુમારચંદ્રક આપીને કદર થાય તોયે ઓછી ગણાય.

પૂઠું બહુ જ અનેરું છે: મહાત્માજી, શાસ્ત્રીજી અને ઇન્દિરાજીની પ્રસંગત્રયી જાન્યુઆરી માસનાં સીમાચિહ્નો છે. આ ત્રણને આપે રાષ્ટ્રધ્વજમાં મઢયાં છે. પૂ૦ મહાત્માજીનું સમર્પણ જીવનમાંગલ્યના કેસરી રંગને શોભાવનારું છે, તો શાસ્ત્રીજી એ શાંતિ માટે પોતાનું જીવન આપ્યું જે શ્વેત પટ્ટામાં આબાદ સૂચવાઈ રહે છે. નવાં વડા પ્રધાન ઇંદિરાજી યુવાન છે; લીલો રંગ પણ યુવાનીનો દ્યોતક છે.

વૃદ્ધસુલભ દૃષ્ટિથી મહાત્માજી નીચે જુએ છે–અતીતમાં ભંડારાઈ ગએલી આપણી સંસ્કૃતિ તરફ. પ્રૌઢ અને દૃઢ દૃષ્ટિથી શાસ્ત્રીજી સામું જુએ છે–સ્થિરતા ને તાકાતના વર્તમાન તરફ. મર્યાદાવાળી આશાભરી દૃષ્ટિથી ઇન્દિરા એક તરફ જુએ છે–લીલા ને ઊજળા ભવિષ્ય ને–કદાચ જે કર ઝુલાવે પારણું...

આ ચિત્રસંયોજન માટે અભિનંદન-ધન્યવાદ.

મુલુંદથી શ્રી રમેશ શાહ કુંડલિની વિષે પુછાવે છે. એ વિષે ટૂંકામાં:

કુંડલિની એટલે આપણા શરીરમાં રહેલી 'ચેતના': ફેફસાંને ફુલાવનાર, આપણા શ્વાસોચ્છ્વાસ ચલાવનાર, શરીરની દરેક ક્રિયા દોરનાર શક્તિ, પ્રાણશક્તિ જે દ્વારા સંચાર કરે છે તે શક્તિ તે કુંડલિની. મનના તરંગ, બુદ્ધિની એકાગ્રતા, સ્વપ્નનું સંચાલન, શરીરનાં પાચન-પોષણ રક્ષણ જે કરે છે તે કુંડલિની.

આ શક્તિ આપણા શરીરમાં સુષુપ્ત રહેલી છે. તે સુષુપ્ત છે ત્યારે ય આપણે ઘણુંઘણું કરીએ છીએ, તો તે જાગૃત બને તો?

કરોડરજ્જુના છેડા નીચે અને ગુદા તથા જનનેન્દ્રિય વચ્ચે ઈડા (ડાબી) અને પિંગલા (જમણી) નાડીના મુખ ઉપર, કુંડલ આકારે, સાડાત્રણ વલયમાં એક અત્યંત સૂક્ષ્મ નલિકા છે તેને કુંડલિની કહે છે. (તેનો આકાર ॐ જેવો છે.) તે નલિકાનાં બે મુખ છે: એક મુખ જાગૃત ફેણ ચડાવેલા સર્પ સમાન છે અને તેને કારણે જીવ શ્વાસનિઃશ્વાસ લઈ શકે છે, શરીરની સઘળી ક્રિયા કરી શકે છે. આ કુંડલિનીનું બીજું મુખ ઇડા અને પિંગલા વચ્ચે આડમાં ગોઠવાયું છે. એ મુખ જ્યારે જાગૃત બને ત્યારે ઈડા અને પિંગલા વચ્ચે જે નલિકા સુષુમણા નામે ઓળખાય છે તેમાં પ્રાણ સંચરે અને ધીમેધીમે સપ્તચક્ર, મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર (નાભિચક્ર), અનાહત (હૃદયચક્ર), વિશુદ્ધ (કંઠ), આજ્ઞાચક્ર (બંને ભ્રકુટિ વચ્ચે) ને સહસ્રાર(બ્રહ્મરંધ્ર)માં પહોંચે ત્યારે જીવનમુક્ત બનાય, ઇશ્વર બની શકાય. ત્યારે ત્યાં સર્વે વર્તમાન કાળ જ જણાય, સંપૂર્ણ આનંદમય બની જવાય.

આ કુંડલિની જાગૃત કરવા માટે દૃઢ નિશ્ચય અને સંયમની જરૂર છે. શ્વાસનું નિયમન કરવાથી આપોઆપ શ્વાસ ચલાવનાર પ્રાણશક્તિનું નિયમન થાય છે. તરત જ શરીર અંતર્મુખ બને છે. આપણી સર્વ ઇન્દ્રિય બહિર્મુખ છે: આંખ, કાન, નાક વગેરે બહારથી ગ્રહણ કરે છે. કુંડલિની જાગૃત થતાં તે સર્વે અંતર્મુખ બનશે, અને અંદર પ્રાણશક્તિને નિહાળશે, ને તુર્ત જ આ જીવ, જગત ને બ્રહ્મનો ભેદ મેળવી શકાશે. સ્વામી વિવેકાનંદજીએ પોતાના 'રાજયોગ' પુસ્તકમાં જણાવ્યું છે કે બીજો કશો પ્રાણાયામ ન કરતાં દિવસમાં દર બે કલાકે દસ મિનિટ તમારા શ્વાસોચ્છ્વાસને નિયમિત બનાવો. ડાબે નસ્કોરેથી લાંબો શ્વાસ લઈ એ જ ગતિએ જમણે નસ્કોરે ધીમે ધીમે કાઢો. અને પછી જમણે નસ્કોરેથી શ્વાસ લઈ ડાબે નસ્કોરે બહાર કાઢો. દરમ્યાન ટટ્ટાર બેસી એકાગ્રતાથી વિચારોને આરામ આપો. ફક્ત કોઈ એક વિચાર (મનગમતો વિચાર) કરો. તેમ કરવામાં જ્યારે મનને ટેવ પડી જાય ત્યારે એ વિચારને પણ શૂન્ય કરી નાખો. આમ થશે ત્યારે સ્વયં આનંદ ઉદ્ભવશે, દમન થશે, શરીર પોતાની મેળે આસન, પ્રાણાયામ, સમાધિ કરવા માંડશે. ભૂત-વર્તમાન-ભવિષ્ય એક જણાશે. કર્મ નિષ્કામ બની જશે. દૃઢ નિશ્ચય કરનાર આમ છ માસમાં જ કુંડલિની જાગૃત કરી સત્ય શોધીને આનંદમય બની, મૃત્યુને જીતી જાય છે.

(દ્વારકા) —પુષ્કરભાઈ ગોકાણી

શ્રી રમેશ શાહની 'કુંડલિની'ની પૃચ્છા વિષે: 'કુંડલિની' અને 'ચક્રો' વિષે થીઑસૉફિકલ પબ્લિશિંગ હાઉસ, અડયાર, મદ્રાસ-૨૦ તરફથી પ્રકાશિત સાહિત્ય છે.

થીઑસૉફિકલ સાહિત્યમાં આપણાં સૂક્ષ્મ શરીરો વિષે 'Man Visible & Invisible' લે. લેડબીટર, વિચારોની આકૃતિઓ વિષે 'The Thought Forms' લે. લેડબીટર વગેરે ઘણાં સુંદર પ્રકાશનો છે.

મૃત્યુ પછીની અવસ્થાઓ વિષે પણ ઘણું અધિકૃત સાહિત્ય TPHનું છે. તેમાં મુખ્યત્વે 'The Other side of death' આધારભૂત ગ્રંથ ગણાય છે. Occult Chemistry પણ મહાન ગ્રંથ છે.

(મુંબાઈ) —રાજાભાઈ ખે. લાદીવાળા

લાલબહાદુર શાસ્ત્રીનો સુંદર લેખ રસપૂર્વક વાંચ્યો. લેખકનું નામ જણાવવા કૃપા. 'શાસ્ત્રી' એ તેમની વિશિષ્ટ પદવી હતી. તેમની ખરેખર અટક 'શ્રીવાસ્તવ' હતી. પ્રસ્તુત લેખમાં તે જણાવ્યું નથી.

(લીમડી) —સુરેશ પી. સખીદા 'સુકેતુ'

[● શ્રીવાસ્તવ અટકનો ઉલ્લેખ અગાઉ અંક ૪૮૬માં એમના પરિચય સાથે આવી ગયો છે. 'શાસ્ત્રી' એ વિશિષ્ટ 'પદવી' નહિ પણ કાશી વિદ્યાપીઠના સ્નાતક તરીકેની ઉપાધિ હતી. લેખ અમારા સંપાદન-મદદનીશ શ્રી બિહારીલાલ ટાંકે તૈયાર કરેલો છે.]

અંક ૫૦૫માં વાર્તા 'કૅલેન્ડરની પરિન્દા' ખૂબ જ પસંદ પડી. મનોવૈજ્ઞાનિક પાયા પર રચાએલી વાર્તા આપણા મન સરોવરમાં ઊંડે સુધી ડોકિયું કરી જાય છે. નાનું બાળક કેટલું સમજી શકે છે તે ઘણીવાર શિક્ષિત માતપિતા પણ સમજી શકતાં નથી. નાનાં બાળકોનાં માતાપિતાને આ વાર્તા ઘણી જ ગમી હોવી જોઇએ. લેખકને મારાં હાર્દિક અભિનંદન.

(કલોલ) —કિશોરલાલ ચી. કોઠારી

'કુમાર'માં હજી સુધી 'Joker' 'કલેક્શન વિષે કાંઈ જાણવા નથી મળતું. મારો ભત્રીજો આ રીતે ગંજીપાનાં 'જોકર્સ'નો સંગ્રહ કરે છે, પણ તેના માટેની પૂરી માહિતી હજી

મળતી નથી; તે માટેનું કોઈ ચોક્કસ સ્થળ કે સંગ્રાહકોની જાણ નથી. આવી કોઈ આપને જાણ હોય તો મને જણાવશો.

(અમદાવાદ) —જગદીશ પરીખ

મારા ભત્રીજા પાસે લગભગ જુદાજુદા બસો જેટલા નમૂનાઓ છે. કોઇને કદાચ શૉખ હોય ને પોતાની પાસેના એવડાએલાનો વિનિમય ઇચ્છતા હોય એ આશયથી પણ લખ્યું છે.

રેવ. ફાધર વાલેસ લિખિત 'વ્યક્તિ-ઘડતર'-ની શ્રેણી મારે મન યુનિવર્સિટીના જ્ઞાનથી અધિક જ્ઞાનયુક્ત છે. અમેરિકા અંગેની પત્રમાળા પણ ખૂબ માહિતી આપે છે. મારા માટે આ બંને અંગ આકર્ષક જ નહિ માર્ગદર્શક ગણી શકાય તેવાં છે.

(ડાકોર) —ભગવતી સોની

જાન્યુઆરી અંકમાં પૃ. ૯ ઉપર ફોટો નીચેના લખાણમાં સરદાર સ્વર્ણસિંહની બાજુમાં પાકિસ્તાનના જનાબ ભુટ્ટો છે એમ જણાવ્યું છે. પરંતુ તે પાકિસ્તાન ખાતેના ભૂતપૂર્વ ભારતીય હાઈકમિશનર શ્રી રાજેશ્વર દયાલ છે.

(અમદાવાદ) —ભજગોવિંદ મ. જાની

જાન્યુઆરી 'કુમાર'માં શ્રી પ્રધાને 'સાધના'માં લખેલી સમરસેટ મૉમના સાહિત્યસર્જન ઉપરની નોંધનો ગુજરાતી અનુવાદ આપવામાં આવ્યો છે (પા. ૨૧). મૂળ મરાઠી નોંધમાં છે કે નહિ તેની ખબર નથી, પણ 'કુમાર'માં પ્રખ્યાત ચિત્રકાર ગોગૅં (Gaugoin)નું નામ 'ગોગાં' આપવામાં આવ્યું છે, જે અશુદ્ધ છે. સાધારણ રીતે ફ્રેંચમાં oi નો ઉચ્ચાર 'વા' થાય છે અને inનો ઉચ્ચાર 'ઍં' અથવા 'એં' થાય છે.

(ન્યૂ દિલ્હી) —સતીશ કાલેલકર

જાન્યુ. અંકમાં 'સાદ ના પાડો' ખૂબ ગમ્યું. 'કુમાર'નું પૂઠું પણ સરસ બન્યું છે.

(ભાવનગર) —હિંમત ખાટસુરિયા

ફેબ્રુઆરી ૧૯૬૬ • અંક ૫૦૬

કુમાર

અનુક્રમ

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૧૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ: રૂ. ૧-૫૦



ફેબ્રુઆરી ૧૯૬૬
તંત્રી · બચુભાઈ રાવત

શિવ-કૃપા / સુન્દરમ્

· મિશ્ર ·

ન હૂર હાલાહલ માત્ર ઊર્ધ્વે
હિમાલયે ના શિવકંઠમાં ઠર્યું:
એ સાવ આંહીં પણ પાસ બેઠું,
ને આપણે માનવ નાનકાંએ,
સ્મરી લઈ તે શિવ, પી જવાનું.
એ પી ગયા તો ય હજી ય શેષ કાં?
એવો ઘટે ના અફસોસ,—સૃષ્ટિને
શિવત્વની નિત્ય મહાન દીક્ષા
દેવા શિવે અંતર આર્દ્ર થૈને
કૃપા કરી બહાર રમંત મૂક્યું.
લો જોઇએ તેટલું એ અહીં રહ્યું,
આ છેક પાસે—
પી લો, અરે પીવ–બનો અને શિવ.

બપોર / ચંદ્રકાન્ત શેઠ

· મનહર ·

સરોવર શાંત (નિષ્પંદ કો આંખ).
એની સપાટીપે ભડભડ ભભૂકતો સૂનકાર
કિરણોને સાવ સૂકે ખડ.

બગ એક સ્તબ્ધ:
હવા બધી શોષી લઈ, બીડી બેય પાંખ,
બસ ખડો ખડો, બંધ આંખે અંધકારે
સોનેરી કો મીન જાણે જોયા કરે!
— જોયા કરે! — જોયા કરે!

દૂર કો મહિષ શુષ્ક પંકે બેઠો બેઠો,
આષાઢના દિન જાણે વાગોળતો ધીમે.
ભીતરમાં સમયની નિશ્ચલ જે ગતિ,
—એનો રુદ્ધ પ્રતિઘોષ જાણે સુણ્યા કરે!
— સુણ્યા કરે! — સુણ્યા કરે!

આજ અચાનક / રાવજી પટેલ

· સવૈયા ·

કલશોર ભરેલું વૃક્ષ કાનમાં ઝૂલે!
પાળ તૂટેલા વ્હેળા શો
આળોટું રસબસ.
પારિજાતની ગંધ સરીખી તનેગોપવી
લોચન ભીતરમાં રહી ખૂલે!

પ્હેલાં જેમ થતું'તું…
પરિતૃપ્ત એકાંત યાદથી,
એવી…બસ એવી…
કુંવારી શય્યાના જેવી તું…

કેટકેટલું વીત્યું સુજને!
હજી રક્તમાં વ્હેતો વ્યાધિ…

અમથી અમથી
મત્ત હવાની ઘૂમરી જેવી
પ્હેલાં ઘરમાં જતી-આવતી.
એક દિવસ ના મળ્યો?
તને મેં ઔષધ પીતાં પીધી!

આજ અચાનક આંગણ કૂદ્યું ટહુકે…
લયની ટેકરીઓ લીલીછમ વ્હેતી;
કઈ બારીએ હેરું?
મન પડતું મેલું—કઈ બારીએ?!

ધુમ્મસિયાં સવાર / મણિલાલ દેસાઈ

· લાવણી ·

ખીલ્યા ખીલ્યા પારિજાતની તળે,
હવે સવાર (અ)ા ભીનું ભીનું ગળે.

ધુમ્મસ શાં આછાં દગથી હું જોઉં,
અને થતું: ધુમ્મસમાં સુજને ખોઉં.

હવે હોઠ આ ધુમ્મસ, ગાલ (અ)ા ધુમ્મસ,
ધુમ્મસ ધુમ્મસ નાક-કાન આ ધુમ્મસ;
ધુમ્મસ વચ્ચે પારિજાતની સુવાસ ધુમ્મસ,
નભની તો શી વાત કરું જ્યાં હવા ય ધુમ્મસ.

પારિજાતની લઈ કેસરી દાંડી
કિરણોએ ઘરઘરની ક્રીડા માંડી,

ખીલ્યા ખીલ્યા પારિજાતની તળે,
હવે સવાર (અ)ા ભીનું ભીનું ગળે.

દીવાલો / મનોજ ખંડેરિયા

· ગઝલ ·

પડ્યાં ગાબડાં ને કથળતી દીવાલો,
ગુફામાં હવે પાછી વળતી દીવાલો.

તરડ બારણાંમાં ઝીણી હોય તો પણ
કદી ત્યાંથી ભાગી નીકળતી દીવાલો.

દિવસભર રહે ઊભી લઈ ઘરનો ટેકો,
અને ક્યાંય રાતે રઝળતી દીવાલો.

ઝીણાં છિદ્રથી આવે ચાંદરણાં રૂડાં,
શિશુ જેમ એને ચગળતી દીવાલો.

સમયની તીણી સાંગ પથ્થરને ચીરે,
ચીસો પાડે લોહી–નીંગળતી દીવાલો.

હવે ક્યાંક ખુલ્લામાં રહેવાને ચાલો,
છે ચારે તરફ અહીં ઊકળતી દીવાલો.

સુર્યોદય / અનિલ જોશી

· સવૈયા ·

ધુમ્મસભીની પ્હાડ ખીણમાં,
ગંધપરીના પવનખંડમાં
પંખી ટહુકા લટાર હેતા,
દૂરદૂરના બરફ-શિખર પર
ઓગળતા સૂરજના રેલા
ખળખળ ખળખળ … … …

વ્યક્તિઘડતર: ૮

આત્મસ્વીકાર

રેવ૦ ફાધર વાલેસ

'વિચિત્ર દેખાવ, વિચિત્ર વાણી,
વિચિત્ર પોશાક, વિચિત્ર પ્રાણી.'

અરીસા સામે તટસ્થ ભાવે જોતાં કવિ દલપતરામે ચીતરેલું આ માનવમાત્રનું ચિત્ર આબેહૂબ લાગે છે. અને મન ગૂંચવાય ત્યારે બહાર ના દેખાવ કરતાં અંદર ચાલતો રાંઝુમેળો વિચિત્ર છે એની કબૂલાત પણ આપોઆપ અપાઈ જાય છે. ખરેખર, માણસ એક વિચિત્ર પ્રાણી છે. તે દેવ ને રાક્ષસ, અધમ વાસનાઓ ને ઉત્કૃષ્ટ ભાવનાઓનું, માટી ને સોનાનું સંકર મિશ્રણ છે. તો પણ કવિ સર્જનહાર પાસે ફરિયાદ કરવા જતા નથી. ઊલટું નમ્રભાવે એ બોલે છે:

'વિચિત્ર આ નાટક વિશ્વનામ,
પેદા કર્યું તે પ્રભુને પ્રણામ.'

પરિસ્થિતિ સ્વીકારવામાં કેવળ ભક્તિભાવ કે કવિતાનો રસ નથી; માનસશાસ્ત્ર ને વ્યક્તિઘડતરનો એક અણુમૂલ સિદ્ધાંત પણ એમાં સમાએલો છે. જે મન-દેહ મને મળ્યાં છે એ લઇને મારે જિંદગી સુધી કામ કરવાનું છે, એની સાથે સારો સંબંધ તો રાખીએ ને! ઘેર સતત કંકાસ હોય તો જીવન કેમ જિવાય? એ મન ને એ શરીર આદર્શ તો નહિ હોય. શરીર લાંબું કે ઠીંગણું હોય, ચહેરો રૂપાળો કે બેડોળ હોય, બુદ્ધિ તેજ કે મંદ હોય...; માલ તો મને એવો જ મળ્યો છે; અને એમાં–દવાઓ કે કસરત કે અભ્યાસથી–ઝાઝો ફેર પડવાનો નથી; મારી એ જાતની સાથે જ મારે સૌથી પ્રથમ અને પૂરા દિલથી સમાધાન કરી લેવું જોઈએ. તેનું નામ આત્મસ્વીકાર.

'હું પાંચેક વરસનો હતો' એક જન્મથી અંધ લેખક લખે છે–'ત્યારે મને ખબર પડવા માંડી કે બીજા છોકરાઓ કરતાં હું જુદો હતો મને આંખો ન હતી. 'પ્રકાશ' શબ્દનો જે અર્થ તેઓ કરતા એ મારા અર્થથી કંઈક જુદો હતો. રંગોનાં નામો પાડવા પાછળ એવું કોઈ કારણ હોવું જોઈએ જે હું સમજતો ન હતો. પણ શરૂઆતમાં એનો બહુ રંજ મને રહેતો નહોતો. હશે એ જુદા. આપણે પણ સાચા. પરંતુ આગળ ઉપર મારી કરુણ અવસ્થાનો પૂરો ખ્યાલ મને થયો ત્યારે મારુ દિલ પોકારી ઊઠ્યું,... 'હવે જીવન કેમ જિવાશે?' પછી સમાધાન થયું. તરત તો નહિ; પણ ઘણા આત્મમંથન ને પ્રાર્થનાના ફળ રૂપે. છેલ્લે મેં સાચા દિલથી મારા અંધપણાનો સ્વીકાર કર્યો ત્યારે જ મારુ ખરું જીવન શરૂ થયું. આજે સમાજમાં મારું સ્થાન છે.'

આત્મજ્ઞાન પછી આત્મસ્વીકાર વ્યક્તિઘડતરનું બીજું સોપાન છે. આપણી જાતને ઓળખ્યા પછી તેને પ્રેમથી વધાવી લેવી તે એનો અર્થ થયો. આ આત્મસ્વીકાર તો કોઈ લાચારી કે આળસ કે પ્રારબ્ધવાદ કે 'છીએ તે જ ઠીક' એવો ખોટો આત્મસંતોષ નથી. પરિસ્થિતિ સ્વીકાર્યા પછી એને સુધારવા આપણે મેદાને પડીશું. આપણા ગુણદોષ જાણ્યા પછી ગુણો વધારવા અને દોષો દબાવવા તરફ ધ્યાન આપીશું. આપણા હાથમાં જે જે હોય –અને ઘણું તો છે જ–એના પર આત્મબળના પ્રયોગો ચલાવીશું. પણ જે આપના હાથની વાત ન હોય એ ઉપર અનધિકારી ચેષ્ટા ન કરવી એટલી મર્યાદા આપણે હર્ષથી સ્વીકારશું. જે બળદ હળમાં જોડેલા છે એ લઇને ખેતી કરવાની છે. મન-દેહની આ જેવી છે તેવી જોડી હાંકી હાંકીને જીવનનો ક્યારો ખેડવાનો છે. અને પોતાના બળદ માટે–ભલે ને એ થોડા ખામીવાળા હોય–ખેડૂતને કેટલી મમતા હોય છે!

આજનું સ્વીકારીને કાલનું સુધારવાની વાત છે. હાલ તમને મહિને ત્રણસો રૂપિયાનો પગાર મળે છે? ઠીક. ત્રણસોના પાંચસો અને પાંચસોના હજાર થાય એનો પ્રયત્ન જરૂર કરતા રહો. પરતુ જ્યાં સુધી ત્રણસો જ મળે ત્યાં સુધી ત્રણસોની મર્યાદામાં જીવો. ખોટો ઢોંગ કરીને કે દેવું કાઢીને હજારના જીવનધોરણમાં ખપી જવા ફાંફાં ન મારો.

વિધાતાએ જે પ્રસાદ તમારા ખોળામાં મૂક્યો છે એ દિલના આભાર સાથે તમારે સ્વીકારવો ઘટે–સૃષ્ટિની કતારમાં તમારી આગળપાછળ ઊભેલા બીજાઓના હાથમાં એણે કેટલો નાખ્યો એ તરફ અદેખાઈથી નજર કર્યા વિના. દરેકને પોતપોતાનું મિશ્રણ હોય છે, અને એમાં દુ:ખની માત્રા ઓછી નથી હોતી. એક ગુલાબ સાથે સો કાંટા હોય. સોનાના એક કણ સાથે રેતીના અબજ મળે. જીતવાની તેમ સારી રીતે–હસ્તે મોંએ–હારવાની એક કલા પણ હોય છે. એ કલા હસ્તક ન હોય તો ખેલનો આનંદ ચિંતામાં ને દુ:ખમાં પલટાઈ જશે.

'હું આ ચૂંટણીમાં ઊભો છું. જીવનમાં પહેલી ને છેલ્લીવાર! જીતીશ તો મારી ફરજ બજાવીશ. પણ હારીશ તો આ ધંધાને રામરામ.' એમ મત-ઉઘરાણી માટે આવેલો ઉમેદવાર મારી આગળ બોલ્યો. અને મને મનમાં થયું: જેને હાર પચાવતાં નહિ આવડે એ ચૂંટણીમાં ઊતરે શું કામ? પણ તરત એનો પડઘો પણ પડ્યો: જેને એક વાર ઠેસ વાગતાં આગળ ચાલવા હિંમત ન રહે એ જીવનપંથ ઉપર પગ મૂકે શી રીતે?

એક સદ્‌ગૃહસ્થ સાથે એક દિવસ મને પરિચય થએલો. પછી ઓળખાણ કરાવનાર મિત્રે મને સ્વગત કહ્યું: 'તે આ પ્રાંતનો શ્રેષ્ઠ સાહિત્યકાર છે.' મેં આશ્ચર્ય બતાવ્યું: 'તેની કોઈ કૃતિ જોયાનું મને યાદ નથી.' ખુલાસો મળ્યો. 'એ લેખક છે પણ લખતો નથી. વરસો પહેલાં એણે થોડા લેખો ને વાર્તાઓ લખેલ. ઉત્તમ હતાં. પણ એક અવિચારી ટીકાકારે એની એક વાર્તાની આકરી ટીકા લખી. બસ થયું. એ ટીકા એનાથી સહન ન થઈ. અને ત્યારથી જ એનું આ વ્રત ચાલે છે. લખતો નથી..., પણ કલમ તો એની જ!' લખતા નથી એવા લેખકો, બોલતા નથી એવા વક્તાઓ, રમતા નથી એવા ખેલાડીઓ, અને સંશોધન કરતા નથી એવા સંશોધકોથી દુનિયા તો ભરેલી છે. એક ઘા તેઓ ઝીલી શક્યા નહિ. એક વખત જીવનહોળીમાં દાઝ્યા એટલે કાયમ માટે ચિનગારીથી પણ ભડક્યા.

રોગ ને અકસ્માત પણ એવી વસ્તુઓ છે, સામાન્ય સ્વાસ્થ્યના નિયમો ને સાવચેતી સિવાય-આપણા હાથમાં હોતી નથી. રોગજંતુઓ ક્યારે કોના ઉપર હુમલો કરશે એનું કોઇ મુહૂર્ત નથી. અને અકસ્માત તો અકસ્માત જ થાય છે. નવા કોર્સના પ્રથમ દિવસે એક વિદ્યાર્થી ઉમંગભેર કૉલેજ તરફ આવતો હતો. રસ્તામાં તેની સાઈકલ એક મોટરની સાથે અથડાઇ. ભારે ઈજા થઈ. વાઢકાપ, દવાઓ અને ત્રણ મહિનાનો સંપૂર્ણ આરામ–એવો ડૉકટરનો હુકમ છૂટ્યો. હવે એ ઉત્સાહી યુવાનની માનસિક સ્થિતિ કલ્પી શકશો? હાડકાંઓની મરામત તો ડૉક્ટર કરશે; પણ મનની મરામત કોણ કરશે? તેની મુલાકાતે હું ગયો ત્યારે તેના હાથમાં પાઠ્યપુસ્તક હતું... ડૉકટરની ના હતી તો પણ. મેં ધીરેથી પુસ્તક તેના હાથમાંથી લીધું અને તેને સમજાવ્યો: 'અકસ્માત તો થયો. હવે એ મોટરમાલિકને કે તમારા નસીબને ગાળો દેવી નિરર્થક છે. કે ત્રણ મહિના જશે અને કદાચ આખું યે વર્ષ બગડશે એની પાછળ કલ્પાંત કરવાનો પણ અર્થ નથી. જે થયું એ ન થયું થવાનું નથી. હવે સામે થવાથી કે બળવો પોકારવાથી કે અંદર બળ્યા કરવાથી કોઈ ફાયદો થવાનો નથી, ઊલટાનું નુકસાન થશે. માટે તમારું મન મનાવીને આ પરિસ્થિતિ સ્વીકારી લો. પરિસ્થિતિ તમને અનુકૂળ ન હોય તો તમે એને અનુકૂળ થાઓ. ડૉક્ટર કહે તે પ્રમાણે કરો. પાઠ્યપુસ્તકો વેગળાં રાખો. નવો અનુભવ પચાવી લો. એમાં પણ પ્રભુનો હાથ પારખવા પ્રયત્ન કરો. મન પ્રફુલ્લિત રાખો. આમ જલદી સાજા થવાશે... અને હજી આ વર્ષે પણ પરીક્ષામાં આગળ નીકળી જવાશે...' અને થયું પણ તેમ જ.

વાસ્તવિકતાનો સ્વીકાર–મનદેહનો, કુટુંબ–સમાજનો, ને આપણા હાથમાં જે જે ન હોય તે સર્વનો સ્વીકાર–એ જીવનકલાનું એક મંગળ સૂત્ર છે.

°

મારા આ પગ લઇને મારે ચાલવાનું છે.

મારી આ આંખ લઇને મારે રસ્તો શોધવાનો છે.

મારી આ બુદ્ધિ લઈને મારે દિશા બાંધવાની છે.

તેનો 'સાભાર સ્વીકાર' એ સફળ યાત્રાની પહેલી શરત છે.

તેજસ્વી પત્રકાર, માર્ગદર્શક, લોકનેતા
ચરિત્રલેખક
ઇતિહાસકાર
સ્વાધ્યાયશીલ

ઇન્દ્ર વિદ્યાવાચસ્પતિ

લેખક • પ્રા. શંકરદેવ વિદ્યાલંકાર


આચાર્ય ઇન્દ્ર વિદ્યાવાચસ્પતિ ઈ. ૧૯૫૧માં

હિમાલયની ગોદમાં પુણ્યસલિલા ભગવતી ભાગીરથીને તીરે પોતાના કર્મવીર અને તપોધન પિતા શ્રદ્ધાનંદજીએ સ્થાપેલા રાષ્ટ્રીય વિદ્યાધામ—ગુરુકુલ વિદ્યાપીઠમાં જ્ઞાનોપાસના કરીને ઇન્દ્રજી ઈ. સ. ૧૯૧૨માં સ્નાતક બન્યા અને ત્રણેક વર્ષ પછી ઇતિહાસશાસ્ત્ર લઇને 'વિદ્યાવાચસ્પતિ' (એમ. એ.ની સમકક્ષ)ની ઉપાધિથી વિભૂષિત થયા. આગળ જતાં એ ઉપાધિ જ એમની અટક બની ગઈ. એ જ વખતે એમણે પોતાના આચાર્યને ગુરુદક્ષિણા આપવાના રૂપમાં સ્વદેશ, સ્વધર્મ, સ્વસંસ્કૃતિ ને માનવજાતિની સેવામાં સમસ્ત જીવન અર્પણ કરવાનું વ્રત લીધું. એ સંકલ્પ પ્રમાણે ઇન્દ્રજી લોકસેવામાં વિવિધ ક્ષેત્રોમાં અર્ધી સદી સુધી સતત ક્રિયાશીલ રહ્યા.

પોતાની આ કારકિર્દીની શરૂઆત એમણે પોતાની માતૃવિદ્યા સંસ્થા ગુરુકુલ કાંગડી (હરિદ્વાર)માં સંસ્કૃત સાહિત્યના પ્રાધ્યાપક તરીકે કરી. ચારેક વર્ષ પછી દેશમાં સ્વાધીનતા-સંગ્રામનો સિંધુડો વાગતાં તેઓ રાજધાની દિલ્હી પહોંચી ગયા ને લોકશિક્ષણ તથા લોકજાગૃતિના પ્રબલ વાહક પત્રકારત્વમાં ઝંપલાવીને હિંદી ભાષામાં 'વિજય' નામનું દૈનિક પત્ર શરૂ કર્યું.

પત્રકારત્વ પ્રત્યે એમને નાનપણથી જ આકર્ષણ હતું. ગુરુકુલમાં આઠમી કક્ષામાં એ ભણતા ત્યારે પોતાના મોટા ભાઈ હરિશ્ચન્દ્ર વિદ્યાલંકાર સાથે એક હસ્તલિખિત પખવાડિક કાઢતા. એમના પિતા સ્વામી શ્રદ્ધાનંદજી 'સદ્ધર્મ પ્રચારક' નામનું એક અઠવાડિક પત્ર ઉર્દૂ ભાષામાં કાઢતા. વખત જતાં એક જ રાતમાં એમણે પોતાના એ અઠવાડિકને હિન્દી સ્વરૂપ આપી દીધેલું. એક વખતે 'સદ્ધર્મ પ્રચારક' ઉત્તર ભારતનું તેજસ્વી અઠવાડિક પત્ર ગણાતું.

તેજસ્વી પત્રકાર

'વિજય' રાજધાની દિલ્હીનું હિન્દી ભાષામાં નીકળતું એકમાત્ર અને એટલું ઓજસ્વી રાષ્ટ્રીય દૈનિક હતું કે સ્વરાજ્યની લડતના એ દિવસોમાં તેની જ્વાલામુખી જેવી અગ્નિવર્ષા વાંચવા માટે કેટલાક મુસલમાન ભાઇઓએ હિંદી ભાષા શીખી હતી. દિલ્હી ત્યારે ઉર્દૂ ભાષાનો કિલ્લો મનાતું, છતાં હિંદી ભાષામાં છપાતા 'વિજયે' એકાએક જોતજોતામાં સરકાર અને જનતા બન્ને પર પોતાનો પ્રભાવ જમાવ્યો.

એ યુગમાં હિંદી પત્રકારજગત્‌માં તેજસ્વી તરુણોની આ ત્રિમૂર્તિ વિખ્યાત હતી : સ્વર્ગીય પં૦ કૃષ્ણકાંત માલવીય (તંત્રી 'અભ્યુદય'–પ્રયાગ), શહીદ ગણેશશંકર વિદ્યાર્થી (તંત્રી 'પ્રતાપ'–કાનપુર) અને શ્રી ઈન્દ્ર વિદ્યાવાચસ્પતિ (તંત્રી 'વિજય'–દિલ્હી) એ ત્રણેની કલમમાં રાષ્ટ્રનિષ્ઠા, પ્રખરતા ને મૌલિકતા હતી. ત્રણેએ પત્રકારત્વને રાષ્ટ્રસેવા અને જન-જાગૃતિનું વાહન બનાવીને એમણે હિંદી પત્રકારિતામાં તેજસ્વિતા અને ક્ષાત્રવૃત્તિનો સંચાર કર્યો. રાજકારણ, સામાજિક સુધારણા અને સાહિત્ય-સેવાનો એમના પત્રોમાં સુભગ સમન્વય હતો. નવીન યુગના સંદેશવાહક અને પ્રહરી ગણાતા એ ત્રણે તંત્રીઓ જુદા જુદા સ્થળે–કાનપુર અને દિલ્હીમાં–રહેતા, છતાં તેમનો સ્વર એક હતો, લક્ષ્ય એક હતું. રાષ્ટ્રનો આત્મા આ પત્રો દ્વારા વ્યક્ત થતો હતો.

ઇન્દ્રજી જનતાના હૃદયને પરિવર્તિત કરવામાં સિદ્ધહસ્ત હતા. દિલ્હીના સાર્વજનિક જીવનને એમણે ખૂબ ઊંચે ઉઠાવી દીધું. એમની લેખિની અને વાણીએ દિલ્હીને એટલું વશ કરી લીધું હતું કે દિલ્હીમાં એ ચાહતા તે થઈ શકતું.

ઈ. ૧૯૧૦થી એમણે લખવાનું શરૂ કર્યું તે છેક ૧૯૬૦ સુધી—અરધી સદી લગી પત્રકાર, સાહિત્યકાર, ઇતિહાસલેખક અને સંશોધક તરીકે તે લાગટ લખતા રહ્યા.

બ્રિટિશ સરકારની દમનનીતિથી 'વિજય' બંધ થયું એટલે એમણે 'અર્જુન' નામે એક નવું દૈનિક શરૂ કર્યું. એમાં આવતા એમના તેજોદીપ્ત લેખોએ ૧૯૨૭માં એમને જેલ ભેગા કર્યા! અને ફરી ૧૯૩૨માં જેલમાં પ્રકેલાયા ત્યારે તે પ્રાંતિક કૉંગ્રેસ કમિટીના અધ્યક્ષ હતા. ઈ. ૧૯૩૫માં 'અર્જુન' પાસેથી પાંચપાંચ હજાર રૂપિયાની બે જામીનગીરી માગવામાં આવી, એટલે એ પત્ર 'વીર અર્જુન'ના નામથી નવા અવતારે નીકળવા માંડ્યું! તેનો મુદ્રાલેખ હતો : 'અર્જુનસ્ય પ્રતિજ્ઞે દ્વે, ન દૈન્યં ન પલાયનમ્'. આમ અરધી સદી સુધી તેઓ રાષ્ટ્રના ઉદ્‌બોધન ને સંગઠન માટે અનેક પત્રો ચલાવતા રહ્યા : 'વિજય', 'અર્જુન'ને 'વીર અર્જુન' ઉપરાંત મુંબાઇના 'નવરાષ્ટ્ર' અને 'જનસત્તા દૈનિકો, 'સદ્ધર્મ પ્રચારક', 'સત્યવાદી' અને 'શ્રદ્ધા' નામક અઠવાડિકો અને 'મનોરંજન' માસિક.

ઉત્તર ભારતના હિંદી ભાષાના બે ડઝનથી પણ વધુ એવા પત્રકારો હશે જેમણે ઇન્દ્રજીની છત્રછાયામાં પત્રકારકલાની તાલીમ અને અનુભવ મેળવ્યાં હશે. ઘણા ઓછા જાણતા હશે કે ક્રાંતિવીર ભગતસિંહે ઇન્દ્રજીને ત્યાં બલવંતસિંહ નામથી અજ્ઞાતવાસમાં રહીને દૈનિક 'અર્જુન'ના પત્રકાર મંડળમાં કેટલાક મહિના કાર્ય કર્યું હતું.

પોતાની ઊગતી તરુણાઈના દિવસોમાં જ્યારે 'સદ્ધર્મ પ્રચારક' (અઠવાડિક)ના તંત્રી તરીકે ઇન્દ્રજીએ પ્રવેશ કર્યો ત્યારે 'હિંદી ચિત્રમય જગત્'ના તંત્રી શ્રી લક્ષ્મીધર વાજપેયીએ લખ્યું હતું કે હિંદીમાં એક મૌલિક અને તેજસ્વી કલમનો પ્રવેશ થાય છે. ઇન્દ્રજીનું ચિંતન



સદ્ધર્મ પ્રચારક સાપ્તાહિકના તંત્રી ગુરુકુલાચાર્ય શ્રી મુંશીરામજી (ઈ. ૧૯૦૮માં) પૂર્વાશ્રમના સ્વામી શ્રદ્ધાનંદ

મૌલિક તેમ કાર્યપદ્ધતિ પણ સાહસપૂર્ણ હતી. 'વિજય' જેવું પ્રભાવશાળી દૈનિક છાપું હૅન્ડ પ્રેસ(હાથે દાબીને છપાતા સંચા)પર તેમણે શરૂ કરેલું!

લોકનેતા

દિલ્હીના સામાજિક અને રાષ્ટ્રીય જીવનનો પાયો નાખનાર પ્રિન્સિપલ સુશીલકુમાર રુદ્ર, સ્વામી શ્રદ્ધાનંદજી, ડૉક્ટર અન્સારી, હકીમ અજમલખાન અને રાવબહાદુર સુલતાનસિંહ; અને તેના ઉપર ભવન-નિર્માણનું કામ કરનારાઓમાં હતા લાલા શંકરલાલ, શ્રી આસફઅલી, પ્રો. ઇન્દ્રજી ને લાલા દેશબંધુ ગુપ્ત. પ્રો. ઇન્દ્રજી આ મંડળની બુદ્ધિ અને પ્રતિભા ગણાતા. આસફઅલી તેના પ્રવક્તા અને લાલા શંકરલાલ તેનું શરીર હતા. દિલ્હીમાં કોંગ્રેસની જડ સુદૃઢ કરવામાં મુખ્યત્વે પ્રો. ઇન્દ્રજીનું વ્યક્તિત્વ જ કારણભૂત હતું. તે બુદ્ધિપ્રધાન હતા, હૃદયપ્રધાન નહિ. તેઓ કમાન્ડર હતા, જે યોજના ઘડે, નિયંત્રણ રાખે અને આદેશ આપે. પ્રો. ઇન્દ્રજીની એમની પોતાની ભાષામાં કહીએ તો તે શ્રીકૃષ્ણની જેમ સારથિ હતા. તેઓ મંચનું નિર્માણ કરતા, પરંતુ સૂત્રધારની જેમ પડદાની પાછળ જ રહેતા.

ભારતવર્ષના રાજનૈતિક ઇતિહાસને નવા વળાંક આપતાં જે અનેક સંમેલન દિલ્હીમાં થતાં તેનાં આયોજન અને વ્યવસ્થાનું કામ સ્વાગતાધ્યક્ષ કે મંત્રી તરીકે ઇન્દ્રજી જ કરતા. ૧૯૨૪માં ભરાએલા 'એકતા સંમેલન'ના પ્રબંધક તે જ હતા. ૧૯૩૭માં કોંગ્રેસે પ્રધાનપદ સ્વીકારવાં કે નહિ તે વિચારવા મળેલી પરિષદના સ્વાગતાધ્યક્ષ પણ તે



સ્વામી શ્રદ્ધાનંદજી, 'લિબરેટર' સાપ્તાહિકના તંત્રી હતા ત્યારે

હતા; અને ૧૯૪૯માં રાજભાષાનો પ્રશ્ન ઊભો થયો ત્યારે હિંદીના પક્ષ તરફથી બોલાવાએલા 'રાષ્ટ્રભાષા-કન્વેન્શન'ના સ્વાગતાધ્યક્ષ પણ ઇન્દ્રજી જ હતા.

મહારાષ્ટ્રની પેશવાશાહીમાં જેમ સાડા ત્રણ શાણી વ્યક્તિઓ વિખ્યાત હતી તેમ દિલ્હીમાં એક વખતે અઢી શાણા વિખ્યાત મનાતા: લાલા શ્રીરામ (દિલ્હી ક્લૉથ મિલના માલિક) પ્રો. ઇન્દ્ર અને અર્ધા સ્વ. શ્રી લક્ષ્મી નારાયણજી ગાડોદિયા. પ્રો. ઇન્દ્રની પ્રતિભા અને બુદ્ધિશક્તિની ત્યારે આણ વર્તાતી. ગૂંચવણોના ઉકેલ અને મતભેદોના શમનમાં એમની બુદ્ધિ મૂલગામિની અને ખૂબ તીવ્ર હતી. સભા-સોસાયટીઓની ઉગ્ર અને ગરમાગરમ ચર્ચાઓ, ભયંકર વિક્ષોભો અને તીખી વાટાઘાટોના વંટોળો અને ઝંઝાવાતોમાં ઇન્દ્રજીનું ચિત્ત કદી પણ વિચલિત થતું નહિ; એવા પ્રસંગોમાં એમની સ્થિર પ્રજ્ઞતા, ધીરતા, ગંભીરતા અને સૌમ્યતા સ્પૃહણીય અને અભિનંદનીય રહેતી. સંસ્કૃત શાસ્ત્રોમાં જેને નવનવોન્મેષશાલિની પ્રજ્ઞા (પ્રતિભા) કહી છે તેનો આશ્રય લઈને ઇન્દ્રજી સંપૂર્ણ પરિસ્થિતિ ને વિચારધારાઓનું સમ્યક્ પર્યાલોચન કરીને એવું સમાધાન રજૂ કરતા હતા કે સર્વ પક્ષો વિસ્મયવિમૂઢ બની જતા.

પ્રો. ઇન્દ્રજીના જન્મદાતા અને દીક્ષાગુરુ સ્વામી શ્રદ્ધાનંદજીમાં ભાવુકતા ને નિર્ણયબુદ્ધિનો સુભગ સમન્વય હતો. એમની એ ભાવુકતા ઇન્દ્રજીના મોટા ભાઈ હરિશ્ચંદ્ર વિદ્યાલંકારમાં અવતરી હતી જ્યારે પિતાનાં મૂલગામી ચિંતન અને નિર્ણયબુદ્ધિનો ગુણ ઇન્દ્રજીમાં ઊતર્યો હતો. એમનાં ભાષણો શબ્દાડંબર વિનાનાં અને બુદ્ધિને સ્પર્શ કરનારાં હતાં. જેવી એમની લેખનશૈલી મિતાક્ષરી હતી તેવી જ સંક્ષિપ્તાની કલા એમને ભાષણોમાં સુસાધ્ય હતી. પ્રતિપાદ્ય વિષયને તેઓ તર્કસંગત, શૃંખલાબદ્ધ અને સુગઠિત શૈલીમાં એવી નિપુણતાથી રજૂ કરતા કે શ્રોતાઓ આશ્વસ્ત થઈ જતા.

ચરિત્રલેખક અને ઇતિહાસકાર

રાષ્ટ્રનાં નવજાગરણ માટે રાષ્ટ્રનિર્માતા મહાપુરુષોની જીવન-કથાઓ તરુણ પ્રજામાં પ્રેરણાનું સિંચન કરે છે એમ તેઓ માનતા. સ્વ-



'અર્જુન'ના કાર્યાલયમાં શ્રી રવીન્દ્રનાથ ઠાકુરની પધરામણી

દેશને સ્વાધીન કરવાની ઉત્કટ ઇચ્છા અને પ્રાચીન ભારત જેવા જ ગૌરવમંડિત નવીન ભારતનું નિર્માણ, આ બે આકાંક્ષાઓ એમના મનમાં રમતી હતી. તેથી એમણે ફ્રાન્સને ઉત્કર્ષને શિખરે લઈ જનાર નેપોલિયન બોનાપાર્ટની જીવનકથા તો જ્યારે તે સ્નાતકકક્ષામાં ભણતા ત્યારે – ૧૯૧૧માં લખેલી. ત્યાર પછી, વિશ્રૃંખલ જર્મન રાષ્ટ્રને એક સૂત્રે બાંધનાર લોહપુરુષ બિસ્માર્કની ચરિત્રરેખા લખી. રાષ્ટ્રને સંઘર્ષ માટે તૈયાર કરવાના ઉદ્દેશથી ઈટાલીના સેનાપતિ વીર ગૅરીબાલ્ડીનું જીવન આલેખ્યું. આ ત્રણેયમાં ભાષાનું માધુર્ય. ઓજ અને તેજ છે. ઉન્માદિની સરિતાના પ્રવાહ જેવો એનો ભાષાપ્રવાહ છતાં એમાં હૃદયનો આવેશ તારતમ્ય બુદ્ધિને આવરી નથી લેતો, પણ સફળતા-વિફળતા તથા જય-પરાજય વગેરેમાં કારણોની તટસ્થતાથી એમાં મીમાંસા કરવામાં આવી છે. એમાંની પહેલી બે ચરિત્રકથાઓનું ગુજરાતી ભાષાંતર આ સદીના બીજા દસકામાં થઈ ગયું છે.

આગળ જતાં આ જ શૈલીમાં સ્વદેશના વિધાયકો પૈકી મહર્ષિ દયાનંદ, સ્વામી શ્રદ્ધાનંદ, યુવકનેતા જવાહરલાલ, દેશરત્ન રાજેન્દ્રપ્રસાદ, નેતાજી સુભાષચંદ્ર આદિ યુગપુરુષોની વિશ્લેષણાત્મક અને પ્રેરક જીવનકથાઓ દ્વારા એમણે પોતાની સત્ત્વશાળી લેખિનીનું સામર્થ્ય દાખવ્યું છે. પોતાના જીવનના સંધ્યાકાળે લોકમાન્ય તિલક મહારાજના સમસ્ત યુગને આવરી લેતી એક ઇતિહાસકથા લખી છે.

સ્વાધીનતા સંગ્રામના દિવસોમાં તો ઇન્દ્રજીએ ભારતના તે વખતના તમામ દેશનેતાઓનાં ટૂંકાં પણ મર્મસ્પર્શી રેખાચિત્રો લખીને હિંદી ભાષાના ચરિત્ર ચિત્રણ સાહિત્યમાં એક અનેરી ભાત પાડી હતી. એમનાં એ ભવ્ય અને ઉદાત્ત રેખાચિત્રો વાંચવા માટે જ હિંદીના કેટલા પ્રજ્ઞાશીલ પુરુષો 'અર્જુન' પત્રના અંકો ખરીદતા. ને 'વિજય' તથા 'અર્જુન'ના તંત્રીલેખો વાંચવા તો છાપાંના સ્ટૉલો ઉપર પડાપડી થતી. એક સ્પષ્ટ, નિર્ભય ને તટસ્થ વિચારક તરીકે નિષ્પક્ષ રહીને પ્રજાને સાચું માર્ગદર્શન કરાવવામાં એમની સાધના ખરેખર કૃતાર્થ થઈ છે.

પોતાના કૉલેજકાલીન વિદ્યાર્થીજીવનથી જ ઇન્દ્રજીને ઈતિહાસનો શૉખ હતો. આચાર્ય રામદેવજી અને પ્રાધ્યાપક બાલકૃષ્ણજી જેવા સમર્થ ઇતિહાસવેત્તાઓ એમના ગુરુપદે હતા. ઇતિહાસ લેખનમાં તે લબ્ધપ્રતિષ્ઠ અંગ્રેજ ઈતિહાસવેત્તા ઍડવર્ડ ગિબ્બન (૧૭૩૭ ૧૭૯૪)ના પ્રશંસક હતા. એની જ સરણીનું અનુશીલન કરીને એમણે પોતાના જેલજીવન દરમ્યાન 'મુઘલ સામ્રાજ્ય કા ક્ષય ઔર ઉસકે કારણ' નામનો ઉત્તમ ઇતિહાસગ્રંથ બે ખંડોમાં લખ્યો. સ્વરાજ મળ્યા પછી એવી જ શૈલીમાં એમણે 'ભારત મેં બ્રિટિશ સત્તા કા ઉદય ઔર અસ્ત' તથા 'ભારતીય સ્વાધીનતા સંગ્રામ કા ઇતિહાસ' નામના બે ખૂબ અધ્યાપનપૂર્ણ અને વિશ્લેષણાત્મક ગ્રંથો લખ્યા.

આર્યસમાજના તો તે એક ઉચ્ચ કોટિના નેતા હતા. આર્યસમાજની સર્વોપરિ સંસ્થા 'આર્ય સાર્વદેશિક પ્રતિનિધિ સભા'ના તેઓ વર્ષો સુધી મંત્રી અને પ્રમુખ રહ્યા હતા. આર્યજગતમાં એ સૌથી વધુ પ્રતિષ્ઠાનું પદ મનાય છે. ઇન્દ્રજીએ આર્યસમાજની સમસ્ત પ્રવૃત્તિઓનો સો વર્ષનો ઇતિહાસ એમણે ત્રણ પ્રામાણિક ગ્રંથોમાં લખ્યો છે.

પોતાની ઊગતી જવાનીમાં હિંદી અને સંસ્કૃત ભાષામાં સુંદર ગીતો અને કાવ્યો પણ એમણે લખ્યાં છે. મોટા ભાઈ હરિશ્ચંદ્રજી સાથે સંસ્કૃત ભાષામાં લખેલી ભારતવંદના' વિષેની અતિમનોહર શ્લોકાવલીનાં પં. મહાવીરપ્રસાદ દ્વિવેદી જેવાએ ભારોભાર વખાણ કર્યાં હતાં. જીવનનાં અંતિમ વર્ષોમાં તે મહાભારતની શૈલીમાં 'ભારત ઐતિહ્ય' નામથી ભારતનો ઇતિહાસ કાવ્યમય સંસ્કૃત ભાષામાં લખી ગયા છે.

કવીન્દ્ર રવીન્દ્ર પ્રસંગ

પોતાના દૈનિકપત્ર 'અર્જુન'ની દશવાર્ષિક જયન્તી વખતે ઇન્દ્રજીએ કવીન્દ્ર રવીન્દ્રનાથ ઠાકુરને નિમંત્ર્યા હતા. તે દિવસોમાં કવિવર શાંતિનિકેતન અને વિશ્વભારતી માટે ફાળો કરવા માટે દિલ્હી આવેલા. વાર્તાલાપના પ્રસંગમાં ગુરુદેવે એવી મતલબનું કહ્યું કે યુરોપમાં મારો જયજયકાર થયો તે પછી જ ભારતે મારું સમ્માન કર્યું. તત્કાળ ઇન્દ્રજીએ 'સદ્ધર્મપ્રચારક'ની જૂની ફાઇલો કાઢીને કવીન્દ્રને બતાવ્યું કે આપને નોબેલ પુરસ્કાર મળતાં પહેલાં આપની પ્રતિભાનું સમ્માન અમે કર્યું હતું. મારા પિતાજી અને મોટા ભાઈ શાંતિનિકેતનના ઊગમ કાળે ત્યાં ગયા હતા ત્યારે આપની કાવ્યસર્જનની વિશેષતા અને શ્રેષ્ઠતા વિષે તેમણે લેખો લખ્યા હતા. ફાઇલોમાંથી તે તે અંશો વાંચીને ગુરુદેવને પ્રતીતિ થઈ કે ભારતમાં પણ એવી વ્યક્તિઓ હતી કે જેમણે નોબેલ પુરસ્કાર મળતાં પહેલાં મહાકવિ તરીકે એમનું સમ્માન કર્યું હતું.

સાહિત્ય સર્જના

એક વિવેચકે ઇન્દ્રજીને 'વિવિધ વિષયગામિની પ્રજ્ઞાના સ્વામી'નું બિરુદ આપ્યું હતું. ખરેખર એમની પ્રતિભા બહુમુખી હતી: પ્રાધ્યાપક તરીકે તેમનામાં ઇતિહાસ, સંસ્કૃત તેમજ વૈદિક સાહિત્ય, તુલના-

ગુરુકુલના એક દીક્ષાન્ત સમારંભના આરંભમાં ગુરુકુલવંદનાના ગાન સમયે મુખ્ય મહેમાન શ્રી નરહરિ વિષ્ણુ ગાડગીલ સાથે



ત્મક ધર્મવિજ્ઞાન અને પત્રકારત્વના અધ્યાપનની ક્ષમતા હતી. સાહિત્ય-સર્જનના ક્ષેત્રમાં પણ ઉત્તમ કોટિનાં વિવેચનપ્રધાન જીવનચરિત્રો, વિશિષ્ટ નેતાઓનાં રેખાચિત્રો, ઇતિહાસગ્રંથો, સામાજિક ને ઐતિહાસિક નવલકથાઓ, સંસ્કૃત વાઙ્મયની વિવેચના તથા સંસ્કૃતભાષાનાં કેટલાંક સુંદર કાવ્યોનું રસભર્યું ભાષાંતર, ચિંતનપ્રધાન નિબંધો, ભારતીય સંસ્કૃતિની ઇતિહાસાલોચના આદિ વિષયો પ્રત્યે વિચારોત્તેજક, જ્ઞાનપ્રદ અને રોચક સાહિત્ય સર્જીને એમણે રાષ્ટ્રભાષા હિંદીના સાહિત્યને સમૃદ્ધ કર્યું છે.

'ગુલામ કાદિર' (શાહઆલમની આંખો) એમની એક ઐતિહાસિક નવલકથા છે. 'સરલા' ત્રણ ખંડોમાં એક સામાજિક નવલકથા છે, તેમાં મુંબાઈના મધ્યમ વર્ગના લોકોના જીવનનું ચિત્રણ છે. તેવી જ રીતે 'અપરાધી કોણ', 'જમીનદાર', આત્મ-બલિદાન' આદિ સામાજિક નવલકથાઓ એમણે લખી છે.

૧૯૫૭માં એમણે 'મેરે પિતા' નામથી પોતાના તેજસ્વી અને યશસ્વી પિતા સ્વામી શ્રદ્ધાનંદજીની જીવનસ્મૃતિઓ, સમકાલીન ઇતિહાસને પાર્શ્વભૂમિકામાં રાખીને લખી છે, જેમાં પુણ્યશ્લોક સ્વામીજીની ચારિત્રિક વિશેષતાઓ પ્રભાવશાલી રૂપમાં પ્રકાશિત થઈ છે. ગાંધીયુગની ભાવનાઓ આલેખતું નાટક પણ 'સ્વર્ણ દેશ કા ઉદ્ધાર' નામથી એમણે લખ્યું હતું.

ઉપકુલપતિ અને પાલક પિતા

પોતાની જ્ઞાનદાયી માતૃસંસ્થા 'ગુરુકુલ કાંગડી વિશ્વવિદ્યાલય'ના તેઓ વીસ વર્ષ સુધી (૧૯૪૦-૧૯૬૦) ઉપકુલપતિપદે રહેલા જે દરમ્યાન પોતાની વ્યવસ્થાશક્તિ ને દીર્ઘદૃષ્ટિ વડે એમણે ગુરુકુલના તંત્રને ખૂબ વ્યવસ્થિત અને સુદૃઢ કરીને તેને અનેક દિશામાં પ્રગતિમાન બનાવ્યું.

ઇન્દ્રજી પોતાના જીવનમાં અનેક પરિવારોના ધર્મપિતા પાલકપિતા, સલાહકાર, પ્રેરણાગુરુ સહાયક અને ઉપકારક હતા. ગુરુકુલના એમના અનેક શિષ્યો પોતાની ઉચ્ચ કેળવણી તથા જીવનવ્યવહાર અંગે એમની જ છત્રછાયામાં રહીને પિતાનું વાત્સલ્ય, ગુરુનું જ્ઞાન દાન અને માર્ગદર્શન મેળવતા હતા. સેંકડો યુવકો એમના પરામર્શો અને પથપ્રદર્શન પામીને પોતાની જીવનયાત્રામાં સફલ થયા છે. જ્ઞાનાર્થી તરુણોની કાર્યપ્રવૃત્તિઓથી એમનું દિલ્હીનું નિવાસસ્થાન મધપૂડાની જેમ ગુંજાયમાન રહેતું. તે આદર્શ યજમાન (મેજબાન=ગૃહસ્થ) હતા. વિવિધક્ષેત્રોના કાર્યકર્તાઓ, લોકસેવકો, નેતાઓ, સહકર્મીઓ, મિત્રો, છાત્રો અને અતિથિઓના આવાગમનથી એમનું ઘર એક અતિથિમંદિર જેવું લાગતું. એ સૌનાં સેવાસત્કાર અને આગતાસ્વાગતા માટે એમનાં ધર્મપત્ની શ્રીમતી ચંદ્રાવતીદેવી સાચા અર્થમાં એમના ઘરનાં ગૃહલક્ષ્મી અને અન્નપૂર્ણા હતાં. તેમના ઉદાર આતિથ્યને કોઈ ભૂલી શકતું નહિ.

સૌમ્ય અને શિષ્ટ જીવનશૈલી

પોતાના વિદ્યાર્થીજીવનમાં ઇન્દ્રજીએ ગુરુજનો પાસેથી ઉપનિષત્કાલના ઋષિઓના 'સાદું જીવન અને ઉચ્ચ વિચાર'વાળા આદર્શોની જે ભાવના સેવી હતી તેને ચરિતાર્થ કરવામાં તેઓ સદા જાગરૂક રહ્યા હતા. આંગ્લમનીષી મૅથ્યૂ આર્નોલ્ડે સંસ્કૃતિની પરિભાષા કરતાં 'માધુર્ય અને પ્રકાશ' નામક જે ઉપાદાનોની ચર્ચા કરી છે તે ગુણો ઇન્દ્રજીના જીવનમાં પ્રતિફલિત થતા. એમની જીવનવાટિકા શીલ અને પ્રજ્ઞાના આર્ય ગુણોથી સદા સુવાસિત રહેતી.

બાલપણામાં એક સાંઘાતિક રોગને લીધે એમનું એક ફેફસું નકામું બની ગયું હતું. પોતાનાં સ્મરણોમાં તેઓ પોતે લખે છે: 'આ જન્મમાં ભગવાને મને શરીર-સંપદા નથી આપી' છતાં પ્રબલ ઇચ્છાશક્તિ તથા આત્મબલ વડે પોતાનાં ખાનપાન અને આચાર-વ્યવહારને ખૂબ સંયત અને સુનિયોજિત બનાવીને તેઓ પોતાના શારીરિક સ્વાસ્થ્યને સદા કાર્યક્ષમ બનાવી રાખતા.



ઇન્દ્રજી • ઈ. ૧૯૨૭માં 'અર્જુન'ના સંપાદક હતા ત્યારે

ઉપનિષદકાલીન બ્રાહ્મણની જેમ તેઓ સદા બ્રાહ્મમુહૂર્તમાં ઊઠી જતા અને નિત્યકર્મોથી પરવારીને કામમાં લાગી જતા. પ્રભાતની શાંત-પાવન અમૃતવેળામાં તે તંત્રીલેખો, સાર્વજનિક ભાષણો ચિંતનપ્રધાન નિબંધો અને અધ્યાપન માટેની નોંધો લખતા. પ્રાચીમાં પ્રકાશનાં કિરણો દેખાતાં તે ફરવા માટે નીકળી (અનુસંધાન પૃ ૭૩)

ગુરુકુલ વિશ્વવિદ્યાલય – કાંગડીની કૉલેજનાં ભવનો અને (નીચે) ગુરુકુલનું સંગ્રહસ્થાન



ઍલિબાઈના કેસથી ઉજ્જવળ આરંભ કરી આગળ વધેલા વકીલ ગણાત્રાના દફતરમાં સામે ચાલતો આવેલો એક નવો આપઘાતનો કેસ ને તેની સાથે સંકળાએલી એમની

નવી સેક્રેટરી

આ વાર્તાનું વસ્તુ, સ્થળ, પાત્રો વગેરે બધું જ કલ્પિત છે. એનું કોઈ પણ જાતનું મળતાંપણું અકસ્માત જ હોઈ શકે.

લેખક - પુષ્કરભાઈ ગોકાણી

રાઉન્ડ બિલ્ડિંગમાં વકીલ ગણાત્રાની પ્રૅક્ટિસ શુકનિયાળ નીવડી. છેલ્લાં બેએક વરસમાં જ થએલી સારી કમાણીને લીધે તેઓ પરામાં ફ્લૅટ અને ઑફિસમાં ફોન લઈ શક્યા હતા.

કામના બોજાને લીધે ઘણી વાર તો એમને ઑફિસમાં જ રાત વિતાવવી પડતી. કામનો આ સખત બોજો હળવો કરવા એમણે એક સેક્રેટરી રાખવા વિચાર્યું હતું અને એ માટે આપેલી જાહેરખબરના પરિણામે આવેલી ઉમેદવાર વ્યક્તિઓના 'ઈન્ટર વ્યૂ' પણ લીધા હતા, પણ એમાંથી એમને કોઈ પસંદ પડી નહોતી. એથી આજ સવારે ઑફિસ ખોલી ત્યારથી જ એમણે મનમાં નક્કી કરી રાખેલું કે આજે જે કોઈ ઈન્ટર-વ્યૂ માટે આવે એને રાખી જ લેવું.

આજની ડાયરી જોતાં ગણાત્રાને જણાયું કે કોર્ટમાં ખાસ કોઈ કેસ નથી, એથી એમણે નોટિસો લખવા જેવું કેટલુંક પરચૂરણ કામ હાથમાં લીધું. નોટિસો લખી કવરમાં બીડી સરનામાં કરતાં, એનાં રજિસ્ટર કરવા બે માળ ઊતરી સામે રેશમ બજારમાં આવેલી પોસ્ટ ઑફિસે જઈ લાઈનમાં ઊભા રહેવું પડશે એ વિચારે એમના મનમાં કંટાળો ઉપજ્યો અને એમણે નિસાસો નાખ્યો.

'મે આઈ કમ ઈન, સર?' ('હું અંદર આવું સાહેબ?') એક મધુર અવાજે વકીલ સાહેબનું ધ્યાન બારણા તરફ ખેંચ્યું. ત્યાં એક યુવતી ઊભી હતી. 'આવો' તેમણે બારણા તરફ જોઈ કહ્યું અને આગંતુક યુવતી નજીક આવતાં ઉમેર્યું, 'બેસો.'

સહેજ સંકોચ સાથે યુવતી બેઠી. વકીલ સાહેબે પોતાનું કામ ચાલુ રાખ્યું.

'હું કંઈ મદદ કરી શકું?' યુવતીએ મીઠા અવાજે પૂછ્યું, 'આ કવરો ચોંટાડવાનાં છે?'

'હં અઅ.' વકીલ સાહેબે પોતાની નોંધ જોતાંજોતાં બેધ્યાનપણે જ હકારાત્મક ઉદ્‌ગાર કાઢ્યો.

પોતાનું કામ પતાવી એમણે જોયું તો બધાં કવર સુઘડ રીતે ચોંટાડાઈ ગયાં હતાં. એમના પરનાં સરનામાં મુજબ A.D.ની સ્લિપો પર સરનામાં લખાઈ ગયાં હતાં અને દરેકની પાછળ વકીલ સાહેબના નામ-સરનામાવાળા સિક્કા પણ લાગી ગયા હતા.

'વાહ!' કામની સુઘડતા, ત્વરા ને અક્ષરોની સુંદરતાથી પ્રસન્ન થએલા વકીલે પ્રશંસાભરી નજરે યુવતી સામે જોયું.

યુવતી વીસેકની આસપાસની ઉંમરની લાગતી હતી. દેખાવમાં ખાસ રૂપાળી નહોતી, પણ એના ચહેરા પર સરળતા વર્તાઈ આવતી હતી.

'બોલો, આપને માટે શું કરી શકું? મેં આપનો વખત લીધો છે.' ગણાત્રાએ કહ્યું. આવનાર કોઈ અસીલ હશે એમ એમને લાગ્યું હતું.

'ના, ના. એમાં શું? હું તો આપની જાહેરખબર વાંચી નોકરી માટે આપને મળવા આવી છું.' એ ધીમેથી બોલી.

'આપનું નામ?' 'ચારુબાલા સંઘવી.' 'કેટલું ભણ્યાં છો?'

'બી.એ.નો અભ્યાસ અડધેથી મૂકી દીધો છે. પણ વૅકેશનો દરમિયાન શૉર્ટહેન્ડ-ટાઇપિંગ શીખી લીધાં છે.'

'આપના પિતાશ્રી શું કરે છે?'

તે જરા ખમચાઈ. એના ચહેરા પર ઉદાસીનતા છવાઈ ગઈ. 'એ હમણાં જ ગુજરી ગયા. હાલ તો ઘરમાં હું ને મારી બા બે જ છીએ. પિતાજીના અવસાનના લીધે જ મારે અભ્યાસ અધૂરો મૂકવો પડ્યો છે.'

'તમને કાયદાની ઑફિસના કામનો કંઈ ખયાલ છે?'

'ના, જી. પણ પ્રયત્ન કરી હું એ બધું શીખી લઈશ અને આપને સંતોષ થાય એવું કાર્ય કરવા મહેનત કરીશ. કામ શીખી ન જઉં ત્યાં સુધી આપ મને ખર્ચ પૂરતી થોડી રકમ આપશો તો પણ ચાલશે.'

એની આંખોમાં આર્જવ હતો. ગણાત્રાએ એને રાખી લેવાનો મનથી નિશ્ચય કર્યો અને પૂછ્યું, 'તમારા પિતાશ્રી શું કરતા હતા?'

'ઇન્દુ મહેતા ઍન્ડ કું.ના એક ભાગીદાર હતા. એક્સપોર્ટ-ઈમ્પોર્ટનું મોટું કામ કરતા. હમણાં જ એ પેઢીમાં મોટી ખોટ આવી...એથી જ મારે નોકરી કરવાનો વખત આવ્યો.'

'તમારા પિતાનું નામ?' 'ઇન્દ્રવદન માણેકલાલ સંઘવી.'

વકીલ સાહેબને વાતમાં રસ પડતો જતો હતો. એમણે પૂછ્યું, 'એમનો કંઈ વીમો નહોતો?'

'એમ તો એક લાખ રૂપિયાનો વીમો એમણે ઉતરાવ્યો હતો, પણ પૈસા મળી શકે એમ નથી.' વાત જલદી પૂરી કરવા માગતી હોય એમ એ બોલી.

'તમે ક્યાં રહો છો?'

'૧૫, શ્રીનિવાસ, પાંજરાપોળ, પહેલી ગલી, સી.પી. ટૅન્ક.'

'હં, તમે અત્યારથી જ કામ પર છો એમ સમજજો. પેલું ટેબલ તમારા માટે છે. પહેલું કામ તો તમારે પોસ્ટ ઑફિસે જઈ આ કવરો રજિસ્ટર કરી આવવાનું છે. કેમ કે અહીં ચારપાંચ ઑફિસો વચ્ચે એક જ પટાવાળો છે એટલે જરૂર હોય ત્યારે મળતો નથી.' વકીલ સાહેબે દસ રૂપિયા અને પેલાં કવરો આપ્યાં. ચારુ પર્સ લઈ રજિસ્ટર કરવા ગઈ. વકીલ સાહેબ એ સરળ ને નિર્દોષ યુવતીને જતી જોઈ રહ્યા.

ચારુબાળાના ગયા પછી ગણાત્રાનું ધ્યાન ટેબલ પર પડ્યું. એમણે જોયું કે એ પોતાની સાથે લાવેલી ચોપડી ટેબલ પર મૂકતી ગઈ હતી. ચોપડી હાથમાં લઈ જોતાં વકીલ સાહેબે પહેલા જ પાને વાંચ્યું.

'ચારુને, નવું વર્ષ સુખદાયી નીવડો.' —ગૌતમ વસાવડા

ડૉ. મેરી સ્ટોપ્સની 'ચિરંજીવ પ્રેમ' નામની એ ચોપડીનાં આગળનાં પાનાં ફેરવતાં વકીલ સાહેબને એમાંથી છાપાની થોડી કાપલીઓ અને વીમાનું પ્રીમિયમ ભરવાની નોટિસો મળી આવી. વકીલે રસથી કાપલીઓ જોવા માંડી. પહેલી કાપલી પર લખ્યું હતું:

'આઝાદ મેદાનમાંથી મળેલી લાશ. એક વેપારીનું કરપીણ ખૂન!

૧૦મી ડિસેમ્બર] [અમારા ખબરપત્રી તરફથી

આજ સવારે આઝાદ મેદાનમાંથી પોલીસને એક લાશ મળી આવી છે. મરનારના ખિસ્સામાંથી મળેલા વિઝિટિંગ કાર્ડ પરથી જણાયું છે કે એ શખ્સનું નામ ઇન્દ્રવદન માણેકલાલ સંઘવી હતું અને એમનો ફોર્ટમાં સારો ધંધો ચાલતો હતો. ખોપરીમાં ગોળી વાગવાથી સદરહુ શખ્સનું અવસાન થયાનું જાણવા મળે છે. ઇન્સ્પેક્ટર રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.'

બીજી કાપલીમાં હતું:

'મળી આવેલી લાશનો ઉકેલાતો ભેદ: ખૂન કે આપઘાત?

૧૧મી ડિસેમ્બર] [અમારા ખબરપત્રી તરફથી

ગઈ કાલે આઝાદ મેદાનમાંથી જે શખ્સની લાશ પોલીસને હાથ લાગી હતી એ સંબંધમાં તપાસ કરતાં એ શખ્સ ઇન્દ્રવદન સંઘવીએ આપઘાત કર્યો હોવાનું મનાય છે. મરનારના ઘરની તપાસમાં મળી આવેલી ડાયરીમાં સદર તારીખે નીચે મુજબ લખેલું જોવા મળતાં કેસ આપઘાતનો માનવા સબળ કારણ મળે છે.

'...આ મેં શું કર્યું? ધીરજલાલ ઉપર કેવો કાદવ ઉછાળ્યો! કોણ સાચું અને કોણ જૂઠું? કેવો વખત આવ્યો છે! પોતાનાં પારકાં બની જાય છે. જેને નાનેથી મોટો કર્યો એ આવો નીવડશે એ સ્વપ્ને પણ ધાર્યું નહોતું. દુનિયામાં હવે શું મોઢું બતાવીશ! ધીરજલાલને આટલી હદ સુધી ઉતારી પાડતાં મને મોત કેમ ન આવ્યું! શહેર છોડીને ચાલ્યો જાઉં? પણ ક્યાં જાઉં! ઇશ્વર ન્યાય કરશે. એ દયાળુ છે. મને શું માફ નહિ કરે? હવે મારે એક જ રસ્તો છે...'

ઇન્દ્રવદનના ઘરનાંને પૂછતાં એમ માલૂમ પડયું હોવાનું જાણવા મળે છે કે તેઓ રાતે ધીરજલાલને મળીને આવ્યા ત્યારે બેચેન હતા. આવતાં વેંત જ પોતાના ખંડમાં ચાલ્યા ગયા હતા. થોડી વારે ફોન પર વાતચીત કર્યા બાદ તેઓ ક્યાંક બહાર ગયા હતા અને એ પછી સવારે એમની લાશ જ મળી આવી હતી. ઈન્સ્પેક્ટર ધીરજલાલ શાહની તપાસ ચલાવી રહ્યા છે.'

ત્રીજી કાપલી

'આઝાદ મેદાનમાં થએલી આત્મહત્યાના રહસ્યનો ખૂલતો ભેદ.

૧૨મી ડિસેમ્બર] [અમારા ખબરપત્રી તરફથી

૯મી ડિસેમ્બરે વાલકેશ્વર પોલીસચોકી ઉપર નોંધાએલી એક ફરિયાદને આઝાદ મેદાનમાંથી મળી આવેલી લાશ સાથે સંબંધ હોવાનું પોલીસ તપાસમાં જણાઈ આવ્યું છે.

વાલકેશ્વર રોડ પરના આલીશાન બંગલા 'રત્નાકર'માંથી એના માલિક ધીરજલાલ મણિલાલ શાહનો રાતે ૧૦ વાગ્યે પોલીસચોકી પર ફોન હતો જેમાં એમણે પોતાના પર કોઇએ પિસ્તોલ ચલાવ્યાની ફરિયાદ નોંધાવી હતી. પોલીસ-તપાસમાં જાણવા મળ્યું હતું કે હુમલો કરનાર ઇન્દ્રવદન શાહ ધીરજલાલના જૂના મિત્ર અને ધંધાના ભાગીદાર હતા. છેલ્લા ત્રણેક માસથી તેઓ ભાગીદારીમાંથી છૂટા થયા હતા. થોડા સમયથી નજીવા કારણસર બંને વચ્ચેના સંબંધો બગડયા હતા. બનાવની રાતે ૯ વાગ્યે બંને વચ્ચે ગરમાગરમ ચર્ચા થતાં ઇન્દ્રવદને એમને મારી નાખવાની ધમકી આપી હતી અને જતાંજતાં લોબીમાંથી પિસ્તોલના બે બાર છોડયા હતા જેમાંનો એક બારી તરફ ગયો હતો, જ્યારે બીજી ગોળી ધીરજલાલના જમણા હાથે વાગી હતી.

પોલીસે ઇન્દ્રવદનના ઘેર તપાસ કરતાં એ ત્યાંથી બહાર નીકળી ગયાનું જાણવા મળ્યું હતું. દોસ્ત ઉપર હુમલો કર્યાના પશ્ચાત્તાપથી પીડાઈ ઇન્દ્રવદને આપઘાત કર્યો હોય એમ અનુમાન કરવામાં આવ્યું છે. ઈન્સ્પેક્ટર રાઠોડની બાહોશીથી આમ બંને કેસ ઉકલી ગયા છે.'

વકીલ ગણાત્રાએ ત્રણે કાપલીઓ ફરી ઝીણવટથી વાંચી.

'ત્યારે ચારુબાલાના પિતા ઇન્દ્રવદને ખૂન કરવા હુમલો કર્યા પછી પાછળથી કંઈક ખબર મળતાં પશ્ચાત્તાપ રૂપે આપઘાત કર્યો હશે' વકીલ વિચાર કરવા લાગ્યા. એમણે ચોપડીમાંની વીમાની ડીમાન્ડ નોટિસ જોવા માંડી. 'અને એથી જ એમના વીમાના પૈસા મળતા નહોતા', વકીલે વિચાર્યું, 'પણ ભર્યા હોય એટલા પૈસા તો પાછા મળવા જોઈએ ને?'

વકીલસાહેબે તરત જ એલ.આઈ.સી.માં ફોન જોડયો.

'હલ્લો; મિ. અનિલ પરીખને આપોને' ગણાત્રાએ કહ્યું અને દરમિયાનમાં એ વિચારે ચડયા. 'ધીરજલાલ પર હુમલો કર્યા પછી એવું શું જાણવા મળ્યું કે ઇન્દ્રવદને આપઘાત કર્યો? હા, એમના પર કોઇનો ફોન હતો! કોણે ફોન કર્યો હશે? કદાચ ફોનના લીધે જ એ આપઘાત કરવા પ્રેરાયા હશે?'

'હલ્લો' સામેથી અવાજ આવ્યો.'

'હલ્લો, હું ગણાત્રા વકીલ, ભૂલી તો નથી ગયાને મને?'

'તમને કેમ ભૂલી જવાય સાહેબ? તમે તો મને ફાંસીના માંચડેથી બચાવ્યો છે. તમારા લીધે તો મારાં લગ્ન થઈ શક્યાં. હમણાં કામના દબાણને લીધે ઑફિસે આવી શકતો નથી, અચાનક કંઈ યાદ કર્યો મને?'

'જુઓ અનિલભાઈ, મારી પાસે એક વીમાનો કેસ છે. પોલિસી નંબર છે, ૨૨,૫૦,૩૭,૯૨૬ અને પાર્ટીનું નામ છે ઇન્દ્રવદન સંઘવી. એક લાખનો વીમો છે. જરા તપાસ કરી જણાવશો કે કેટલાં પ્રીમિયમ ભરાયાં છે? બેનીફિશિયરી કોણ કોણ છે? વીમો કેટલા વર્ષનો છે અને બીજા લાભ શા શા છે?'

ફોન મૂકી વકીલ સાહેબે કબાટમાંથી ઈન્સ્યુરન્સ ઍક્ટ કાઢી જોવા માંડયો. થોડી વારમાં જ ફોનની ઘંટડી રણકી ઊઠી.

'હલ્લો, હું ગણાત્રા.' વકીલે નોંધની તૈયારી કરી કહ્યું.

'હં, વકીલ સાહેબ, જુઓ, ઇન્દ્રવદન માણેકલાલ સંઘવીનો એક લાખનો વીમો વીસ વર્ષ માટે ઉતરાવેલો છે. પ્રીમિયમ રૂ. ૨૯૨૮–૧૩ પૈસા છ માસિકના હપ્તાથી ભરાય છે. અત્યાર સુધીમાં પાંચ હપ્તા ભરાયા છે. છઠ્ઠા હપ્તાની મુદત પૂરી થવા આવી છે. ૩૧મી જાન્યુઆરી છેલ્લી તારીખ છે એ પછી વીમો ઓટોમૅટિક 'પેઈડ-અપ' થશે. વીમો અકસ્માતનો બેવડો લાભ આપે એ જાતનો છે. બેનીફિશિયરીમાં બે નામ છે એક ચારુબાલા ઈન્દ્રવદન સંઘવી અને બીજું સતીશચંદ્ર ધીરજલાલ શાહ. બોલો સાહેબ, બીજો કંઈ હુકમ?'

ગણાત્રાએ વિગત ટપકાવી લીધા પછી કહ્યું, 'પાર્ટી મૃત્યુ પામી છે. ક્લેઇમ નોંધાવવો છે. તમે આ તરફ આવી શકશો?'

'ચોક્કસ,' અનિલ બોલ્યો. 'અમારી એ ફરજ છે. મારે વાલકેશ્વર એક કેસની તપાસ માટે જવું છે. ત્યાં જતાં પહેલાં તમને મળતો જઇશ.'

'વારુ, અનિલભાઈ, હું ઑફિસ છોડી 'વસંત હેલ્થ હોમ'માં તમારી રાહ જોતો બેઠો છું.' ગણાત્રાએ ફોન મૂકી દીધો. નોંધેલી વિગતોનો કાગળ ફાડીને ફેંકી દઈ તેઓ છાપાની કાપલીઓ ચોપડીમાં યથાવત મૂકી રહ્યા, ત્યાં ચારુબાળાએ આ ફિસમાં પ્રવેશ કરતાં કહ્યું. 'થોડું મોડું થયું, ખરું? લાઈન જરા લાંબી હતી.'

'કંઈ વાંધો નહિ.' વકીલે પહોંચો ભરાવવાની ફીના પૈસા ચારુને આપતાં કહ્યું 'મારે જરા બહાર જવાનું થયું છે, દોઢ વાગ્યે હું આવી જઈશ, મોડું થાય તો તમે લંચ માટે ચાલ્યાં જજો. ઑફિસ ત્રણ વાગ્યે ફરી ખોલશો તો ચાલશે. આ ચાવી તમારી પાસે રાખો. બીજી ચાવી મારી પાસે છે. અહીં આવતા અસીલો અને ટેલિફોનની વિગતો નોંધી રાખજો.'

ચાવી આપી વકીલે ચાલવા માંડયું.

'વસંત હેલ્થ હોમ'માં અનિલ આવ્યો એ પહેલાં ગણાત્રાએ આપેલા ઑર્ડર મુજબ બે ચા ને બે સેન્ડવિચીઝ આવી ગયાં હતાં.

'વકીલ સાહેબ,' પાસે આવતાં જ અનિલે કહ્યું, 'આપણે જરા ઉતાવળ રાખવી પડશે. મારે વાલકેશ્વરના કેસ માટે સાડા બાર વાગ્યે

પહોંચી જવાનું છે. પાર્ટી ઉપર ખૂની હુમલો થએલો એટલે તપાસ જરૂરી છે. તમારી પાર્ટીએ તો ક્લેઈમ માટે કાગળો કર્યા છે. અમે એમની દીકરીને જવાબ પણ આપી દીધો છે.'

'પહેલાં આને ન્યાય આપી દઇએ.' વકીલે નાસ્તા તરફ ઈશારો કરતાં કહ્યું. 'પછી વાતો કરીશું. અગર તમને હરકત ન હોય તો હું વાલકેશ્વર સુધી તમારી સાથે આવું. રસ્તામાં આપણે વાતો કરીશું.'

'સરસ! મને જરા ય હરકત નથી.'

'વાલકેશ્વર કોણ પાર્ટી છે?' વકીલે નાસ્તો કરતાંકરતાં પૂછ્યું.

'ધીરજલાલ મણિલાલ શાહ કરીને એક મોટા વેપારી છે. ત્યાં 'રત્નાકર'માં રહે છે.'

વકીલ વિચારી રહ્યા. 'અનિલભાઈ, એમ કરીએ. ત્યાંનું પતાવ્યા પછી જ આપણે આપણી વાત કરીએ. તમારી ઓળખાણમાંથી મને કદાચ એક સારા અસીલ મળી જાય. તમારું કામ ખાનગી તો નથીને?'

'અમારી ખાનગી ફાઈલ માટે જ રીપોર્ટ લેવાનો છે. પણ તમારાથી શું છુપાવવાનું? તમે આમે ય મારા સલાહકાર જેવા જ છો ને? ત્યાં તમારી એવી જ કંઈક ઓળખાણ આપીશું.'

બંને હેલ્ય હોમમાંથી બહાર આવ્યા અને થોડી વારમાં તો એમની ટૅકસી 'રત્નાકર' આગળ આવીને ઊભી રહી. ચાર માળના એ સુંદર મકાન ઉપર એક બાજુ ધ્યાન ખેંચાય એ રીતે 'રત્નાકર' લખ્યું હતું. ટૅક્સી છોડી બંને ઉપર આવ્યા. ચોથે માળે ધીરજલાલ રહેતા હશે એમ લાગવાથી બંને ચોથે માળે ગયા. મકાનમાં દરેક માળે ચાર ચાર ફ્લૅટ હતા. ચોથે માળે જતાં વકીલે જોયું કે તેઓ જે લિફ્ટમાં આવ્યા એની સામેની દિશામાં એક ખાનગી લિફ્ટ પણ હતી. ખૂણાના એક ફ્લૅટ ઉપર 'સતીશચંદ્ર ધીરજલાલ શાહ, એમ.એ.'ના નામનું બોર્ડ લટકતું હતું. અનિલે એ ફ્લૅટનો કૉલબેલ દબાવ્યો.

થોડી વારે એક બાવીસ ત્રેવીસની ઉંમરના યુવાને આવી બારણું ખોલ્યું, 'કોનું કામ છે?'

'હું વીમા કંપની તરફથી આવું છું. ધીરજલાલભાઇને મળવું છે.'

'આવો.' કહીને યુવાને માર્ગ કરી આપ્યો.

'તમારું નામ?' અનિલે પૂછ્યું, 'તમે એમના ચિરંજીવી લાગો છો.'

'હા જી, મારું નામ સતીશ. આ તરફ પધારો.'

ત્રણ ઓરડા છોડી તેઓ ખૂણા પરના બેડરૂમમાં આવ્યા. ધીરજલાલ ત્યાં આરામખુરશીમાં બેઠા હતા.

'નમસ્તે.' અનિલે હાથ જોડયા, 'અમે વીમા કંપનીમાંથી આવીએ છીએ. આપના ઉપર ખૂની હુમલો થયો હતો એમ અમે સાંભળ્યું છે. એથી વીમો ઉતારતા પહેલાં અમારે થોડી વિગતો જોઇએ છે. બધી બાબત ગુપ્ત રાખવામાં આવશે.' બંને સામે ગોઠવાયા.

'હં, તમારો ફોન હતો. સતીશે મને વાત કરી હતી. બોલો, શું ચા લેશો કે ઠંડું?' 'જી, કંઈ નહિ. ફરજ વખતે અમારાથી કંઈ લેવાય નહિ.' અનિલે હસતાંહસતાં કહ્યું. 'આપ જરા કેસની વિગત આપશો?'

'જુઓ,' ધીરજલાલે વાત શરૂ કરી, 'મારી ઉપર બાર કરનાર મારો જૂનો મિત્ર ઇન્દ્રવદન હતો. સ્વભાવે જરા મિજાજી હોવાથી એણે નજીવા કારણસર ગુસ્સે થઈ એમ કર્યું, પણ પાછળથી પસ્તાવો થતાં આપઘાત કર્યો. નજીવી વાતમાં એ જરા વધારે પડતો છેડાઈ પડયો અને મેં પોલીસને બોલાવવા ધમકી આપી ફોન કરવા પ્રયત્ન કર્યો એટલે એણે જતાંજતાં લોબીમાંથી બે બાર કર્યા. પણ એ વાતનું ખાસ કંઇ મહત્ત્વ નથી. એ બિચારો અકાળે ગયો. મારી આગલી સી પાકી ગઈ છે. એટલે ફરી વીમો લેવા વિચાર છે.'

'જુઓ ધીરજલાલભાઈ, વાત જરા વિગતથી કહો. તમારી વચ્ચે શી વાતચીત ચાલતી હતી, એમણે શાથી ઉશ્કેરાઈને હુમલો કર્યો એ બધું રીપોર્ટમાં લખવું પડશે.' ગણાત્રાએ અનિલ વાત પૂરી કરી ન દે તે માટે વચ્ચે ઝંપલાવ્યું.

'તમે' ધીરજલાલે અનિલ તરફ આંગળી કરતાં કહ્યું, 'આમની સાથે છો?'

'જી, હું વકીલ છું.' ધીરજલાલ એમને વીમા કંપનીના વકીલ ગણે એવી સંદિગ્ધ રીતે એમણે જવાબ આપ્યો.

'વાત જાણે એમ છે કે અમારા સતીશ સાથે ઇન્દ્રવદનની પુત્રી ચારુનું સગપણ થએલું. કેટલાંક કારણોસર એ સગપણ હવે અમને મંજૂર નહોતું એટલે એ અંગે છેલ્લી વાતચીત કરવા મેં એમને અહીં બોલાવ્યા હતા. અમે સાથે ધંધો કરતા પણ અમારા ત્રીજા ભાગીદાર સુરેન્દ્ર મહેતા સાથે મને ફાવ્યું નહિ, જ્યારે ઇન્દ્રવદન એને છોડવા માગતો નહોતો. એટલે મેં ભાગીદારી છોડી દીધી. એ પછી પૈસાની ખેંચના લીધે એની હુંડી મોડી છૂટી, આવેલ માલ ડૉક પર પડી રહ્યો. દરમિયાનમાં સરકારી નીતિમાં ફેરફાર થતાં જકાત નીકળી ગઈ, એના પરિણામે એને મોટી ખોટ ગઈ. એમાં મારો કશો દોષ નહોતો. તેમ છતાં આ કારણથી હું સગપણ તોડવા માગતો નહોતો. મેં સાંભળ્યું હતું કે ચારુ કૉલેજમાં ગૌતમ નામના કોઈ છોકરા સાથે નાટકમાં ઊતરી હતી, એથી એને રસ્તો કરી આપવા મેં સગપણ તોડી નાખવાની વાત કરી. એને આથી એમ લાગ્યું કે હું પડતાંને પાટુ મારું છું. પરિણામે ગુસ્સે થઈ, મેં હમણાં કહ્યું એમ, એણે મારા પર પિસ્તોલ ચલાવી. જેની બીજી ગોળી મને સહેજ વાગી ગઈ. આજે ચોવીસમીએ એ વાતને પંદર દિવસ થયા એટલે હવે તો ઘા રૂઝાઈ પણ ગયો છે. અને હું બહાર પણ જઈ શકું છું.'

અનિલે વિગત ટપકાવી લીધી. ત્યાં તો નોકર લીંબુનું શરબત લઈ આવ્યો. શરબત પીતાંપીતાં વકીલે આજુબાજુ જોવા માંડયું. ફર્નિચર પરથી લાગતું હતું કે કંઈ નહિ તો યે શેઠ પાસે દસેક લાખનો જીવ તો હશે જ.

એટલામાં ટેલિફોનની ઘંટડી વાગી. સતીશે ઊઠી ફોન હાથમાં લીધો.

'હલ્લો...હા. અહીં કામમાં છું...મહેમાન છે. સાંજે? ભલે, ક્યાં? રાજમહેલ...ઠીક, ચોક્કસ મળીશ...ફેરફાર હશે તો ફોન કરીશ. ક્યાં કરું? ૨૭૫૪૬? હં...હં...ઠીક...જરૂર.'

'મારા મિત્રનો ફોન છે.' સતીશે કહ્યું, પણ ફોનના નંબર પરથી ગણાત્રા સમજી ગયા કે ફોન ચારુનો હતો કારણ કે એ નંબર એમની પોતાની જ ઑફિસનો હતો.

'ચાલો, અમે રજા લઇએ.' અનિલ ઊઠયો. 'તમારી પોલિસી રજાએ પછી આવી જશે. તમારો ઍડવાન્સનો ચેક મળી ગયો છે.'

'જય જય.' ગણાત્રાએ વિવેક કર્યો.

'જય જય.' ધીરજલાલે બેઠાંબેઠાં જ કહ્યું, 'સતીશ, તું દુકાને જતો હોય તો આ ભાઇઓને ઉતારતો જા.'

સુંદર એરકંડિશન ગાડીમાં જગ્યા લઈ વકીલે મોટરનો નંબર E A ૧૭૫૪ મનમાં ગોખવા માંડયો. ગાડી આફ્રિકાની લાગી.

ગાડી સ્ટાર્ટ કરી સતીશે પૂછ્યું: 'ક્યાં ઊતરવું છે?'

'મેટ્રો સિનેમા પાસે.' અનિલ જવાબ આપે એ પહેલાં વકીલે કહ્યું અને પૂછ્યું, 'ગાડી અહીંની નથી લાગતી!'

'હા, આફ્રિકાની છે. મારા બનેવી ત્યાંથી સાથે લેતા આવ્યા છે.

પહોંચી જવાનું છે. પાર્ટી ઉપર ખૂની હુમલો થએલો એટલે તપાસ જરૂરી છે. તમારી પાર્ટીએ તો ક્લેઈમ માટે કાગળો કર્યા છે. અમે એમની દીકરીને જવાબ પણ આપી દીધો છે.'

'પહેલાં આને ન્યાય આપી દઇએ.' વકીલે નાસ્તા તરફ ઈશારો કરતાં કહ્યું. 'પછી વાતો કરીશું. અગર તમને હરકત ન હોય તો હું વાલકેશ્વર સુધી તમારી સાથે આવું. રસ્તામાં આપણે વાતો કરીશું.'

'સરસ! મને જરા ય હરકત નથી.'

'વાલકેશ્વર કોણ પાર્ટી છે?' વકીલે નાસ્તો કરતાંકરતાં પૂછ્યું.

'ધીરજલાલ મણિલાલ શાહ કરીને એક મોટા વેપારી છે. ત્યાં 'રત્નાકર'માં રહે છે.'

વકીલ વિચારી રહ્યા. 'અનિલભાઈ, એમ કરીએ. ત્યાંનું પતાવ્યા પછી જ આપણે આપણી વાત કરીએ. તમારી ઓળખાણમાંથી મને કદાચ એક સારા અસીલ મળી જાય. તમારું કામ ખાનગી તો નથીને?'

'અમારી ખાનગી ફાઈલ માટે જ રીપોર્ટ લેવાનો છે. પણ તમારાથી શું છુપાવવાનું? તમે આમે ય મારા સલાહકાર જેવા જ છો ને? ત્યાં તમારી એવી જ કંઈક ઓળખાણ આપીશું.'

બંને હેલ્થ હોમમાંથી બહાર આવ્યા અને થોડી વારમાં તો એમની ટૅક્સી 'રત્નાકર' આગળ આવીને ઊભી રહી. ચાર માળના એ સુંદર મકાન ઉપર એક બાજુ ધ્યાન ખેંચાય એ રીતે 'રત્નાકર' લખ્યું હતું. ટૅક્સી છોડી બંને ઉપર આવ્યા. ચોથે માળે ધીરજલાલ રહેતા હશે એમ લાગવાથી બંને ચોથે માળે ગયા. મકાનમાં દરેક માળે ચાર ચાર ફ્લૅટ હતા. ચોથે માળે જતાં વકીલે જોયું કે તેઓ જે લિફ્ટમાં આવ્યા એની સામેની દિશામાં એક ખાનગી લિફ્ટ પણ હતી. ખૂણાના એક ફ્લૅટ ઉપર 'સતીશચંદ્ર ધીરજલાલ શાહ, એમ.એ.'ના નામનું બોર્ડ લટકતું હતું. અનિલે એ ફ્લૅટનો કોલબેલ દબાવ્યો.

થોડી વારે એક બાવીસ ત્રેવીસની ઉંમરના યુવાને આવી બારણું ખોલ્યું, 'કોનું કામ છે?'

'હું વીમા કંપની તરફથી આવું છું. ધીરજલાલભાઇને મળવું છે.'

'આવો.' કહીને યુવાને માર્ગ કરી આપ્યો.

'તમારું નામ?' અનિલે પૂછ્યું, 'તમે એમના ચિરંજીવી લાગો છો.'

'હા જી, મારું નામ સતીશ. આ તરફ પધારો.'

ત્રણ ઓરડા છોડી તેઓ ખૂણા પરના બેડરૂમમાં આવ્યા. ધીરજલાલ ત્યાં આરામખુરશીમાં બેઠા હતા.

'નમસ્તે.' અનિલે હાથ જોડયા, 'અમે વીમા કંપનીમાંથી આવીએ છીએ. આપના ઉપર ખૂની હુમલો થયો હતો એમ અમે સાંભળ્યું છે. એથી વીમો ઉતારતા પહેલાં અમારે થોડી વિગતો જોઇએ છે. બધી બાબત ગુપ્ત રાખવામાં આવશે.' બંને સામે ગોઠવાયા.

'હં, તમારો ફોન હતો. સતીશે મને વાત કરી હતી. બોલો, શું ચા લેશો કે ઠંડું?' 'જી, કંઈ નહિ. ફરજ વખતે અમારાથી કંઈ લેવાય નહિ.' અનિલે હસતાંહસતાં કહ્યું, 'આપ જરા કેસની વિગત આપશો?'

'જુઓ,' ધીરજલાલે વાત શરૂ કરી, 'મારી ઉપર બાર કરનાર મારો જૂનો મિત્ર ઇન્દ્રવદન હતો. સ્વભાવે જરા મિજાજી હોવાથી એણે નજીવા કારણસર ગુસ્સે થઈ એમ કર્યું, પણ પાછળથી પસ્તાવો થતાં આપઘાત કર્યો. નજીવી વાતમાં એ જરા વધારે પડતો છેડાઈ પડયો અને મેં પોલીસને બોલાવવા ધમકી આપી ફોન કરવા પ્રયત્ન કર્યો એટલે એણે જતાંજતાં લૉબીમાંથી બે બાર કર્યા. પણ એ વાતનું ખાસ કંઇ મહત્ત્વ નથી. એ બિચારો અકાળે ગયો. મારી આગલી સી પાકી ગઈ છે. એટલે ફરી વીમો લેવા વિચાર છે.'

'જુઓ ધીરજલાલભાઈ, વાત જરા વિગતથી કહો. તમારી વચ્ચે શી વાતચીત ચાલતી હતી, એમણે શાથી ઉશ્કેરાઈને હુમલો કર્યો એ બધું રીપોર્ટમાં લખવું પડશે.' ગણાત્રાએ અનિલ વાત પૂરી કરી ન દે તે માટે વચ્ચે ઝંપલાવ્યું.

'તમે' ધીરજલાલે અનિલ તરફ આંગળી કરતાં કહ્યું, 'આમની સાથે છો?'

'જી, હું વકીલ છું.' ધીરજલાલ એમને વીમા કંપનીના વકીલ ગણે એવી સંદિગ્ધ રીતે એમણે જવાબ આપ્યો.

'વાત જાણે એમ છે કે અમારા સતીશ સાથે ઇન્દ્રવદનની પુત્રી ચારુનું સગપણ થએલું. કેટલાંક કારણોસર એ સગપણ હવે અમને મંજૂર નહોતું એટલે એ અંગે છેલ્લી વાતચીત કરવા મેં એમને અહીં બોલાવ્યા હતા. અમે સાથે ધંધો કરતા પણ અમારા ત્રીજા ભાગીદાર સુરેન્દ્ર મહેતા સાથે મને ફાવ્યું નહિ, જ્યારે ઇન્દ્રવદન એને છોડવા માગતો નહોતો. એટલે મેં ભાગીદારી છોડી દીધી. એ પછી પૈસાની ખેંચના લીધે એની હુંડી મોડી છૂટી, આવેલ માલ ડૉક પર પડી રહ્યો. દરમિયાનમાં સરકારી નીતિમાં ફેરફાર થતાં જકાત નીકળી ગઈ, એના પરિણામે એને મોટી ખોટ ગઈ. એમાં મારો કશો દોષ નહોતો. તેમ છતાં આ કારણથી હું સગપણ તોડવા માગતો નહોતો. મેં સાંભળ્યું હતું કે ચારુ કૉલેજમાં ગૌતમ નામના કોઈ છોકરા સાથે નાટકમાં ઊતરી હતી, એથી એને રસ્તો કરી આપવા મેં સગપણ તોડી નાખવાની વાત કરી. એને આથી એમ લાગ્યું કે હું પડતાંને પાટુ મારું છું. પરિણામે ગુસ્સે થઈ, મેં હમણાં કહ્યું એમ, એણે મારા પર પિસ્તોલ ચલાવી. જેની બીજી ગોળી મને સહેજ વાગી ગઈ. આજે ચોવીસમીએ એ વાતને પંદર દિવસ થયા એટલે હવે તો ઘા રૂઝાઈ પણ ગયો છે. અને હું બહાર પણ જઈ શકું છું.'

અનિલે વિગત ટપકાવી લીધી. ત્યાં તો નોકર લીંબુનું શરબત લઈ આવ્યો. શરબત પીતાંપીતાં વકીલે આજુબાજુ જોવા માંડયું. ફર્નિચર પરથી લાગતું હતું કે કંઈ નહિ તો યે શેઠ પાસે દસેક લાખનો જીવ તો હશે જ.

એટલામાં ટેલિફોનની ઘંટડી વાગી. સતીશે ઊઠી ફોન હાથમાં લીધો.

'હલ્લો...હા. અહીં કામમાં છું...મહેમાન છે. સાંજે? ભલે, ક્યાં? રાજમહેલ...ઠીક, ચોક્કસ મળીશ...ફેરફાર હશે તો ફોન કરીશ. ક્યાં કરું? ૨૭૫૪૯? હં...હં...ઠીક...જરૂર.'

'મારા મિત્રનો ફોન છે.' સતીશે કહ્યું. પણ ફોનના નંબર પરથી ગણાત્રા સમજી ગયા કે ફોન ચારુનો હતો કારણ કે એ નંબર એમની પોતાની જ ઑફિસનો હતો.

'ચાલો, અમે રજા લઇએ.' અનિલ ઊઠયો. 'તમારી પોલિસી રજાએ પછી આવી જશે. તમારો ઍડવાન્સનો ચેક મળી ગયો છે.'

'જય જય.' ગણાત્રાએ વિવેક કર્યો.

'જય જય.' ધીરજલાલે બેઠાંબેઠાં જ કહ્યું, 'સતીશ, તું દુકાને જતો હોય તો આ ભાઇઓને ઉતારતો જા.'

સુંદર એરકંડિશન ગાડીમાં જગ્યા લઈ વકીલે મોટરનો નંબર E A ૧૭૫૪ મનમાં ગોખવા માંડયો. ગાડી આફ્રિકાની લાગી.

ગાડી સ્ટાર્ટ કરી સતીશે પૂછ્યું: 'ક્યાં ઊતરવું છે?'

'મેટ્રો સિનેમા પાસે.' અનિલ જવાબ આપે એ પહેલાં વકીલે કહ્યું અને પૂછ્યું, 'ગાડી અહીંની નથી લાગતી!'

'હા, આફ્રિકાની છે. મારા બનેવી ત્યાંથી સાથે લેતા આવ્યા છે.

હમણાં તેઓ આફ્રિકાના એમના મિત્રના કુટુંબ સાથે એ લોકોની ગાડી લઈ પૂના ગયા છે. આપણી ગાડી વાલચેઈન કરાવવા આપી છે એટલે હું હમણાં આ વાપરું છું.'

'આફ્રિકામાં તેઓ શું કરે છે?'

'પહેલાં ભારતીય હાઈ-કમિશનરની કચેરીમાં કામ કરતા હતા. હમણાં પ્રાઇવેટ ફર્મમાં ભાગીદારી શરૂ કરી છે. તેઓ જગદીશ કિનારીવાલા ઍન્ડ કું.ના નામે એક્સપોર્ટનું કામ કરે છે.'

'અનિલભાઈ' ગણાત્રા બોલ્યા, 'આ આફ્રિકાવાળા શેઠની પણ એક પોલિસી લઈ લ્યો ને! તમારો તો વીમો હશે નહિ સતીશભાઈ?'

'જી, મોટી રકમનો છે. ઈન્કમટૅક્સ બચે છે એનાથી.'

ગાડી મૅટ્રો આગળ આવી ઊભી રહી એટલે અનિલ અને ગણાત્રા ઊતરીને 'હાર્વિક'માં આઈસ્ક્રીમ ખાવા ગયા.

'અનિલભાઈ, તમારા કેસ સાથે મારે ગાઢ સંબંધ છે.' ગણાત્રાએ કહ્યું, 'ધીરજલાલના ભાગીદાર ઇન્દ્રવદનનો જ ક્લેઈમ મારે લેવો છે.'

'હું પણ એ જ વિચારતો હતો.' અનિલે કહ્યું, 'તમારી તપાસ પરથી હું સમજી ગયો હતો. પણ કેસ આપઘાતનો છે એટલે કંપની ક્લેઈમ ચૂકવશે નહિ.'

'પણ ભર્યા એટલા પૈસા તો પાછા મળશે ને?'

'એટલા પણ નહિ મળે. ત્રણ વર્ષ સુધી પૂરેપૂરાં પ્રીમિયમ ભરાયાં હોય તો જ પૈસા પાછા મળે.'

'તો પછી મારે વીમા કંપની પર દાવો માંડી પૈસા લેવા પડશે.' વકીલ બોલ્યા. ત્યાં વેઈટર આવ્યો. વકીલે આઈસ્ક્રીમનો ઑર્ડર આપ્યો.

'તમારો તો એ ધંધો જ છે.' અનિલ હસ્યો, 'પણ તમે ફાવશો નહિ.'

'એ જોયું જશે.' વકીલ બોલ્યા, 'હું તમારી કંપની પર દાવો કરીશ એટલે પાર્ટીએ આપઘાત કર્યો છે એ તમારે સાબિત કરવું પડશે.'

'પણ પોલીસ-તપાસ થઈ છે એટલે કંપનીએ બહુ સાબિત કરવાનું રહેતું નથી.'

'ભલે કોર્ટમાં એ બધું રજૂ થાય, હું તો વીમો અકસ્માતનો બેવડો લાભ આપે છે એટલે બે લાખનો દાવો કરીશ. દાવો નાદારીથી નોંધાવી સ્ટૅમ્પના પૈસા પણ બચાવી લઈશ.'

'તમારો અસીલ કોણ છે?'

'ચારુબાલા સંઘવી, મારી નવી ઑફિસ સેક્રેટરી.'

'તો તો ફી પણ નહિ મળે.' અનિલ હસ્યો.

'ફીની ચિંતા તો મેં કદી કરી જ નથી. વીમા કંપની પૂરી ફી આપશે. તમે ગભરાશો નહિ, મારા ભાઈ, હું કેસ મારી પાસે આવવાની રાહ જોતો નથી, કેસની પાછળ હું જાઉં છું.'

• • •

બરાબર દોઢ વાગ્યે ગણાત્રા પોતાની ઑફિસ પાસે આવીને બહાર કોઈની નજર ન પડે એમ ઊભા રહ્યા. ચારુ વિશે એમને પૂરું જાણવું હતું. સવારે એ ઘેરથી જમીને આવી હશે તો પણ ચા પીવા તો હમણાં નીકળશે જ એવી એમને ખાતરી હતી.

અને સાચે જ ચારુ થોડી વારમાં બહાર નીકળી. થોડું અંતર છોડી વકીલ એની પાછળ ચાલવા લાગ્યા. ચારુ ચાલતીચાલતી ઝેવીઅર્સ કૉલેજમાં ગઈ અને એની ઑફિસમાં જઈ થોડી વારે બહાર આવી.

વકીલે દૂર જતી ચારુ સાથે એક યુવાનને વાતો કરતો ચાલ્યો જતો જોયો. એમણે એક વિદ્યાર્થીને પૂછ્યું, 'પેલાં મિસ સંઘવી સાથે કોણ છે?'

'એ ગૌતમ વસાવડા છે.' 'બંને પ્રેમી પંખીડાં લાગે છે.'

'ના રે ના. બંને વચ્ચે સાદી મિત્રતા છે. હમણાં બંને સાથે નાટકમાં ઊતર્યાં હતાં. ત્યારે ગૌતમે કંઈક અડપલું કર્યું હતું અને બદલામાં ચારુએ એના ગાલ પર ખો ભુલાવી દે એવી લપડાક મારી દીધી હતી.'

'વસાવડા એની સાથે જ ભણતા હશે!'

'ના, સંઘવી તો બી.એ.માં છે, જ્યારે આ ભાઈ તો એમ.એ.નું કરે છે. હમણાં આ વર્ષે જ આ કૉલેજમાં આવ્યા છે.'

'પૈસાદાર લાગે છે...'

'ના રે ના. કોઈક જગ્યાએ પાર્ટટાઇમ કામ કરે છે. કોઈ આગળ-પાછળ લાગતું નથી. એટલે ફૂલફટાક થઇને ફરે છે.'

'ઠીક, નમસ્તે' કહીને વકીલસાહેબે ચાલવા માંડ્યું. એમણે દૂરથી જોયું કે ચારુ સામે બસસ્ટૅન્ડ પાસે ઊભી હતી અને ગૌતમ એની સાથે લળીલળીને વાતો કરતો હતો. આખરે ચારુ 'જય જય' કહીને ચાલવા લાગી ને ગૌતમ વકીલસાહેબ ઊભા હતા એ બસસ્ટૅન્ડ પાસે આવ્યો. તુરત 'ઈ' રૂટની બસ આવી. ગૌતમ એમાં ચડી ગયો. વકીલ ગણાત્રા પણ એની પાછળ ચડી ગયા.

બંને બોરીબંદર ઊતરી ગયા. ગૌતમે જી. પી. ઓ. કૅન્ટિનમાં જઈ એક ખુરશી પર બેસી ચા મંગાવી. વકીલ પણ નજીકમાં એક તરફ કાગળ લખવાનો ઢોંગ કરતા બેઠા.

થોડી વારમાં ગૌતમની સામે કોટપાટલૂનમાં સજ્જ એક પ્રતિભાવાન યુવાન આવીને બેઠો. એણે ગૌતમને એક કૅમેરા આપ્યો. કેટલીક વાતો કરીને એ યુવાન ઊઠ્યો ત્યારે એનું મોં જોતાં વકીલ ચમક્યા.

'અરે, આ તો સતીશચંદ્રના બનેવી જેવો અણસાર આપે છે.' ધીરજલાલના ઘરમાં થોડી વાર પહેલાં જ એમણે આ વ્યક્તિનો ફોટો જોયો હતો. 'પણ એ તો પૂના હતા ને?' વકીલ જરા ગૂંચવાયા.

એના ગયા પછી પાંચેક મિનિટે ગૌતમ પેલા યુવાને આપેલો કૅમેરા લઈ ઊઠ્યો. વકીલને આશ્ચર્ય થયું કે તેણે ગૌતમને કૅમેરા કેમ આપ્યો? થોડી વારે ગૌતમ ઊઠ્યો. વકીલ પણ ઊપડ્યા ને ધીરેધીરે ચાલતા ગૌતમની પાછળપાછળ તેઓ વીર નરીમાન રોડ પર આવ્યા. એક તરફના એક આલીશાન બિલ્ડિંગમાં ગૌતમ દાખલ થયો અને લિફ્ટમાં ઉપર ગયો. વકીલે લૉબીમાં રાખેલ બોર્ડમાં જોયું તો 'ઇન્દુ મહેતા ઍન્ડ કંપની.'નું નામ ત્રીજા માળની ઑફિસોના બોર્ડમાં હતું. વકીલસાહેબ રાહ જોતા બહાર ઊભા. થોડી વારે ગૌતમ બહાર આવ્યો. બહાર આવ્યો ત્યારે તે ખુશ જણાતો હતો. એના હાથમાં બૅગ હતી. કૅમેરા તે ઉપર મૂકી આવ્યો હશે? તેણે બહાર આવી ટૅક્સી કરી. વકીલસાહેબ તેને જતો જોઈ રહ્યા. તે ઉપર ગયા ત્યાં ત્રીજા માળે 'ઇન્દુ મહેતા ઍન્ડ કં.'માંથી એક ખાદીધારી ભાઈ બહાર નીકળ્યા. વકીલે તેનો પીછો પકડ્યો. ગૌતમની પાછળ જઈ ન શકાયું, પણ આની પાસેથી કંઈ જાણી શકાશે એ આશયથી વકીલે એની પાછળ ચાલવા માંડ્યું.

ફાઉન્ટન વટાવી ચર્ચગેટ સ્ટેશન પાસેથી તે ક્વીન્સ રોડ ઉપર વળ્યા, અને થોડી વારમાં 'ઑલ ઇન્ડિયા રેડિયો'ના સ્ટેશનમાં ગયા. વકીલને આશ્ચર્ય થયું. તેઓ પણ એની પાછળ ગયા. અને ઈન્કવાયરી પર બેઠેલી છોકરીને આગળ જતા પેલા ખાદીધારી સામે આંગળી ચીંધી પૂછ્યું. 'આમનો પ્રોગ્રામ ક્યારે છે?'

'કોનો? વ્રજકાંત મહેતાનો?' 'હાજી, એમનો.'

'એમનાં નાટક તો અવારનવાર રેડિયો પર આવ્યા જ કરે છે. આપને કંઈ કામ હતું?'

'હા, મારે જરા અંગત કામ હતું. હું એમની બહાર જઈને રાહ જોઉં છું.' એમ કહી વકીલે બહાર આવી ચર્ચગેટ સ્ટેશન પરથી 'નભોવાણી' ખરીદું. એમાં એમણે જોયું કે તે રાતે જ વ્રજકાંતના એક નાટકનો રેડિયો-કાર્યક્રમ હતો.

(ચાલુ)

જીવનપટનાં સ્મૃતિચિત્રો



પ્રિન્સિપલ ગ્રિફિથ્સ



પ્રિન્સિપલ ગ્રીનવૂડ

લેખક · રવિશંકર રાવળ

૨૨૩ સર જે. જે. સ્કૂલ ઑવ આર્ટ

સ્વર્ગસ્થ કલાચાર્ય શ્રી માધવરાવ વિશ્વનાથ ધુરંધરે મુંબાઈની કળાશાળા–સર જમશેદજી જીજીભાઈ સ્કૂલ ઑવ આર્ટમાંની પોતાની કારકિર્દી વર્ણવતું 'कलामंदिरांतील एकेचाळिस वर्षे' નામનું પુસ્તક લખ્યું છે, તેમાંથી મારા ત્યાં દાખલ થયા પૂર્વેની કેટલીક રસમય હકીકતો સાર રૂપે આપવી પ્રસ્તુત લાગે છે.

મુંબાઈની આ સુપ્રસિદ્ધ ચિત્રશાળાના ઉદ્‌ભવ પાછળ મહામના પારસી બૅરૉનેટ સર જમશેદજી જીજીભાઈની અંતઃકરણની ઉદાત્ત ભાવના કારણ રૂપ છે. ઇ.સ. ૧૮૫૧માં લંડનની સફર વખતે તેઓ ઈન્ટરનેશનલ પ્રદર્શન જોવા ગયા. એ પ્રદર્શનના પરિણામે ઇંગ્લંડમાં ચારે ખૂણે કળાશાળાઓ સ્થાપવામાં આવી હતી. મુંબાઇમાં પણ એવી એક આર્ટ સ્કૂલ કરવાની આ ઉદાર બુદ્ધિવાળા મહાપુરુષને કલ્પના આવી, અને તત્કાળ એક લાખ રૂપિયાની રકમ ઈસ્ટ ઇન્ડિયા કંપનીને સોંપી ઇંગ્લંડના જ ધોરણે મુંબાઈમાં આર્ટ સ્કૂલ સ્થાપવાનું કહી તેને માટે જરૂરી સગવડવાળી ઇમારત પણ બાંધી આપવા જણાવ્યું. ત્યાં ડ્રૉઇંગ(ચિત્રકાર્ય) ડિઝાઈન (રૂપનિર્માણ) અને પ્રતિમાવિધાન-(મૉડેલિંગ)નું શિક્ષણ આપવા તેના જ્ઞાતાઓ ખાસ ઇંગ્લંડથી જ લાવવા એવી તેમાં શરત મૂકી હતી. ઘણા દિવસોની વાટાઘાટો પછી ૧૮૫૬ની આખરમાં એવો એક વર્ગ એલફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટ (આજની એલફિન્સ્ટન હાઇસ્કૂલ)માં શરૂ કરવામાં આવ્યો અને મુંબાઇમાં વસતા ચિત્ર જાણનાર પૅટન નામના અંગ્રેજના હાથમાં તે સોંપ્યો. તેને માટે ખરા નિષ્ણાતો આવતાં તો તે પછી શુમારે આઠ વર્ષ વીતી ગયાં.

એ રીતે આવેલા ત્રણ નિષ્ણાતોમાં એક હતા લૉકવૂડ કિપ્લિંગ (કવિ-સાહિત્યકાર રડિયાર્ડના પિતા) બીજા હતા હીજિન્સ અને ત્રીજા હતા ટેરી. તેમના આવ્યા પછી એ જ મકાન (એલ્ફિન્સ્ટન ઈન્સ્ટિટ્યૂટ)માં 'સ્કૂલ ઑવ આર્ટ'ને સ્વતંત્ર સંસ્થા બનાવવામાં આવી અને પછી પાયધુનીના નાકા પર, હાલની ઈમ્પીરીઅલ બૅન્કની શાખા અને પારસી અગિયારીની સામે સર જમશેદજીની જ માલિકીના એક મકાનમાંનો પહેલો મજલો આ કામ માટે ઉપયોગમાં લેવામાં આવ્યો. એ ઘર હમણાં થોડાં વર્ષો પર જ પાડી નાખવામાં આવ્યું છે અને ત્યાં એક ગંજાવર ઇમારત બંધાઈ ગઈ છે.

એ ત્રણે નિષ્ણાતોએ શિક્ષણ આપવાનો ક્રમ હજી શરૂ કર્યો તેવામાં જ હીજિન્સ પાછા ગયા; લૉકવૂડ કિપ્લિંગ લાહોરની આર્ટ સ્કૂલના પ્રિન્સિપલ બનીને ગયા. તે પ્રતિમાવિધાનમાં નિષ્ણાત હતા. ક્રાફર્ડ માર્કેટના દરવાજા પરનાં આરસનાં શિલ્પ તેમનાં નિર્માણ છે. કિપ્લિંગ લાહોર ગયા એટલે ટેરીની મદદમાં ગ્રિફિથ્સની નિમણૂક થઈ. એ ચિત્ર (પેઇન્ટિંગ) અને શિલ્પ (સ્કલ્પ્ચર) બંનેના વર્ગો ચલાવતા. ટેરી ડ્રૉઇંગ (ચિત્રકર્મ) અને એન્ગ્રેવિંગ (કોતરકામ) શીખવતા. તેમને કરવા વિઝિટિંગ પ્રોફેસર (મુલાકાતી શિક્ષક) તરીકે બાપુજી દીનાનાથજી જ્યૉમેટ્રી (ભૂમિતિ) અને પર્સ્પેક્ટિવ (દષ્ટિસંધાન)શીખવવા આવતા. ટેરી ઉત્તમ શિક્ષક તરીકે એટલા તો પ્રસિદ્ધ હતા કે આર્ટ સ્કૂલને ઘણા 'ટેરી સ્કૂલ' કહેતા. તે સેવાનિવૃત્ત થયા ત્યારે મોટી ખોટ પડી. એ સર્વોત્કૃષ્ટ એન્ગ્રેવર તેમજ કલમ-કામ (પેન ડ્રૉઇંગ્સ)માં પ્રવીણ હતા. એમનાં વિનોદી રેખાચિત્રો પ્રદર્શનોમાં જોવા મળતાં.

શરૂઆતમાં સ્કૂલ ઑવ આર્ટના વડાનો હોદ્દો 'સુપરિન્ટેન્ડેન્ટ'નો કહેવાતો. પાયધૂનીથી શાળાને કોટના મેદાન પાસે એક કામચલાઉ ઈમારતમાં બદલીને ત્યાં સ્ટુડિયો લાઇટ માટેનાં જરૂરી આયોજનો કરી, ડ્રૉઇંગ, મૉડેલિંગ અને એન્ગ્રેવિંગના વર્ગ ચાલુ કર્યા. આ મકાનમાં આજની 'કમર્શિયલ આર્ટ સ્કૂલ'ની શરૂઆત થઈ.

ઈ. ૧૮૭૮માં મોટું મકાન બંધાઈ જતાં સ્કૂલ ઑવ આર્ટ તેનું ખરું સ્વરૂપ પામી. ૧૮૮૦માં ટેરી નિવૃત્ત થયા, તેની જગ્યાએ લંડનથી ગ્રીનવૂડ–'ટીચર ઑવ ડ્રૉઇંગ' તરીકે આવ્યા. તેમણે આર્ટ સ્કૂલના શિક્ષણક્રમમાં નવી યોજના કરી, જેને અંગે ફર્સ્ટ, સેકન્ડ અને થર્ડ ગ્રેઈડના વર્ગો શરૂ થયા અને તે જ વર્ષથી તેની પરીક્ષાઓ શરૂ થઈ. ગ્રિફિથ્સને પ્રિન્સિપલનો હોદ્દો અપાયો અને ગ્રીનવૂડ વાઈસ પ્રિન્સિપલ થયા. તેમની મદદમાં ગણપતરાવ કેદારી ટીચર ઑવ ડ્રૉઇંગ અને હેડમાસ્તર નિમાયા, અને બીજા પાંચ આસિસ્ટંટ શિક્ષકો નીમાયા.

ફર્સ્ટ, સેકંડ અને થર્ડ ગ્રેઈડની પરીક્ષાઓ લંડનના સાઉથ કેન્સિંગ્ટનનાં સાયન્સ અને આર્ટ્સનાં ધોરણ પ્રમાણે લેવાતી. સેકન્ડ અને થર્ડ ગ્રેઈડની પરીક્ષા બ્લૅક બૉર્ડ વર્ક (કાળા પાટિયા પરના કામ) સહિત જેમણે પસાર કરી તેવા ઉમેદવારોને મુંબાઈ ઇલાકાની સર્વ હાઈસ્કૂલોમાં ડ્રૉઇંગ-શિક્ષક તરીકે નિમણૂક આપી. આમ ફર્સ્ટ અને સેકન્ડ ગ્રેઇડની પરીક્ષાઓ સર્વ હાઈસ્કૂલમાં લેવાતી થઈ તેમાં પાસ થએલા વિદ્યાર્થીને આગળ થર્ડ ગ્રેઈડનું શિક્ષણ મેળવવા મુંબાઈની આર્ટ સ્કૂલમાં દાખલ થવાનો લાભ મળ્યો. થર્ડ ગ્રેઈડનો અભ્યાસ સ્કૂલ ઑવ આર્ટમાં શીખવાતો તેથી એ વિદ્યાર્થીઓથી ભરપૂર લાગતો.

એ વેળા સ્કૂલ ઑવ આર્ટના દરેક વર્ગની માસિક ફી માત્ર એક રૂપિયો હતી, અને એ એક જ રૂપિયા દ્વારા વિદ્યાર્થી થર્ડ ગ્રેઈડ પેઈન્ટિંગ, મૉડેલિંગ, આર્કિટેક્ચર અને ટીચર (શિક્ષક)ના વર્ગોમાં પણ પ્રવેશ મેળવી અભ્યાસ કરી શકતો એવી પ્રથા હતી. તે ઈ. ૧૮૯૦ સુધી ચાલુ રહી. ૧૮૯૧માં 'રે આર્ટ વર્કશૉપ' પણ શરૂ થઈ.

પ્રિન્સિપલ ગ્રિફિથ્સ વિષે શ્રી ધુરંધર માસ્તરે લખ્યું: 'મારું પ્રાથમિક વૉટર-કલર-શિક્ષણ પ્રિન્સિપલ ગ્રિફિથ્સની પાસેથી મળ્યું એ લાભ ઘણો મોટો હતો. વૉશિઝ (રંગલેપન) મૅન્યુએટ વૉશિઝ (વર્ણભંગ) સીપિયા રંગમાં મુક્ત શૈલીમાં શીખવીને પછી એ જ રંગમાં 'પ્લાસ્ટર-કાસ્ટ' શિલ્પો પરથી આલેખનો કરવાનાં થતાં. એ વિદ્યાર્થીનું કામ સુધારવા બેસે ત્યારે એક જ વિદ્યાર્થીના ચિત્ર પર કામ પૂરું કરી બતાવે. તે વખતે વર્ગના સર્વ વિદ્યાર્થીઓ તેમની પાછળ ઊભા રહી જોતા હોય. ચિત્ર પૂરું થાય ત્યાં સુધી – એટલે લગભગ દોઢ કલાક સુધી – તે મોંથી પદ્ધતિની સમજ આપતા જ રહેતા. એક પણ વિદ્યાર્થીનું રંગલેપન બગડતું તો ખૂબ જ ગુસ્સે થતા. પ્લાસ્ટર-કાસ્ટનું દરેક

ચિત્ર પૂરું થાય એટલે દર શુક્રવારે સાડા દસથી દોઢ વાગ્યા સુધીમાં તેનું જ ટાઈમ ડ્રૉઈંગ (સમયબદ્ધ ચિત્ર) કરાવતા અને પછી સાંજે બે થી ચાર સુધી તેનું જ સ્મૃતિચિત્ર-સીપિયા રંગમાં જ-કરવાનું કહેતા. સોમવારે એ બંને-ટાઇમ-ડ્રૉઇંગ અને મેમરી-ડ્રૉઈંગ એક મોટા પડદા પર ચોડાવી તેના દરેકના ગુણદોષ સમજાવતા. આમ ઑક્ટોબર સુધીના ચાર મહિના સીપિયા રંગનું જ કામ ચાલતું. ઑક્ટોબરની રજાઓ પછી ઑઈલ-કલર વર્ક(તૈલરંગી ચિત્રકામ) પણ એક જ રંગમાં. તે પછી વિદ્યાર્થીઓને લાઈફ (સજીવ ચિત્રાકૃતિ) કરવાના વર્ગમાં લેવાતા.'

ગ્રિફિથ્સ સાહેબ રોજ સાંજે મરીન લાઇન્સના દરિયા-કિનારે ફરવા નીકળતા. ત્યાં કોઈ વિદ્યાર્થી સ્કેચ કરતો દેખાય તો તેની પાછળ ઊભા રહી જોતા અને પછી 'ધૅટ્સ વેરી ગુડ' (સરસ છે) કહી તેને ઉત્તેજન આપતા તથા તેની સ્કેચબુક હાથમાં લઈ પાનાં ફેરવતા જાય તે સાથે સુધારા સૂચવતા જતા 'આમ જ સ્કેચ કરવા જોઈએ' કહી ચાલ્યા જતા. આવા સમાગમનો લાભ શ્રી ધુરંધર માસ્તરને ઘણી વાર મળતો. કોઈ વાર એકાદ પ્રખ્યાત કલાસ્વામીનું જીવનચરિત્ર વિદ્યાર્થીને વાંચવા આપતા.

શ્રી (મહાદેવ વિશ્વનાથ) ધુરંધર 'બૉમ્બે આર્ટ સોસાએટી'નો સુવર્ણપદક મેળવનાર પ્રથમ હિન્દી વિદ્યાર્થી હતા. ગ્રિફિથ્સના તે કૃપાપાત્ર વિદ્યાર્થી હતા. ગ્રિફિથ્સની છેવટની વિદાયના સમારંભમાં તેમને વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ માનપત્ર આપ્યું તેનો જવાબ આપવા ઊભા થયા ત્યારે શરૂઆત કરી: 'Ladies, Masters and Students! When the heart is full, the mouth can not speak (સન્નારીઓ, માસ્તરો અને વિદ્યાર્થીઓ! હૃદય ભાવપૂર્ણ હોય ત્યારે મુખથી ઉચ્ચાર કરી શકતો નથી.)' એટલું બોલતાંમાં તો તે રડી પડ્યા. તે જોઈ હેડમાસ્તર ગણપતરાવ કેદારીએ ઊભા થઈ કહ્યું: 'આપ રડો નહિ, આપ બેસી જ રહો. અમે સર્વે આપની પ્રતિ કૃતજ્ઞ છીએ.' સૌનાં અંતઃકરણ ભરાઈ ગયાં. વિદ્યાર્થિનીઓ આંસુ સારવા લાગી. સમારંભ શોક-પરિણામી બની ગયો (૧૮૯૪).

ગ્રિફિથ્સ પછી ગ્રીનવૂડે પણ કડકઅ મલ ચલાવ્યો તેથી કેટલાક માસ્તર નારાજ પણ થયા. તેમાં એક મંત્રી માસ્તર સાત માસની રજા લઈ છૂટા થયા અને તેમને સ્થાને ગ્રીનવૂડે શ્રી ધુરંધરની નિમણૂક કરી.

ઈ.સ. ૧૮૯૬માં પેઇન્ટિંગ ક્લાસના એક યુવાન વિદ્યાર્થી ગણપતરાવ મ્હાત્રેએ 'બૉમ્બે આર્ટ સોસાએટી'માં રજૂ કરવા એક લાઈફ-સાઈઝ (માનવકદ)ની પ્રતિમા કરવામાં ઘણી ગેરહાજરી બતાવી તેથી ગ્રીનવૂડસાહેબ બહુ જ રોષે ભરાયા; પણ તે રોષ જલદી દૂર થયો, કારણ કે આટલા યુવાન વયના કલાકારે 'મંદિર પંથે' (To the temple)ની પૂરા માપની જે સુંદર પ્રતિમા બનાવી તે પર તે મુગ્ધ થઈ ગયા અને બોલ્યા: 'મૉડેલિંગ ક્લાસમાં એક દિવસ પણ અભ્યાસ કર્યો નથી છતાં આવું ઉત્તમ સ્ટૅચ્યુ કરી શક્યો?' એકદમ તેમણે મ્હાત્રેને 'સ્કૂલ ઑવ આર્ટ'માં માસ્તર નીમી દીધા અને 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'માં તેની શિલ્પકળા પર એક મહત્ત્વનો લેખ પ્રસિદ્ધ કર્યો. તેનો વિરોધ કરતો ઉત્તર ઇંગ્લંડમાંથી સર જ્યૉર્જ બર્ડવૂડે લખી ગ્રીનવૂડનાં વિધાનોનું ખંડન કર્યું. ગ્રીનવૂડ જંપ્યા નહિ. તેમણે શિલ્પના અનેક ફોટોગ્રાફો લેવડાવી બર્ડવૂડને મોકલી તેની ખાતરી કરી આપી. બર્ડવૂડને મ્હાત્રે માટે આદર થયો. તે ગુજરી ગયા ત્યારે તેમનો જે ફોટો પ્રકટ થયો તેમાં તેમના ટેબલ પર મ્હાત્રેની પ્રતિમાની છબિ દેખાય છે. આ પ્રતિમા સ્કૂલ ઑવ આર્ટ તરફથી ખરીદી લેવાઈ અને આજ સુધી તેના મુલાકાતી ખંડમાં તે ઊભા છે.

૨૨૪ વાઈસ પ્રિન્સિપલ પોર્ટર ફીલ્ડ

ગ્રીનવૂડ પ્રિન્સિપલ થયા તે પછી વાઈસ પ્રિન્સિપલ તરીકે પોર્ટર ફીલ્ડને વિલાયતથી આવતાં છ માસ વીતી ગયા તે દરમ્યાન એ સ્થાન શ્રી ગણપતરાવ કેદારીએ સંભાળ્યું. પોર્ટર ફીલ્ડ લાગવગથી જ નીમાયા હતા અને પેઇન્ટિંગનું કશું જ જાણતા નહોતા, એટલે ગ્રીનવૂડના રીપોર્ટથી એક વર્ષમાં જ એમને પાછા જવું પડ્યું. તે પછી ગ્રીનવૂડની તબિયત પણ બગડી અને ૧૮૯૮માં તે નિવૃત્ત થઈ ગયા. તેમના વખતમાં થએલી ફેરબદલીઓમાં ધુરંધર, ત્રિદાદ, અગાસકર અને તાસ્કર ક્રમશઃ શિક્ષકો બની ગયા. મ્હાત્રે અને સાતવળેકર પણ કેટલોક વખત શિક્ષક થએલા. પણ બંનેને નોકરીની પરતંત્રતા ખૂંચી, અને પાછળથી એ બંને ભારતનાં ઉત્તમ પુરુષરત્નો નીવડયા એ પ્રસિદ્ધ વાત છે. મ્હાત્રે પ્રથમ પંક્તિના પ્રતિમાકાર થયા અને આજના પંડિત સાતવળેકરજીને તો કોણ નથી ઓળખતું!

ગ્રીનવૂડની ભલામણથી શ્રી ધુરંધર પેસ્તનજી બમનજી પાસે પોર્ટ્રેટ શીખવા જતા. શનિવારે-રવિવારે પેસ્તનજીને ત્યાં જઈ તેમણે માસિક શિક્ષણ લીધું. તે માટે દર મહિને પેસ્તનજીને રૂા. ૩૦ પ્રિન્સિપલ સાહેબ પોતાના તરફથી આપતા. ગ્રીનવૂડના એક પરમ મિત્ર વૅટ્સન સાહેબ ધનાઢ્ય વેપારી હતા. તે મહિને પંદરે સ્કૂલ ઑવ આર્ટમાં આવતા અને ગ્રીનવૂડને મળતા તે વખતે વિદ્યાર્થીઓનાં સારાં માનવપાત્રોનાં ચિત્રો જોતા. દરેક વખતે તેમાંનાં સાત-આઠ વેચાતાં લઈ તે દરેક વિદ્યાર્થીના હાથમાં દસ-દસ રૂપિયા આપતા. એ રીતે વિદ્યાર્થીઓને એક પ્રકારનો ઉત્સાહ અને ઉત્તેજન મળતાં.

૨૨૫ જૉન વૉલેસ

ગ્રીનવૂડના ગયા પછી તેમના મિત્ર જૉન વૉલેસ ઍક્ટિંગ પ્રિન્સિપલ થયા. તેમણે કહી દીધું કે તમારું કામ વ્યવસ્થિત રહે અને ચિત્રકલા-શિક્ષણ યોગ્ય રીતે થયા કરે તે માટે જ મને પ્રિન્સિપલ નીમવામાં આવ્યો છે. મને ચિત્રકલાની ખાસ કંઈ ગમ નથી એમ સમજીને તમે તથા શિક્ષકો સૌ કાર્ય કર્યા કરો. તેઓ એન્જિનીઅર હતા એટલે શોધકવૃત્તિના હતા. તેમણે એક સસ્તી કિંમતનું 'લિપ' યંત્ર (લોખંડ માટેનો સંધાડો) બનાવ્યું હતું. ઉપરાંત એક ટેક્સ્ટાઈલપત્ર પણ બહાર પાડતા. યુરોપિયન વર્ગમાં તેમનું ઘણું માન હતું. એમના સમયમાં પારી(સ)માં એક આંતરરાષ્ટ્રીય પ્રદર્શન થયું હતું. તેમાં મુંબાઇ સરકારના ફરમાનથી સ્કૂલ ઑવ આર્ટના સર્વ પ્રકારના કામના નમૂના મોકલવામાં આવ્યા હતા.

(ચાલુ)

શતરંજના કોયડાનો ઉકેલ

1 N–N3ch, K–R×5; 2K–N2, હવે જો કાળો 2..., K×N રમે તો 3B–B6થી સફેદ ડ્રૉ મેળવી શકે. 2..., P–B8 (=Q) ch; 3K×Q, B–K5!

કાળો છૂટ જે ખાના ઉપર તેનો વજીર થાય તેવી શક્યતા છે તેનો કાબૂ મેળવવા BPનો ભોગ આપી દીધો. હવે તે 4..., K×N અને પછી 6..., P–R8 (=Q)-ની પ્રમાણી આપે છે.

4N–K1! હારને એક ચાલ મોડી ઠેલવાની જ ચાલ છે? ના, એથી કંઈક વધુ; જુઓ. 4... B×N; 5B–R3!

હવે 5..., K×B; પછી 6P–Q7 અને સફેદ કાળો કરતાં વહેલો વજીર બનાવશે અને ડ્રૉ મેળવશે.

5...,B–B3; 6B–N2,B×B; 7P–Q7, P–R8 (=Q) ch; 8K–Q2.

અને હવે સફેદના પ્યાદાને વજીર થતાં અટકાવી શકાય તેમ નથી. જો વજીર થતાં તે શેહ ન આપતો હોય તો કાળો 8...,B–B6 અને 9..., Q–Q8 chથી જીતી શકત. ઉપરની પરિસ્થિતિમાં કાળાને પોતાને છૂટ જ નડે છે. સફેદે પોતાના KN2 ઉપર છટકો માત્ર આપ્યો તેનું પ્રયોજન આ જ હતું.

જાગૃત આફ્રિકાનું એક નવોદિત રાષ્ટ્ર કીન્યા ૧

'હિન્દી સામ્રાજ્યની સરકાર સાથે આ આફ્રિકન પ્રદેશને જોડી દેવો જોઇએ ને હિન્દના વાઈસરૉયની હકૂમત નીચે કીન્યામાં પ્રાંતિક સરકાર રચવી જોઇએ. થોડાંક વર્ષોમાં એ બીજું હિન્દ થઇને રહેશે.'

આજથી લગભગ પચાસ વર્ષ પહેલાં જીવણજી નામના એક ગુજરાતીએ આ પડકાર કીન્યામાંના અંગ્રેજો સામે ફેંક્યો હતો.

સોમાલિયા, ઈથીઓપિયા, યુગાન્ડા અને ટાન્ઝાનિયાની વચ્ચેનો પૂર્વ આફ્રિકાનો ૧૫,૦૦,૦૦,૦૦૦ એકરમાં પથરાએલો આ દેશ ત્યારે અધઝાઝેરો જંગલો અને પર્વતોથી ઘેરાએલો હતો. જેમ ભારતમાં અને અન્ય દેશોમાં બનેલું તેમ કીન્યામાં પણ પહેલો પગ મૂકનાર અંગ્રેજો નહોતા. ઈ. સ. ૧૮૪૦માં ક્રાફ્ર અને રેબમાને નામના બે જર્મન મુસાફરોએ બરફાચ્છાદિત માઉન્ટ કીન્યા અને હેમિંગ્વેની એક વિશ્વવિખ્યાત વાર્તાનું કેન્દ્ર બનનાર કિલિમાન્જારો પર્વતોની મુસાફરી કરેલી. ઝાંઝિબારના સુલતાનના તાબામાં હજી ગયા વર્ષ સુધી રહેલી કીન્યાની ૧૦ માઈલ પહોળી કિનારાની પટ્ટી જ માત્ર ત્યારે દુનિયાની જાણમાં હતી. ગુલામીના વેપારનું એ મુખ્ય બજાર ગણાતું. પેલા બે મુસાફરોને પગલેપગલે બીજા જર્મનો પણ ત્યાં ગયા, પરંતુ બહુ ટક્યા નહિ. પછી એમનું સ્થાન બ્રિટિશરોએ લીધું. 'ઇમ્પીરીઅલ બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા કંપની'ની સ્થાપના કરવામાં આવી અને ૧૮૯૫ની સાલમાં બ્રિટિશરોએ એને પોતાના રક્ષિત પ્રદેશ તરીકે જાહેર કર્યો. ૧૯૦૦માં સર આર્થર હાર્ડિંગ ત્યાં કમિશનર નીમાયો અને દેશને વહીવટીતંત્રના ચાર વિભાગમાં વહેંચી નાખવામાં આવ્યો.

ગાયના લોહી.ને દૂધના મિશ્રણનું પાન જે જાતિનું પ્રિય પીણું છે તે પડછંદ કાયાધારી મસાઇઓ, દેશમાં બહુમતિ સંખ્યા ધરાવનાર કીકુયુઓ, એક દિવસમાં ૬૦ માઈલ પગપાળા ચાલી નાખવા જેમને મન રમતવાત છે એ સામ્બુરુ યોદ્ધાઓ અને કામ્બા નામની જાતિઓ આ સદીની શરૂઆત પહેલાંથી અંગ્રેજો સામે પોતાની સ્વતંત્રતાને ટકાવવા ત્યાં લડત આપી રહી હતી.

'ઇમ્પીરીઅલ બ્રિટિશ ઈસ્ટ આફ્રિકા કંપની'એ આ સદીની શરૂઆતમાં કીન્યાના પૂર્વ કિનારે આવેલા લગભગ ૮૪,૭૪૬ વસતિ ધરાવતા મોમ્બાસાથી તે પશ્ચિમ કિનારે યુગાન્ડાને અડીને આવેલા વિક્ટોરિયા સરોવરને કાંઠે વસેલા કીસુમુ સુધી રેલવે બાંધવાની શરૂઆત કરી. કીન્યાની કાયાપલટ થવાનાં, નવયુગના ક્ષિતિજની રેખાઓ જોવાનાં એનાથી મંડાણ થયાં. પ્રજાના ખર્ચે એ બાંધવાની બ્રિટિશ સરકારે બ્રિટનની સંસદ સમક્ષ ૧૮૯૫માં મંજૂરી મેળવી અને હજારો ભારતીઓને એના બાંધકામ માટે ભારતમાંથી કીન્યા લઈ જવામાં આવ્યા. એમાં મુખ્યત્વે ગુજરાતી-કચ્છીઓ હતા. ૧૮૯૯માં સમુદ્રની સપાટીથી ૫,૪૭૫ ફૂટ ઊંચે આવેલા અને ૧,૧૮,૯૭૬ની વસતિવાળા પાટનગર નાઇરોબી સુધી રેલવે પહોંચી અને ૧૯૦૩માં તો છેક વિક્ટોરિયા સરોવરના કાંઠે પહોંચી ગઈ.

એ દસ વર્ષના ગાળા દરમ્યાન ગુજરાતીઓ અને અંગ્રેજોની સારી એવી સંખ્યા ત્યાં વસવાટ માટે ઠલવાઈ ચૂકી હતી. એમાં ગુજરાતીઓ મુખ્યત્વે મજૂરી કરતા અને કેટલાક દૂરદૂરના પ્રદેશોમાં હાટડીઓ માંડીને વેપાર પણ કરવા લાગ્યા હતા. ગોરા વસાહતીઓ સત્તાધારીઓ તરીકે ગયા હતા. રેલવે-માર્ગ ઉપરના ચોપાસના પ્રદેશમાં એ ગોરાઓને મફત જમીનો વહેંચવામાં આવી. પરિણામે પહેલા વિશ્વયુદ્ધ સુધીના સમયમાં ત્યાં ત્રણ હજાર જેટલા યુરોપિયનો પહોંચી ગયા



હતા. પેલી બાજુ ભારતીઓની સંખ્યા પણ વધવા લાગી હતી.

અને એ બે પ્રજાની સામે કીકુયુ અને મસાઈ જાતિઓનો વિરોધ પણ વધી રહ્યો હતો—મુખ્યત્વે ગોરાઓ સામે. ભારતીઓ વેપારી ને કારીગરો તરીકે રહ્યા હોવાથી એની સામે આફ્રિકનોને ખસુ કહેવાપણું નહોતું, પરંતુ મફત જમીન મેળવીને સત્તા ચલાવતા ગોરાઓ પ્રત્યેના ઉશ્કેરાટનો અગ્નિ ધીરેધીરે પ્રજ્વલિત થઈ રહ્યો હતો.

ત્યારે આફ્રિકનોના જાણે પોતે જ હિતેચ્છુ હોય એ પ્રકારના દાવાઓ સાથે અંગ્રેજો કહેતા કે 'સ્થાનિક પ્રજાને સભ્ય બનાવવામાં અમે વધારે ફાળો આપ્યો છે.' તો ભારતીઓ કહેતા કે 'બુદ્ધિશક્તિ વધારવા અને વેપારવણજ શીખવવામાં અમે તેમની નિકટ રહેતા હોવાથી ગોરાઓ કરતાં અમે વધુ મહત્ત્વના છીએ.'

પરિણામે ૧૯૨૩માં બ્રિટિશ સરકારે 'ઇન્ડિયન્સ ઇન કીન્યા' નામે એક શ્વેતપત્ર પ્રગટ કર્યો, જેમાં જણાવવામાં આવેલું કે કીન્યા પ્રથમત: આફ્રિકનોની ભૂમિ છે. જોકે એ તો માત્ર શબ્દોમાં જ કહેવાનું હતું, આચરણમાં તો જુદું જ હતું. કીન્યાના રાજ્યતંત્રના સંચાલનમાં આફ્રિકનોનો અવાજ જરાય નહોતો. બીજા વિશ્વયુદ્ધ પછી પણ 'લેજિસ્લેટિવ કાઉન્સિલ'માં ૧૧ યુરોપિયનો, ૫ હિંદીઓ, ૧ અરબ અને માત્ર ૧ જ આફ્રિકનને લેવામાં આવતા.

આમ કીન્યાના મૂળ વતનીઓ આફ્રિકન કે અરબોનું પ્રતિનિધિત્વ તો નહિવત્ જ હતું. એમનાં દુ:ખોને મુખ્યત્વે એમની પ્રત્યે કૂણી લાગણી ધરાવતા ભારતીઓ વાચા આપતા. એક બાજુથી આફ્રિકનોના હક્કો દબાવાઈ રહ્યા હતા તો બીજી બાજુ આફ્રિકનોમાં બહુમતિ ધરાવતી અને કીન્યામાં મોટા ભાગની જમીન જેમના હસ્તક હતી તે કીકુયુ જાતિની જમીન પણ યુરોપિયનો યેનકેન પ્રકારે પચાવવા લાગ્યા હતા.

અંતે પચીસ વર્ષ પછી સમગ્ર કીન્યામાં ત્રાસવાદી હાહાકાર મચાવનાર અને કીન્યાને સ્વાતંત્ર્ય આપવામાં મહત્ત્વનો ભાગ ભજવનાર રાષ્ટ્રવાદ જાગ્યો. ૧૯૨૧માં 'કીકુયુ એસોસીએશન' સ્થપાયું અને બીજા વર્ષે 'યંગ કીકુયુ એસોસીએશન' પણ ઊભું થયું. પોતાની ન્યાયી માગણીઓ માટે એના તરફથી ઠેરઠેર સભાઓ ભરાવા લાગી. પાંચ-પાંચ હજાર આફ્રિકનો એ સભામાં હાજર રહેતા. ગોરા વસાહતીઓએ પચાવી પાડેલી જમીનો પાછી મેળવવાની એમની લડત હતી.



જોમો કિન્યાટા

બરફ-આચ્છાદિત કીન્યા પર્વતને પ્રભુના નિવાસસ્થાન તરીકે પૂજનાર કીકુયુ જાતિમાં ફૉર્ટહૉલ નજીક એક ગરીબ ખેડૂતને ત્યાં જન્મનાર ને સર પૅટ્રિક રેનિસે જેને પાછળથી 'અંધકાર અને મૃત્યુના નેતા' તરીકે ઓળખાવેલો તે કામાયુ ન્ગેન્ગી (Ngengi) નામનો નાઈરોબીનો એક યુવાન એ લડતમાં જોડાયો.

નાઈરોબીથી ૩૦ માઈલ ઉત્તરે આવેલા ગાટુન્ડુમાં ૧૪ એકરના ખેતરમાં પોતાની ચોથીવારની પત્ની નગીના સાથે તે રહેતો. અને માઉન્ટ કીન્યાના ૧૭,૦૪૦ ફૂટ ઊંચા શિખર ઉપર નજર માંડીને '૪૦ વર્ષનો માણસ જે કરી શકે એ હું ન કરી શકું એવું છે જ નહિ' એમ આજે પ્રૌઢ ઉંમરે કહેનાર એ કામાયુ દસ વર્ષની ઉંમરે ઘર છોડીને નાસી ગએલો. એના ચોક્કસ જન્મવર્ષની જેમ એને કે કોઇને ખબર નથી તેમ એના પ્રારંભિક જીવનની પણ વિશેષ જાણ નથી. કોઈક ખ્રિસ્તી દેવળમાં એની કરોડના દર્દનો ઈલાજ કરાએલો. સાજા થયા પછી એ ત્યાં જ રહ્યો અને પહેલો રસોયાના સાથીદાર તરીકે તથા પાછળથી સુથારીકામ કરવા લાગ્યો. ૧૯૨૨માં કીકુયુના મધ્યસ્થ સંઘમાં જોડાયા પહેલાં એ નાઇરોબીના જાહેર બાંધકામ ખાતામાં નોકરીએ રહેલો. એ ખાતાના ગણવેશમાં ભરત ભરેલો કમરબંધ પહેરવો પડતો. કીકુયુ ભાષામાં એ પટ્ટો 'કીન્યા' તરીકે ઓળખાતો. જતે દિવસે કામાયુ ન્ગેન્ગી ભુલાઈ ગયું અને 'કિન્યાટા' નામ લોકજીભે ચડી ગયું.

પાંચ વર્ષમાં કીન્યા કીકુયુ મધ્યસ્થ સંઘના મહામંત્રી બન્યા અને એના મુખપત્ર 'ગ્વિઞ્ગીથાનિયા યુનિટી'ના તંત્રી બન્યા. ૧૯૨૮-'૨૯ના ગાળામાં ઈશ્વરદાસ નામે એક ભારતીય સાથે તે લંડન ગયા. લંડનના 'ટાઇમ્સ' દૈનિકમાં એમણે એક પત્ર લખીને કીન્યામાંના આફ્રિકનોની હાલતનો ચીતાર ઇગ્લંડમાં વસતા અંગ્રેજો સમક્ષ રજૂ કર્યો.

કીન્યા ઇગ્લંડ ગયા હતા કીકુયુનો કેસ લડવા, પરંતુ એ પછી એ ત્યાં જ રહી ગયા. 'લંડન સ્કૂલ ઑાવ ઇકનૉમિક્સ'માં નૃવંશશાસ્ત્રનો તેમણે અભ્યાસ કર્યો. પૉલ રોબસન જેવા ગાયક સાથે તેમને ઘનિષ્ટ મિત્રતા થઈ. એડગર વૉલેસની 'સૅન્ડર્સ ઑાફ ધ રિવર' નામની ફિલ્મમાં તેમણે રોબસન સાથે કામ પણ કર્યું. '૩૦ના ગાળામાં એ મોસ્કો જઈ આવ્યા અને લેનિન સ્કૂલમાં અભ્યાસ કર્યો.

અહીં કીન્યામાં કીકુયુની લડત નહિવત્ થઈ ગઈ હતી. બીજા વિશ્વયુદ્ધ દરમ્યાન તો એ સંગઠનને દાબી દેવામાં આવ્યું. કીન્યા ઇગ્લાંડમાં નિવૃત્ત જીવન ગાળવા લાગ્યા. ખેતમજૂર તરીકે રહીને એ અઠવાડિયાના ૧૪ પૌંડ કમાતા. એડના ગ્રેઈસ ક્લાર્ક નામની એક અંગ્રેજ 'ગવર્નેસ' સાથે પરણ્યા અને રાજકારણથી સદંતર અળગા થઈ ગયા. સમગ્ર ઈંગ્લંડમાં એ જુમ્બો તરીકે ઓળખાવા લાગ્યા.

પોતાને કેટલાં સંતાન છે એ યાદ નહિ રાખી શકનારા અને જેમનો સૌથી મોટો પુત્ર ૪૫ વર્ષનો છે એ આ કિન્યાટા ૧૯૪૬માં એકાએક પોતાની એ પત્ની અને એક પુત્રને ઇગ્લંડમાં એકલાં મૂકીને ૧૫ વર્ષના વિદેશવાસ પછી કીન્યા પાછા ફર્યા. ૨૧ વર્ષનો એમનો એ પુત્ર આજે કેમ્બ્રિજની કિંગ્સ કૉલેજમાં ભણે છે.

કીન્યા સ્વદેશ પહોંચ્યા પછી સુષુપ્ત રાષ્ટ્રવાદ ફરી જાગ્યો અને કીકુયુ મધ્યસ્થ સંઘની રાખમાંથી ઊભા થએલા 'કીન્યા આફ્રિકન યુનિયન'ના તેઓ પ્રમુખ બન્યા. ૧૯૪૭થી બ્રિટિશરોએ આફ્રિકનો ઉપર અત્યાચારો ગુજારવા શરૂ કર્યા. અનેક કામદારો ઉપર ગોળીબાર અને દેખાવ કરનારાઓને ઠાર માર્યા. જોમો કિન્યાટાએ દેશભરના પ્રવાસો આદર્યા. એ જ્યાંજ્યાં જતા ત્યાં લોકમેદની ઊમટી પડતી. એમની વાણી અને વ્યક્તિત્વનો એવો તાત્કાલિક અને ચુંબકીય પ્રભાવ પડતો કે ઈઈઈ ઈઈઈ આ આ આ હહહ એવા કીકુયુ નિનાદ સાથે શરૂ થતી એમની સભાઓમાં નાનામાં નાનું બાળક પણ મૂગું થઈ જતું.

સૌપ્રથમ એમણે ૧૯૫૧માં થીકા નામના સ્થળે જાહેર કર્યું: 'આ ભૂમિ આપણી છે. યુરોપવાસીઓએ અહીં આવીને એ આપણી પાસેથી ઝૂંટવી લીધી છે. આપણે સ્વરાજ્ય માગીએ છીએ. એ ભૂમિ પાછી મેળવતાં તમારું લોહી રેડાય તો ગભરાતા નહિ.'

એ પછી, 'મારા યુરોપિયન માલિકને મારી નાખ્યા વિના હું જો મારું કામ છોડું તો પ્રભુ મને મારી નાખે' એવા સોગંદ લેવાવા શરૂ થયા. 'માઉમાઉ'નું નામ દુનિયાએ પહેલી વાર સાંભળ્યું. કીકુયુઓના હાથે બિનઆફ્રિકન પ્રજાનો કચ્ચરઘાણ બોલાવો શરૂ થયો. માઉમાઉની લડતને જેર કરવા બ્રિટનમાંથી લશ્કર ઉતારવામાં આવ્યું. માઉમાઉની હિંસક લડતે આંતરવિગ્રહ જેવી પરિસ્થિતિ ઊભી કરી. અંતે ૧૯૫૨ના ઑક્ટોબરની ૨૦ તારીખે કીન્યામાં કટોકટીની સ્થિતિ જાહેર કરાઈ અને કિ યાટાને જેલમાં મોકલાયા. માઉમાઉની લડત ચલાવવાના કહેવાતા આરોપસર તેમને સાત વર્ષની સખત મજૂરી સાથેની કેદ અને એ પછી અમર્યાદ મુદ્દત સુધીની સાદી કેદની સજા થઈ.

પરંતુ માઉમાઉની લડત શાંત ન થઈ. યુરોપિયનોને રહેંસી નાખવાનું ચાલુ જ રહ્યુ. ૧૯૫૩ થી '૫૫નાં વર્ષો બ્રિટિશરો અને માઉમાઉ વચ્ચેની લડાઈનાં વર્ષો હતાં. એક લાખ કરતાં વધારે કીકુયુઓને પકડવામાં આવ્યા. ૧૯૬૦માં કટોકટી પાછી ખેંચાઈ ત્યાં સુધીમાં બ્રિટને કીન્યામાં પાંચ વધારાની બૅટેલિયનો મોકલી હતી, ૭૫ કરોડ રૂપિયા ખર્ચ્યા હતા અને ૧૧,૫૦૦ માઉમાઉને મારી નાખવામાં આવ્યા હતા. સામી બાજુ માઉમાઉના લડતીઓએ ૩૧ ગોરાઓ, ૫૭ સૈનિકો અને ૧૭૪૦ બિનગોરાઓને મારી નાખ્યા હતા.

૧૯૬૦માં આજના કીન્યાના રાજકર્તા પક્ષ 'કીન્યા આફ્રિકન નૅશનલ યુનિયન' ('કાનુ')ની સ્થાપના કરવામાં આવી. જેમ્સ ગીચુરુ નામના ખ્રિસ્તી એના પ્રમુખ બન્યા. ૧૯૩૦માં જન્મેલા, '૫૫માં ગોદી કામદારોની હડતાળ પછી જેમના પ્રયત્નના કારણે ૩૩ ટકાનો પગારવધારો થએલો, '૫૭માં જે યુરોપ, એશિયા અને એમેરિકાની સફર કરી ચૂકેલા ને આજની સ્વતંત્ર કીન્યાની સરકારના વડા પ્રધાન મ્બોયા એના સ્થાપકો પૈકી હતા. મોમ્બાસાની સ્કૂલના ૧૯૫૨–'૫૫ સુધી હેડમાસ્તર રહેલા ૪૫ વર્ષના ન્ગાલા રોનાલ્ડ તથા ૫૩ વર્ષના એક વખતના શિક્ષક એ. ઓગીન્ગા ઓડીન્ગા પણ એમની સાથે જ હતા.

૧૯૬૧માં સામાન્ય ચૂંટણીઓ થઈ. 'કાનુ' પક્ષમાંથી ન્ગાલાએ જુદા પડીને 'કીન્યા આફ્રિકન ડેમોક્રેટિક યુનિયન' (કાડુ)ની સ્થાપના કરી. ઓગીન્ગા ઓડીન્ગા પણ જુદા પડી ગયા હતા. ચૂંટણીઓમાં 'કાનુ'ને ૫,૯૦,૬૬૧ અને 'કાડુ'ને ૧,૪૩,૦૭૯ મત મળ્યા.

કિન્યાટા હજી જેલમાં જ હતા પરંતુ એમને આ બંને પક્ષનો ટેકો હતો. બંનેએ એમને મુક્ત કરવા માગણી કરેલી. એટલે બંનેમાંથી એક પણ પક્ષે પ્રધાનમંડળ રચવાની તૈયારી ન બતાવી. અંતે એમને ચાર મહિનાની અંદર જેલમુક્ત કરવા, કીઆમ્બુમાં આવેલા એમના ગામે કોઈ પણ પ્રકારના બંધન વિના એમને રહેવા દેવા, અને એમને જીવનનિર્વાહ માટે જોઈએ તેટલી જમીન આપવી, એવી શરતો સાથે

'કાડુ' પક્ષે ૧૯૬૧ની ૧૫મી ઑગસ્ટે પ્રધાનમંડળ રચ્યું. એ પછી તરત જ કિન્યાટાને મુક્ત કરવામાં આવ્યા. બંને પક્ષના સભ્યોએ તેમનું મહાન અને ભવ્ય સ્વાગત કર્યું.

જેલમાંથી છૂટ્યા પછી પણ કિન્યાટાએ કીન્યાની આઝાદીની લડત ચાલુ રાખી. માઉમાઉની લડતમાં એમનો કેટલો હિસ્સો હતો એ હજી જોકે સંદિગ્ધ છે પરંતુ માઉમાઉ વિષે પાછળથી કરવામાં આવેલી મોજણીમાં જણાવવામાં આવ્યું હતું કે માઉમાઉની લડતને અહિંસક અને સાચા રાષ્ટ્રવાદમાં પલટવા કીન્યાએ ઘણા પ્રયત્નો કરેલા.

કિન્યાટા ઘરડા થઈ ગયા છે ને અશક્ત છે એમ ધારીને પહેલાં તો એમ માનવામાં આવેલું કે રાજકારણથી એ અળગા થઈ જશે અને એમની પાસે બહુ સત્તા નહિ રહે. પરંતુ એ માન્યતા ભૂલભરેલી ઠરી. 'કાડુ' પક્ષ કરતાં 'કાનુ'માં કીકુયુ કોમની બહુ સંખ્યા હોવાથી અને 'કાડુ'માં કિન્યાટાના વિરોધીઓ વધુ હોવાથી તેમણે કાનુ પક્ષમાં રહેવાનું મુનાસિબ માન્યું અને 'કાનુ' પક્ષનું પ્રમુખપદ સ્વીકાર્યું.

આજે એક જ રાજકીય પક્ષ('કાનુ')વાળા રાજ્ય તરીકે અસ્તિત્વ ધરાવતા કીન્યાના પ્રમુખ તરીકે રહેનાર અને ઘર આગળ સંપૂર્ણ ઉપરાંત અનુભવીને ત્યાંના રિવાજ પ્રમાણેની ભરતવાળી ટોપી, બેવડું સિવડાવેલું છાતી ઉપરનું પહેરણ તથા લંડન સ્કૂલ ઑવ ઇકૉનૉમિક્સની નેકટાઈ કાઢીને લેંઘો તથા ખમીસ પહેરીને ખેતરમાં ફરતા કિન્યાટાએ 'ઉહુરુ નાયોઝા'(આઝાદી અને એકતા)નું સૂત્ર વહેતું કર્યું.

પરંતુ આઝાદી ભણીની પછીની કૂચ બહુ કઠણ નહોતી. ઘરઆંગણે માત્ર 'કાનુ' અને 'કાડુ' વચ્ચે મનવૈભિન્ય રહેતું હતું. તેમ છતાં ૧૯૬૩ના ડિસેમ્બરમાં ઉહુરુદિને કીન્યાને આઝાદી મળી. એ પછી થએલી ચૂંટણીઓમાં 'કાનુ' પક્ષને જંગી બહુમતિ મળી અને એક વર્ષ પછી ૧૯૬૪માં એ સંપૂર્ણ પ્રજાસત્તાક થાય એ પહેલાં 'કાડુ' પક્ષ 'કાનુ'માં ભળી ગયો અને આફ્રિકાનું ૩૫મું તથા બીજા વિશ્વયુદ્ધ પછીનું ૩૧મું રાષ્ટ્ર સંપૂર્ણપણે સ્વતંત્ર થયું.

'સદીઓની ઘોર નિદ્રામાંથી બાળક ઊભો થયો છે અને હિંમતપૂર્વક વીસમી સદીમાં પગલાં માંડી રહ્યો છે' એમ કહીને અમેરિકાના પ્રમુખ જ્હૉનસને જેને અંજલિ આપી છે તે આ કીન્યામાં આજે ૬૧,૭૧,૦૦૦ આફ્રિકનોની, ૧,૬૫,૦૦૦ એશિયનોની, ૬૬,૦૦૦ યુરોપિયનોની, ૩૭,૧૦૦ આરબોની ને ૫,૯૦૦ બીજાઓની વસ્તી છે. ૧૯૮૦ સુધીમાં વસ્તી બેવડી થાય એટલી ઝડપે ત્યાં વધારો થઈ રહ્યો છે. એટલે બેકારીનું પ્રમાણ વિશેષ છે. ૭૫ ટકા ખેતીઉદ્યોગ ગોરાઓના હાથમાં છે પરંતુ મહિનાના ૬૦૦ના હિસાબે તેઓ દેશ છોડી રહ્યા છે. મોટા ભાગે પરચૂરણ માલસામાનની દુકાનો ધરાવતા ભારતીઓ ૧,૭૬,૦૦૦ છે પરંતુ કીન્યાના જીવતાં એમને ઊની આંચ આવે એમ નથી.

કીન્યા, યુગાન્ડા, ટાંગાનિકા, ઝાંઝીબાર (હવે ટાન્ઝાનિયા) મળીને પૂર્વ આફ્રિકન સંઘ રચવાની વિચારણાઓ ચાલે છે, પરંતુ એક યા બીજા કારણે તે અસ્તિત્વમાં આવી શકતો નથી.

—ગુણવંત છો. શાહ

ટિકિટ-સંગ્રહ







સ્કૉટલૅન્ડના વિશ્વવિખ્યાત કવિ રૉબર્ટ બર્ન્સની ૨૦૭મી સંવત્સરી નિમિત્તે બહાર પડેલી આ ટિકિટો માટે રાષ્ટ્રસમૂહના તમામ દેશોમાંથી ૫૦,૦૦૦ કરતાં વધુ માણસોએ માગણી કરી છે. આ ટિકિટો ૪ પેન્સ અને ૧ શિલિંગ ૩ પેન્સની કિંમતમાં બહાર પડી છે. (પ્રેષક: રામુભાઈ પટેલ, બર્મિંગહામ) આ ઉપરાંત, વેસ્ટમિન્સ્ટર ઍબીની ૯૦૦મી સંવત્સરી નિમિત્તે બ્રિટનમાં તા. ૨૮મી ફેબ્રુઆરીએ ૩ પેન્સ અને ૨ શિ. ૬ પે.ની ખાસ ટપાલ-ટિકિટો બહાર પાડવામાં આવી છે. એકમાં ઍબીનું રંગીન ચિત્ર છે અને બીજી કાળા રંગમાં રેખાંકિત છે. આ બંનેમાં રાણી એલિઝાબેથનું ચિત્ર અને અંગ્રેજીમાં 'વેસ્ટમિન્સ્ટર ઍબીની ૯૦૦મી જયંતી' એવા શબ્દો છે. ડાબી બાજુ આ ચારે ટિકિટો આપેલી છે. નીચે: 'કૉન્ફરન્સ ઑવ યુરોપીઅન પૉસ્ટલ ઍન્ડ ટેલીકૉમ્યુનિકેશન એડમિનિસ્ટ્રેશન્સ' નિમિત્તની નેધરલૅન્ડની આ ટિકિટમાં બતાવેલી ડાળખી પર CEPT એ પ્રથમાક્ષરોમાં ફળ લટકતું દર્શાવ્યું છે. આ નીચેની પહેલી ટિકિટ સીલોનની મ્યુનિસિપાલિટીની શતાબ્દીનિમિત્તની છે.(પ્રેષક: પી. એન. વર્મા, કાંજિવરમ્, ખાડિયા, અમદાવાદ. આ ભાઈ ને ટિકિટોના સંગ્રાહક પત્રમિત્રો જોઈએ છે.) છેલ્લી ટિકિટ રક્તપિત્તદિન-૩૦મી જાન્યુઆરી નિમિત્તની માલાગાસીની આ ખાસ ટિકિટ છે. (પ્રેષક: અકબરઅલી-વોહેમાર).







૧૦ અમેરિકા અને આપણે

☆ ડૉ. પ્રહ્લાદ ચુ. વૈદ્ય

૨૫ જાન્યુ. ૧૯૬૫

વ્હાલાં બાળકો,

મારા નિયમ મુજબ મારે આ કાગળ ગઈ કાલે લખવો જોઈતો હતો. અહીં બપોર તો પડતી નથી; સવારે ૭-૩૦ વાગ્યે સૂરજ ઊગે. લગભગ ૧૦ વાગ્યાથી ૧-૦ વાગ્યા સુધી વધુમાં વધુ તાપમાન થાય. ગઈ કાલે આ વધુમાં વધુ તાપમાન ૩૨°F (બરફના ગલનબિન્દુએ) હતું. ૧-૦ વાગ્યે એટલે ઠંડી વધવા લાગે ને ૪-૩૦ વાગ્યે સૂરજ આથમી જાય. આમ રવિવારે 'બપોરે' જમી લઈએ એટલે સાંજ પડી જાય. સાંજે ૪-૩૦ વાગ્યે ગરમ કૉફી પીને હું આ પત્ર લખવા બેસું તે કાર્યક્રમમાં કાલે વિક્ષેપ પડ્યો. અમારા એક મુસ્લિમ મિત્ર તેમનાં રોજા છૂટ્યાં (સાંજે ૪-૩૦ વાગ્યે જ તો) એટલે જમી-પરવારીને ઘેર મળવા આવ્યા. રાતના ૮-૩૦ વાગ્યા સુધી બેઠા. અહીં કોઈક બેસવા આવે તે સારું લાગે કારણ કે બંધ બારીબારણે આખો દિવસ બેસી રહેવાનું, એટલે ભાભીના શબ્દોમાં 'વાતુના તડાકા' મારવાનું મન થઈ જાય ત્યારે કાં તો કોઈને ઘેર બેસવા જઈએ અથવા કોઈને બેસવા બોલાવીએ.

આમ ગઈ કાલે આ કાગળ લખી શકાયો નહિ. પણ મનમાં નિરાંત હતી. રવિવારે લખેલો કાગળ પોસ્ટમાં તો સોમવારે જ નીકળે છે ને? સોમવારે વખત કાઢીને લખી નાખીશ. આજથી અહીં પરીક્ષાઓ શરૂ થાય છે: હજુ શુક્રવાર સુધી તો વર્ગો ચાલતા હતા. તે જ વર્ગની આજે સોમવારે હું ફાઈનલ (છેલ્લી) પરીક્ષા લઉં છું. વિદ્યાર્થીઓને પ્રશ્નપત્ર આપી દીધા છે. ૮-૦ થી ૧૦-૦ સુધી પરીક્ષા ચાલશે. વિદ્યાર્થીઓ પેપર લખે છે અને હું આ કાગળ લખું છું. પરંતુ ઘેર જે જાતનો મૂડ મળે તે આ પરીક્ષામય વાતાવરણમાં ક્યાંથી આવે? અહીં તો ભણવા-ભણાવવાનું જ સૂઝે છે. ચાલો ત્યારે ભણવા-ભણાવવા વિષે જ કંઈક લખું.

આકાશમાંથી ક્ષ-કિરણો

આ શું? આકાશમાંથી સૂર્યનો ચંદ્રનો કે તારાનો સાદો પ્રકાશ આવે તે તો સમજ્યા. હમણાંહમણાં રડારની શોધ પછી રેડિયો ટેલિસ્કોપ શોધાયાં છે અને તેની ઉપર આકાશમાંથી આવતાં રેડિયો-મોજાં નોંધાયાં છે તે પણ ઠીક. પણ આ તો ક્ષ-કિરણો! આકાશમાં ક્ષ-કિરણો બનાવવાનું યંત્ર છે કે શું? આ ક્ષ-કિરણો મનુષ્ય ઉપર પડે તો? તો તો મુશ્કેલી ઊભી થાય...બીજું તો ઠીક પણ કપડાં પહેરેલાં નિરર્થક થાય!!

રૉકેટ અને સ્પુટનિક શોધાયા પછી અવલોકનો માટે એક નવું સાધન પ્રાપ્ત થયું છે. પૃથ્વી પર વપરાતાં અવલોકનનાં સાધનો રૉકેટમાં ગોઠવી તેને ૫,૦૧,૦૦,૧૫૦ માઈલ ઊંચે ઉડાડે-એટલે કે રૉકેટને આપણી હવાના વાતાવરણની બહાર મોકલે. આમ કરવાથી, આકાશી કિરણોનો જે ભાગ હવામાં શોષાય છે અને તેથી પૃથ્વી ઉપરથી આપણને જેની ખબર પડતી નથી તે ભાગની રૉકેટ પરનાં સાધનો નોંધ લે છે. ૧૯૬૩માં હાથ ધરેલા આવા રૉકેટ-ઉડ્ડયનના પ્રયોગો પરથી જણાયું છે કે આકાશની ત્રણ જગ્યાઓએથી ક્ષ-કિરણોનો પ્રવાહ નીકળે છે. આ ક્ષ-કિરણો પૃથ્વીના વાતાવરણમાં આવતાં શોષાઈ જાય છે અને આપણને પહોંચતાં નથી. હા...શ! હવે કપડાં પહેર્યાં ન પહેર્યાની ચિન્તા નહિ! પરંતુ વૈજ્ઞાનિકને તો બીજી ચિંતા છે. આ ક્ષ-કિરણો આવ્યાં ક્યાંથી? ૧૯૬૩ પછી આજ સુધીમાં ક્ષ-કિરણોના ઘોધના ઉગમસ્થાન જેવી આકાશમાં દશ જુદીજુદી જગ્યાઓ નોંધાઈ ચૂકી છે. આ જગ્યાઓ તરફ ટેલિસ્કોપ ગોઠવતાં ત્યાં કોઈ તારો દેખાતો નથી અને રેડિયો-ટેલિસ્કોપ ઉપર ત્યાંથી આવતો કોઈ રેડિયો-અવાજ પણ નોંધાતો નથી. એટલે કે આ જગ્યાએથી દૃશ્ય-પ્રકાશ કે શ્રાવ્ય-મોજાં નીકળતાં નથી. તો પછી એ જગ્યાએ શું છે જેમાંથી આ ક્ષ-કિરણો નીકળે છે? ગણિત આ પ્રશ્નનો શો જવાબ આપે છે તે જોઈએ.

સામાન્ય તારામાં જ્યારે કોઈક વાર ગરમીની સમતુલા તૂટી જાય છે ત્યારે મોટા ભડાકા સાથે તારો તૂટી જાય છે. આવા ફાટતા તારાને સુપરનોવા (Supernova) કહે છે. આવા ફાટતા સુપરનોવા લગભગ ૫૦ વર્ષે એક જોવા મળે છે. સુપરનોવા જ્યારે ફાટે છે ત્યારે ઉપરનું વાયુનું આવરણ બહાર ફંગોળાઈ જાય છે અને ભડકો થઈને વેરાઈ જાય છે તથા અંદરનો નક્કર ગર્ભ ગુરુત્વાકર્ષણની અસર નીચે સંકોચાઈ જાય છે. આ ગર્ભ જેમ સંકોચાય તેમ તેની ઘનતા વધે. વળી અણુના ઇલેક્ટ્રૉન તથા પ્રૉટોન સંકોચનને કારણે એકબીજાની નજીક આવવાથી તેમના વિદ્યુત્ભાર ગુમાવે તથા વિદ્યુત્ભાર વગરનાં ન્યુટ્રોન થઈ જાય. સુપરનોવાના ધડાકા પછી અવશેષ રૂપે આવા ન્યુટ્રોનના બનેલા તારા રહે. આ તારાઓનું કદ ખૂબ જ નાનું, વજન ખૂબ જ વધારે. તેથી તેમાંથી દૃશ્ય-પ્રકાશ ન નીકળે પણ ક્ષ-કિરણો જરૂર નીકળે.

જે દશ જગ્યાએથી ક્ષ-કિરણો આવતાં દેખાયાં છે તે દશે દશ જગ્યાઓ આવા સુપરનોવા ધડાકાના અવશેષોની નજીક છે, તેથી આજે એમ મનાય છે કે ત્યાં રહેલા ન્યુટ્રોન તારામાંથી આ ક્ષ-કિરણો નીકળતાં હશે. આ માન્યતા ચકાસવા માટેનાં અવલોકનો વેધશાળાઓમાં યોજાય છે. આવા ન્યુટ્રોન તારા દેખાય નહિ પણ તેમનું ગુરુત્વાકર્ષણ માપી શકાય! આ ગુરુત્વાકર્ષણનો અંદાજ કાઢવા માટે ૧૯૫૩માં મેં વિચારેલી એક ભૌમિતિક વ્યવસ્થા ઉપયોગી થઈ પડશે એમ ગયા ડિસેમ્બરમાં ઓસ્ટિન (ટેક્સાસ)માં મળેલી પરિષદમાં ચર્ચા થએલી તેથી મને આમાં વધુ રસ જાગ્યો છે તથા તમને બધાંને આજે તેમાં ભાગીદાર બનાવ્યાં!!

લી. કાકાના આશીષ

'વિદ્યાવિહાર ગીતમાલા': ૧૦૮ સ્વરાંકિત ગીતોનો સંગ્રહ. સંયોજક: ભાઈલાલ શાહ (સંગીત અલંકાર). પ્રકાશક: શેઠ ચી. ન વિદ્યાવિહાર, અમદાવાદ-૧; ઊંચા કાગળ ઉપર સુઘડ મુદ્રણ. પૃ. ૨૭૬. કિં. રૂ. ૭.

આ પુસ્તક અંગે કાકાસાહેબ કાલેલકરે નોંધ્યું છે કે – 'હું નથી માનતો કે 'વિદ્યાવિહાર ગીતમાલા' જેવું બીજું કોઈ પુસ્તક આપણે ત્યાં થયું છે. સંગીતવિદ્યા (અથવા કળા) અને ધર્મના કે અધ્યાત્મના સાંસ્કૃતિક સંસ્કારો જેમાં એકત્ર થયા છે એવો આ ગીતસંગ્રહ ખરેખર અભિનંદનીય છે. આ ગીતમાલામાં જે ગીતો અને ભજનો પસંદ કરવામાં આવ્યાં છે તેમાં જીવનની ઉપાસના છે અને મોહનો ત્યાગ છે. વળી આ સંગ્રહમાં ગુજરાતી. હિન્દી, ઉર્દૂ અને બંગાળી ગીતો લીધાં છે એ પણ આપણા જીવનની અને અભિરુચિની સમૃદ્ધિ સૂચવે છે. મારો વિશ્વાસ છે કે આ સુંદર ગ્રંથ અનેક વિદ્યાલયોમાં, છાત્રાલયોમાં અને સંસ્કારી ઘરોમાં સ્વાગત મેળવશે અને સેવા કરી આદર અને ધન્યવાદ પણ મેળવશે.'

સ્વ. દેશળજી પરમાર

સાહિત્યસંપર્ક

પરમ મિત્રનું પ્રયાણ

દેવપૂજનનાં ફૂલડાંની છાબડી
ઠેશ વાગી કે કરથી સરી પડી રે,
કોઈ ખરતા તારલિયા એ ઝીલશો!

'કુમાર'ના પ્રારંભકાળે તેના બે તંત્રવાહકો[1] સાથે બીજી જે મિત્રત્રિપુટીના[2] સહકારથી તેનું 'પંચાયતન' રચાયું હતું એ પૈકીના સૌથી નિકટતમ સાથી, અને લાગટ નવેક વર્ષ સુધી ગદ્ય અને પદ્યનો મળીને સૌથી વધુ તેમજ નિયમિત ફાળો આપનાર પરમ મિત્ર શ્રી દેશળજી પરમારનું, આ ફેબ્રુઆરીની ૧૨મી તારીખ ને શનિવારે રાત્રે એક વાગ્યે, અઢાર માસ બિછાનાવશ રહ્યા બાદ એમના વતન ગોંડલમાં અવસાન થયું તેની નોંધ લેતાં હૃદય શોકાર્દ્ર બની જાય છે.

અંગતરીતે કહેતાં, જીવનમાં જે થોડાં સૌભાગ્યો મળ્યાં છે તેમાંનું એક મોંઘું સૌભાગ્ય તે એકસોહિયા ભાઇ જેવી તેમની નિર્વ્યાજ અને મનભર મિત્રતા; એટલે ૭૨ વર્ષની પાકટ વયે એ ગયા છે તે છતાં, એ ખોટના આઘાતની કળ તો વળતાં વળશે; અને 'કુમાર'ને છેલ્લાં વર્ષોથી કાંઈ મોકલી શકેલા ન હોવા છતાં પહેલા ૧૦૦ અંક સુધીમાં એમનો ફાળો સૌથી મોટો હતો એ ઋણ કદી વિસરાય એવું નથી.

ગોંડલમાંના અમારા ત્રણ પેઢી જૂના એક પરિચિત કુટુંબની કન્યા એમની જ્ઞાતિમાં વિરલ એવા એક ગ્રૅજ્યુએટ અને કવિને પરણી છે એ ખબરે ત્યારે સુખદ કુતૂહલ જગાડ્યું હતું; એટલે, ઇ. ૧૯૧૮ના અરસામાં જ્યારે સાંભળ્યું કે એ નાનીબેનના પતિ પણ અમારી જ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા છે, ત્યારે એમનો સંપર્ક સાધવાની ઉત્કંઠા થઈ; અને એમના ઋજુ, નિર્મળ, હેતાળ અને ભાવનાશીલ હૃદયની હૂંફમાં જીવનભરની મૈત્રીનાં મૂળ એવાં તો ફૅાળ્યાં કે દોઢ વરસ બાદ

૧ રવિશંકર રાવળ તથા બચુભાઈ રાવત; ૨ દેશળજી પરમાર, 'ધૂમકેતુ' ને રવિશંકર પંડિત.



સ્વ. દેશળજી પરમાર ૧૯૩૦માં
(ફોટો : બલવંત ભટ્ટ)

'સાત્ત્વિક જીવનના રસાયન ભરેલાં શાંત પ્રસન્ન કાવ્યોના સર્જક શ્રી પરમાર લગભગ આજીવન કાવ્યોપાસક રહ્યા. એમણે શૈશવ ને કૌમારની નિર્દોષતા ને માધુર્ય ગાયાં, તો ભાવગંભીર ને ચિંતનસભર કવિતા પણ લખી. ગાંધીજીની જીવનદૃષ્ટિમાંથી પ્રેરણા મેળવી એમણે પોતાની કવિતામાં જીવનશુદ્ધિ, સમર્પણની ભાવના અને જીવનસંઘર્ષની દ્યોતક યુયુત્સાને પણ ગૂંથી. જીવનના વિષાદને એમણે કવિતામાં અંકિત તો કર્યો, પણ તે રોતલપણું દાખવતો નથી. કવિતામાં વણાએલો વિષાદ ચિંતનના શિખર પર સ્થિર થઈને સમાધાન મેળવે છે. ગુજરાતી કવિતાની સમૃદ્ધિ વધારવામાં એમની કવિતાનો ભલે અલ્પ તો યે મહત્ત્વનો ફાળો છે.'

૧૯૧૯ના ડિસેમ્બરમાં ગોંડલ છોડતી વખતે એ સ્ટેશને વિદાય આપવા આવ્યા ત્યારે ગાડી ઊપડવાની સાથે એ ધ્રુસકેધ્રુસકે રોઈ પડયા. ગુજરાતી કવિતાના સંપર્કથી જાગેલી સાહિત્યની તૃષા એમના જ સાથમાં થએલા અંગ્રેજી કવિતાનાં વાચન અને સાહિત્યચર્ચાઓથી તૃપ્તિ પામી; ભાવિ જીવનનાં રમણીય સ્વપ્નો સૌથી વધુ એમના જ સહવાસમાં ગાળેલી રાત્રિઓ ઉપર રાત્રિઓની વિશ્રંભવાર્તાઓમાં સુગંધિત બન્યાં; ને બેએક વર્ષ બાદ તો એ સ્વપ્નોને સાકાર કરવા મથતું અમારું સહજીવન અમદાવાદમાં શરૂ થયું. 'ઉત્તરાયન'ના અર્પણમાં મૂકેલા શબ્દો વાપરીએ તો, અમે 'ધ્રુવસખા' બન્યા.

અમદાવાદમાં શિક્ષણકાર્યમાંથી બચતો પોતાનો મોટા ભાગનો સમય એ 'કુમાર' માટે જ આપતા. 'પુરાતા પાયામાં પથ્થર થવા'-ના, આ લખનારે જીવનધ્યેય તરીકે સ્વીકારેલા



'દેશળજીની કવિતાએ ગાંધીજીના આદર્શો ઝીલ્યા અને ગાંધીયુગની કવિતાના અસ્ત બાદ એમની કવિતા શ્રી અરવિંદના જીવનદર્શન અભિમુખ થઈ. પંડિતયુગ અને ગાંધીયુગ વચ્ચેની કડીરૂપ શ્રી દેશળજીની કવિતામાં નાનાલાલની રંગદર્શી અસર જીવનના સુકુમાર ભાવોના આલેખનમાં અનુભવાય છે; તો પ્રાસાદિક, મધુર, અક્લેશકર વાણીમાં એમણે રાષ્ટ્રજીવનના, વ્યક્તિજીવનના અને સમાજજીવનના ખમીરવંતા ભાવોને વધાવ્યા છે, જેનો મુખ્ય ગુણ છે સન્નિષ્ઠ આર્દ્રતાનો.'



પંચાયતનની અગ્રણી ત્રિપુટી
દેશળજી પરમાર રવિશંકર રાવળ બચુભાઇ રાવત • 'કુમાર'ના સ્થાપનાકાળે

વાકચને યોજીને રચેલા 'અમર ઇતિહાસે' જેવાં એમની કીર્તિદા બનેલાં પ્રોત્સાહક કાવ્યો ને મધુર ભાવગીતો, ગુજરાતમાં કેટલાકે પાછળથી જે રીત અપનાવી તે પહેલા પાના પરના ભાવનાલેખો, કવિત્વમય બાનીમાં ઉતારેલાં 'ઍટલાન્ટાની શરત' જેવાં અંગ્રેજી કાવ્યકથાનકોનાં મનોહર રૂપાંતરો, 'ફૂલવાડી'ની કવિતાચર્ચાઓ, નિગૂઢ ભાવભરી જાપાની કથાઓ, પ્રેરકપ્રબોધક જીવનચરિત્રો ને વાર્તાઓ...આમ ગણાવી ન શકાય એટલું વૈવિધ્યભર્યું ને ગુણવત્તામંડિત એમનું અર્પણ 'કુમાર'નાં પાનાંઓ ઉપર એકધારું વર્ષો પર વર્ષો સુધી વહ્યા કર્યું.

અમદાવાદ વનિતાવિશ્રામની શિક્ષણસંસ્થામાં કામ કરતાં ત્યાંની વહીવટી બાબતો અંગેના મતભેદોમાં પોતાના સંવેદનપટુ રીસાળ સ્વભાવને કારણે એ ઘણી વાર મનઃક્લેશ વહોરી લેતા; અને એવી રીસમાં ને રીસમાં ઈ. ૧૯૩૧માં, અંગત મિત્રોની તથા ખુદ એ સંસ્થાના ચાલકો શારદાબહેન મહેતા તથા સ્વ. બલવંતરાય ક. ઠાકોરની ભાવભરી સમજાવટને નકારીને એમણે અમદાવાદ ન છોડયું હોત તો ગુજરાતનાં શિક્ષણ ને સાહિત્યનાં ક્ષેત્રોમાં આજે એ અગ્રિમ અને આદરભર્યું સ્થાન ભોગવતા હોત. અન્ય કેટલાંક સ્થળોએ પણ એ સંવેદનપટુ માનસને કારણે જ એ હીજરાયા કરતા, અને અન્યથા ગુલાબી, ઉદાર, ભોળા ને ઋજુ દિલના એ અમીર આદમી સમાધાન શોધવાને બદલે સ્થાનફેર કરતા.

ગામડાની કુદરતમાં શાતા પામેલા એમના એકાકીબાળપણના સંવેદનશીલ માનસમાંથી, તરુણ વયે લગ્નના બીજે જ વર્ષે ગત થએલી પ્રથમ પત્નીના અવસાનના આઘાતથી ફૂટેલી કવિતા-સરવાણી કૉલેજજીવનમાં કલાપી-નાનાલાલ ને શેલી-કીટસ-ટેનિસનનાં કાવ્યોના પરિશીલનથી પોષાતી 'વીસમીસદી'નાં પાનાં પર દદડીને 'કુમાર'માં પુષ્ટ પ્રવાહે વહેતી થઇ, અને શતરંજના પટ જેવા બાકીના અરધા જીવનના વિવિધ વારાફેરામાં પણ ઉચ્ચ આદર્શ ધારી રહેલી તે પાછળથી શ્રી અરવિંદના તત્ત્વચિંતનને સહારે સ્વસ્થ બની ગઈ. એમના ઉત્તરજીવનનું લેખનકાર્ય વ્યવસાય નિમિત્તે 'ગુજરાત સમાચાર' તથા 'ગુજરાતમિત્ર'નાં પાનાંઓ ઉપર અને મોટા ભાગે છેલ્લા ત્રણ



વનિતાવિશ્રામમાં શિક્ષક

૫૭ ('કુમાર' અંક ૫૦૬)



ઈ. ૧૯૨૭માં કુમાર કાર્યાલય

જમીન પર: સ્વ. દેશળજી પરમાર, સ્વ. પીતાંબર પટેલ (બ્લૉકમેકર મદદનીશ), સ્વ. જયંતીલાલ ત્રીકમલાલ, સ્વ. સત્યેન્દ્ર કુંદનશંકર ત્રિપાઠી, સ્વ. ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ' (પાઘડીમાં); વચલી હાર: સ્વ. રતિલાલ રાવળ (રવિશંકર રાવળના મોટા ભાઈ), શ્રી કનું દેસાઇ, શ્રી બલવંત ભટ્ટ, શ્રી કૃષ્ણલાલ ભટ્ટ, સ્વ. ભોગીલાલ પટેલ (કૉમ્પોઝીટર), શ્રી શામળદાસ ગાંધી, સ્વ. યશવંત પંડયા, શ્રી રવિશંકર રાવળ (ફેંટામાં); પાછળ ઊભેલા: શ્રી બચુભાઇ રાવત; શ્રી નરેન્દ્ર દેસાઈ (આજના અમદાવાદના જાણીતા ડૉક્ટર), શ્રી મનોરદાસ પગી (પ્રિન્ટર) શ્રી ત્રંબકરાવ (બ્લૉકમેકર), શ્રી લક્ષ્મણ ભટ્ટી (હિસાબનીશ), છેલ્લા (?)

દાયકા દરમ્યાન સદોદિત લખાતી રહેલી ડાયરીનાં હજારેક પૃષ્ઠોમાં પથરાએલું પડયું છે. એમાં નિસર્ગદર્શનથી જાગેલાં રમણીય સ્પંદનો અને સંસારસંઘર્ષથી લાધેલાં વિવિધ જીવનદર્શન નોંધાએલાં છે. વચ્ચેવચ્ચે કવિતા, સાહિત્ય, કલા આદિ વિષેની વિચારકણિકાઓ વેરાએલી છે. મોતીના દાણા જેવા અક્ષરે પાનાંઓ ભરીને લખાતા રહેલા, મિત્રો શિષ્યો અને પરિચિતો ઉપરના સેંકડો પત્રોમાંની ચિંતન-નોંધો તો જુદી. એ બધી સામગ્રી પણ સંપાદનને પાત્ર છે.

રવિશંકર પંડિતે આલેખેલા ચિત્રખંડોમાં બાળકોને કંઠસ્થ થઈ રહે તેવાં એમણે સ્વહસ્તે લખેલાં 'ગલગોટા'માંનાં બાલસહજ રમૂજભર્યા અપતરંગી જોડકણાં, 'ટહુકા'માંનાં મનભાવક બાળકાવ્યો, અને 'ગૌરીનાં ગીતો'માંનાં સ્વપ્નિલ મંગલ ને કોડભર્યા ઉરભાવ નિરૂપતાં ગીતકાવ્યોની પ્રકાશન-ત્રિપુટી પછી લગભગ બે દાયકા બાદ બહાર પડેલાં, એમની સમગ્ર સર્જનપ્રવૃત્તિમાંથી ચૂંટેલાં ૨૮૫ જેટલાં કાવ્યો અને પોતાના સર્જનવ્યાપારને સમજાવતા એમના આમુખ તથા ટિપ્પણો મળીને થતા ચારસોએક પાનાંના સમુચ્ચય 'ઉત્તરાયણ'માં એમની જીવનલક્ષી કવિતાનો આસ્વાદ મળે છે. તરુણ પેઢીને પ્રેરક બનેલાં એમનાં જાણીતાં 'કુમારકાવ્યો'નો સંગ્રહ પ્રકાશન માટે તૈયાર પડયો છે.

સાહિત્ય જેટલો મહત્ત્વનો એમનો બીજો જીવનધર્મ શિક્ષણનો હતો, અને ગોંડલ અમદાવાદ સૂરત કપડવણજ કરાચી પોરબંદર મોરબી આદિ સ્થળે એમની પાસે અભ્યાસ કરી ગએલાં સંખ્યાબંધ કુમાર-કુમારીઓ એમના ઉમદા સ્વભાવ જેવા જ ઉમદા અધ્યાપનને આજ સુધી આદરપૂર્વક યાદ કરે છે. એમાં એમણે અનેક હૃદયોને ભાવનાથી ભર્યાં છે, અનેકમાં કવિતારસ રેડયો છે, અનેકને જીવનનો ઉચ્ચ ગ્રાહ આપ્યો છે.

આ સદીની શરૂઆતમાં પંડિત યુગના કવિઓના અનુસંધાનમાં શરૂ થએલી નવી કવિપેઢીનો પ્રારંભ એમનાથી ગણી શકાય. 'ઉત્તરાયન' કાવ્યસંગ્રહનો પરિચય આપતી પ્રકાશન-પટ્ટી ઉપર (ઘણું કરીને શ્રી અશોક હર્ષે) લખ્યું છે તેમ એમનાં 'જીવનોત્સાહપૂર્ણ અને પુરુષાર્થપ્રેરક કાવ્યોએ તેના પ્રકાશન-



'સાત્ત્વિક વૃત્તિના સજ્જન, કર્તવ્યપરાયણ શિક્ષક તથા ગાંધીભક્ત ને અરવિંદભક્ત દેશળજી કવિ તરીકે તેમજ કલાકાર તરીકે ભલે મહાન નહોતા, છતાં તેઓ એક સારા ને સાચા, શિષ્ટ સન્નિષ્ઠ ને ભાવનાશીલ કવિ હતા, ગુજરાતના સંસ્કારધનના એક ઉત્તમાંશ રૂપ ગુજરાતના ઘરદીવડા હતા.' (ફોટો - બળવંત ભટ્ટ)



(જલરંગી આલેખન: રવિશંકર રાવળ)





૧૯૨૪માં ભાવનગરમાં શ્રી રવિશંકર રાવળના મિત્રમંડળ સાથે

બેઠેલા : શ્રી લલ્લુભાઈ જીવનરામ ભટ્ટ, સ્વ. ગિજુભાઈ બધેકા, સ્વ. મસ્તરામ પંડયા, સ્વ. પ્રભુદાસ ઠક્કર, શ્રી ગિરીશ ભટ્ટ, શ્રી હરભાઈ ત્રિવેદી, શ્રી વિજયશંકર ત્રિવેદી (કામદાર); પાછળ ઊભેલા : શ્રી બચુભાઈ રાવત, શ્રી વ્રજલાલ હીરજીભાઈ, શ્રી રવિશંકર રાવળ, સ્વ. દેશળજી પરમાર

કાળે એક નવી જ કેડી આંકેલી. એમની કવિતામાં નવીનોની પ્રયોગશીલતા તથા સાહસ પ્રતીત થવાને બદલે જીવનધ્યેય પ્રતિ શાંત-પ્રસન્ન ગતિની પ્રતીતિ આપણને મળે છે. કલાસહજ માધુર્ય તો એમનાં કાવ્યોમાં છે જ, પરંતુ એનો અતિરેક ન થતાં ઓજતેગુણનો વિકાસ એમાં પ્રધાનપણે જણાય છે... જીવનની નિરાલંબતાથી ચિત્તને કુંઠિત કરતા આવેગ કે ઉગ્રતામાં સરી ન પડતાં આત્માની કલારૂપે એમણે કવિતાને વિકસાવી છે.'

'ઉત્તરાયન'ના પ્રારંભે 'પથપ્રદીપ'માં એમણે આપેલા પોતાના જીવન ને કવનનો પરિચય આપતા લેખમાંથી એમના જ શબ્દોમાં એમની જીવનરેખા તારવીને આ સામે આપી છે.

મોરબીની હંટર મેઈલ ટ્રેઈનિંગ કૉલેજ (અધ્યાપન મંદિર)ના ગૃહપતિ-શિક્ષકની કામગીરી માંદગીને લીધે છોડયા પછી એમની એક આંખે ઝામર થયો. એનો ઉપચાર સફળ ન થયો ને બીજી આંખ મોતિયાએ ઘેરી લીધી. ત્યારથી એમનું અકિંચન જેવું જીવન શરૂ થયું. એમાં કરાચી શારદામંદિરના શિક્ષણકાર્ય સમયના મહાનુભાવ મિત્ર આચાર્ય શ્રી મનસુખરામભાઈ જોબનપુત્રાએ ઘણી હૂંફ આપીને પોતાના શારદાગ્રામમાં નોતર્યા. પરંતુ અમુક કૌટુંબિક પ્રતિકૂળતાને કારણે એમને છેવટે ગોંડળ-વાસ જ લેવો પડયો. ત્યાંની રોગાક્રાન્ત અને બેકાર સ્થિતિ લગભગ એક તપ સુધી ચાલી. એમના પ્રત્યે પ્રેમાદર ધરાવનાર પોરબંદરના યુવરાજ શ્રી ઉદયભાણસિંહજીની સહાયથી જ એમનો છેલ્લો કવિતાસંગ્રહ 'ઉત્તરાયન' બહાર પડી શક્યો. એવાં જ શ્રી ગંભીરબહેન આદિ બેએક શિષ્ય-શિષ્યાઓ તથા મિત્રો તરફથી મળતી રહેતી સહાયને આધારે સંસારનું ગાડું મહામહેનતે ગબડતું હતું તે, સરકાર તરફથી સાહિત્યકારો-કલાકારોને અપાતી સહાય જો મળતી ન થઈ હોત તો અટકી કે ભાંગી પડયું હોત.

શરદી અને કફની પીડાએ પથરાવેલી પથારીમાં ક્વચિત તાવ પણ મહેમાન થતો. એનાથી આવેલી નબળાઈમાં આજથી અઢારેક માસ પહેલાં એ ખાટલા પરથી ઊતરતાં ગ્રથલી પડતાં એમને કમ્મર તથા ઢીંચણ ઉપર સખત આઘાત થયો. ત્યારથી આંખોની અધૂરી અપંગતામાં પગની પંગુતાએ પૂર્તિ કરી અને દોઢ વર્ષ એ ટૂંટિયું વાળેલી દશામાં જ વીતાવ્યા બાદ આ વર્ષની ૧૩મી જાન્યુઆરીએ પોતાનાં ૭૨ વર્ષ પૂરાં થવાના જન્મદિને કદાચ છેલ્લા પત્રો લખ્યા. દિવસે દિવસે વધતી જતી અશક્તિમાં શરીર એટલું કૃપ થઈ ગએલું કે શરીરમાં ઉપચાર માટેનું ઈન્જેકશન આપવા જેટલું પુષ્ટ સ્થાન પણ દાક્તરને કયાંય દેખાતું નહિ. છેલ્લા અઠવાડિયાથી તો જાણે આગમને ઓળખી જઇને, છેલ્લી તૈયારી કરતા હોય તેમ, પ્રવાહી ખોરાક પણ છોડી દીધો હતો. બે દિવસથી પાણી પણ ક્વચિત જ લેતા. પોતાના બિછાના પાસે કૌટુંબિક ધીમી વાતચીતની પણ મના કરતા. કામનાઓમાંથી મનને તો વર્ષોથી વાળી લીધું હતું અને 'મા'નું અવિચળ શરણ લીધું હતું. તેનું જ સ્મરણ કરતાં કરતાં, શરીર અને મનને વિશુદ્ધ કરીને, પાનખરે પર્ણ ખરે તેમ, પરમ શાન્તિમાં એ જીર્ણ દેહનું આવરણ છોડી ગયા.

આજથી સાડાચાર દાયકા પર, ઈ. ૧૯૨૦માં બચુભાઇ ઉમરવાડિયા અને વિજયરાય વૈદ્યના સંયુક્ત તંત્રીપણા નીચે નીકળેલા, નવપલ્લવિત ને રંગદર્શી સર્જન તથા વિવેચનના માસિક 'ચેતન'ની શરૂઆતમાં જ પ્રકટ થએલા એમના એક ગીતની આ લેખને મથાળે ટાંકેલી પંક્તીઓમાં કથ્યા મુજબ, સરસ્વતીપૂજાની ગુર્જરીની એ ફૂલછાબ, કાળની ઠેસથી સરી પડી છે, પણ એમની અર્ચના તો તેજસ્વી તારાની પેઠે પ્રકાશતી જ રહેશે. —બ. રા.

'કવિતાને મેં એક કાયર 'escapist' તરીકે સેવી નથી. છટકબારી શોધવાનો ખયાલ મને આવ્યો નથી. કવિતા ખરા અર્થમાં 'આત્મનઃ કલા' છે, ને એ જ અર્થમાં સમજીને ચાલવાનો મારો પુરુષાર્થ રહ્યો છે. હા, કવિતામાં જીવનનું રસાયન છે ખરું... નિરાશા, થાક, કંટાળો, શોક, અણગમો વગેરે મને જ્યારેજ્યારે બાધક ને રોધક થયાં છે ત્યારેત્યારે મેં તેમને કવિતામાં કલાકૃતિ રૂપે અવતારવા પ્રયત્ન કર્યો છે.' (સ્વ. દેશળજી પરમાર)



૧૯૨૦માં કાઠિયાવાડની મિત્રત્રિપુટી
દેશળજી પરમાર • બચુભાઈ રાવત • વિજયશંકર ત્રિવેદી



૧૯૩૮માં ત્રણ કવિમિત્રો
રામપ્રસાદ શુક્લ • ઉમાશંકર જોષી • દેશળજી પરમાર

પરમાર પોતે પોતાને વિષે

મારા દાદા જીવાભાઈ એમની જુવાનીમાં સૌરાષ્ટ્રના હાલાર પ્રાંતના ગોંડલ સંસ્થાન તાબાના ગામ નગરપીપળિયાની પસાયતી જમીન ખેડવાની છોડીને બીજા બહારવટિયાઓ સાથે નજીકનું નોંધણચોરા ગામ ભાંગવામાં ભળ્યા અને ત્યારથી કુટુંબકબીલાથી વિખૂટા પડીને ગોંડલના ભાયાતી ગામ ગણોદ જઈ રહ્યા. ત્યાં એક ખવાસ–કન્યા જશોદા સાથે લગ્ન કરીને એમણે ત્યાંના એક દરબારની ડેલીએ રહેવાની ચાકરી સ્વીકારી. મારાં દાદી જાજરમાન બાઈ હતાં અને દાયરાની બેઠકમાં ભળી હુક્કો પીતાં. મારા દાદા વાતચીતમાં પ્રાસ મેળવીને જોડકણાં જોડી શકતા.

એમનાં ત્રણ બાળકોમાં મારા પિતા (કાનજી) સૌથી નાના હતા. એમની બાલ્યાવસ્થામાં જ મારાં દાદી ગુજરી ગયાં. મા વગરના મારા પિતા માશીને આશરે મોટા થયા. મારા દાદા સાથે એ પણ દરબારની ડેલીએ ચાકરી કરવા રહ્યા. મોટી ઉંમર સુધી એમણે નિશાળનું મોં જોએલું નહિ. ડેલીએ રહેતો સીદી નામનો એક માણસ જેવુંતેવું ભણેલો તેને વાર્તાની ચોપડીઓ વાંચતો જોઈ મારા બાપુને ભણવાનું મન થયું અને મોટી ઉંમરે એકડિયાના વર્ગમાં જઈ બેઠા...અને મારા બાપુ ગણોદ આખામાં પૂરી સાત ચોપડી ભણનાર સૌથી પહેલા થયા.

એ અરસાની વાત છે. ગણોદના બજારરસ્તા પર બીજા એક દરબારની ડેલીનો ઓટલો હતો. લાઠીના સ્વ. 'કલાપી' એ દરબારના ભાણેજ હતા. દરબાર ને ભાણેજ ઓટલાની બેઠકે બેઠા હતા એવામાં મારા બાપુ ત્યાં થઈને નીકળ્યા. દરબાર કહે: 'એય કાનિયા, આ ભાણુભાને પાટીમાં એકડો કરી દે.' આમ, બાળક 'કલાપી'ને સૌથી પ્રથમ એકડો કરી આપનાર મારા બાપુ હતા!

આગળ જતાં મારા બાપુએ રાજકોટ 'હંટર ટ્રેનિંગ કૉલેજ ફૉર મેન'માં બે વર્ષ અભ્યાસ કર્યો. ડેલીની ગુલામી છોડી. પોતે શૂદ્ર મટયા અને શિક્ષક થયા. શિક્ષણક્ષેત્રે તેઓ કાઠિયાવાડ એજન્સી કેળવણીખાતાના શક્તિશાળી, મહેનતુ, પ્રામાણિક, ટેકીલા, સાચા ને સ્વતંત્ર પ્રકૃતિના સાહિત્યરસિક મહેતાજી હતા. એ વખતની રસમ મુજબ શાળા-મેળાવડામાં સ્વાગતગીતો બનાવતા. કોઈકોઈ વાર એમની કવિતા ત્યારના શિક્ષણપત્ર 'વિજ્ઞાન વિલાસ'માં છપાતી. શિક્ષણ તથા સાહિત્યનો સંસ્કારવારસો મને મારા બાપુનો મળ્યો છે.

મારાં બા જીવીબાઈ પણ બચપણથી નમાયાં થયાં હોઈ ડુંગરપુરની પથ્થરખાણે 'કસી'નું (કાપવાનું) કામ કરતા પોતાના પિતા સાથે કુદરતની નિર્જનતામાં ઊછરેલાં. એમનો સ્વભાવ ભોળો ને માયાળુ પણ તીવ્ર લાગણીવાળો હતો, અને તેથી પૂર્વગ્રહી ને પક્ષપાતી પણ ગતો. મારો પ્રકૃતિપ્રેમ ને મારી અત્યંત નાજુક સંવેદનશીલતા એ મારાં બાની ભેટ છે.

મારો જન્મ સોરઠના સરદારગઢ ગામે સને ૧૮૯૪ના જાન્યુઆરીની ૧૩મી તારીખ એટલે 'ટાઢી ખીસર' (વાસી ઉત્તરાયણ)ના રોજ થયો. આગલે દિવસે મકરસંક્રાંતિ હતી. આમ મારા જન્મનો સંબંધ સૂર્યના આકાશી ઉત્તર અયનના સંક્રાંતિકાળ સાથે સંકળાએલો છે. મારું જીવન પણ તેથી જ સંક્રાંતિ યુગનું અને આકાશી રહ્યું. પતંગના જેવી મારી જીવનસ્થિતિ ચંચલ ગતિની, અદ્ધર ઊડતી, ચડતી અને ઊતરતી, પડતી અને પછડાતી કે ગોથ ખાતી, કાપતી ને કપાતી, ચગતી વા ફફડતી, કાચા સૂતરને તાંતણે પૃથ્વી પર ખેંચાએલી પણ અદ્ધર ને અદ્ધર જવા તલસતી, સદાનું આકાશી જીવન જીવતી રહી છે.

મારી સાત વર્ષની ઉંમરે એટલે કે છપ્પનિયા કાળ (સંવત ૧૯૫૬)ની આખરમાં મારા બાપુની બદલી હાલારના લોધીકા ગામે થઈ. ત્યાંનાં પાંચછ વર્ષનો ગાળો મારા ભાવિ કવિજીવનની નજરે કીમતી છે. ત્યાં ગામડાની કુદરતના સ્વતંત્ર વિહારમાંથી મને કવિતાજીવનના નવસંસ્કાર સાંપડ્યા. અપાર કૌતુકમયતાને લીધે આખી સૃષ્ટિ મને નિગૂઢ રહસ્યથી ભરીભરી ભાસતી. નદીમાં ધુબવું. આમલીના કાતરા પાડવા, સીમમાં બોર વીણવા જવું, શેરડીના વાઢે 'પરવાહ' લેવા જવું, ભતવારીઓનાં ગીત અને સ્ત્રીઓના રાસડા સાંભળી એના ઢાળ યાદ કરવા, ગામડાંમાં ફરતી ખીચડિયા (નાટક) કંપનીઓના ખેલ અને ભવાઈઓ જોવી, વાછરુ રમાડવાં, સંદેસડાના ઝાડ પર બેઠેલી સમડીની ચીસો સાંભળવી ને સ્થિર પાંખનાં એમનાં આકાશી ચક્કરો એકીટસે જોવાં, આગગાડી ને એના



પિતા-પુત્ર



પતિ-પત્ની

તાર-થાંભલાનાં ચિત્રોથી ભીંતો શણગારવી, અને એ સૌમાં કોઈ રહસ્યમય સૌન્દર્યનાં સંવેદનો અનુભવવાં : આવી આવી સૃષ્ટિમાં મારી કૌતુકવૃત્તિ વધુ ને વધુ ઉત્તેજિત રહેતી.

મારા બાપુ બાળવિદ્યાર્થીઓને શરીરશિક્ષા કરવામાં માનતા. મને પણ શાળામાં ને ઘરમાં અવારનવાર પુષ્પાંજલિ મળતી. મારા નબળા શરીર કરતાં પણ મારા મન ઉપર એની બહુ બૂરી અસર થઈ. બાપુની હાજરીમાં હું છૂટથી ન બોલી શકતો કે ન ચાલી શકતો. દબાએલા આવેગો મને ઘરની બહાર ખેંચી જતા. ત્યાં મારા મનોરાજ્યના મુક્ત વ્યાપારને યથેચ્છ અવકાશ મળતો. પણ હું અતિ શરમાળ અને અબોલ બન્યો. સામાજિક જીવનમાં હું બહુ ભળી ન શકતો.

રાજકોટ મિડલ સ્કૂલ અને હાઈસ્કૂલના અભ્યાસકાળ (સને ૧૯૦૬થી ૧૯૧૨)ના ગાળામાં ચિત્ર સંગીત અને સાહિત્યની, એમ ત્રણ શક્તિઓ ખીલતી થઈ. ચિત્રમાં બીજા ગ્રેડમાં પાસ થયો. ઘેર રંગીન ચિત્રોની નકલો વગેરે કરતો. સંગીતમાં મારો કંઠ ઝીણો અને મીઠો હતો, પણ તાલીમ ન મળવાથી હું નાટકનાં ગાયનો ગાતો રહ્યો. અભ્યાસમાં આગળ વધતો ગયો તેમતેમ મારી સાહિત્યરુચિ કેળવાતી ગઈ અને તેમાં પણ મારી કવિતાવૃત્તિ આગળપડતી થઇ.

મારા બાપુ તે સમયની કાઠિયાવાડ એજન્સીના આગળપડતા શિક્ષક હોઈ વિદ્યાર્થીઓમાં કુદરતનો પરિચય, સામાન્ય જ્ઞાન, નિબંધવાચન, ચર્ચાસભા આદિ ચલાવતા તેનો લાભ મને પૂરો મળ્યો. સર્વધર્મ-સમભાવનો પાઠ પણ મને એમના તરફથી મળ્યો. કોઈ વાર તેઓ અમને જૈન ઉપાશ્રયમાં વ્યાખ્યાન સાંભળવા તો કોઈ સાંજે શિવમંદિરે દર્શન કરવા લઇ જતા. શાળાની સામેના સ્વામીનારાયણના મંદિરે આરતીટાણે પણ હું જતો. શિક્ષક-પિતા તરીકે એમણે મારા સારા ઉછેરમાં ને ઊંચા શિક્ષણમાં પૂરો રસ લીધો. જેમજેમ હું મોટો થતો ગયો તેમતેમ એ મારા પ્રત્યે મિત્રભાવ કેળવતા ગયા. આ મૈત્રી છેક ૧૯૪૨ના ઑગસ્ટમાં એમના અવસાન સુધી સમવયસ્કોના જેવી ગાઢ ને એકરૂપ થતી રહી.

ઈ. ૧૯૧૦થી મારા જીવનમાં મારા પ્રથમ લગ્ન સાથે કવિતાનું બીજાંકુર ફૂટ્યું. ગાયનના ઢાળમાં કે મનહર અને દોહરા જેવા છંદોમાં હું જોડકણાં કરવા લાગ્યો. નીતિ, વૈરાગ્ય, પ્રેમ, જ્ઞાન-ઉપાસના વગેરે મારા કાવ્યવિષયો બન્યા. કાવ્યને છેડે 'દેશળદાસ' એવો નામોલ્લેખ પણ કરતો. સને ૧૯૧૧ની આખરમાં મારી પત્નીનું અવસાન થયું; હૃદયને ભારે આઘાત લાગ્યો; તે સાથે જ કવિતામાં કરુણા પ્રવેશી અને તે નવપલ્લવિત થઈ.

મૅટ્રિક્યુલેશનની પરીક્ષા પાસ કરી હું ભાવનગરની શામળદાસ કૉલેજમાં ગયો. નવો સાહિત્યરસ મળવાથી ચિત્રકલા ચાલી ગઈ અને સંગીત પણ ગાવા-ગુંજવા પૂરતું રહ્યું. અહીં મેઘાણીભાઈ મારા સહાધ્યાયી હતા. એવામાં કવિ નાનાલાલના 'ન્હાના ન્હાના રાસ'ની પુસ્તિકા મારે હાથ ચઢી ગઈ. હવે હું પણ રાસ બનાવવાના છંદે ચડ્યો. કાઠિયાવાડી રાસડાના ઢાળ તો મને જાણીતા હતા જ; કવિશ્રીની કલ્પનાનીતરતી રાસપદાવલિએ અને નૂતન જીવનભાવનાએ મારામાંના ઊગતા કવિને આંજી નાખ્યો.

ઈ. ૧૯૧૪માં મારું બીજું લગ્ન થયું. ફરી જીવનની રસજ્યોત ઝબકી અને મેં સદ્ગતાની સ્મૃતિમાં 'મણિમંદિર' નામનો પચાસ રાસનો એક સંગ્રહ તૈયાર કર્યો. એજન્સીના કેળવણીખાતામાં પ્રથમ શ્રી બ.ક.ઠા. ને પછી કવિ નાનાલાલ એડ્યુકેશનલ સુપરિન્ટેન્ડેન્ટ નિમાએલા. તેઓની સરદારગઢની ગુજરાતી શાળાની મુલાકાત પ્રસંગે હું એ બંનેના સંપર્કમાં આવેલો. હાઇસ્કૂલના મારા અભ્યાસ દરમિયાન મારા ગુજરાતી ભાષા વિષયના શિક્ષક કવિ લલિતજીને પણ હું ભૂલી શકું નહિ.

૧૯૧૬માં મેં બી.એ.ની પરીક્ષા આપી. કવિશ્રી નાનાલાલને ૧૯૧૬માં બીજી વાર રાજકોટમાં મળ્યો ને 'મણિમંદિર' જોઈ જવા ને સુધારવા આપી. કાયદાના અભ્યાસ માટે હું મુંબાઈ ગયો. પહેલી એલએલ.બી.ની પરીક્ષામાં બે વાર નાપાસ થયો. અભ્યાસથી કંટાળ્યો. બાપુ નારાજ થયા. પૈસાની ખેંચ પડી. નોકરી શોધવા નીકળ્યો. 'વીસમી સદી'ના 'હાજી'એ હંગામી કારકુન તરીકે સંઘર્યો. એમણે મારાં કાવ્યો જોયાં ને એમાંથી કેટલાંક 'વીસમી સદી' માટે પસંદ કર્યાં. આ અરસામાં એક વાર મારે શ્રી રવિશંકર રાવળને મળવાનું થયું. 'હાજી' જશે, 'રવિભાઇ' અમદાવાદ સ્થિર થશે ને મારું સાહિત્યભાવિ એમની જીવનપ્રવૃત્તિ સાથે જોડાઇને સંવૃદ્ધ-સમૃદ્ધ થશે એવી તો સ્વપ્ને ય કલ્પના ન હતી.

ઈ. ૧૯૧૮માં અભ્યાસ છોડી હું સરદારગઢ ગયો. નોકરી માટે અરજીઓ ફેંકવા માંડી. વગસગને કારણે ગોંડલ રાજ્યે મને સ્વીકાર્યો અને ૧૯૧૮ના મે માસમાં હું ગ્રાસિયા કૉલેજનો શિક્ષક અને નવો ગૃહસ્થ થયો.

ઈ. ૧૯૧૮નું વર્ષ મારા સાહિત્યજીવનનું તથા શિક્ષણજીવનનું શકવર્તી વર્ષ છે. ગોંડલે જેમ મને 'જીવન-સહચરી' આપી તેમ નવી નોકરી સાથે ભાઇ સરખો એક 'જીવન-સહચર' આપ્યો અને તે શ્રી બચુભાઈ રાવત. એમણે મને પોતાનો 'પ્રિય સરકાર' સ્થાપ્યો.



ઈ. ૧૯૫૭ની ૧લી ઑક્ટોબરે મહાકવિ નાનાલાલ પારિતોષિક શ્રી પરમારને અર્પણ થયું ત્યારે: ડાબી બાજુથી: મહાકવિ નાનાલાલ ટ્રસ્ટના મૅનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રભુદાસ પટવારી, શ્રી દેશળજી પરમાર, તે સભાના પ્રમુખ અને લેખક ટ્રસ્ટી શ્રી ગૌરીશંકર જોશી 'ધૂમકેતુ', શ્રી ઉમા-શંકર જોશી અને શ્રી અનંતરાય રાવળ

અમે જે મળ્યા તેવા જ મિત્રો થયા. દિવસે અમે સાહિત્યની અને જીવનની સૃષ્ટિમાં રાચતા અને રાત્રે મોડે સુધી ભાવનાની અને ભાવિની સૃષ્ટિ રચતા. બચુભાઈ 'જ્ઞાનાંજલિ' હસ્તલિખિત ચલાવતા. હું તેનો કવિ-લેખક થયો. ભાઈ વિજયશંકર ત્રિવેદી, કવિ-બાપા (સ્વ. ચંદુલાલ બહેચરલાલ પટેલ–ભગવદ્ગોમંડળના સંપાદક—ના પિતા) શ્રી 'વિહારી', કલાકાર રવિશંકર પંડિત અને ભાઇ ગૌરીશંકર જોશી (સ્વ. 'ધૂમકેતુ') અહીં મળ્યા. એકાદ વર્ષ થયું ને બચુભાઈ અમદાવાદ ગયા. મિત્ર-વિજોગ અત્યંત સાલવા લાગ્યો. સદ્ગતા પ્રથમ પત્નીનો આઘાત, કાયદાના અભ્યાસમાં સાંપડેલી નિષ્ફળતા, એ જ કારણે બાપુની નાખુશી વગેરેથી હું કરુણગંભીર, વ્યગ્ર અને વિહ્વળ હતો. કાચી અવસ્થાના ઊગતા કવિનું હૃદયદૌર્બલ્ય મને પીડતું હતું. ઘણી વાર હું મને એકલો, અનાથ અને અનાધાર લાગતો. અને પરિણામે કવિતાનું પાતાળઝરણ ફૂટયું.

ભાઈ પંડિત પણ અમદાવાદ ઊપડી ગયા. હું અને જોશી એકબીજાની હૂંફ શોધતા હતા. એક વાર સાંજે ફરવા ગયા ત્યારે નદીને કાંઠે અમે અમારા સાહિત્યજીવનનાં 'તખલ્લુસ' નક્કી કર્યાં. એ થયા 'ધૂમકેતુ' અને હું થયો 'અશોક'. પણ હું સશોક જ રહ્યો! ગોંડલની રજવાડી નોકરીમાં અમે અસ્વસ્થ હતા. અમારો સંકેત દેશી રાજ્યમાંથી છૂટીને અમદાવાદ જવાનો હતો. બચુભાઇ અમારા પાયોનિયર અને પાયલટ થયા.

રવિભાઈ મુંબાઈથી અમદાવાદ આવ્યા. હાજીમહમ્મદ અલારખિયા શિવજીના સાહિત્યશ્રાદ્ધ રૂપે એમણે–'હાજી સ્મારક ગ્રંથ' પ્રકટ કરવા નિર્ધાર કર્યો. બચુભાઈ તેના સંપાદક થયા ને અમે એમના સાથીદાર કવિલેખક બન્યા. 'હાજી' પાછળ મેં 'રાજહંસ' નામે એક 'એલિજી' કાવ્ય લખ્યું. એ કાવ્યને કોઈ સમજ્યું નહિ. સમજ્યા હતા મારા મિત્રગુચ્છ ઉપરાંત એક ભાઈ ચન્દ્રવદન મહેતા. મુંબાઈથી એક પત્રમાં એમણે લખ્યું: "...તમને નહિ ખબર હોય, પણ એલ્ફિન્સ્ટન કૉલેજમાં મેં 'એલિજી' ઉપર ભાષણ આપ્યું હતું, તેમાં આપણાં છ વિરહકાવ્યો—૧ ફાર્બસ વિરહ (મૌલિક), ૨ કલાપીનો વિરહ (મૌલિક), ૩ સ્મરણસંહિતા (અનુકૃતિ), ૪ રાજહંસ (મૌલિક) ૫ વિરહ (બ. ક. ઠા. નો 'ભણકાર'માંનો), ૬ સંસ્મરણમ્–મંજુલાલ દવે (મૌલિક) —પર બોલ્યો હતો. ...'કલાપીના વિરહ'-ને મેં ભજનસંગ્રહ કહ્યો હતો; અને 'સ્મરણસંહિતા'ને તરજૂમો કહ્યો ત્યારે પ્રમુખ મહાશય નરસિંહરાવ જરા છંછેડાયા હતા. પણ 'રાજહંસ', 'વિરહ' ને 'સંસ્મરણમ્' ત્રણેની સરખામણીમાં 'સંસ્મરણમ્'ને તો મેં ઉડાવી દીધું હતું. 'વિરહ' એ સંપૂર્ણ એલિજી નથી, ...એલિજીની શરૂઆત છે, એમ કહ્યું. પછી લીધો, 'રાજહંસ'. ઘણાએ પૂછેલું કે એ તે વળી કયું કાવ્ય?–પણ એનાં ગુણગાન ગાયા પછી યે હું નથી માનતો કે હજી એ તરફ કોઈનું લક્ષ ગયું હોય..."

દરમિયાન કવિશ્રી નાનાલાલે મને એજન્સી–કેળવણીખાતામાં જોડાઇ જવા આગ્રહ કર્યો. પણ ટૂંકા પગારની શરૂઆત મને ગમી નહિ. બચુભાઇનો સહવાસ, ગાંધીજીનું કર્મક્ષેત્ર અમદાવાદ અને મારું બલવત્તર અકળ ભાવિ–એ અતિ પ્રખર આકર્ષણો હતાં. દેશી રાજ્યની ગુલામી કે પરદેશી સરકારની નોકરી કરવાની મુદ્દલ ઇચ્છા ન હતી. મારો સંકલ્પ હતો જનતાની, રાષ્ટ્રની સેવાનો. મારા ભાવિનું એ જ સાચું પ્રેરક તત્ત્વ હતું.

અમદાવાદ આવ્યો તે સાથે ગાંધીજી દ્વારા રાષ્ટ્રજીવન મારી કવિતાનું આલંબન બન્યું. શિક્ષણ અને સાહિત્યની દ્વિમુખી અને પરસ્પર પૂરક મારી પ્રવૃત્તિ શરૂ થઈ અને નવ વર્ષ સુધી





આંખોનું નૂર વિલાતાં
(છેલ્લી છબી · ફોટો : રામસિંહજી રાઠોડ)

એકધારી રીતે ચાલુ રહી. પ્રત્યેક દિવસ નવો હતો, પ્રત્યેક ઋતુ નવી હતી. દરેક સવાર અને સાંજ, દરેક બપોર અને રાત્રિ નવી તાજગી ભરતાં, નવી પ્રેરણાઓ ને નવા પ્રાણ સમર્પતાં. 'કુમાર' અને 'કૌમુદી' દ્વારા મારી કલમને પાંખો આવી. વસંતઋતુમાં નવીનવી મ્હોરમંજરીઓથી લચી પડેલા આમ્રવૃક્ષ જેવું મારું જીવન કવિતાઓથી મઘમઘી રહ્યું.

અમદાવાદમાં 'વનિતાવિશ્રામ'માં શિક્ષણમાં મને બાળાઓ મળી. એમના નિર્દોષ પવિત્ર કૌમારથી મારા જીવનમાં વિશુદ્ધિ,

સૌન્દર્ય, ઉલ્લાસ અને ઉદ્ધારનાં તેજ પુરાયાં. અહીં મારું અખિલ જીવન ઉચ્ચોચ્ચ ભાવોથી અને મંગળ ભાવનાઓથી ભર્યુંભર્યું બન્યું. રાષ્ટ્રના આત્મોદ્રેક સાથે મારી કવિતા પ્રગલ્ભા નાયિકા બનતી ગઈ. તેમાં સાહસ, શૌર્ય અને મહત્ત્વાકાંક્ષાઓનાં પૂર ધસમસતાં હતાં; અને એ ઉછાળાઓના પ્રત્યાઘાત પણ મને ક્યારેક ક્યારેક લાગી જતા. નિરાશાની, વ્યથાની, સૂનકારની પળો આવતી અને મને પરેશાન કરી જતી. આ ગાળાની કવિતાનું એક વધુ લક્ષણ છે મારો પ્રકૃતિપ્રેમ. કાઠિયાવાડની નરી સરલતાની મૂર્તિ સરખી કુદરતનો વિજોગ મને આ શહેરી જીવનમાં ખૂબ જ સાલ્યો. જ્યારે જ્યારે બની શક્યું ત્યારે ત્યારે મેં શહેર બહાર રહેવાનું પસંદ કર્યું. વળી રાષ્ટ્રભક્તિને લીધે મારી વીરપૂજાવૃત્તિ પણ વિકસતી ગઈ. આતુર ચિત્તનાં અને આર્દ્ર હૃદયનાં પ્રાર્થનાપદો રચવાનું પણ આ ગાળામાં વારંવાર બની આવ્યું છે... પણ હવે હું ભાવનામયતામાં એવો તો હવાઈ બન્યો હતો કે વધુ આકાશી ઉડ્ડયન અસહ્ય હતું. પૃથ્વી મને આકર્ષી રહી હતી અને પૂર્ણ જીવન મને આમંત્રી રહ્યું હતું. પરિણામે મેં અમદાવાદ છોડયું અને ફરી ગોંડલ રાજ્યના રેવન્યુ ખાતાની નોકરી સ્વીકારી; મહાલના મહાલકારી ને શહેરના મ્યુનિસિપલ પ્રમુખ તરીકે ભાયાવદર ગયો. કાઠિયાવાડ જવામાં મારો બીજો હેતુ ત્યાંની કુદરત માણવાનો તેમજ કાઠિયાવાડી જીવનને કવિતામાં ગાવાનો હતો.

ભાયાવદરમાં મારી મનોદશામાં એક મોટું પરિવર્તન આવ્યું. અમદાવાદમાં હું એક પ્રલંબ પ્રવાહી પણ ગંભીર ભાવસરણીને અનુકૂળ બને એવા નવા છંદની શોધમાં હતો. ભાયાવદરમાં એક ક્રાન્તિકર વિચાર સૂઝ્યો કે ઊંચી કવિતા વધુ વિશુદ્ધ અને ઉચ્ચ જીવનની અપેક્ષા રાખે છે; માટે મારે જીવનને જ વધુ સ્વસ્થ, સ્વચ્છ અને ઊર્ધ્વ બનાવવું; અને નવો છંદ મળે ત્યાં સુધી કવિતાને થોભાવવી. પણ ભાવના અને વ્યવહારનો સુમેળ બેઠો નહિ. ૧૯૩૩માં મારી બદલી સરસાઈ (ગિર પ્રદેશ)ના મહાલમાં થઈ. ત્યાં ફેરણીઓમાં મેં ભરપટ્ટે કુદરત માણી; પરંતુ લોકજીવનનું મારું દર્શન દર્દભર્યું હતું.

જીવનમાં સદા જાણે મારે નિર્બળ રહીને નિર્બળનો પક્ષ લેવાનું આવ્યું છે. શિક્ષણના ક્ષેત્રમાં શિક્ષક જ રહ્યો અને બ્રાહ્મણજીવન જીવવા મથ્યો. ત્યાં પણ ભાવિ પ્રજાની માતાઓ એટલે કન્યાઓને વિદ્યા આપવાનું થયું. સાહિત્યક્ષેત્રે લેખકવર્ગમાં કવિ થયો અને

૫૯ ('કુમાર' અંક ૫૦૬)

સંસાર-વ્યવહારથી પર એવી ભાવનાશીલતા સત્કારી. અને જ્યારે સંસાર-સ્વીકાર કર્યો અને અમલદાર બન્યો ત્યારે દેશનું અફાટ દીનદારિદ્રય મારી આગળ ખડું થયું. મારું અંતરદર્દ તીવ્રતર બનતું ગયું. '૨૨મી જૂન ૧૯૩૭'ના રોજ મારી આ નોકરીની કામગીરી પૂરી થઇ. એ નામના કાવ્યમાં કહ્યું છે તેમ–

'અશ્રુના પૂરમાં પૂરો પશ્ચાત્તાપ શમી ગયો,
બળેલી સ્વપ્નમાલાની ભસ્મનો ઢગલો થયો.'

મારા જીવનમાં નવા આધ્યાત્મિક વલણનું પરિવર્તન આવ્યું. ઈ. ૧૯૨૮થી ૧૯૩૭ સુધીના ગાળા દરમિયાનનું ગોંડલ, અમદાવાદ અને ભાયાવદરનું મારું જીવન કૈંક સ્થિર હતું.

એ પછી કેટલાક માસ ઘર આગળ ગોંડલ રાજ્યના તાબાની જાગીર ઢાંકની હવા ખાધી. ત્રણેક માસ આણંદના પ્રયોગમાં વ્યતીત કરી, મે ૧૯૩૮ અધવચ હું સૂરતની 'સાર્વજનિક એડ્યુકેશન સોસાએટી'ની કન્યા હાઇસ્કૂલમાં જોડાયો. બે વર્ષ પછી અમદાવાદ બાલમંદિરમાં ગયો અને બીજાં બે વર્ષ વીત્યાં. ત્યાંથી ૧૯૪૨માં કપડવણજની રાષ્ટ્રીય શાળામાં રહ્યો. ૧૯૪૩ના પાંચેક માસ ભગવદાધારે ગોંડલમાં ગાળ્યા. ગોંડલ મારા ઊડતા જીવપંખીના તરૂપખડો. નોકરી છૂટતૂટે કે નોકરીને હું છોડુંતોડું ત્યારે ગોંડલ જ મારુ બેસણું હતું.

આ પછી હું કરાંચીની અપ્રતિમ રાષ્ટ્રીય સંસ્થા શારદામંદિરનો શિક્ષક થયો. એ કાળ જેમ કારમી કસોટીનો હતો તેમ મારા આધ્યાત્મિક ઘડતરનો પણ હતો. એ બીજા જગદ્યુદ્ધનો મહાકાળ હતો. કરાચીમાં એકલો હતો માંદો હતો. ત્યાં પોંડિચેરીનો સંપર્ક થયો અને ભાઈ સુન્દરમના સ્નેહસહકાર અને પત્રવ્યવહારથી મને અપૂર્વ સાંત્વન તથા પથનિદર્શન સાંપડતું રહ્યું; પણ સંસ્થિતિ ન થઈ.

ઈ. સ. ૧૯૪૪ના ડિસેમ્બરમાં હું પુનઃ મચ્છરની સૃષ્ટિ સૂરતમાં ત્યાના પ્રતિષ્ઠિત ને જૂના 'ગુજરાતમિત્ર' દૈનિક-અઠવાડિકનો 'જર્નાલિસ્ટ' થઇ ગયો. કરાચી કરતાં યે એ દસ માસ વધુ વસમી કસોટીમાં પસાર થયા. ત્યાંથી ફરી ગોંડલ રહીને ૧૯૪૬માં અમદાવાદના 'ગુજરાત સમાચાર'માં થોડો સમય કામ કર્યું. કવિશ્રી નાનાલાલની સ્મશાનયાત્રામાંથી પાછો ઘેર ગયો અને ૧૯૪૬ના એપ્રિલની ૧લી તારીખે અશરણશરણ એવા શારદા મંદિર કરાચીનું પુનશ્ચ શરણું ગ્રહ્યું. પાકિસ્તાનની રચનાના પડઘા પડતા હતા. એ થતાંવાર બે માસના 'ત્રાહિ મામ્ ત્રાહિ મામ્' પછી સને ૧૯૪૭ની ૨૧મી સપ્ટેમ્બરે કરાચીને છેલ્લા રામરામ કર્યા. ૨૨મી સપ્ટેમ્બરે મેં નવલખી બંદરે કાઠિયાવાડની ધરતી પર ફરી પગ મૂક્યો.

પછીના છએક માસ રાજકોટ એક ગૃહસ્થમિત્રના કુટુંબ સાથે રહી 'જીવનભારતી'ના શિક્ષક તરીકે ત્રીજી વાર સૂરત ગયો. ૧૯૪૯ના એ મે અને જૂન માસ તો પારાવાર નિર્વેદની શૂન્યતામાં હું વિક્ટોરિયા બાગમાં નર્મદની મૂર્તિ સામે બેસી કઈક સાંસારિક, કંઈક આધ્યાત્મિક સાંત્વન શોધવા મથતો. આત્મશ્રદ્ધાને વજ્રની અસિ જેવી બનાવી હું ટકી રહ્યો. ઘમસાણ ચાલ્યું ગયું. એક જ વર્ષ, અને પાછો વળીને ગયો પોરબંદર આર્યકન્યાગુરુકુલમાં : ફક્ત પાંચ માસ. અને દમની ફટકી લઈ ૧૯૫૦ના જાન્યુઆરીમાં ગોંડલ આવી ગયો. દસ માસ ઘેર રહ્યો. 'રામસાગર' ('સુધાંશુ')નું સંપાદન પૂરું કર્યું. છેવટ સૌરાષ્ટ્ર સરકારના શિક્ષણ-પ્રધાનને એક પત્ર લખ્યો. વિદ્યાધિકારી સાહેબે મામૂલી પગારે મોરબીના ઇંટર અધ્યાપન મંદિરના શિક્ષક ગૃહપતિની કામગીરી સોંપી. એકદા પ્રિન્સિપલ નવલરામ પંડ્યાના સમયમાં મારા પિતાજી એ જ ઇંટર ટ્રેઈનિંગ કૉલેજના સ્કૉલર થયા હતા, એ પિતૃઋણ પૂરું કરવા આ 'ઈશ્વરદત્ત યોગ' છે એમ માની મેં મળેલી તકને વધાવી લીધી. મારી ભગવન્નિષ્ઠા ઠીકઠીક વધી હતી અને બે વર્ષ મેં પૂરા દિલથી કામ કર્યું. પણ મોરબીનાં હવાપાણીમાં મૅલેરિયાની ગંભીર માંદગીઓએ મારું તન તોડયું, ખાતાએ નોકરી તોડી, પ્રભુએ સંસારનો દોર તોડયો : આંખોએ ઝાંખ ચડી, અને વધુ અપંગ થતી નજરે ૧૯૫૪ના જાન્યુઆરીની ૧૪મીએ સં. ૨૦૧૦ના પોષની સુદ ૧૦ ને ગુરુવારની ઉત્તરાયણે ત્રણ વીસ (સાઠ) વર્ષ પૂરાં કર્યા.

...આ કોડિયાનું તેલ હવે ખૂટ્યું છે અને તેની વાટ પૂરી થઈ છે. એક છેલ્લો ઝબકાર અને આ લાંબી યાત્રા પૂરી થશે. મહાજ્યોતિસ્તંભ જેવા મહાજનો લોકસંગ્રહને સમૃદ્ધ કરી સર્વોદય રચી ગયા છે ત્યાં એક સામાન્ય વ્યક્તિની શી વસાત છે!... અને છતાં શિક્ષણ અને સાહિત્ય દ્વારા મેં મારો નમ્ર પુરુષાર્થ કર્યો છે. એ પૂરતો હું સાચા અર્થમાં જીવ્યો છું અને તેનો મને આનંદ છે. મારું જીવતર ફોગટ ગયું નથી અને મારી માભૂમિને ભારરૂપ થયું નથી એ મારો સંતોષ છે. એ પ્રવૃત્તિ દ્વારા મારા જીવનનું પરમ હિત સાધ્યું છે એ મારી કમાઈ છે. એ માટે હું કેટલું તપ તપ્યો, કેટલું તવાયો, એ બધી અંગત બાબત છે. ઝેરના ઘૂંટ જીરવીને અમૃત ઠારવું એ સહેલું તો ન જ હોય.

સાહિત્ય તથા જીવનના ઉપાસકો પાસેથી તેમના ક્ષેત્ર પરત્વે મેળવેલા ઉત્તરો અહીં અપાશે. શરૂઆત, જાણીતા સાહિત્યમીમાંસક શ્રી રામપ્રસાદ પ્રે. બક્ષીથી કરીએ છીએ. —'જિજ્ઞાસુ'

મારી માન્યતા



રામપ્રસાદ પ્રે. બક્ષી

૧) શ્રેષ્ઠ કાવ્ય આપ કોને કહો?

શ્રેષ્ઠ કાવ્ય એ, જેમાં જીવનવિષયક ચિન્તન અને ભાવ એકરૂપ બને, વાણી કલ્પનાજન્ય ચમત્કૃતિ સાથે અને શબ્દાર્થનું સાહચર્ય લલિત તથા મધુર હોય.

૨) નવા યુગની દૃષ્ટિએ ઉત્તમ સાહિત્ય કોને કહેવાય?

સાહિત્ય યુગેયુગે નવા અવતાર ધારણ કરે, संभवामि युगयुगे એમ કહે, પણ એની ઉત્તમતાને, ઉત્તમતાસાધક પ્રાણતત્ત્વને, સ્થળ સમયની સીમા નથી; એ સનાતન છે. એ તત્ત્વ એટલે વાણીમાં અર્થસમૃદ્ધિ, અર્થમાં ભાવસમૃદ્ધિ અને ભાવમાં સત્ત્વસમૃદ્ધિ.

૩) સહૃદયથી વિવેચકમાં ખાસ કયા ગુણોની આવશ્યકતા છે?

જે સહૃદય હોય તે જ સાચો વિવેચક: જેના નિર્મલ ચિત્તમાં કવિનો ભાવ અને કવિની કલ્પના પ્રતિફલન પામે, અને જે ગુણદોષનો નિષ્પક્ષ વિવેક કરીને ગુણને સ્નેહભાવે વધાવી લે તેમજ દોષને નિર્દોષભાવે દર્શાવી દે. સાચો સહૃદય વિવેચક એટલે સાહિત્યના ઉદ્યાનનો માળી.

રામપ્રસાદ પ્રે. બક્ષી

એક આવકારપાત્ર વૈજ્ઞાનિક સામયિક

છૂટાછવાયા વિજ્ઞાનવિષયક લેખો અન્ય પત્રોમાં મળી રહે છે, પણ ફક્ત વિજ્ઞાનને જ પ્રાધાન્ય આપતા એકાદ સામયિકની ખોટ ગુજરાતીમાં લાંબા સમયથી હતી, તે ૧૯૬૪ના સપ્ટેમ્બર માસથી પ્રસિદ્ધ થતા 'વિજ્ઞાન-બંધુ'થી કંઈક અંશે પુરાઈ છે;—'કંઈક અંશે' એટલા માટે કે આવા પ્રયત્નો હજુ પણ વધુ પ્રમાણમાં થવાની જરૂર છે.

વિજ્ઞાનની શોધો વિષે સરળ શૈલીમાં, વિષયની બને તેટલી જાણકારી, ચિત્રો સાથે જેમાં સાંપડે છે એવા આ માસિકનું ધ્યેય વૈજ્ઞાનિક વિચારસરણીના પ્રસારનું છે. એમાં માહિતીપૂર્ણ સાદા લેખો ઉપરાંત, લગભગ પ્રત્યેક અંકમાં એક મનનીય, બને તેટલો સંપૂર્ણ વૈજ્ઞાનિક ને માહિતીપ્રચુર લેખ પણ અપાય છે એ ખાસ ઉલ્લેખનીય છે. શાળા-કૉલેજોમાં ભણતાં વિદ્યાર્થીઓને અનુલક્ષીને રજૂ થતા આ લેખોમાં શૈક્ષણિક દૃષ્ટિ તરી આવે છે, તથા વર્તમાન સમયને અનુકૂળ લેખો ધ્યાનાકર્ષક રીતે આપવામાં આવે છે. આ બધું તેના યુવાન સંપાદકોની નિર્ધારિત સંકલન-સૂઝ સૂચવે છે. કોઈ વખત અપાતી કલ્પનારંગી વિજ્ઞાનવાર્તા તથા વિજ્ઞાનને કેન્દ્રમાં રાખી રજૂ થતી ચાલુ ચિત્રવાર્તા તેનાં આગવાં અંગ છે. જોકે કેટલાક વિભાગોની ઊણપ હજુ સાલે છે, તેમ છતાં પ્રયત્ન ઠીક કરાયો છે.

કોઈ પણ તંદુરસ્ત માસિકનો રોગ હોય તો તે મુદ્રણદોષ. ક્યાંકક્યાંક રહી જતા અને ન ચલાવી લેવાય તેવા જોડણીદોષ કે છાપદાબ જેવા મુદ્રણદોષ તરફ સજાગ રહી એના સંપાદકો વિવિધ વિભાગોને હજુ વિકસાવશે તો આ માસિક ગુજરાતનાં અગ્રણી સામયિકોની હરોળમાં સ્થાન લેશે, એટલું જ નહિ, પરપ્રાંતીય વૈજ્ઞાનિક સામયિકો પર

નીતિદર્શન (પુસ્તક બીજું): લેખક—પ્રકાશક: ડાહ્યાલાલ વ્રજલાલ પંડિત, વ્યાસ ફળિયું નડિયાદ. રૂ. ૧-૫૦. સંસ્કૃત સાહિત્યમાં જનતાના સામાન્ય જ્ઞાન તથા ચારિત્ર્યઘડતર માટે સુભાષિતોનું ખૂબ જ માનભર્યું સ્થાન હતું. મહાભારતમાંનાં સુભાષિતો તથા બૃહસ્પતિ, ચાણક્ય, વિદુર ને ભર્તૃહરિનાં સુભાષિતો વિશ્વસાહિત્યમાં ગણનાપાત્ર ઠર્યાં છે.

આવાં સુભાષિતોના વિપુલ અને વિવિધ સંગ્રહમાંથી શ્રી ડાહ્યાલાલ પંડિતે વિવેકપુરઃસર ચૂંટેલાં સુભાષિતોના એક સંગ્રહની નોંધ અગાઉ અમે લીધી હતી. તેના જ આ બીજા ભાગમાં એમણે બીજાં ૪૨૫ મૌક્તિકો વિષયની વિવિધતાના અને કૃતિની શ્રેષ્ઠતાના ધોરણે પસંદ કરીને આપ્યાં છે. શ્રી પંડિતના આ પ્રયાસની પ્રશસ્ય વિશેષતા તો એ છે કે એમણે તેના સમશ્લોકી ગુજરાતી પદ્યાનુવાદ આપવા સાથે પ્રત્યેક સુભાષિતની વિશિષ્ટતા, તેમાં રહેલું વાર્તાકથન, વિનોદ, કટાક્ષ, કરુણતા તથા બોધનું નિરૂપણ પણ કર્યું છે. ગ્રંથના અંતે શબ્દકોષ તથા વિવરણ પણ આપ્યાં છે.

અસ્ત થતા પંડિતયુગની વિદ્વત્તાના પ્રતીકરૂપ એવી, આજન્મ શિક્ષક શ્રી પંડિતની આ કૃતિ તેમના પુરોગામી સંગ્રહની સમુચિત રીતે પૂરક બને છે. જાહેર જીવન અને શિક્ષણક્ષેત્રમાં આજે ચારિત્ર્યની કટોકટીની વાતો અવારનવાર થતી રહે છે. પણ એ ઊણપ નિવારવા આવાં પુસ્તકો ઇતર વાચનમાં મૂકવા કશો જ મન દઈને પ્રયાસ થતો નથી.

આપણા જીવનની એ ન્યૂનતા ટાળવાની જેને ખેવના છે તેવાં માબાપ, શિક્ષકો શિક્ષણસંસ્થાઓ તથા જાહેર પુસ્તકાલયોએ આ 'નીતિદર્શન'ના બંને ભાગ વસાવવા જ જોઇએ. —અ. ઠા.

આપણું શિક્ષણ આપણને ક્યાં ઘસડી જશે? લેખક-પ્રકાશક: પ્રકાશ જે. શાહ, ૧૩ નગીન નિવાસ, જામેજમશેદ રોડ, મુંબાઈ-૧૯, પૃ. ૨૦, ૫૦ પૈસા.

શબ્દકથા: કાંસકી

કેટલીક વાર સંસ્કૃતમાં એક જ રૂપ મળતું હોય, પણ સંસ્કૃતમાંથી થએલી ગુજરાતી વગેરેમાં મળતાં રૂપોને આધારે મૂળમાં એકબીજાથી જરા જુદાં પડતાં બે કે વધુ રૂપો હોવાનું માનવું પડે.

સંસ્કૃત 'કંકત', 'કંક્તી', 'કંકતિકા' (=કાંસકો, કાંસકી) એ મૂળમાંથી આસામી 'કાંકઇ' ઉડિયા 'કંકાઇ', ભોજપુરી 'કકહી' ને હિન્દી 'કકૈયા' (=કાંસકા જેવા આકારની ઇંટ) આવ્યાં છે.

પણ બંગાળી 'કાંકુઇ', ઉડિયા 'કંકુઆ', બિહારી 'કકવા', અવધી 'કકવા', મરાઠી 'કંકવા' એ બધાંના મૂળ તરીકે 'કંકુત' રૂપ અપેક્ષિત છે.

અને ત્રીજું રૂપ ગુજરાતી 'કાંગસી', પંજાબી 'કંધા' અને 'કંઘી' તથા તેમાંથી મળેલાં હિન્દી 'કંઘા', 'કંઘી', 'કંગહી', ઉડિયા 'કંગેઇ', મરાઠી 'કંગવા' એ બધાંના મૂળમાં છે. એ શબ્દો 'કંકશ', 'કંકશિકા' એવાં મૂળ રૂપ ઉપરથી જ આવી શકે.

'કંકશ' ઉપરથી થએલા 'કાંકસો', 'કાંકશી'નો વ્યત્યય થતાં આપણને 'કાંસકો', 'કાંસકી' મળ્યાં છે. આવા જ વ્યત્યયે પ્રાકૃત 'કુક્કસ' ઉપરથી 'કૂકસા'ને બદલે 'કુશકા' આપ્યું છે.

હરિવલ્લભ ભાયાણી

(ફેબ્રુઆરી ૧૯૬૬) ૫૯/૧

પણ સરસાઇ ભોગવશે એવી આશા એની એક વર્ષ જેટલી ટૂંકી મજલ પરથી જન્મે છે.

ગુજરાત સરકારના કેળવણી ખાતાએ માધ્યમિક તેમ જ પ્રાથમિક શાળાઓ માટે કરેલી તેની ભલામણ, તેની ઉપયોગિતા સૂચવે છે. નવું જાણવાના શોખીનોને તથા વિજ્ઞાનમાં રસ દાખવતા સૌને તેના પાછળના તથા હવે પછીના અંકો જોઈ જવા ભલામણ છે. સંપાદક: કાન્તિ રામી, રજની વ્યાસ; પ્રકાશક: સરોજ વ્યાસ; ૫૦, શારદાનગર, અમદાવાદ-૭; વાર્ષિક લવાજમ: રૂ. ૧૦ છૂટક રૂ. ૧

—સુશ્રુત પટેલ

નવી પરિચય-પુસ્તિકાઓ

આ માળાની ઉપયોગિતા તો એની આ અગાઉની ૧૫૮ પુસ્તિકાઓ વડે સિદ્ધ થઈ ચૂકેલી જ છે. એમાં આ નીચેની અન્ય નવી પુસ્તિકાઓનું ઉમેરણ પણ એટલું જ માહિતીપ્રદ છે. **પુરાતત્ત્વ વિદ્યાની બાળપોથી** (લેખક: હસમુખ સાંકળિયા) બત્રીસ પાનાંની મર્યાદામાં પણ આ વિષય અંગે જાણવા જેવી મુખ્ય દરેક બાબતની ઓળખ બહુ સરળતાથી સમાવાઈ છે. **માસિક અટકાવ** (ડૉ. કે. ટી. શાહ) સ્ત્રીઓના શરીરની આ મહત્ત્વની પ્રક્રિયા અંગે સાચી સમજ આપતી પુસ્તિકા. **યુદ્ધકાળમાં આરોગ્ય** (મહેરવાન ભમગરા) આરોગ્ય માટે આહાર અને વ્યાયામની જરૂરત વિષે જુદા જ દૃષ્ટિકોણથી વિચારો આપતી મનનીય પુસ્તિકા. **ભારત-પાકિસ્તાન-એક તુલના** (નરોત્તમ શાહ) બંને દેશોની શક્તિનાં અનેકવિધ પાસાંની સરખામણી કરી, એની અગત્ય સમજાવી, વાસ્તવિક સ્તર પર આ બંને દેશોનું કેવું સ્થાન છે તે સમજાવતી એક સરળ અભ્યસનીય પુસ્તિકા. **કામ પતાવવાની કળા** (એચ. એમ. પટેલ) પ્રામાણિકતા અને તનતોડ મહેનત છતાં પણ ઘણાં કાર્યો મુશ્કેલ બની રહે છે. એ ન બને એટલા સારુ જે જે બાબતોની જરૂર છે એના પ્રત્યે માર્ગદર્શક અંગુલિનિર્દેશ કરતી એક ઉપયોગી પુસ્તિકા. **માર્ક્સ શું કહી ગયા?** (રોહિત દવે) છેલ્લી સદીના વિચારઘડતરમાં ક્રાંતિકારી પલટાની અસર મૂકી જનાર કાર્લ માર્ક્સના સામ્યવાદના વિચારોનો સરળ પરિચય. **સૃષ્ટિની ઉત્પત્તિ** (મનુભાઇ મહેતા) એક અત્યંત રસિક વિષય અને તે અંગે પ્રવર્તતા વિવિધ ખયાલોની વિશદ અને માહિતીપ્રદ પરિચય આપતી પુસ્તિકા. **સંદર્ભગ્રંથો એટલે શું?** (ચંદ્રકાન્ત શાહ) એનો ઉપયોગ, એની રચના, એના પ્રકાર વગેરેની પ્રાથમિક જરૂરી માહિતી આપતી પુસ્તિકા. **છાપખાનાની કથા** (રતુભાઈ કોઠારી) આજના જીવનમાં અનેક ક્ષેત્રો સાથે સંકળાએલા એક અગત્યના વ્યવસાયની ઉપયોગી સમજ આપતી પુસ્તિકા. **બાળકોને જાતિયજ્ઞાન કેમ આપવું?** બાળઉછેરની ચીવટભરી કાળજી રાખવા ઇચ્છનારી પ્રત્યેક વ્યક્તિ સમક્ષ ઊભા થતા આ પ્રશ્ન અંગે કેટલુંક માર્ગદર્શન આપતી પુસ્તિકા.

દર મહિને આવી બે પુસ્તિકાઓ પ્રસિદ્ધ થાય છે. એક પુસ્તિકાની છૂટક કિં. ૫૦ પૈસા. વાર્ષિક લવાજમ દસ રૂપિયા (પરદેશમાં વીસ શિલિંગ) પ્રકાશનસ્થાન: પરિચય ટ્રસ્ટ, બૉમ્બે મ્યૂચ્યુઅલ ચેમ્બર્સ, ચોથે માળ, ૧૯/૨૧ હમામ સ્ટ્રીટ, મુંબાઇ-૧.

નાટક, નાટ્યકાર અને નટઘર પરિચય પુસ્તિકાઓ ઉપરાંતના આ ઉપયોગી પ્રકાશનના સંપાદક જશવંત શેખડીવાળાએ એમાં ભારતીય, પાશ્ચાત્ય નાટ્યપરંપરાનું વિવેચન કરતાં પુસ્તકોનો પરિચય આપતી યાદી ઉપરાંત, ગુજરાતીમાં લખાએલાં નાટ્યવિવેચનોનાં પુસ્તકોની પણ નોંધ છે. 'કુમાર'ના કદનાં ૧૬ પાનાં, કિં. ૧-૦૦.

એક રસપ્રદ કોયડો

'કુમારનાં'ના ૫૦૦મા અંકમાં 'એક રસપ્રદ કોયડો' છાપ્યો હતો. તેનો ઉકેલ મને LKB (મૂળ એ કોયડો આપનાર કંપની) તરફથી મળેલો, તેમાં જણાવ્યું હતું કે આ કોયડા પર તો પુસ્તકો લખી શકાય તેમ છે અને તેઓ પોતે પણ એ અંગે એક નાની પુસ્તિકા તૈયાર કરી રહ્યા છે.

તેમના તરફથી ૧૫ ફૂલસ્કેપ પાનાંનો ટાઈપ કરેલો સમજણ સાથેનો ઉકેલ આવ્યો છે. તેમાં અગાઉ મેં અને પ્રા૦ કનુ ડાભીએ બતાવેલી બે રીતો ઉપરાંત આવી રકમો શોધવાની બીજી ત્રણ રીતો બતાવી છે. આ ત્રણે રીતો સમજવા માટે પણ ગણિતનો ઊંડો અભ્યાસ જરૂરી છે.

૩થી માંડીને ૧૦ સુધીના અંકોવાળી પદ્ધતિમાં એ ગુણ દર્શાવતી કુલ ૧૨૦ સંખ્યાઓ પણ તેમણે આપી છે. એ જોતાં મારા જવાબમાં અને મેં ઉકેલ આપ્યો હતો તેમાં એક ભૂલ રહી ગઈ જણાય છે.

મેં જણાવેલું કે ત્રણ-અંકી પદ્ધતિમાં આ ગુણ દર્શાવતી નાનામાં નાની રકમ ૧૦૧૨ છે. પણ ખરી રીતે પાંચ અંકની પદ્ધતિમાં ૧૩ અને ૩૧ની કિંમત આપણી દશાંક પદ્ધતિમાં અનુક્રમે ૮ અને ૧૬ થાય છે.

(ચેમ્બુર-મુંબઈ-૭૧) —સુરેશ મોદી

કલાકાર કુમી દાલાસ

કુમીબેન દાલાસની ચિત્રકળાની સુભગ પ્રસાદી રૂ૫ ૪૦ ચિત્રોનો ૭×૯ાના માપનો મનોહર ચિત્રસંપુટ આકર્ષક બાંધણી અને છપાઈમાં જે. વી. નવલખીની કં. તરફથી પ્રકાશિત થયો છે, તે જોતાંવેંત લાગે કે કલાપ્રકાશનમાં તે એક ઉપયોગી ઉમેરો છે.

કુમીબેન દાલાસની ચિત્રકળાના વિવિધ પ્રકારો અને પ્રયોગો રજૂ કરતાં ચિત્રપ્રસંગો અને માનવતસવીરો એમાં જોઈને કોઇ પણ હિંદીને ગર્વ થાય કે એક ભારતીય નારીરત્ન તરીકે તેમણે પોતાની કળાને વિકસાવી ભારતીય સંસ્કૃતિની શોભા વધારી છે. એમની કલામાં, એમના જ કથન પ્રમાણે, કોઈ વ્યાવહારિક ઉદ્દેશ કે વ્યવસાયનો હેતુ નથી; છે માત્ર કલાની સૃષ્ટિનો આનંદવિહાર; એમ છતાં, તેની પ્રસ્તાવનાના લેખક શ્રી આંબેરકરે ઉચિતપણે જણાવ્યું છે તેમ એમની ચિત્રસાધનામાં સુશિક્ષણ અને સુચિંતનનો ભારોભાર સુમેળ જણાશે. ભારતીય ચિત્રોનું રંગવૈવિધ્ય અને ચિત્રવિષયનું રસિક નિરૂપણ તેનાં પ્રધાન લક્ષણો છે. ચિત્રોમાં તેમની કેટલીક નૈસર્ગિક લાક્ષણિકતાઓ અને તેમના પોતાના જીવનના સુખપ્રધાન અનુભવોનું પ્રતિબિંબ છે. તેઓ પોતે સંગીત, નાટ્ય, નૃત્યના વ્યાસંગી હોઈ ચિત્રોમાં તેનો પ્રભાવ બતાવવા ઇંતેજાર હોય તે સ્વાભાવિક છે. કલાકાર જ્યારે ચિત્રોમાં નિજત્વ ઉતારવામાં સફળ બને છે ત્યારે તેને સંતોષ થાય છે. આવો સંતોષ શ્રીમતી કુમી દાલાસ પ્રાપ્ત કરી શક્યાં છે.





શ્રીમતી દાલાસનાં બે ભિન્ન શૈલીનાં છબિચિત્રો : એમના કલાગુરુ અહિવાસીજી (ડાબી બાજુ) અને એક પોર્ટ્રેટ. જમણી બાજુ નીચે : શ્રીમતી દાલાસ એમનાં ચિત્રો વચ્ચે.

શ્રી કુમીબેનનો જન્મ ઇ. ૧૯૦૬ના ઑગસ્ટની ૧૫મી તારીખે મુંબાઇમાં પહેલા પારસી ચિત્રકાર અને ઇંગ્લંડની રૉયલ ઍકેડેમીના સભ્ય શ્રી રુસ્તમ સિયોદિયાને ત્યાં થયો હતો. પિતાની કલાપ્રીતિ સાથે જન્મેલાં કુમીને માતા હીરાબાઈએ નાનપણથી તેમના સંસ્કારોનો વિકાસ કરવામાં પ્રેરણા અને ઉત્તેજન આપ્યા કર્યાં હતાં. તે મૅટ્રિક થયાં કે તુરત તેમને મુંબાઈની સર જે. જે. સ્કુલ ઑવ આર્ટમાં મૂક્યાં, જ્યાં તેમના જીવનની સાધના પૂર્ણરીતે પક્વતા પામી. શ્રી ભોંસલે અને શ્રી અહિવાસીનાં શિક્ષણ અને વત્સલ ભાવોએ તેમને ભારતીય સંસ્કૃતિ અને ચિત્રકલાનાં ભક્ત બનાવ્યાં. ડૉ. આનંદકુમારસ્વામીના લેખો અને 'રૂપમ્'ના અંકોએ તેમાં દઢતા અર્પી. આ સાથે તેમણે વાસ્તવિકતા આકારવાની શક્તિને પણ પૂર્ણ વિકસાવી. તસવીર ચિત્રકલામાં પણ તેમણે પ્રવીણતા બતાવી છે. તેમના હાથે થએલી મોટી તસવીરો (પોર્ટ્રેટ)માં તેમણે અનેક કોટિનાં જીવંત નરનારીઓ અને સ્ત્રી-બાળક ને જુવાનોની મુખમુદ્રામાં સજીવતા તથા વ્યક્તિલક્ષણો તેમજ પાત્રોની બેસવા તથા હાથ રાખવાની વિવિધ પ્રકારની છટા સાચવી બતાવી છે. હાથમાં, વ્યક્તિગત ટેવો અને સ્નાયુઓ બતાવવામાં હાલના હિંદી ચિત્રકારો ભાગ્યે જ સફળ જણાયા છે. કુમીબેનની કલા તેમાં સિદ્ધ બની લાગે છે.

૧૯૩૫માં તેમણે યુવાન આર્કિટેક્ટ શ્રી હોમી દાલાસ સાથે લગ્ન કર્યું. શ્રી દાલાસ પોતાના ધંધામાં વધીને ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑવ આર્કિટેક્ટ્સના પ્રમુખ થયા, તે સાથે તેમણે પોતાનાં પત્ની કુમી દાલાસને તેની જીવનપ્રવૃત્તિમાં સવિશેષ પ્રોત્સાહન અને સાનુકૂળતાઓ કરી આપી. આ બાબતમાં શ્રી કુમી દાલાસ પોતાનું અપાર સદ્ભાગ્ય માને છે અને સંતોષ અનુભવે છે. ઘણા કલાકારોને તેમની સાધનામાં લગ્નજીવન વિક્ષેપકર બને છે ત્યારે કુમીબેન પોતાની પ્રગતિ અને પ્રકાશમાન કારકિર્દી માટે પોતાના જીવનસાથી શ્રી હોમીભાઈનાં ગુણગાન કરતાં થાકતાં નથી. તેમણે તેમને ઘરમાં તો સર્વ પ્રકારની ચિત્રગૃહની સગવડો કરી આપી, ઉપરાંત, વિશ્વપ્રવાસમાં પોતાની સાથે લીધાં અને અનેક દેશોની કલાસંસ્થાઓ ને કલાકારોનો સમાગમ સધાવ્યો. આને લીધે કુમીબેન મુંબાઈ અને ભારતના ચિત્રકારોમાં અગ્રપદે ઝળકી શક્યાં છે. ૧૯૫૮-૫૯માં તેઓ મુંબાઈની આર્ટ સોસાએટી ઑવ ઈન્ડિયાનાં પ્રમુખ બન્યાં હતાં. પછી સમસ્ત ભારતનાં સ્ત્રી-ચિત્રકાર મંડળનાં પ્રમુખ થયાં. કલાની તેમની અનેક સેવાઓ માટે કલકત્તાની આર્ટ સોસાએટીએ પણ તેમને સુવર્ણચંદ્રક આપ્યો છે. એ બધાંનો યશ કુમીબેન શ્રીમાન હોમી દાલાસને આપતાં લખે છે : 'ભારતીય







દાલાસનું એક શોભન આલેખન

નારી પોતાના પતિનો આભાર વ્યક્ત કરી શકતી નથી, કારણ કે ઉભયની એકતા છે; છતાં, સૌ જાણી શકશે કે મારી સફળતાઓમાં મારા અન્ય અર્ધાંગનો મોટો હિસ્સો છે.'

ફ્રૂમીએને ચિત્રસંપુટમાં ભગવાન અહુરમઝ્દની યથોચિત પ્રાર્થના કરી છે: 'સાચા જિગરથી આપની સ્તુતિ કરતાં માગું છું કે મને આપનું અમરત્વ પ્રાપ્ત થાઓ અને સંપૂર્ણ જીવનના શ્રેષ્ઠ શિખરે લઈ જાઓ.'

રવિશંકર રાવળ



પ્રિન્સિપલ સૅાલોમન

બે ગુરુજનોને શ્રદ્ધાંજલિ

ગયા મહિનામાં મારા બે ગુરુવર્યો મોટી ઉંમરે પાર્થિવ દેહ છોડી ગયા. શ્રી માલદેવજી રાણા મારા ચિત્રકળાના પ્રથમ પથદર્શક ચિત્રશિક્ષક અને શ્રી ગ્લૅડસ્ટન સૅાલોમન મુંબાઈની કળાશાળા (સર જે. જે. સ્કૂલ ઑાવ આર્ટ)માં મારા આચાર્ય. એ બને ગુરુવર્યોનાં ઔદાર્ય, સરળ સ્વભાવ, ઊંડી કલાદષ્ટિ ને હાર્દિક પ્રેમની જે ગાઢરી અસર મારા જીવન પર પડી છે તે આજે પણ એટલી જ તાજી છે.

શ્રી માલદેવજી રાણા

મારું બાલ્યજીવન પોરબંદરમાં વીત્યું. મારા પિતાશ્રી ત્યાંની હવેલી (વૈષ્ણવ મંદિર)માં



કીર્તનકાર હતા. ત્યાં ભાવસિંહજી હાઈસ્કૂલમાં માલદેવબાપુ કલાશિક્ષક હતા. પડછંદ કાયા, રાજવંશી પોશાક અને ભવ્ય વ્યક્તિત્વ: જાણે રાજકુંવર જેવા જ લાગે.• અન્ય વિદ્યાર્થીઓ સાથે મને ખૂબ પ્રેમથી શીખવતા. ચિત્રનો સામાન પોતે જ અમને આપતા. ઉપરાંત વાર-તહેવારે મીઠાઈ માટે રૂપિયા પણ આપતા. ચિત્રો સાથે ફોટોગ્રાફી પણ શીખવતા. જૂનાગઢના યુદ્ધમાં મેર જુવાનોના આગેવાન થઈ તેમણે અવિસ્મરણીય ફાળો આપ્યો હતો. મેર જ્ઞાતિના ઉત્થાન માટે એમણે જીવનભર ભેખ લીધો હતો અને 'મેહર જવાંમર્દો' આદિ અનેક પુસ્તકો લખી તેમણે કિંમતી સેવા કરી છે. સ્વભાવે સંતહૃદયી, દેખાવે શૂરવીર, હૃદયે કમલ જેવા કોમળ, એવા કળા અને પ્રજાના એ મૂકસેવકને મારી હાર્દિક શ્રદ્ધાંજલિ. ગઈ તા. ૨૯મી ડિસેમ્બરે તેમનું અવસાન થયું ત્યારે તેમની ઉંમર લગભગ ૮૬ વરસની હતી. તેમના પુત્ર શ્રી કેશવ હાલમાં તેમની જગ્યા ઉપર ચિત્રશિક્ષક છે.

ડબ્લ્યુ. ઇ. ગ્લૅડસ્ટન સૅાલૅામન

મુંબાઈની કળાશાળામાં મેં ૧૯૨૦માં પ્રવેશ કર્યો તે જ વર્ષે સૅાલૅામનસાહેબ પ્રિન્સિપલ તરીકે નિમાઇ આવેલા. હું સ્વભાવે શરમાળ ને દેખાવે રૂઢિચુસ્ત વૈષ્ણવ, અંગ્રેજી ભાષાનું સાધારણ જ્ઞાન (બોલી તો ન શકું), છતાં મારામાં રહેલા ભારતીય તત્ત્વથી આકર્ષાઈ, મારા કામમાં રસ લઈ, મને ઉત્તેજન આપનાર આ એક પરદેશી સંચાલક અને કલાકારે—કલાચાર્યે મને જીવનદીક્ષા આપી હતી. ભારતીય ચિત્રકળાના એ ચાહકે મારા સુષુપ્ત સંસ્કાર જાગ્રત કર્યા અને મારી શક્તિને સમજી મને યોગ્ય માર્ગદર્શન આપ્યું. મારો અભ્યાસ પૂરો થતાં ભારતીય કળાનો ખાસ વર્ગ કાઢી, મને એ વર્ગના શિક્ષક તરીકે નીમી, અત્યાર સુધી ચાલી આવેલી કેવલ પાશ્ચાત્ય શૈલીના શિક્ષણની એ કળાશાળામાં ભારતીય કળા પ્રણાલિને એમણે સ્થાન આપીને, તેનું બહુમાન કર્યું —જે ધોરણી મેં મારા સ્કૂલ ઑાવ આર્ટમાંના નિવૃત્તિકાળ સુધી ચાલુ રાખી.

એમના મમતાળુ સ્વભાવનું સ્મરણ થતાં જ હૃદય ગદ્‌ગદ્ થઈ જાય છે. પોતાના એક બુઢ્ઢા ચપરાસી બાબુને તે જીવ્યો ત્યાં સુધી પોતાના પેન્શનમાંથી દસ રૂપિયા માસિક આપતા રહેલા. દર વર્ષે નાતાલ-નવા વર્ષનાં કાર્ડ પોતાના મિત્રોને મોકલતા તે જ રીતે પોતાના એ ચપરાસીને પણ મોકલાવતા!

શાળાના કૅમ્પાઉન્ડમાં તેમના બંગલા ઉપર એક મોટું વડનું ઝાડ હતું, જેના ઉપર પુષ્કળ ચામાચીડિયાં રહેતાં. તે આખો દિવસ અવાજ કર્યા કરતાં. એ ઝાડ કાપી નાખવા જ્યારે પી. ડબ્લ્યુ. ડી.ના માણસો આવ્યા ત્યારે તેમણે કહ્યું કે 'આ ઝાડે તો મોટામોટા પ્રિન્સિપલો જોયા. રડયાર્ડ કિપ્લિંગ (બ્રિટિશ રાજ્યકવિ)નો જન્મ પણ આ બંગલામાં, આ જ ઝાડની છાયામાં થયો છે. એ ઝાડ હું હરગિજ કાપવા નહિ દઉં. કેટલાં વર્ષો તેને આટલું મોટું થતાં લાગ્યાં છે, તે તમે થોડા સમયમાં નષ્ટ કરી નાખશો? હું એ કાપવાની પરવાનગી નથી આપતો.' પોતાના વિદ્યાર્થીઓ પ્રત્યેની અનહદ મમતાનું ઉદાહરણ: પોતાનું એક પુસ્તક 'મુઘલ એસેઝ' જૂના-નવા વિદ્યાર્થીઓને એમણે અર્પણ કર્યું છે.

દર વર્ષની જેમ આ નાતાલમાં પણ તેમનું નૂતન વર્ષાભિનંદન પત્ર આવેલું ત્યારે કોને ખયાલ હોય કે એ છેલ્લું જ કાર્ડ હતું? નાતાલનાં પરદેશનાં કાર્ડ પોસ્ટ કર્યા પછી ટૂંક સમયમાં, ૧૮મી ડિસેમ્બરે દક્ષિણ આફ્રિકામાં ૮૫ વર્ષની વયે એ ગુજરી ગયા. ત્યાં પણ તેમણે 'ચિઝલ ઍન્ડ બ્રશ' નામની સોસાએટીની સ્થાપના કરેલી. અમારો સંબંધ એટલો નિકટનો હતો કે એમનાં ઘણાં સ્મરણો હજુ તાજાં છે. એ ચિરસ્મરણીય આત્મીય ગુરુવર્યને મારી ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પું છું.

જગન્નાથ મુરલીધર અહિવાસી

• એમણે એક વખત કહેલું કે હું વડોદરાના કળાભવનમાં દાખલ થવા ગયો ત્યારે કમરે તલવાર બાંધીને ગએલો. નામમાં 'માલદેવ રાણા' વાંચી, ને મારે માથે સાફો તથા કમરે તલવાર જોઈ તે વખતના પ્રિન્સિપલ મને સામે લેવા આવેલા! ત્યારે મને શરમ સાથે જ્ઞાન થયું કે અહીં હું વિદ્યાર્થી તરીકે આવ્યો છું ત્યારે આ તલવાર વગેરેનો ઠઠારો ન શોભે.

હવે પોતે બહુ લાંબા સમય સુધી જીવવાનો નથી એવો ખયાલ આવતાં મૃત્યુશય્યા પર બેઠેલા એક વકીલે પોતાની તમામ મિલકત ગાંડાઓ અને મૂર્ખાઓને લખી આપી. આમ કરવાનું કારણ પૂછતાં વકીલમહારાજે જવાબ આપ્યો: 'જેમની પાસેથી મેં આ બધી સંપત્તિ એકઠી કરી હતી એમને જ પાછી આપી દીધી.'

રંગગઠરિયાં-૬૬

ફરી નૉંસીની યાત્રા

અને ત્યાં જોએલાં
જોડા સીવનાર અહમદનો વિચિત્ર કિસ્સો
અને એક તવંગર, એક ગરીબ

લેખક • ચન્દ્રવદન ચી. મહેતા

બીજે વર્ષે પણ નોંસીની યાત્રા કરી; ફળી. દર સાલ નોંસીને પ્રવાસ થાય એવું ગ્રહોએ ગોઠવી આપ્યું છે. જૂના મિત્રો તો મળે, તેમ નવા પણ થાય. એમાં સંસ્કૃતના પંડિતો મળ્યા. છે તો નાનકડું ગામ, પણ પાતંજલ યોગસૂત્રના આઝવન અભ્યાસીઓ ત્યાં મોજૂદ છે. ફ્રાન્સમાં નોંસી, તો વેસ્ટ જર્મનીમાં એરલાંગન, એકબીજા સાથે ભારે હરીફાઈ કરે છે એ આપણે જોઇ ગયા હતા. નોંસીમાં નાણું છે, એરલાંગનમાં મહેનત છે. ઉપરાંત એરલાંગનમાં ભારેખમ ચર્ચા છે, જલસો ખરો પણ હરીફાઈ નહિ. નોંસીમાં સ્પર્ધા છે, ઉપરાંત મોજની, આનંદ માણવાની વૃત્તિ છે.

આ વખતે જર્મનીમાં એરલાંગનમાં એક નવો તાંતણો તાણ્યો. થીએટર ઑવ ક્રુઅલ્ટી. ખૂના-મરકી થાય એને જ નહિ, પણ નાટક જોતાં પ્રેક્ષકના મનમાં અરેરાટી પ્રગટાવે એવું થીએટર. આપણી જુગુપ્સાની નજીક, કંઈક. 'નવી રંગભૂમિ ઉપર પુરાણાં નાટકો' 'તુર્કીમાં નાટકશાળાનો સમાજમાં ઉપયોગ' એવાએવા જાતજાતના પ્રશ્નો ઉપર ભારેખમ ચર્ચા અને રાત્રે નાટ્યપ્રયોગ. મારા વા'લાઓ દર સાલ કંઈ નવો કિસ્સો કે કંઈ નવું દૃષ્ટિબિન્દુ તારવીને લઈ આવે છે. એરલાંગન પાસે જગ્યાની તાણ છે, છતાં એ ઉત્સાહી ભાઇઓ કંઈનું કંઈ કર્યે રાખે છે. એ મહોત્સવના પ્રાણ સ્વરૂપ લુઃફાંગ નુરમબર્ગર બે ત્રણ વર્ષે એકાદ નાનકડી ખટારા જેવી મોટર પકડી યુરોપ તો ખેડે, પણ એશિયામાં યે રખડે, ભારતમાં ભમે, જ્યાં કંઈ નવું જુએ તે પર વિચાર કરે. એરલાંગનનો મેળો ઑગસ્ટમાં ભરાય. નોંસીનો મેમાં પૂરો થાય. આ વખતે નોંસીમાં જુલે રોમાંને સ્થાને મહોત્સવના પ્રમુખ તરીકે ફ્રાન્સના પ્રખ્યાત નાટ્યકાર સાલાક્રુ હતા. હસમુખા, થોડી અસ્પેનિયાની અસરવાળા, અંગ્રેજી જર્મન ભાષાની સમજવાળા, બોલવી શરૂ કરે ત્યારે ફ્રેન્ચ ભાષાની મરોડ-મુલાયમતાનો અચ્છો ખયાલ આપવાવાળા, અને કપડાં પહેરવાની કળામાં અત્યંત ચીવટ રાખી કોટ-ટાઈ-કેમીશની અપ્રકડબંધ સફાઈ તથા એના સળવળ ઉપર પૂરું ધ્યાન આપવાવાળા, લગભગ રોજ મળતાં કંઇ ને કંઈ અગત્યની વાત થતી. નાટકકાર તરીકે એની કીર્તિ સારી, અવનવું લખવાની ધગશવાળા, હસમુખા આ મહાશયના વારંવારના વક્તવ્યો ઉપરથી એમને માટે મને બહુ ઊંચો ખયાલ બંધાયો.

આ વખત સ્ટ્રાસબુર્ગ એટલે નોંસીથી રેલવેમાં એક કલાકને રસ્તે સાર લૅન્ડમાં આવેલા એક સુંદર શહેરમાં પૂર્વ ફ્રાન્સના પ્રદેશમાં નાટકની સૃષ્ટિમાં એકચક્રે રાજ્ય કરતા મોં. હ્યુબર્ટ ઝિનોએ પોતાના વિદ્યાર્થીઓને ચર્ચા-સભામાં રજૂ કરી ત્રણ દિવસ લગાતાર બબ્બે કલાક ભાષણો કરી, અભિનયકલા માટેની શારીરિક કસરતો રજૂ કરી, દેશદેશના વિદ્યાર્થીઓના દાંતમાં આંગળાં પકડાવી દીધાં. વળી ઠાવકો તો એવો કે બધું ત્રીજે દિવસે પૂરું થયું ત્યારે, હાથ જોડી કહે છે કે, 'આ તો ઠીક, મેં કંઈ નવી શોધો કરી નથી, હું તો એક મામુલી શિક્ષક છું. મને સૂઝ પડતી જાય તેમ તેમ મારું કામ કર્યા કરું છું. હું તમારો આભાર માનુ છું.' પોતે નટ, શિક્ષક, સંચાલક, પ્રયોજક, એક લેખક નહિ એટલું જ બાકી, એથી ચારે કોર નજર રાખી જે સારું લાગે તે ગ્રહણ કરે.



નોંસી નાટ્યમહોત્સવના પ્રમુખ સાલા ક્રુ અને લેખક

આ વખત પણ કંઈક યુનિવર્સિટીઓનાં ટોળાં ઊતરી આવ્યાં હતાં, કોલંબિયા, કારાકાસ, કૅનૅડા, અડિસઅબાબા, તુર્કી અને યુરોપમાંથી તો ખરાં જ. એશિયામાંથી ઈઝરાએલ પણ હતું. ભારતના કોઈ બેરુભાંડુ? શું થાય! દેશના વહીવટની દોરી હાથમાં રાખનારા અમીરો એમ જ માને કે વિદ્યાર્થીઓને આવા નાટકચેટકમાં ભાગ લેતા કરવા થકી એમનું યા રાજ્યબળ બગડી જશે, યા દેશનું હૂંડિયામણ ખોરવાઈ જશે, ત્યાં શું થાય? અને બેપાંચ વર્ષો તો શું, પણ દાયકાઓ સુધી આ પરિસ્થિતિ સુધરે એવી આશા જણાતી નથી; ત્યાં કોની આગળ રોદણાં રડવાનાં રહ્યાં?

પહેલું ઈનામ તુર્કીની ટોળીએ લીધું. ગઈ સાલ મેક્સિકો, તો આ સાલ આ બાજુ, એશિયામાં. અંકારાના વિદ્યાર્થીઓ વાહવાહ પોકારાવી ગયા. હવે આ તુર્કી – ત્યાં નાટક લખવા-ભજવવાની કોઈ પંથપ્રથા નથી; ત્યાંના છોકરાઓ મેદાન મારી ગયા. યુરોપ બંને વખત હાથ ઘસતું રહી ગયું. ત્યારે એવું તે શું હતું એ નાટકમાં એ જોઇએ: સને ૧૮૦૯ પહેલાં સુધીમાં કોઈ નાટક નથી લખાયું, કે નથી ભજવાયું. 'જોડા સીવનાર અહમદનો વિચિત્ર કિસ્સો' એ નાટકનું નામ. ૧૮૦૯માં લખાએલી કૃતિ, પણ એની નકલ વિયેનાની લાયબ્રેરીમાં પ્રો. ફાહીર ઈઝને હાથે ચઢી, ૧૯૫૯માં, દોઢસો સાલ બાદ. હવે જૂની પહેલી કૃતિને સાંગોપાંગ મઠારવી રહી. તે અંકારા યુનિવર્સિટીના પ્રો. ઉઝ્ડેમીર નુટકુએ સંશોધીને મઠારી, તખતાને લાયક બનાવી, નૃત્યોના તાલ પૂર્યા અને એની ભજવણી માટે માધ્યમ શોધ્યું. લોકકથા, લોકગીત અને લોકરીત વગેરેનો ઉપયોગ કરી, એવો મસાલો ભરી, રજૂ કરવાનું સાહસ કર્યું. એક રીતે જુઓ તો નાટક એક ઠેકા ઉપર યા એક તબલાના તાલ ઉપર જ ચાલે, એવું ઘટાવ્યું.

અહમદ અને ઉસ્માન બે ભાઈઓ. એકનો ધંધો જોડા સીવવાનો, રખડેલ-ભટકેલ ઉસ્માનનો દારૂ પી તોફાન મચાવવાનો. બંને જોડિયા એવા કે ચહેરે-મહોરે સરખા, નાટકમાં બંનેનો પાઠ એક જ નટ કરે. એમાં ભળે છે બગદાદ શહેરના નગરચર્યા જોવા નીકળેલા પાશા, એની સાથે છે પાશાનો મશ્કરો, એમાં આવી મળે છે એક ચોર અને ઉસ્માન-



મોં હ્યુબર્ટ ઝિનો



મોં જૅક લાંગ

નો નોકર, અને વધારામાં છે પાશાની સાથે ફરતો એનો જનાનો. બે સરખા ચહેરાના ભાઇઓ સાથે ચાર નોકર અને મશ્કરાનો ગોટાળો, વેશ બદલીને ફરનારા પાશાની દેખરેખ અને બાદશાહ માટે સિવાઈ રહેલા જોડાની ચોરી. કંઈક અતિ સામાન્ય બનતી ઘટના ઉપર મશ્કરાની ખુશમિજાજી, નુકતેચીની. કથાના વાંક-વળાંકમાં ક્યાંક આપણા દેશને મળતી લાગે એવો કંઈ ભાગ; દાખલા તરીકે બાદશાહે આપેલા ઈનામમાં અગાઉથી નક્કી કર્યા મુજબ બે જણનો ભાગ, અને ઈનામમાં મળ્યા ખરીતામાં લખ્યું છે બસો જાલીમ ફટકા, એની વહેંચણી! આવા આવા ગોસ્મોટાળામાં ગુંથાએલી આ કૃતિ, તખ્તા ઉપર લહેરાતી પથરાતી રહે છે. એમાં ભવાઈનો અંશ જોવા મળે, એમાં રાસલીલાની છાપ નજરે પડે, એમાં ફિરાંસિયા ફારસની ક્યું-બર માણવા મળે. જનાનાની બીબીઓ તો કશું જ બોલતી નથી. એ હુરીઓની લંઘાર તો ફક્ત આસપાસ ફરતી જ રહે છે.

પણ ત્રણ અંકમાં સમયની મર્યાદા જાળવીને એ ટોળીએ વિક્રમ સરજી દીધો. ભારે કરી. પરદો પડ્યો ત્યારે તરત જ પ્રેક્ષકો પાસે ફત્તેહની મહોર મરાવી લીધી. સૌ કોઈ તાળીઓ પાડતા ઊભા. અમારી જ્યુરી પણ ખડે પગે વધાવતી રહી. એ લોકો તાલની, રંગની, જબાનની, અભિનયની રમઝટ બોલાવી ગયાં. કશું ક્યાં ય જોશીલું નહોતું. બધું હળવે હાથે ઊપડતું હતું, રંગીલી ચાલે ચાલતું હતું. મલકતું જતું એ નાટક હતું, ધીમે ધીમે શરૂઆતથી મ્હેકતું જતું, કડક ચંપાની સુગંધે નહિ, પણ આછી આછી ઓરીએન્ટલ અદાથી પ્રેક્ષકને પકડમાં લેતું બુટ્ટાદાર નાટક હતું. અમને સૌ જ્યુરીના સભ્યોને એકમતે ગમ્યું એવું એ નાટક હતું.

અને ત્રીજું ઈનામ જીતી ગયું તે? બ્રાટીશલાવા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ. ઝેકોસ્લોવાકિયામાં આવેલી આ યુનિવર્સિટીની ટોળીએ એક પાવેલ કિરમેઝર નામના સોળમી સદીમાં જીવી ગએલા લેખકની કૃતિ પસંદ કરી હતી. મૂળ ધંધે તો એ હતા ધર્મગુરુ, અને ખ્રિસ્તી ધર્મમાં પ્રગતિવાદના હિમાયતી; ઘણાં ધર્મપુસ્તકો લખ્યાં અને વધારામાં ત્રણ નાટકો પણ લખ્યાં. એક લખ્યું 'વિધવા', બીજું લખ્યું 'રૅમસ' અને ત્રીજું 'એક તવંગર અને એક ગરીબ'. એમાં છેલ્લું ત્રીજું એક વાર ભજવાએલું. સોળમી સદી એટલે કહેવાતા સુધારા–રેનેસાંનો જમાનો, નાટકની ભજવણીનો ઉદયકાળ. ત્રણે નાટકોનું કથાવસ્તુ બાઇબલમાંથી ઉપાડેલું. આપણે ત્યાં ઓગણીસમી સદીમાં મહાભારત અને રામાયણ યા પુરાણોમાંથી વસ્તુઓ શોધાતી તેમ. અલબત્ત, દરેક નાટકકાર એવી વસ્તુઓમાં પોતાના જમાનાના રંગરાગ ઉપસાવે તેમ કિરમેઝરે પણ કર્યું હતું.

નાટકમાં છ દશ્યો. એમાં એક ખૂબ જ પૈસાદાર વ્યક્તિ નામે ક્રેસસ. મારો વહાલો બસ વારતહેવારે, પ્રસંગ અવસરે પોતાની દોલત માટે જ ફિશિયારીઓ માર્યાં કરે. આંગળીએ હીરાની વીંટી પહેરી, તો તે બધા જુએ શી રીતે? એટલે જે આવે એને બેસાડવા પેલી આંગળી જ લાંબી કરી સ્થાન દેખાડ્યા કરે, 'અહીં બેસો' પણ મનમાં તો એમ કે નજર કરો મારી વીંટી ઉપર. એ જાણીતા કિસ્સા પ્રમાણે વર્તનારા આજે ચોમેર, આપણે ત્યાં પણ જોવા-જાણવા મળશે. એવી જાતનો આ તવંગર. આજે આપણે ત્યાં નવી દોલત મેળવનારાઓને ત્યાં લગ્નપ્રસંગ આવ્યો તો જુઓ રોશની, લાખ લાખ વીજળીના ગોળે તરુવર મંડપ મકાન ઝળકાવી દેશે, પેલી વીંટી તો નાની, પણ આ ભડાશ તો આંધળો પણ જુએ એવી, એ કિસમનો આ માનવ. વહુનું નામ આના, ભિખારીનું નામ લાઝાર, ઉપરાંત એનો કુટુંબ-કબીલો, મિત્રો, દોસ્તદારો, હાજી હા કરનારાઓ, એવા તો હોય જ. ભાઈ, આ કરોડપતિ ક્રેસસને થયું કે ચાલો એક મોટો જમણવારનો પ્રસંગ ઊજવીએ. અને એ માટે જાતજાતની વાનીઓ બનાવવાનો હુકમ આપવા બેઠો ત્યારે ભલી ધણીઆણી આનાએ કહ્યા કર્યું કે 'પ્રાણનાથ! ધર્મનાં પુસ્તકોમાં લખ્યું છે કે આપણી દોલતની આપણે આવી જાહેરાત ન કરવી જોઇએ.'

'હવે જા! જા!' જેમ ઘણા માલેતુજાર ધણીઓ પોતાની અર્ધાંગનાઓને કહે છે એમ જ એણે બખાળ્યું. 'તું તારે તારું કામ કર, ઉલ્લુ!' જમણવાર ચાલ્યો ત્યારે બારણે આવ્યો લાઝાર, બિચારો એક ભિખારી, પણ એની માંગ કોણ સાંભળે! એને દાખલ પણ કોણ થવા દે! નોકરોને દયા આવી અને એમણે કંઈ આમથી તેમ પ્રબંધ કરવા ત્રેવડ કરી, પણ આપણા લક્ષ્મીધર માને જ શાના, 'હા! કાઢી મૂકો એને' એવો એમનો વટહુકમ!

ગમ્મત એ થઈ કે જમણ ચાલુ છે ત્યાં આવ્યું મોત, યમના દૂત. અને આપણા શ્રીમાને એમની સાથે સંવાદ ચલાવ્યો. 'ઊક મોત! યમદૂત! એવા તો કંઈક મેં જોયા છે. અલ્યા મારી પાસે કેટલા ધનના કોથળા છે એની તને ખબર છે? આપો એને બે-પાંચ હજાર.' પેલો કહે કે મારે તો બે જીવ લેવાના છે, ધનના કોથળાની અમને જરૂર નથી. તો દોલતજાદો કહે, 'જા બહાર, બારણે એક ભિખારી ભૂખે ટળવળે છે. એને ઉપાડ. અહીં તારું કંઈ નહિ ચાલે.' અને યમદૂતે ભિખારીનો જીવ ધરી લીધો, તો ખોળિયું ભોંય પડતાં જ જણાયું કે ભિખારીને લેવા તો સ્વર્ગના અનુચરો આવ્યા. પેલા અહીં ખાતાં રહ્યા અને એ તો ઊપડ્યો વિમાનમાં, વૈકુંઠ તરફ. અને એ પહોંચ્યો ત્યાં તો યમદૂત અહીં પાછા આવ્યા! જમણવારમાં છાનામાના બે સેતાનો તો ક્યારના દાખલ થઈ ગયા હતા; અને યમદૂત પધારતાં સેતાનોએ પૂછ્યું કે કિયો દાગીનો લેવાનો છે? તો યમદૂતે કહ્યું કે આ ધનેશ્વર, અઢળક દોલતના માલિકને.

થઈ રહ્યું. દોલતજાદાને આવું કહેવાય જ કેમ? પૈસાનો ચકરાવો જેની આસપાસ છે એવા ધનવાનને સંસારની કોઈ પણ પ્રકારની ભીડ, કઠિનાઈ, આધિવ્યાધિ કંઈ જ નડી શકતું નથી. પૈસાથી એ કંઈ પણ ખરીદી શકે છે. એવી વૃત્તિ યા ભ્રમમાં રચ્યાપચ્યા આજે પણ જોવા ક્યાં નથી મળતા, તો ચારસો વર્ષો પહેલાં તો હોય જ, એટલું જ નહિ, પણ રોજ ને રોજ આટઆટલા કાળને મોઢે કોળિયા થનારા આપણે જોઇએ જાણીએ છીએ છતાં, ભવિષ્યમાં પણ એવી વૃત્તિ ધરાવનારા અભાગીઆ જનમવાના. અને ધનને લઈ સર્વોપરી સત્તા પોતાને હાથે છે, એવું માનવાવાળા પણ જીવ્યા કરવાના એ પણ નિઃશંક છે, તો આ આપણા ક્રેસસ યમદૂતની (અનુ. પૃ. ૬૬)

લેખક
પુષ્કરભાઈ ગોકાણી

લોહીની તપાસ

શરીરમાં લોહી જેમ અત્યંત અગત્યનો ભાગ ભજવે છે તેમ ગુનાશોધનમાં પણ એ ઘણું મહત્ત્વ ધરાવે છે. મનુષ્યનું લોહી ઘટ્ટ, ચીકાશવાળું ખારું અને રંગે રાતું પ્રવાહી છે. રાતા રંગનું કારણ તેમાં રહેલા હેમોગ્લોબિન નામનું તત્ત્વ છે. શ્વાસ દ્વારા ફેફસાંમાં આવેલા પ્રાણવાયુને તે શરીરના પ્રત્યેક અંગઉપાંગમાં પહોંચાડી જીવન ટકાવી રાખે છે. દરેક પ્રાણીઓનું તથા માંકડ, મચ્છર ને કેટલાંક જીવડાંઓનું લોહી પણ લાલ રંગનું હોય છે.

લોહીમાં મુખ્ય બે ભાગ છે: ઘન ૪૬ ટકા અને પ્રવાહી ૫૪ ટકા. પ્રવાહી ભાગને પ્લાઝમા કહે છે. જેમાં ૯૦ ટકા પાણીનો ભાગ હોય છે, જ્યારે બાકીના પ્રોટીન, કૅલ્શિયમ પૉટેશિયમ, સોડિયમ, મૅગ્નેશિયમ લોહ વગેરે હોય છે. તે ઉપરાંત તેમાં ગ્લુકોઝ, કૉલેસ્ટૅરૉલ (cholesterol) હૉરમોન્સ, જીવનરસો (enzymes) અને રોગપ્રતિકારક (antibodies) પદાર્થો પણ તેમાં હોય છે. આ બધાં લોહીના ૫૪ ટકા પ્રવાહીના ૧૦ ટકામાં સમાયાં હોય છે.


લોહીના ૪૬ ટકા ઘન ભાગ મુખ્યત્વે પ્લાઝમામાં તરતા કોષમય કણોનો હોય છે. રક્તકણ, શ્વેતકણ અને પ્લૅટલેટ એ એના ત્રણ મુખ્ય પ્રકાર છે. અને ઘનમિલિમીટર તંદુરસ્ત લોહીમાં પચાસ લાખ રક્તકણ અને ૬૦૦૦થી ૮૦૦૦ શ્વેતકણ હોય છે સામાન્ય રીતે તંદુરસ્ત માણસમાં ૧૨ પિંટ લોહી હોય છે.

જ્યારે કોઈ પણ ઘા પડે છે અને શરીર બહાર કે અંદર લોહી વહેવા લાગે છે ત્યારે તેમાંના પ્લેટલેટ કણો ચીકણો, ઘટ્ટ પદાર્થ ઉત્પન્ન કરી લોહીને જમાવી તેને વહેતું અટકાવે છે. લોહીમાં રહેલા ફાઇબ્રોનાઇટ્રોજનને રેસાવાળાં ફાઇબ્રિનમાં ફેરવીને પ્લેટલેટ લોહીને થીજવે છે. આમાં તેને ૪ થી ૮ મિનિટ લાગે છે.


રક્તકણો પ્રાણવાયુને શરીરમાં પહોંચાડવાનું તથા કાર્બન ડાયોક્સાઈડને બહાર કાઢવાનું કામ કરે છે, બાકીનાં કાર્યો પ્લાઝમા કરે છે.

લોહીની તપાસ દ્વારા શરીરમાં ઉત્પન્ન થતા રોગ વિષે પણ જાણી શકાય છે. રક્તકણો ઓછા થઈ જાય તો એનિમિયા થાય છે, ડાયાબિટીસમાં લોહીમાં ગ્લુકોઝ વધી જાય છે. શ્વેતકણો વધી જવાથી શરીરમાં ક્યાંક પણ ચેપ થયાનું જણાય છે. શ્વેતકણોનો પ્રમાણ બહારનો અતિરેક લોહીમાં કૅન્સર થયાનું સૂચવે છે. તેમજ લોહીના પ્રવાહીમાં ઘટ્ટ પદાર્થને નીચે બેસવાની ક્રિયા શરીરમાં કોઈ પણ ભાગમાં થએલ કૅન્સર કે ક્ષય વગેરેની ચેતવણી આપે છે. પ્લેટલેટની શક્તિ ઓછી થાય તો હેમોફીલીઆ જેવા રોગ પણ થાય છે. ઇસોનોફિલ્સનો વધારો ક્ષય અગર કરમીની હાજરી બતાવે છે. એક લોહીના રક્તકણો અન્ય લોહીમાં (પ્લાઝમામાં) ભળે તો જામી જાય છે અને સામું લોહી થોડા પ્રમાણમાં હોય તો તેનો નાશ પણ કરે છે. આ સિદ્ધાંત ઉપર લોહીનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે. જે વર્ગનું લોહી હોય તે વર્ગના જ અન્ય લોહીમાં એ ભળી શકે છે. ગુનાશોધનમાં આ વર્ગીકરણ બહુ જ અગત્યનો ભાગ ભજવે છે. લોહીના મુખ્ય ચાર વિભાગ છે: O, A, B અને AB. લોહીના નાનકડા સુકાઈ ગએલા ડાઘમાંથી પણ તેનો વર્ગ (ગ્રૂપ) જાણી શકાય છે.

રક્તકણમાં જોડાઈ ને જામી જવાની શક્તિ ધરાવતા A અને B નામના પદાર્થ હોય છે. કોઈ કોઈ રક્તકણમાં આમાંથી ફક્ત A કે ફક્ત B યા બંને સાથે અથવા બંનેમાંથી એક પણ ન હોય તેવું પણ બને



લોહીના ડાઘ પરથી પણ ગુના વિષે ઘણી માહિતી મળે છે. ઉપરની આકૃતિમાં (૧) ત્રણેક ઇંચની ઊંચાઇએથી પડેલા ટીપાનો, (૨) એકાદ ફૂટની ઊંચાઇએથી (૩) બે ફૂટ ઊંચેથી (૪) પાંચેક ફૂટ ઊંચેથી અને (૫) છએક ફૂટ ઊંચેથી પડેલા લોહીના ટીપાનો ડાઘ છે. છઠ્ઠા ખાનામાં ત્રણેક ફૂટ ઊંચેથી અને લગભગ ૪૫ અંશના ખૂણેથી પડેલા ટીપાનો ડાઘ છે. (૭) ૩૦ અંશને ખૂણેથી (૮) ૨૦ અંશને ખૂણે અને (૯) ૧૦ અંશને ખૂણેથી પડેલા ટીપાનો ડાઘ છે. નાસી જતા માણસની ગતિનો ખયાલ પણ ટીપાના આકાર પરથી કલ્પી શકાય છે. ૧૦મા ખાનામાં દર્શાવેલો ડાઘ સામાન્ય ઝડપે દોડતા માણસના શરીર પરથી લગભગ ત્રણેક ઇંચની ઊંચાઇએથી ને ત્રીસેક અંશના ખૂણેથી પડેલો છે. આ રીતે (૧૧) ૨ ફૂટ ઊંચાઇએથી (૧૨) ૩ ફૂટ ઊંચાઇએથી અને (૧૩) ચારેક ફૂટ ઊંચેથી પડેલું ટીપું છે. નીચે ડાબી બાજુની આકૃતિમાં–લોહી જ્યારે માટી કે કાદવમાં પડયું હોય ત્યારે તે માટીને ગ એક તાસકમાં લઈ તેમાં હ પાણી નાખી તેમાં ફિલ્ટર પેપરની એક ભૂંગળી ઊભી રાખવામાં આવે છે. માટીમાંનું લોહી પાણીમાં ઓગળી ફિલ્ટર પેપરમાં કેશાકર્ષણથી ખેંચાઈ ઉપર ચડી પ સપાટીએ એકઠું થાય છે. આથી હવે એ લોહીની તપાસ કરવી સરળ બને છે. જમણી તરફની બે ગોળાકાર આકૃતિમાં અમાં પ્રતિકાર A સાથે ભેળવેલા અને બમાં પ્રતિકારક Bમાં ભેળવેલા લોહીનો ત્રીસેક મિનિટ પછીનો દેખાવ છે. અમાં લોહી પ્રતિકારક સાથે ભળી ગએલું છે જ્યારે બમાં રક્તકણો જામીને ટોળે વળી ગયા છે. આના પરથી નક્કી થાય છે કે પુરાવાનું લોહી A વર્ગનું છે.



છે. પ્લાઝમામાં પણ આવા 'a' અને 'b' નામે પદાર્થો આવી જ રીતે હોય છે. રક્તકણમાં રહેલા આ પદાર્થને 'ઍગ્લુટિનોજન' (agglutinogen) કહે છે. પ્લાઝમામાં રહેલ તેવા જ પદાર્થને ઍગ્લુટિનિન (agglutinin) કહે છે. આ તત્ત્વ જન્મથી તે છેક મૃત્યુ સુધી ફેરફાર વિના લોહીમાં કાયમ રહે છે અને વંશપરંપરામાં ઊતરે છે.

ધંધાકીય ધોરણે તૈયાર કરવામાં આવેલા આવા પ્રતિકારક A અને પ્રતિકારક B ગ્રૂપવાળા પ્રવાહીઓ મળે છે. તે, સસલાના લોહીમાં મનુષ્યનું લોહી દાખલ કરીને ધીમેધીમે તેની માત્રા વધારી સસલાને તે લોહી સામે પ્રતિકારકશક્તિવાળા બનાવી તેના લોહીમાંથી આ પ્રતિકારક A અને પ્રતિકારક B તત્ત્વો મેળવવામાં આવે છે.

હવે કોઈના લોહીનું વર્ગીકરણ કરવું હોય તો તેની આંગળીમાંથી થોડું લોહી લેવામાં આવે છે. એક ઘન સેન્ટીમીટર સેલાઈન (મીઠાનું

દ્રાવણ)માં એક ટીપું એ લોહી નાખી તેનું દ્રાવણ બનાવવામાં આવે છે. એક કાચની સ્વચ્છ પટી ઉપર એક છેડે પ્રતિકારક A અને બીજે છેડે પ્રતિકારક Bનું ટીપું મૂકવામાં આવે છે. તેની ઉપર પેલા લોહીના દ્રાવણનું એક એક ટીપું મૂકી તેને પ્લૅટિનમના સળિયા વડે કાળજીપૂર્વક ભેળવી દેવામાં આવે છે. અડધા કલાક પછી સૂક્ષ્મદર્શક યંત્ર તળે તેનું નિરીક્ષણ કરવામાં આવે છે. તે સમય દરમ્યાન લોહીના કણો એક સાથે થોડા ટોળે વળી જોડાઈ જાય છે. જો પ્રતિકારક Aના પ્રવાહીમાં આવું જોવામાં આવે તો ગ્રુપ A અને જો પ્રતિકારક Bના પ્રવાહીમાં આવું જોવામાં આવે તે ગ્રુપ B ગણાય છે. જો બંને પ્રવાહીમાં આવું (clumping) જોવામાં આવે તો ગ્રુપ AB ગણાય અને બંનેમાંથી એક પણ પ્રવાહીમાં આવું જોવા ન મળે તો ગ્રુપ O ગણાય. મુખ્યત્વે આ ગ્રુપિંગ ઉપર દર્દીને લોહી અપાય છે. પણ લોહીમાં આ મુખ્ય વર્ગ ઉપરાંત બીજા M, N અને MN ગ્રુપ પણ પાડવામાં આવ્યા છે. તેવી રીતે Rh+ અને Rh− એમ બે મુખ્ય વિભાગમાં મનુષ્યની સમગ્ર જાતને વહેંચી નાખવામાં આવી છે. વાંદરાના લોહીમાં મનુષ્યનું લોહી નાખીને ઊભા કરેલ પ્રતિકારક પદાર્થ 'Rh' દ્વારા એની કસોટી કરાય છે. આ રીતે લોહીની આવી ચોવીસેક જાત બને છે. ભારતની પ્રજામાં ૯૦ ટકા Rh+ અને ૧૦ ટકા Rh− છે. તેવી રીતે ૪૫ ટકા O ગ્રુપ ૪૨ ટકા A ગ્રુપ, ૧૦ ટકા B ગ્રુપ અને ૩ ટકા AB ગ્રુપ છે. બીજી રીતે MN ગ્રુપ ૫૮ ટકા, M ગ્રુપ ૪૨ ટકા અને N ગ્રુપ ૧૦ ટકા છે. એટલે Rh− AB N વાળું લોહી મળવું બહુ દુષ્કર બને છે.

ત્યાર પછી બીજા વર્ગો પણ નિશ્ચિત થયા અને A_1 A_2 C, c, D, d, E, e એમ ૪૯ વર્ગો શોધાયા છે. જેને કારણે સંખ્યાબંધ જોડાણો બને છે. એમ કહેવાય છે કે ખરેખર તો કોઈ પણ બે માણસનું લોહી એકસરખું હોતું જ નથી. આ તો ફક્ત મનુષ્યના રક્તકણની જ વાત છે. સાધારણ રીતે ઊંટ સિવાય સર્વ સ્તન્ય પ્રાણીઓના રક્તકણ ચપટા ગોળ બંને તરફ અંતર્ગોળ (Biconcave) અને કેન્દ્ર વિનાનાં (non-nucliated) હોય છે. બાકી પક્ષી, માછલી ને પેટે ચાલતાં પ્રાણીઓમાં તે લંબગોળ અને કેન્દ્રવાળા હોય છે. સૂક્ષ્મદર્શક યંત્રમાં તે જોઈ શકાય છે. આટલું જાણ્યા પછી હવે આપણે શરીરમાં રહેલા ગુનેગાર રોગોને પકડાવી દેનાર એ રક્તકણો અકસ્માત, મારામારી, બળાત્કાર વગેરેની શોધમાં પણ કઈ રીતે સહાય કરે છે તે જોઈએ.

ગુનાશોધનમાં લોહીનો પુરાવો લેતી વેળા પૂરતી કાળજી રાખવી જરૂરી છે. પુરાવો તાજો અને કપડા ઉપર હોય તો તેને પ્રથમ સૂકવી નાખી ને એ કપડું ઓળખાય તેવી નિશાનીઓ નોંધીને પછી કાગળના કોથળીમાં મૂકી તપાસ માટે મોકલાય છે. ભીંત ઉપરના લોહીના ડાઘને ચપ્પુથી ઉખેડી શકાય છે. ઉખેડેલા એ ભૂકા ઉપરથી પણ ગુના વિષે ઘણો પ્રકાશ પડે છે. ઘણી વખત લોહીનો ડાઘ સહેલાઈથી નજરે પડતો નથી પણ તે ભીંત કે ભોંયની તરડમાં, મોટરના ઢંકાએલા ભાગમાં, ટેબલ કે ખુરશીની કાઠમાં યે મળી આવે છે. વળી, તે ગુનાના સ્થળે જ મળે તેવું નથી. ગુનેગાર જે માર્ગે નાસી ગયો હોય તે રસ્તા ઉપરથી કે ત્યાંની માટીમાં ભળી ગએલો પણ મળી આવે છે.

ઘાયલ થનાર કે એ રીતે મરનારના શરીર ઉપરથી તો લોહીનો પુરાવો સહેલાઈથી મળી શકે છે, પણ શકદાર ઉપર તે સરળતાથી મળતો નથી. ઘણી વાર શકદાર લોહીથી ખરડાએલાં કપડાં ધોઈ પણ નાખે છે. પરંતુ અલ્ટ્રાવાયોલેટ કિરણો નીચે કપડા પરના લોહીના ધોવાએલા ડાઘ પણ દેખાઈ આવે છે. આવા ડાઘ કદાચ શકદારને વાગ્યું હોય તો તેના પોતાના લોહીના પણ હોઈ શકે. પરંતુ તેવા ડાઘ મોટે ભાગે કપડાની અંદરના ભાગમાં હોય છે. કપડા પર બહારનો ડાઘ મોટે ભાગે મરનારના લોહીનો હોય છે. ખૂનીના હાથ ઉપર મોટે ભાગે લોહીનાં નિશાન મળતાં નથી, પણ તેના નખના મેલમાં તે સચવાઈ રહે છે. વળી બહુ જ ઓછા પ્રમાણમાં પણ લોહી ખાળ, વૉશબેસીન વગેરેમાંથી પણ કોઈ વાર મળી આવે છે.

મળી આવેલા લોહીના નિશાનને કાળજીપૂર્વક સાચવીને પોલીસ સુપ્રિન્ટેન્ડન્ટ મારફત રસાયણિક તપાસ માટે મોકલવામાં આવે છે. તે સાથે આ બાબત પીનલ કોડનો સેક્સન ટાંકી મેજિસ્ટ્રેટને પણ જણાવવામાં આવે છે. પ્રયોગશાળામાંથી તપાસનો રીપોર્ટ સીધો મેજિસ્ટ્રેટ ઉપર આવે છે અને તે પોલીસને વધુ તપાસ માટે આપે છે. અગાઉ આ માટે આપણે ત્યાં કલકત્તામાં પ્રયોગશાળા હતી. હવે પ્રાંતવાર થઈ છે.

આવા ડાઘને જોઈને પ્રથમ નીચે પ્રમાણે પ્રશ્નો થાય છે: (૧) આ લોહીનો ડાઘ છે કે બીજા પદાર્થનો? (૨) લોહી માણસનું જ છે, કે અન્ય પ્રાણી, પક્ષી યા જીવડાનું? (૩) લોહી શરીરના કયા ભાગ પરથી મળ્યું છે? (૪) લોહીનું ગ્રુપ કયું છે? (૫) લોહીમાં રોગના જીવાણુ, કોઈ અન્ય પદાર્થ કે રસાયણના કણ વગેરે પણ છે કે નહિ? વગેરે.

ભૌતિક તપાસમાં લોહીનો ડાઘ ક્યાંથી મળ્યો છે તે જોવાય છે. ભોંય ઉપર પડેલા ટીપાના આકાર ઉપરથી એ લોહીવાળી વ્યક્તિની જવાની દિશા જાણી શકાય છે. તે ટીપું કેટલે ખૂણેથી પડ્યું છે તે અને તેના પરથી તે ક્યાંથી પડ્યું તે પણ અંદાજી શકાય છે.

મળી આવેલા લોહીના ડાઘનો રંગ પણ ઘણું કહી જાય છે. સામાન્ય ગરમ મોસમમાં ૨૪ કલાક સુધી લોહીનો રંગ ચમકતો રાતો રહે છે, ત્યાર પછી ધીમેધીમે તે કથ્થાઈ અને ત્રણેક દિવસ પછી કાળો બની જાય છે. વળી તાજો ડાઘ પાણી કે સેલાઈનમાં ઓગળી જાય છે જ્યારે જૂનો ડાઘ ઓગળતો નથી. કારણ કે ધીમેધીમે લોહીમાંના હેમોગ્લૉબિનનું અદ્રાવ્ય હેમેટીનમાં રૂપાંતર થઈ જાય છે. વળી ડાઘ જો જીવતા માણસના લોહીનો હોય તો તેનું પાતળુ પડ ઉખેડી શકાય છે કારણ કે તેમાં ફાઇબ્રિન નામનું રેસાળ તત્ત્વ બને છે. જ્યારે મરેલા માણસના લોહીનો ડાઘ ઉખેડતી વખતે ભૂકો થઈ જાય છે. વળી તે ડાઘ સાથે મળી આવતા અન્ય તત્ત્વો પરથી તે લોહી ધમનીનું છે કે શિરાનું, સુવાવડનું, નસકોરીનું, ગુમડાનું છે કે કોઈ રોગનું તે પણ જાણી શકાય છે. શિરાનું લોહી ઊજળું લાલ અને ધમનીનું મેલું લાલ હોય છે, તેમાં કફ હોય તો તે લોહી નસકોરીનું અને તેમાં પરુ હોય તો ગુમડાનું હોવાની શક્યતા પણ સંભવે છે. સૂક્ષ્મદર્શક યંત્ર નીચે જોતાં તેની સાથે રહેલાં બીજાં તત્ત્વો પણ ઘણી માહિતી આપે છે.

ગાજર, બિટ, શેતૂર, જાંબુ, પાકી દ્રાક્ષ તેમજ કંકુ, સિંદૂર, શાહી, મજીઠ ને રંગના ડાઘ પણ લોહીના ડાઘ જેવા લાગે છે એટલે તે લોહીના જ ડાઘ છે કે નહિ તે નક્કી કરવા સામાન્યરીતે 'લ્યુમિનોલ ટેસ્ટ' લેવાય છે. આ ટેસ્ટમાં તે ડાઘ ઉપર એક પ્રયોગયોગ્ય પ્રવાહી છાંટી તેને અંધારામાં જોવામાં આવે છે. જો તેમાં ગળીમાં ધોએલા કપડા જેવો ઝાંયવાળો સફેદ ચળકાટ ત્યાં દેખાય તો તે લોહીનો ડાઘ છે તેમ માની શકાય. પણ કેટલીક ધાતુઓ ઉપર સાદા ડાઘમાં પણ આવું બની શકે છે એટલે બીજા રાસાયણિક પ્રયોગો દ્વારા પણ લોહી વિષેની ખાતરી કરાય છે. અન્ય સામાન્ય ડાઘ એમોનિયા, બ્લીચિંગ પાઉડર તથા ઍસિડમાં નાશ પામે છે અથવા તેનો રંગ ઊડી જાય છે.

લોહીની તપાસ માટે તેની સાથે જે પ્રયોગયોગ્ય પદાર્થો ભેળવાય છે તેને રીએજન્ટ કહે છે. બેન્ઝીડીન, બ્યુરો મેલેસાઈટ ગ્રીન, ફીનોલફ્થેલિન, લ્યુમીનોલ વગેરે મુખ્ય રીએજન્ટો છે. ફીનોલફ્થેલિન ટેસ્ટમાં

ઍંસી લાખ ટીપાંમાં એક ટીપું લોહીનું હોય તો યે જણાઈ આવે છે. લોહીના હેમોગ્લૉબિનમાં રહેલ પેરૉક્સિડેઈઝ દરેક ટેસ્ટમાં ઉમેરાતાં હાઇડ્રોજન પેરૉક્સાઈડમાંના પ્રાણવાયુને રીઍજન્ટ સાથે રાસાયણિક રીતે ભેળવે છે અને તેને લીધે થતાં દહન(oxidation)થી જુદા-જુદા રંગ બની લોહીનું અસ્તિત્વ દર્શાવે છે. આમ, લોહીની ભૌતિક ને રાસાયણિક તપાસ પછી યે શંકા રહેતી હોય તો સ્પેક્ટ્રોસ્કોપથી તેની પરીક્ષા કરવામાં આવે છે. પણ આ તો માત્ર લોહીના અસ્તિત્વની ખાતરી થઈ. એ લોહી માણસનું છે કે અન્ય કોઈ પશુપ્રાણીનું તે જાણવા માટે સૂક્ષ્મદર્શકયંત્ર અને જીવશાસ્ત્રીય પ્રયોગ દ્વારા કસોટી કરાય છે. દર્શકયંત્રમાં દેખાતા ગોળાકાર કોષ ચપટા, બન્ને તરફ અંતર્ગોળ અને અને કેન્દ્ર વિનાના હોય તો એમ નક્કી થાય કે એ લોહી માનવસહિત કોઈ સ્તન્ય પ્રાણીનું હોઈ શકે. પણ તે માણસનું જ છે કે કેમ તે જાણવા માટે એક જીવશાસ્ત્રીય પ્રયોગ છે.

આપણે જાણીએ છીએ કે આપણા શરીરમાં-રોગના કીટાણુ દાખલ થાય છે ત્યારે લોહીમાં પ્રતિકારક પદાર્થો ઉત્પન્ન થાય છે. આ સિદ્ધાંત ઉપર એક પ્રયોગ યોજાયો છે. આપણે જોયું કે સસલાના લોહીમાં માણસના લોહીનું ઇન્જેક્શન આપી ધીમેધીમે તેમાં પહેલાં પ્રતિકારક પ્રોટીન (anti body) ઉત્પન્ન કરવામાં આવે છે. ધીરેધીરે સસલું જ્યારે મનુષ્યના લોહી સામે પૂરેપૂરી પ્રતિકારક શક્તિ મેળવી લે પછી તે સસલાના લોહીને જામવા દેવામાં આવે છે. તે લોહી જામી જતાં બાકી રહેતું પ્રવાહી આ પ્રયોગ માટે ઉપયોગી ગણાય. તે પ્રવાહીમાં પુરાવામાં મળી આવેલું લોહી નાખે અને તે નીચે બેસી જાય (precipitate) તો સમજવું કે તે માણસનું લોહી છે પણ જો તે બીજા સ્તન્ય પ્રાણીનું લોહી હશે તો નીચે બેસી જવાને બદલે તેમાં ભળી જશે.

હવે લોહી કયા ગ્રૂપનું છે તે નક્કી કરવામાં આવે છે. જો મળી આવેલું લોહી અને શકદારનું લોહી એક જ ગ્રૂપનું હોય તો શકદાર વિરુદ્ધ એક પુરાવો ઊભો થાય છે, પણ તેથી તેની ઉપર કામ ચાલી શકતું નથી. એટલે આવા કિસ્સામાં બીજા ગૌણ ગ્રૂપ M, N, MN કે Rh+ કે Rh—શોધવાથી પુરાવો મજબૂત બને છે. આવા કિસ્સામાં નિર્દોષતા સહેલાઇથી પુરવાર થાય છે, કારણ કે જો મળી આવેલા લોહીને મળતું શકદારનું ગ્રૂપ ન હોય તો નિઃશંક તે નિર્દોષ સાબિત થાય છે.

જૂન ૧૯૪૧માં મરકારાની કોર્ટમાં છૂટાછેડાનો એક દાવો આવ્યો, ફરિયાદીનું કહેવું હતું કે ઑગસ્ટ ૧૯૪૦માં એનાં લગ્ન થયાં અને જાન્યુઆરી ૧૯૪૧માં એની પત્નીએ બાળકને જન્મ આપ્યો. અલબત્ત, લગ્ન પહેલાં જૂન ૧૯૪૦માં તેઓ એકબીજાને મળતાં હતાં ખરાં, પણ એમની વચ્ચે એથી વિશેષ કોઈ સંબંધ હતો નહિ અને એટલે એ બાળકનો પિતા પોતે નથી. મોદીના મેડિકલ જ્યુરીસ્પ્રુડન્સમાં આ કિસ્સાની નોંધ છે. આ કેસમાં ડૉ. રોશે લોહીના વર્ગીકરણથી તપાસ કરેલી. એમાં ફરિયાદીના લોહીનું ગ્રૂપ OM, પત્નીનું BM ને બાળકનું ABMN માલૂમ પડયું. લોહીનો વર્ગ વારસામાં પણ ઊતરે જ છે એ રીતે જોતાં બાળકના લોહીમાં A અને N ગ્રૂપ કયાંથી આવ્યું એ પ્રશ્ન પર ફરિયાદી દાવો જીતી ગએલો.

લોહી જ નહિ, પણ માણસની લાળ, પરસેવો, પેશાબ, વીર્ય, કફ, પાવણ તેમજ દરેકેદરેક કોષમાં આ રીતે ગ્રૂપ હોય છે.

અનુસંધાન] રંગગઠરિયાં [પૃષ્ઠ ૬૩થી

પરવા કરે ખરા? પણ નાટકની ગમ્મત તો એક વાર સેતાને અને યમદૂતે મોતનો પરચો કરાવ્યો, પછી છે. શેઠના મનમાં મોતનો ડર પેઠો. યમદૂતે જ ડર પેસાડયો. પછી મરવાનું તો છે જ એવી ખાતરી થતાં આ આપણા નામવર નાયક મોતથી ભાગવા જે ઊલટગબરડી, સંતાકૂકડી, નાસોગોસો, છાપાદાવ રમવા શરૂ કર્યા છે. છત્રી ઓઢે જીવ બચે, કે પાણીમાં ડૂબકી મારુ તો જીવ બચે; છાપરે જઈ ચડું તો જીવ બચે કે ભોંયરે સંતાઉં તો જીવ બચે, એમાં જે પ્રમાચકડી ચલાવી છે, તેનો ચિતાર તો તખ્તા ઉપર જ જોવાની મજા પડે. લાલચ, સિફારસ, લાંચ, રૂશ્વત, આનાકાની, ગભરાટ, ભય, ડર, સંશય, ઓહોહો બુઠ્ઠા લાગતા હૃદયમાં જે ભાવો ઉભરાવા માંડયા છે તેનો અભિનય જોતાં આપણે જો યમદૂત હોઇએ તો ઘડીભર આપણે પણ જોતાં ઠરી જઇએ, અને નાયકને મૃત્યુના પાશમાં બાંધતાં થંભી જઇએ!

પણ કોણ બચ્યું છે જે કેસસ બચે? અને પેલા બે ભોજન-સમારંભમાં દાખલ થઈ ગએલા સેતાનોએ જેણે એનો જીવતાંજાગતાં જ હવાલો લીધો હતો તે મોત પછી તો એમના હાથમાં આવેલા આવા જીવડાને જંપવા દે ખરા? બોધક અને રોચક આ કૃતિ હતી.

એક નાનકડું ગામ, ગામમાંથી નાનું શહેર, ત્યાં યુનિવર્સિટી, ત્યાં થીએટરમાં નાટકો થાય, ગામલોક પૈસા આપે, એટલે કે મ્યુનિસિપાલિટી ખર્ચ કરે છતાં, નાટક જોવા માટે ગામનાં લોક પડાપડી ન કરે એ પણ એક નોંધવા જેવી વાત હતી. આઠસો નવસો તો મહેમાનો, ઉપરાંત, ત્યાંના સ્થાનિક કાર્યકર્તાઓ બસો ત્રણસો ભૂલાએ તો પણ બારસો-સાડીબારસો બેઠકની નાટકશાળા તો આમ ને આમ જ ભરાઈ જાય, માંડ સો-દોઢસો ટિકિટ જાહેર જનતાને ભાગે જાય! પણ એનો ઊહાપોહ નહિ, છાપાવાળાઓના મનમાં ઓછપ નહિ. કોઈ ખૂણે કશો કંકાસ-કકળાટ નહિ અને બધું સમયસર નિયમ પ્રમાણે ચાલ્યું જાય. એમાં નોંસીની મહત્તા તો ખરી, પણ ઇંગ્લંડ હોલૅન્ડ ફ્રાન્સ જર્મની ફિનલૅન્ડ સ્વીડન ડેનમાર્ક ઈટાલી ઑસ્ટ્રિયા હંગેરી ઝેકોસ્લોવેકિયા પોલૅંડના કોઈ પણ ગામ કે શહેરમાં આવો કાર્યક્રમ હોય તો તે આ પ્રમાણે જ ચાલ્યો જાય. વાહ, વ્યવસ્થા વાહ! આ બધાનો સંચાલક પ્રણેતા ફક્ત એક જ જીવ અને તે મોં લાંગ.

જાતે નટ, અધ્યાપક, વ્યવસ્થાપક, શરમાળ. પડદા પાછળ રહી કામ કરનાર. જાત પબ્લિસિટીથી પર, એ છે ત્યાં સુધી નોંસીનો જલસો નિર્ભર છે. આ છપાશે ત્યારે ત્રીજી વાર પણ હું નોંસીમાં હોઈશ, ત્રીજે વર્ષે યુનિવર્સિટી નાટકહરીફાઈમાં. એમણે વર્ષ પહેલાં ખરડો મોકલી આપ્યો, એમાં સૂચવ્યું કે કાં તો કોઈ જૂનું અણજાણ્યું યા ન ભજવી શકાય એવા જૂનાને ભજવી શકાય એવી રીતે રજૂ કરો, યા નવું નવી રીતથી નવા કસબથી નવી ઢબથી રજૂ કરો અને પંદર હજાર ફ્રાન્ક લઈ જાઓ. સમય-મર્યાદા કલાકની, તારીખ આજથી એટલે કે વર્ષ પહેલાં મુકરર, થીએટર મુકરર, કાગળપત્તર કરો, રહેવાનું મુકરર, જ્યુરીના સભ્યો મુકરર, છે ને જીગર? સઘળું વ્યવસ્થિત રીતસર સમયસર કામ કરવા માટે દાખલા રૂપ! આપણે તો બહુ હોશિયાર એટલે છેલ્લી જ ઘડીએ બધું વિચારીએ અને કરીએ.

નોંસીથી થોડે દૂર સ્ટ્રાસબર્ગ શહેર છે, ત્યાં યુનિવર્સિટી પણ છે. ફ્રાન્સની કિનારી ઉપરનું એ શહેર, થોડે દૂર પૂર્વમાં જર્મનીનાં અતિ પંકાએલાં 'કાળાં જંગલ' છે. મુલક રળિયામણો, લોક લહેરી, નાટકશાળાઓ ખરી, પણ નાટક ભજવણીની શાળા પણ હાજર. ત્યાં કસરતો જોઈ, નટની તાલીમવ્યવસ્થા જોઈ, હાડકેહાડકું કેમ વાળવું, કેટલું મુલાયમ બનાવવું, કેટલું ચપળ કરવું એની ક્રિયાઓ જોઈ. યુનિવર્સિટીમાં સંસ્કૃત શીખવવાના વિભાગમાં લાયબ્રેરી જોઈ શહેરની તાજગી માણી. અને ત્યાંથી ફરી વાર જર્મની તરફ ઉડ્ડયન કર્યું. (ચાલુ)



પચ્ચીસ વર્ષપહેલાં

કુમાર

મહાભારતમાં કર્ણનું પાત્ર જેટલું વીરત્વથી એટલું જ જીવનની કરુણતાથી સભર છે. પચ્ચીસ વર્ષ પહેલાંના 'કુમાર'માં ઉમાશંકર જોષીએ એમના 'કર્ણ કૃષ્ણ'નામક કાવ્યમાં એ કર્ણના વ્યક્તિત્વને સુંદરતાથી ઉપસાવ્યું હતું. વળી, એ કાળે મુંબાઈની આર્ટ સોસાયટીનું વાર્ષિક પ્રદર્શન યોજાએલું એમાંની કેટલીક અગ્રગણ્ય ચિત્રકૃતિઓ સાથે એ કલામંડળનો ઇતિહાસ ને પરિચય, અનંત કાણેકરનો નિયમિતતાના 'દુર્ગુણો' વિષેનો મર્માળો નિબંધ 'ઘડિયાળના ગુલામ', કોલંબસના હિંદુસ્તાન પહોંચવાને નવો જ સાગરમાર્ગ ખોળવાના ગાંડપણને સમજી શકનાર યુરોપભરમાં એક માત્ર રાજવી સ્પેનની રાણી ઈસાબેલનો પરિચય અને અન્ય નિયમિત વિભાગોની રોચક સામગ્રીથી તો એ અંક સભર હતો જ; પણ 'કુમાર'ના ચિરપરિચિત લેખક રામસિંહજી રાઠોડે 'ગુજરાત અને વૃક્ષારોપણ'ના જે એક લેખમાં કેટલોક માર્ગસૂચક અંગુલિનિર્દેશ કર્યો તેની અગત્યતા આજે પણ લગભગ એટલી જ હોઈ એમાંના કેટલાક ફકરા જોઇએ. છેક પ્રાચીનકાળથી આપણી સાથે વણાઈ રહેલાં વૃક્ષોનો મહિમા કહેતાં એમણે લખ્યું છે કે-

'આપણાં ઘરડેરાં પાસે પુરાણી વાતો ઉકેલાવીએ તો તેઓએ તેમના નાનપણમાં અનુભવેલા છૂટથી થતા વરસાદ, જમીનનો અણખૂટ રસકસ, નવાણોને છલકાવી દેતા પાણીના પ્રવાહો, ચરિયાણની વિપુલતા અને મોકળાશ, આંખ ઠારે તેવાં ઢોરો તથા દૂધઘીની ઊડતી છોળો, અને આ બધી આબાદી જેના પર નિર્ભર હતી તેવાં અનેક રીતે રાહત આપી રહેલાં જૂનાંપુરાણાં મોટાંમોટાં વૃક્ષો તથા જંગલની ઝાડીની પ્રેરક વાતો સાંભળવા મળે. એ વાતોનો ઉલ્લેખ અત્યારની બેહાલીનું કારણ નથી સૂચવતો? ઉત્તર ગુજરાત, કચ્છ અને કાઠિયાવાડમાં દુકાળ પડે છે તો તેની ભયંકરતા વિષમ શાથી બને છે? નદીઓ સૂકી અને જમીનની અંદરના પાણીના આંતરપ્રવાહો અતિ ઊંડા તથા જોશવિનાના કેમ થઈ ગયા છે? પશુધન નમાલું અને ખેતી આટલી ઊતરવા કસની શાથી થઇ ગઈ છે? વૃક્ષોનો નિરંકુશ સંહાર તેનું એક મહત્ત્વનું કારણ છે.

દક્ષિણ ગુજરાતમાં વરસાદ સારો પડે છે અને એ પ્રદેશ લીલોછમ રહે છે. તાપી, નર્મદા અને મહીના વહનમાર્ગની કાંપવાળી રસાળ જમીનમાં પુષ્કળ વૃક્ષો ફૂલીફાલી રહેલાં છે. ચરોતરની જમીન પણ રસાળ છે. જ્યારે ગુજરાતનો પૂર્વ પ્રદેશ ડુંગરાળ અને ઉચ્ચ છે તેમાં સારી ઝાડી અને નાનાંમોટાં પુષ્કળ જંગલો છે. ગુજરાતમાં મોટા પહાડ નથી, પણ તેની સરહદો પર આબુ, આરાવળ, આરાસુર, પાવાગઢ, સાતપૂડા અને સહ્યાદ્રિ વગેરે પર્વતો છે. કાઠિયાવાડ ક્યાંક વેરાન, ક્યાંક ડુંગરાળ તો ક્યાંક ફળદ્રુપ છે. તેની દક્ષિણે ગિરનાં ગીચ જંગલ છે અને એ પ્રદેશનો એ ભાગ ઝાડના ઝુંડથી લચી રહેલો લાગે છે. કચ્છની કંઠારે ને મધ્ય ભાગે આવી રહેલી ખીડીસરી સિવાયનો કચ્છનો પ્રદેશ ઘણુંખરું ખડકાઉ, વેરાન અને સૂકો છે. આ સિવાયની તળ ઉત્તર ગુજરાતની ભૂમિ પણ સપાટ, રેતાળ કે ખારપાટ છે અને ત્યાંની આબોહવા સૂકી તથા ગરમ છે. ત્યાં વરસાદ ઓછો પડે છે અને છીકિયારો પવન હમેશાં વાયા કરે છે. છતાં, આ ઓછાં ઝાડપાનવાળા ને સૂકા પ્રદેશની ભૂતકાળની સ્થિતિ, અગાઉ ખરાબ ન હતી. ત્યાં પશુધન સમૃદ્ધ હતું અને ખેતી પણ વિકસિત જણાતી. પણ અત્યારે વનસ્પતિના અતિ ઉપયોગની હાનિકારક પ્રવૃત્તિ તથા વનસ્પતિના પરસ્પરના જીવનવિગ્રહને કારણે ધરાતલના અવસાદને સારી પેઠે વેગ મળે છે.

માનવસમાજ ઉપર વૃક્ષોનો ઉપકાર અમૂલ્ય છે. અને માનવીના વિકાસ તથા સુખાકારી માટે તેમનું અસ્તિત્વ અનિવાર્ય છે.

સ્થિરતા અને ધૈર્યના અવતાર જેવી વૃક્ષની તો 'સાર્થ જીવવું' એ એકમાત્ર મનોકામના છે. કેટલો યે મૂક પરમાર્થ વૃક્ષ સાધી રહે છે. જે ધરતીએ પોષ્યો તેને અતિવૃષ્ટિ, પવન અને તડકાના તાપથી ઘસાતી અટકાવે છે. મરેલાં પાનના ખાતર વડે તેની ફળદ્રુપતા અને ભેજને ટકાવી રાખે છે. ઋતુઓના ગુણધર્મ પ્રમાણે હવામાનનાં બદલાતાં તત્ત્વો નિયમનમાં સહાયભૂત બને છે, હવાને શુદ્ધ બનાવે છે, પોતાની છાયાનો સહારો લે તેને વિશ્રામ અને શાંતિ આપે છે, પશુ પંખી અને બીજી જીવાતને આશ્રય આપે છે ને પૃથ્વીનો રસ ચૂસી પોતાનાં ઉચ્ચ કોટિનાં જીવો માટે •તેમાંથી ખોરાક તૈયાર કરી આપે છે, પુષ્પોના પરિમલ-પરાગની સુગંધીથી વાતાવરણને મઘમઘતું અને પ્રફુલ્લિત બનાવે છે, રસવાળાં ફળો આપે છે, અને છેવટે કાષ્ઠ રૂપે ઉપયોગી થઈ રહે છે કે બળતણ રૂપે પ્રજ્વલી અગ્નિ બની પ્રકાશ અને શક્તિ અર્પતું ખાકબનેછે. અંતે તો વૃક્ષના નામમાં શેષ જેવી રહેતી રાખ પુનઃ ધરતીમાં દાખલ થતાં તે જમીનનો કસ વધારે છે. એ રીતે ધરતીની સમૃદ્ધિ વધારતું અને આત્મસમર્પણથી પોતાના પ્રજનનના ક્રમાગત વિકાસ માટે જગ્યા કરી આપતું વૃક્ષ જીવનની ધન્યતા અનુભવે છે. પણ એને માટે વૃક્ષને જરા યે અજંપો નથી. ક્રમવિકાસના અટલ વિશ્વ નિયમમાં શાંતિ, સફળતા અને સંતોષથી વૃક્ષ પોતાનું જીવન-પરિક્રમણ પૂરું કરે છે. આવો જીવનધર્મ શીખવતા વૃક્ષને આથી જ આપણે આદરણીય ગણ્યું છે અને વૃક્ષારોપણદિનને મહાપર્વ તરીકે માન્યો છે.

વિજ્ઞાનથી પુરવાર થયું છે કે બીજી બધી પરિસ્થિતિ જો સપ્રમાણ સરખી હોય તો અમુક વિસ્તારનો લીલોછમ ઝાડીવાળો પ્રદેશ, તેટલા જ ક્ષેત્રફળના પાણીના વિસ્તાર જેટલી જ વરાળ આપી હવામાનમાં સરખો ભેજ ઉમેરે છે. એટલે કોઈ પ્રદેશ પરથી પસાર થતાં વર્ષાપ્રવાહનાં વાદળોને ભેજપ્રચુર બની વરસવા માટે જોઈતાં બંને જરૂરી તત્ત્વો-ટાઢક અને ભેજ-લીલી પલ્લવપુંજભરી ઝાડીમાંથી પૂરતા પ્રમાણમાં મળી રહે છે. આથી સ્થાનિક થતા સરેરાશ વરસાદના પ્રમાણમાં તેટલા પૂરતો વધારો થાય છે. આપણે ત્યાં જ્યાં મોટા પહાડો, પાણીના જબ્બર વિસ્તારો કે ગીચ જંગલની ઝાડી નથી. તેવા પ્રદેશમાં વરસાદ અતિ અનિયમિત અને ઓછો થઈ ગયો છે. આવા સ્થળે ઝાડી વધારાથી સ્થાનિક સરેરાશ વરસાદને કેટલી હદે નિયમિત બનાવી વધારી શકાય તેવું છે તે આ ઉપરથી સ્પષ્ટ સમજાશે. આવી રીતે વૃક્ષવૃદ્ધિ દ્વારા આપણે અનુકૂળ હવામાન, પુષ્ટ ધરાતલ અને ઉત્તમ પાકમેળવીનેઆપણીઆબાદીવધારીશકીએ.'

•મનુષ્ય અને પ્રાણીઓની હસ્તી તથા સંભાવના માટે જરૂરી એવો ઉદ્‌ભિજ્ઞ ખોરાક, લીલી વનસ્પતિ પ્રકાશની મદદ વડે પાણી વાયુ અને પૃથ્વીનાં તત્ત્વોમાંથી સર્જે છે; એ ક્રિયા માનવી-શક્તિની બહાર છે. લીલી વનસ્પતિની માત્ર એ એક જ દૈવી શક્તિ તેને આપણાથી ઉચ્ચ કોટિનાં જીવોમાં પૂરતી નથી.

બહેનો માટે ઇનામી નિબંધ-હરીફાઈ

'બહેનોના જીવનવિકાસમાં પુસ્તકાલયનું સ્થાન' એ વિષય પર ગુજરાતીમાં ૩૦૦ લીટીનો નિબંધ ૧૮ વર્ષની વય ઉપરનાં કોઈ પણ બહેન તા. ૧૫-૩-૬૬ સુધીમાં 'શ્રી પુ. હ. મહાજન લાયબ્રેરી-કડવણજ'ને લખી મોકલી શકશે. પ્રથમ ઇનામ રૂ. ૫૧, બીજું રૂ. ૩૦, ત્રીજું રૂ. ૨૦.

લેખક: ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

નવજાત બાળકનો આહાર

સ્ત્રીઓના દેહ વિષે યોજાએલો ગર્ભાધાનવિધિ કુદરતની વિલક્ષણ અને અદ્ભુત છતાં નાજુક પ્રક્રિયા છે. પરંતુ કુદરતની આથીયે અદ્ભુત એક બીજી કરામત પણ છે. ગર્ભાશયના હુંફાળા અને સલામતીભર્યા સ્થાનમાંથી અવતરતા શિશુની પહેલા નવ માસ સુધીની જિંદગી નિભાવવા અને તેના શરીરના વિકાસને માફકસર આવે એવા આહારનું અલૌકિક આયોજન થએલું છે. આ આહાર છે ફક્ત માતા જ આપી શકે એવું ધાવણ. નવજાત શિશુને કુદરતની એ પ્રથમ મહાન બક્ષિસ છે. આ હકીકત શ્રી વિનોબા ભાવે આ પ્રમાણે કહે છે: 'ઈશ્વર-યોજના અધૂરી નથી હોતી, પૂર્ણ જ હોય છે. જેણે બાળકના પેટમાં ભૂખ રાખી છે તેણે માતાના સ્તનમાં દૂધ પણ રાખ્યું જ છે.'

પ્રસુતિના ત્રણથી પાંચ દિવસ બાદ સ્તનોમાંથી ધાવણ આવે છે. આરંભના દૂધને કોલોસ્ટ્રમ કહેવાય છે. પીતરંગી ને પાતળા કોલોસ્ટ્રમમાં દૂધ કરતાં બે ગણાં પ્રોટીન ને ખનિજ દ્રવ્યો તથા અરધા ભાગનાં ચરબી ને શર્કરા હોય છે. કોલોસ્ટ્રમ રેચક જેવું કામ કરતું હોવાથી બાળકને દસ્ત થવામાં ઉત્તેજના મળે છે. ધાવણ શરૂ થયા બાદ કોલોસ્ટ્રમ અદૃશ્ય થાય છે. પાતળું અને પાણી જેવું ધાવણ નવજાત શિશુની જરૂરિયાત માટે ઘણું માફક આવે છે. એમાં સહેલાઈથી ને પૂરાં પચે એવાં પ્રોટીન, કાર્બોહાઇડ્રેટ ને ચરબી આ ત્રણેય ઘટકો સમતોલ રૂપમાં હોય છે. ઉપરાંત, પાણી અને વિવિધ ખનિજ દ્રવ્યો પણ છે. જ્યારે જોઈએ ત્યારે તે તાજું મળે છે. એનું ઉષ્મામાન સદા સરખું રહે છે. એની ચોખ્ખાઈની તોલે બીજું કોઈ દૂધ આવી શકે એમ નથી. બાળકની નાજુક ને વણટેવાએલી હોજરી માટે ધાવણ જરૂરત મુજબ સંપૂર્ણ મેળવણીવાળો, બિનખર્ચાળ, તૈયાર કરવામાં હિકમત વાપરવી ન પડે એવો અને સરળતાથી પચતો સર્વશ્રેષ્ઠ સંપૂર્ણ આહાર છે.

ધાવણમાં એકથી બે ટકા પ્રમાણનાં પ્રોટીનોમાં લેક્ટાલ્બ્યુમિન, કેસિનોજેન ને લેક્ટ-ગ્લોબ્યુલિન છે. જે ગાય ને બકરીનાં દૂધ કરતાં લગભગ અરધા પ્રમાણમાં છે. બાળકની યોગ્ય વૃદ્ધિ માટે પ્રોટીનો આવશ્યક છે. ધાવણમાં બેથી પાંચ ટકા પ્રમાણમાં આવેલી ચરબીના સૂક્ષ્મકણો સહેલાઈથી પચે એવા છે. તે ગાયના દૂધમાં આવેલી ચરબીનાં પ્રકાર ને પ્રમાણ કરતાં થોડા ફેરવાળા છે. ચરબીમાં ધાવણનું અડધોઅડધ આહારમૂલ્ય સમાએલું છે. પાછળના કરતાં શરૂઆતના ધાવણમાં ચરબી વધારે હોય છે. જિંદગીના પહેલા બે મહિનામાં શિશુની ઝડપી વૃદ્ધિના ગાળામાં ધાવણમાં ચાર ટકા ચરબી હોય છે, વૃદ્ધિનું પ્રમાણ ઘટતાં ચરબી સાડાત્રણ ટકા થાય છે. ચરબીથી શિશુના શરીરની ગરમી જળવાયા ઉપરાંત ઝડપી વૃદ્ધિના કાળમાં તે પેશીઓની બનાવટમાં વપરાય છે. વળી તેમાં વિ૦ એ અને વિ૦ ડી છે.

લેક્ટોઝના રૂપમાં ધાવણમાં આવેલું કાર્બોહાઇડ્રેટ સાડા છથી સાડા સાત ટકા પ્રમાણમાં છે, જે ગાયના દૂધ કરતાં દોઢું ને બકરીના દૂધ કરતાં લગભગ બેવડું છે.

શિશુની જિંદગીના શરૂઆતના મહિનાના હાડના ઝડપી વૃદ્ધિકાળમાં કૅલશિયમ ને ફૉસ્ફરસનું જરૂરી પુષ્કળ પ્રમાણ ધાવણમાંથી મળે છે. ધાવણની વિશિષ્ટતા એ છે કે તે યોગ્ય પ્રમાણમાં ને જલદી શોષાય એવા રૂપમાં મળે છે. બીજા પ્રકારનાં દૂધમાં આ ખનિજ દ્રવ્યો ઘણા જુદા પ્રમાણમાં પણ તે ઉપયોગી નીવડે એવા રૂપમાં હોય છે.

માતાનો આહાર પૂરતો ને યોગ્ય હોવા છતાં ય ધાવણ વિ૦ એ, ડી, સી અને વિ૦ બી કૉમ્પલેક્સનું સઘન સાધન નથી છતાં બ્રિટનમાં ધાવણાં બાળકોમાં આમાંની કોઈ ઊણપની સાબિતી શોધવી મુશ્કેલ હોવાનું હચિન્સનનું કથન છે.

માતાઓનાં ધાવણનાં પ્રકાર અને પ્રમાણમાં ફેર હોવા ઉપરાંત તેમાં જુદાજુદા સમયે ફેર પડે છે. ધાવણના ઘટકોના જુદા પ્રમાણને શિશુની સાનુકૂળ થવાની બાબતનું મોટું મહત્ત્વ છે. શિશુના વજન વધવા પ્રમાણે ધાવણનું પ્રમાણ વધે છે. ગુજરાતી બાળકનું જન્મના પહેલા અઠવાડિયે સરાસરી વજન છ રતલ હોય છે, જે ચાર મહિને બેવડું ને વર્ષાંતે ત્રણગણું થાય છે. શિશુની ઉમર વધવા પ્રમાણે દૂધના ગુણમાં ઘટાડો થાય છે. પ્રોટીનનું પ્રમાણ લગભગ અડધું થાય છે. ચરબી થોડી ઘટે છે પણ કાર્બોહાઈડ્રેટ થોડાં વધે છે. ટૂંકામાં નાના શિશુને ઉચ્ચ આહારમૂલ્યવાળું ધાવણ મળે છે અને તેની ઉમર વધતાં તેને વધારે પ્રમાણમાં મળતા ધાવણમાં પોષક દ્રવ્યોની ઘટ્ટતા ધીમેધીમે ઘટે છે.

ધાવણનાં બંધારણ ઉપર માતાના આહારની મોટી અસર છે. ભૂખે મરતી સ્ત્રી જોકે ધાવણ તો આપી શકે છે પણ યોગ્ય અને પૂરતો આહાર મળતાં સુધી ધાવણ ઉત્તમ જાતનું રહે છે. સશક્ત સ્ત્રીઓના જેટલું જ ધાવણ અશક્ત સ્ત્રીઓ આપી શકે છે. સ્ત્રીની ઉમર ને ધાવણની જાતમાં કશો ફેર પડતો નથી. પણ વધુ બાળકોની માતાનું ધાવણ પહેલવહેલી બનેલી માતાના કરતાં થોડું ઊતરતું હોય છે.

ધાવણ આપતી સ્ત્રીઓનો ખોરાક સમતોલ જોઇએ જેથી તેને ફેલારી પ્રોટીન ચરબી કાર્બોહાઇડ્રેટ ખનિજ દ્રવ્યો ને વિટામિનો પૂરતા પ્રમાણમાં મળી રહે. આવો ખોરાક તેને મનગમતો ને પાચનક્ષમ હોય તો જ તે બાળકને સફળતાથી ધવડાવી શકે છે. ધાવણ પામતા બાળકને પોષણદાતા નીવડે એટલો પૂરતો માતાનો આહાર ન હોય તો બાળક માતાના શરીરમાંથી તે ખેંચીને મેળવે છે. આ હકીકત હોવા છતાં ય ગરીબવર્ગની ભૂખે મરતી સ્ત્રીઓ તેમનાં બાળકોને ધાવણ આપી શકે છે એ જોઈ આશ્ચર્ય થયા વિના નથી રહેતું, પણ આ ધાવણ પોષણની દૃષ્ટિએ યોગ્યતમ નથી જ હોતું એ ચોક્કસ છે. શરૂઆતના મહિનામાં માતા પોતાના પોષણના ભોગે પૂરતું દૂધ આપે છે પણ પછીથી તેમ થઈ શકતું નથી.

ધાવણ આપતી સ્ત્રીની પ્રથમ જરૂર તો વધારે પ્રવાહી લેવાની છે. ધાવણના પ્રમાણ જેટલું પ્રવાહી લેવું જોઈએ. સામાન્યતઃ બાળક દરરોજ સરેરાશ બેશેર ધાવતું હોવાની ગણતરી છે તો આટલું વધારે પ્રવાહી પાણી દૂધ અને ફળો કે ફળોના પાંચ ઔંસ રસદ્વારા પૂરું કરવું જોઈએ. જો આમ ન થાય તો આંતરડાંમાંનું પાણી વપરાય છે. પરિણામે માતાને કાં તો બંધકોશ આવી પડે છે અગર તો ધાવણનું પ્રમાણ ઘટે છે. વળી, બંધકોશ માટે લેવાતા જુલાબથી થતા ઝાડાથી શરીરમાંથી પાણી વહી જવાથી વળી વધુ ધાવણ ઘટે છે.

ધવડાવતી સ્ત્રી માટે દૂધ અત્યુત્તમ ખોરાક છે. તેમાંના પ્રોટીન ચરબી ને કાર્બોહાઇડ્રેટ શરીરમાં થોડાં જ રૂપાંતર પામી ધાવણમાં આવે છે, વળી કૅલશિયમ મૅગ્નેશિયમ સોડિયમ પોટાશિયમ જેવા ક્ષારો પણ મળે છે. દૂધમાંથી માતાને વિટામિનો મળે છે. નારંગી ને લીંબુના રસથી ખનિજક્ષારો ઉપરાંત જરૂરી વિ૦ 'સી' મળે છે.

પ્રવાહી પછી માતાના ખોરાકમાં અગત્યનો વધારો પ્રથમ કક્ષાના પ્રોટીનોનો થવો જોઈએ. ધાવણમાં વધારેમાં વધારે રોજ આસરે એક ઔંસ જેટલા પ્રમાણમાં પ્રોટીન જાય છે (હચિન્સન). આટલું પ્રોટીન ધાવણમાં જવા માટે ખોરાકમાં વધારે પ્રોટીન ખાવાં જોઈએ. આ મેળવવાનાં મુખ્ય સાધન દૂધ ને કઠોળ છે. માંસાહારી માટે ઇંડાં માંસ કે માછલી છે. માંસ કે મચ્છી ન ખાઈ શકે એમના માટે દૂધમાંથી નીપજતું પનીર છે. જાણવા જેવું છે કે ખોરાકમાં પ્રોટીનો વધારવાથી દૂધનું પ્રમાણ વધે છે. ચરબી વધે છે પણ પ્રોટીનો તો નહિ જ. પણ ધાવણમાં આવતા પ્રોટીનના પ્રમાણ કરતાં ઓછાં પ્રોટીન ખાવાથી ધાવણમાં પ્રોટીન ને ચરબી બંનેનાં પ્રમાણ ઘટે છે. આપણા રિવાજ મુજબ સ્તનપાન દરમિયાન માતાઓને વધારે ચરબી આપવામાં આવે છે. ચરબી ન પામતી ગરીબ વર્ગની સ્ત્રીઓના શરીરમાં કાર્બોહાઇડ્રેટ પદાર્થોમાંથી ચરબી બને છે. અને આમાંથી ધાવણની ચરબી બને છે.

અઢી મણ વજન ધરાવતી સ્ત્રી રોજ ૫૦ ગ્રામ (નવટાંકથી ઓછી) ચરબી ખાય તો ધાવણમાં ચરબીનું પ્રમાણ વધે છે. આનાથી વધારે પ્રમાણમાં ચરબી લેવાથી ધાવણમાં ચરબી વધતી નથી. આપણા રોજિંદા આહારમાંથી પૂરતા પ્રમાણમાં કાર્બોહાઇડ્રેટ મળી રહે છે. ખોરાકના ફેરફારથી ધાવણમાં શર્કરાના પ્રમાણમાં ફેર પડતો નથી.

માતાના આહારમાં પૂરતા પ્રમાણમાં વિટામિનો હોવાની તકેદારી રાખવાની છે. વળી તેમાં પૂરતા પ્રમાણમાં વિ૦ ડી ન હોય તો આપણા સૂર્યપ્રકાશવાળા દેશમાં પણ બાળકને સુકતાન (રિકેટ્સ) થવાની સંભાવના છે. ખોરાકમાં વિટામિનોના પ્રમાણમાં ઘણાં કારણોસર ફેર રહે છે. આ કારણે વિ૦ એ અને ડી સમધારણ પ્રમાણ કરતાં પણ વધારે લેવાં જોઈએ. હચિન્સન તો રોજ ૪૦૦૦ ઈ. યુ. ને ૧૨૦૦ ઈ. યુ.ની માત્રા કરતાં વધારે આપવાની ભલામણ કરે છે. ધાવણમાં માં વિ૦ સી ઓછું હોય છે માટે તે રોજ ૫૦ મિલિગ્રામની માત્રામાં ગોળી રૂપે લેવાનું છે. ધાવણમાં વિટામિન બી-કૉમ્પ્લેક્સ સારા પ્રમાણમાં નથી હોતાં. આમ હોવાથી સ્તનપાન દરમિયાન માતાને કૅપ્સ્યુલના રૂપમાં વિટામિનો આપવાં હિતાવહ છે.

ધાવણમાં આવતી દવાઓ વિષે જાણવા જેવું છે. દીવેલ, અંજીર, એળિયો, સોનામુખી, ફેનોલ્ફથેલિન, કેલોમલ વગેરે રેચક દવાઓ ધાવણમાં આવે છે ને બાળકનાં આંતરડાં ઉપર માતાના જેવી જ અસરો ઉપજાવે છે. માથાના દુખાવા કે શરીરના કળતર ને તાવ માટે લેવાતી ગોળીઓમાં સેલિસિલેટ, એસ્પીરીન, ફેનાસેટિન, ક્વીનાઈન આવે છે. આ બધી દવાઓ થોડા પ્રમાણમાં ધાવણમાં ઊતરે છે. અફીણ મોરફીઆ ને બારબ્યુટ્યુરેટ દવાઓ પણ ધાવણમાં દેખાય છે.

ઘણા દેશોમાં દારૂ છૂટથી પીવાય છે. તે ઓછા પ્રમાણમાં પીવાથી બાળકને કશી અસર થતી નથી. દારૂની જેમ સ્ત્રીઓ ધૂમ્રપાનમાં પણ રાચે છે. તેનું નિકોટીન ત્રણ કે ચાર કલાકે ધાવણમાં દેખા દે છે. રોજની દસ કે વધારે સિગારેટ પીનાર સ્ત્રીના એક લીટર ધાવણમાં ૦.૫ મિલિગ્રામ પ્રમાણમાં નિકોટીન હોય છે. તેનું આટલું બધું પ્રમાણ બાળકને કશી માઠી અસર કરતું નથી.

કોક બાળકને માતાનો અમુક ખોરાક માફક નથી આવતો. તે બાળકની તબિયત બગાડનાર નીવડે છે. આમાં મુખ્ય શેલફિશ, ઈંડાં, રીંગણ, કુંભીજ, ભીંડાં ને નવા બટાટા છે. બધી સ્ત્રીઓએ આ ખોરાક છોડવાના નથી. બાળકને જે ખોરાક માફક ન આવે તે જ ખાવાનો નથી.

સ્તનપાન દરમિયાન ઋતુસ્રાવ બંધ હોય છે. પણ કેટલીક સ્ત્રીઓને તે આવે છે, તે વખતનું ધાવણ બાળકને માફક નથી આવતું.


કોક માતાઓ પ્રસૂતિ કે તેનાં થોડાં અઠવાડિયાં બાદ શિશુને ધાવણ આપી શકતી નથી. ગાય ભેંસ કે બકરીના દૂધ ઉપર શિશુ સફળતાથી ઉછેરી શકાય છે. પડોશીના બાળક જેવું પોતાનું બાળક મજબૂત ન જોઈને કોક માતાને પોતાના ધાવણનો દોષ દેખાય છે, પણ આમાં ધાવણની જાત કરતાં પ્રમાણના સવિશેષ દોષ હોય છે. કાં તો ધાવણ પૂરતા પ્રમાણમાં ન મળતું હોય અગર તો બાળકમાં તેનું અભિશોષણ થતું ન હોય. બીજો પ્રશ્ન એ છે કે બાળકને ક્યાં સુધી ધાવણ આપવું? આમ તો ક્યાંક અઢી ત્રણ વર્ષની ઉંમર સુધી બાળકને ધાવણ અપાતું જોવામાં આવે છે. બાળકને પોષણ આપે એટલા પ્રમાણમાં આ ધાવણ હોય તો તે ચાલુ રાખવાને વાંધો નથી.

પણ ધાવણ ઘટતું જતું લાગે તો (આની માતાને ખબર પડે છે) સ્તન ભરાએલાં હોય ત્યારે બાળકને ધવડાવવું અને વચલા ગાળામાં તેને બહારનું દૂધ આપવું. પહેલા ચાર મહિના માત્ર ધાવણ અને નવ માસ પછી તો તે મુખ્ય ખોરાક ન હોવાનું હચિન્સનનું કથન છે.

માતાને પૂરતા પ્રમાણમાં ધાવણ આવતું હોવા છતાં ૫ દોઢ મહિનાની ઉંમર બાદ શિશુને યોગ્યતમ પોષણની દૃષ્ટિએ બહારનું દૂધ ને બીજાં પેય ને ત્રણ ચાર મહિનાની ઉંમરે દૂધમાં શુકધાન્ય આપવાની આજના વૈદક વિજ્ઞાનની હિમાયત છે. શરૂઆતમાં બહારનું દૂધ સાંજના એક વખત આપવું. ધીમે ધીમે બહારનું દૂધ અને બીજા ખોરાક વધારતા જઈ બાળકની બે વર્ષની ઉંમરે પણ (જો ધાવણ આવતું હોય તો) તેને એક વાર ધવડાવવામાં કશું ખોટું નથી. કારણ, બીજા ખોરાક ઉપરાંત ધાવણ પણ તેના ખાદ્યની એક વાનગી બને છે. વળી, આનાથી બાળક અને માતાના લાગણીના તાર સંધાએલા રહે છે. સ્તનપાન એ પ્રજનનક્રિયા સાથે સંકળાએલો છેવટનો વિધિ છે, માતૃત્વની પૂર્ણતાની પારાશીશી છે, સ્તનપાન સાથે માતાના ભાવો, સંકલ્પો અને લાગણીઓ ગાઢ રીતે સંકળાએલાં છે. (ચાલુ)

શતરંજનો કોયડો

સુરેશ મોદી



M. S. LIBURKI

સ્થિતિ: 8/3B4/3P4/7k/16/2p4p/Kb3N2.

કોયડો: સફેદે રમવાનું ને ડ્રો મેળવવાનું.

આ કોયડામાં સફેદ પાસે કાળાના એક પ્યાદાના બદલામાં એક ઘોડો છે, પણ કાળાનાં બન્ને પ્યાદાં સાતમી હરોળે પહોંચી ગયાં છે. પહેલી નજરે એમ લાગે છે કે એક પ્યાદાને રાજા અને બીજાને ઘોડો વજીર થતાં અટકાવી શકશે, પણ હકીકતે એ એટલું સરળ નથી. દા.ત. 1K-N2, P-B8(=Q) ch; 2K×Q, P-R8 (=Q). હવે સફેદનો ઘોડો અણુશેઠ થઇ ગયો, ને તેથી 3N-N3 chથી કાળા રાજા અને વજીરને ફાંક કરી શકે નહિ. ઉકેલ માટે જુઓ પૃ. ૫૩



આર્દ્ર અંજલિ

અરમાન જ્યારે પ્યાસના પૂરા થયા હશે,
ત્યારે અમારા જામના ચૂરા થયા હશે,
પાગલ સિવાય કોણ કરે પ્રાણ ઓળઘોળ?
સૌથી પ્રથમ શહીદ એ શૂરા થયા હશે,
નહિ તો સિતારા હોય નહિ આટઆટલા,
કોઈ વિરાટ સ્વપ્નના ચૂરા થયા હશે!

—અમૃત ઘાયલ

સ્વ. ટી. એલ. વાસવાણી

માનવસેવા અને સંગીન ચારિત્ર્યને કેળવણીના પાયારૂપ ગણતા સાધુ થાંબરદાસ લીલારામ વાસવાણીનું ગયા (જાન્યુઆરી) માસની ૧૬મીએ પૂનામાં ૮૭ની વયે અવસાન થતાં ભારતે એક ઉત્તમ તત્ત્વજ્ઞાની અને અગ્રગણ્ય કેળવણીકાર ગુમાવ્યો છે.

કૃષ્ણને પોતાનો આરાધ્ય દેવ ગણતાં મીરાંબાઈને પોતાનું શ્રદ્ધાસ્થાન માનતા, ગુરુ નાનક, તુકારામ ને વિવેકાનંદના પ્રશંસક, ગાંધીજીના નિકટના અનુયાયી અને 'દાદાજી'ના લોકલાડીલા નામથી ઓળખાતા શ્રી વાસવાણીનો જન્મ ઈ. ૧૮૭૯ના નવેંબરની ૨૫મીએ સિંધમાં થયો હતો. અત્યંત ગરીબ અવસ્થામાં તેઓ એમ. એ. સુધી અભ્યાસ કરીને કલકત્તામાં પ્રાધ્યાપક થયા, લાહોર અને કુચબિહારમાં પ્રાચાર્ય બન્યા અને અંતે મંદસુર વિદ્યાપીઠનું કુલગુરુપદ શોભાવ્યું. આ બધાં સ્થાનેથી મળેલા બહોળા અનુભવથી પ્રચલિત શિક્ષણ-પદ્ધતિના અસંખ્ય દોષો ધ્યાનમાં આવ્યા. એ ભૂલભરી કેળવણી સામે તેઓએ ૧૯૩૩માં સિંધમાં અને દેશના ભાગલા પછી ૧૯૪૮માં પાકિસ્તાન છોડી ભારતમાં પૂના આવીને 'મીરાં શિક્ષણસંસ્થા'ઓ સ્થાપી તેના દ્વારા પોતાના આદર્શ મુજબના શિક્ષણનો પ્રચાર શરૂ કર્યો.

જર્મનીમાં ૧૯૦૬માં ભરાએલી વિશ્વધર્મ પરિષદમાં સત્તાવીસ વર્ષની ઉંમરે તેઓએ હાજરી આપી અને ત્યાંથી પાછા વળતાં જર્મની ને યુરોપનો પ્રવાસ કરી ભારતીય સંસ્કૃતિનો પ્રચાર કરતાં વ્યાખ્યાનો આપ્યાં.

ગાંધીજીની અસહકારની ચળવળમાં પણ એમને શ્રદ્ધા હતી અને એટલે એમણે પોતે પણ તેમાં ભાગ લઈ જેલનિવાસ કર્યો હતો. ભારતની અવનતિ દૂર કરવાનું કાર્ય નવી પેઢી જ કરી શકે એમ છે એમ તેઓ માનતા હતા અને એટલા સારુ યુવકોનું સંગઠન સાધી એમને આધ્યાત્મિક, બૌદ્ધિક અને શારીરિક શિક્ષણ આપવા વાસવાણીજીએ રાજપુરમાં 'શક્તિ આશ્રમ'ની સ્થાપના કરી હતી તેમજ અનેક સ્થળે યુવકકેન્દ્રો પણ શરૂ કર્યાં હતાં.

પોતાના વિચારો સામાન્ય જનતા સુધી પહોંચાડવા માટે શ્રી વાસવાણીએ સરળ અંગ્રેજીમાં ચાલીસ અને અન્ય ભાષાઓમાં નાનાં-મોટાં ૩૦૦ પુસ્તકો લખ્યાં છે, જેમાં 'ઇંડિયા એરિઝન', 'અવેઈક', 'યંગ ઇન્ડિયા', 'ઇન્ડિયા ઈન ચેઈન્સ', 'ધ સીક્રેટ ઑ વ એશિયા', 'બિલ્ડર્સ આવ ટુ મૉરો', 'માઈ મધરલૅન્ડ', 'રિલીજિયન ઍન્ડ કલ્ચર', 'ધ વિઝન ઑવ ઇન્ડિયા', 'સ્પિરિટ ઑવ ઇન્ડિયન કલ્ચર', 'ગીતા મેડિટેશન', 'યૂથ ઍન્ડ ધ નેશન' આદિ ખૂબ જાણીતાં છે. તેઓ જેટલા સારા ગદ્યકાર હતા એટલા જ ઉત્તમ કવિ પણ હતા. 'ફ્લેવેસ્ટ' નામના કાવ્યસંગ્રહમાં એમનાં હૃદયંગમ ભજનો સંગ્રહાએલાં છે.



પોતાની દર વર્ષગાંઠે જનતા પાસે તેઓ પોતાની પ્રવૃત્તિઓની સહાયમાં ધનની માગણી કરતા. છેલ્લી ૮૭મી વર્ષગાંઠે એમણે એક લાખ

તારા-પરિચય: ૨



મૃગમંડળના મુખ્ય તારાઓને આપણે ઓળખ્યા. લગભગ એક સપાટીએ દેખાતા એ તારાઓ હકીકતે આપણાથી ને એકબીજાથી અત્યંત દૂર અને ઓછીવત્તી સપાટીએ છે.

આર્દ્રા (Betelgeuse) રતાશ પડતો દેખાતો એક પ્રચંડ સૂર્ય છે અને પૃથ્વીથી તે ૩૦૦ પ્રકાશવર્ષ દૂર છે. સૂર્ય પૃથ્વી કરતાં ૧૩ લાખ ગણો મોટો છે તો આર્દ્રા એ સૂર્ય કરતાં સાડા ત્રણ કરોડ ગણો મોટો છે. એનું કદ સંકોચાતું અને ફૂલતું રહે છે એથી એના તેજમાં પણ વધઘટ થતી જોવા મળે છે.

બાણરજ (Rigel) પણ આપણા સૂર્ય કરતાં ૬૦,૦૦૦ ગણો તેજસ્વી તારો છે. આપણાથી એ ૯૦૦ પ્રકાશવર્ષ દૂર છે.

વ્યાધ (Sirius) હાલના આકાશમાં એ સૌથી વધુ તેજસ્વી તારો છે. આપણાથી ૮.૭ પ્રકાશવર્ષ દૂરનો નીલરંગી એ વ્યાધ સૂર્ય કરતાં પણ ૨૧ ગણો તેજસ્વી છે. વ્યાધનું બીજું નામ 'લુબ્ધક' છે. આકાશમાં એ એક તારા જેવો દેખાય છે પણ અત્યંત શક્તિશાળી દૂરબીનથી જોતાં એની સાથે એક બીજો ટચુકડો તારો પણ દેખાય છે. આ બંને તારા એક સામાન્ય ગુરુત્વકેન્દ્રની આસપાસ ફેરફુદડી ફરે છે. આમ વ્યાધ જોડિયો–'યુગ્મ તારો' છે. આકાશમાં પાંચમા ભાગના તારા આવા જોડિયા તારા છે. વ્યાધનો સાથી તારો 'સફેદ વામન' તરીકે ઓળખાય છે. સૂર્ય કરતાં વીસ ગણા કે એથી વધુ મોટા તારા 'વિરાટ' અને સૂર્ય કરતાં વીસ કે એથી ઓછા કદના તારા 'વામન' તારા કહેવાય છે. વ્યાધનો સફેદ વામન સાથી કદમાં તો પૃથ્વીથી ત્રીસ ગણો જ છે, પણ એનું વજન પૃથ્વી કરતાં સવા ત્રણ લાખ ગણું થાય એટલી એની ઘનતા છે. એકાદ દીવાસળીની પેટી જેટલું તેનું દ્રવ્ય લઈને તોલીએ તો એનું વજન એક ટન થાય.

ગુરુ સૂર્યમાળામાં સૌથી મોટો ગ્રહ છે. અંગ્રેજીમાં એને જ્યૂપિટર કહે છે. એના ગોળાના વિસ્તારમાં તો આપણી ૧૩૩૦ પૃથ્વી સમાઈ જાય, પણ એનું દળ માત્ર ૩૧૮ પૃથ્વી જેટલું જ છે. એનું બાહ્ય આવરણ ઍમોનિયા અને મીથેન વાયુના ઘટ્ટ વાદળરૂપ છે અને તેની વચ્ચે કેન્દ્રમાં બરફ તળે ઢંકાએલો ધાતુમય ખડકાળ ભાગ હશે એમ મનાય છે. એના વાતાવરણમાં થોડો હાઈડ્રોજન વાયુ છે ખરો, પણ પાણીનો ત્યાં તદ્દન અભાવ છે.

ઈ. ૧૮૫૭માં ગુરુ પર લગભગ ૨૪૦૦૦ ચોરસ કિલોમીટર જેવડો એક મોટો લાલ ડાઘ દેખાયો હતો. ઈ. ૧૮૮૭ સુધીમાં તો એ ઘણો તેજસ્વી બની ગયો અને પછી ધીરેધીરે એ ઝાંખો પડવા માંડ્યો. હજી યે તે ગુરુની સપાટી પર જોવા મળે છે. આના પરથી અગાઉ એમ મનાતું કે ગુરુનું બંધારણ ગરમ અને એથી પ્રકાશિત વાયુઓનું જ માત્ર હશે. પણ આજનાં થર્મો-ઇલેક્ટ્રિક સાધનો વડે જણાયું છે કે ગુરુનું ઉષ્ણતામાન તો શૂન્યથી યે ૨૦૦ અંશ નીચા જેટલું શીત છે!

આટલા ઉષ્ણતામાને મીથેન તો વાયુરૂપે ટકી રહે, પણ ઍમોનિયા મોટે ભાગે ઠરી જાય, અને એટલે મનાય છે કે ગુરુ પરના મીથેન-ઍમોનિયાના વાદળથરની નીચે ઠરી ગએલા ઍમોનિયાના બરફનો થર હશે, અને એની હેઠળનું ધાતુમય ખડકાળ દળ જ્વાળામુખીના પેટાળ જેવું હશે. દૂરબીનમાંથી દેખાતો ગુરુની સપાટી પરનો લાલ ડાઘ અને બીજા કેટલાક ડાઘ એ ધાતુમય રજનાં વાદળો હશે.

દૂરબીનથી જોતાં ગુરુનો આકાર પૂરો ગોળ નહિ પણ ઉપર-નીચેથી દબાએલો હોઈ થોડો પહોળા લંબગોળ જેવો છે. એનો એ ચપટો આકાર એના દળના ઓછા ઘનત્વને તથા એની દૈનિક ગતિને કારણે છે. ગુરુ પર આડા પટ્ટાઓ જોવા મળે છે.

ગુરુ પોતાની ધરીની આસપાસ એટલા પ્રચંડ વેગથી ઘૂમે છે કે આપણા માત્ર દસેક કલાકમાં તો ગુરુનાં દિવસ-રાત પૂરાં થઇ જાય છે. ખુદ સૂર્ય કરતાં યે સાઠગણો આ વેગ થયો. સૂર્યમાળાના અન્ય ગ્રહની દૈનિક ગતિ સૂર્યની દૈનિક ગતિ કરતાં આટલી વધારે ઝડપી નથી, એટલે ગુરુની આ પ્રચંડ ગતિ કોયડા જેવી લાગે છે. પૃથ્વી કરતાં ગુરુ સૂર્યથી ઘણો વધુ દૂર હોઈ એનો પ્રદક્ષિણાકાળ પણ એટલો લાંબો છે કે આપણાં લગભગ બાર વર્ષે ગુરુનું એક વર્ષ પૂરું થાય છે.



ગેલિલીઓએ દૂરબીન બનાવ્યા પછી ગુરુના ચાર ચંદ્રો પણ જોવા મળ્યા છે. એમને ગુરુની આસપાસ ભ્રમતા, ગુરુની પાછળ લપાઈ જતાં કે એની વાદળમય શ્વેત સપાટી પર સૂર્યપ્રકાશમાં પોતાના પડછાયા પાડતા જોવા એ કેવળ લહાવો જ નથી, પણ એનાં નિરીક્ષણો પરથી બીજી પણ કેટલીક આકાશીય ગણતરીઓ કરવાનું શક્ય અને સરળ બન્યું છે.

આ ચંદ્રોમાં પહેલા, બીજા અને ચોથા ચંદ્રનું કદ, દળ અને ઘનત્વ લગભગ આપણા ચંદ્રની સમાન છે, પણ તેઓ આપણા ચંદ્ર કરતાં વધુ પ્રમાણમાં સૂર્યપ્રકાશને પરાવર્તિત કરે છે. આમાંનો ગુરુની નજીકનો એક ચંદ્ર તો આપણા બે જ દિવસમાં ગુરુની આસપાસ ફરી લે છે, જ્યારે બીજાને ગુરુની પ્રદક્ષિણા કરતાં આપણા સત્તર દિવસ લાગે છે. ગુરુનો ત્રીજો ચંદ્ર પાણીથી બમણી ઘનતા ધરાવે છે. ગુરુની ઉપરના વાયુરૂપ થર જેવા પદાર્થોનો જ, એટલે કે હાઈડ્રોજન, મીથેન અને ઠરેલા ઍમોનિયાનો જ બનેલો ગોળો એ પણ હશે.

આ ઉપરાંત, માત્ર થોડા માઈલોના જ વ્યાસવાળા બીજા આઠેક ચંદ્રો પણ ગુરુની આસપાસ ભમે છે, પરંતુ એ સાચા અર્થમાં ગુરુના ચંદ્રો નહિ, પણ ગુરુના પ્રચંડ કદથી આકર્ષાઈને એની તરફ ખેંચાઈ આવેલા અન્ય આકાશીય પદાર્થો જ છે. એમાંનો એક તો છેક ગુરુના વાદળમય થરની નજીક અતિ વેગે ભમે છે, જ્યારે અન્ય એક ગુરુથી અત્યંત દૂર છે. બાકીના છ ત્રણત્રણના સમૂહમાં છે. આમાંના દૂરના ત્રણ તો વળી અવળી દિશામાં પ્રદક્ષિણા કરે છે.

આકાશમાં ગુરુને તો હવે વાચકો ઓળખી શકતા હશે. શુક્રના ગ્રહને બાદ કરતાં એ સૌથી વધુ તેજસ્વી ગ્રહ છે. આ વર્ષ દરમિયાન ગુરુ વૃષભ, મિથુન અને કર્ક રાશિમાં ભ્રમણ કરશે અને ત્યાંથી આગળ ઈ. ૧૯૭૦ સુધીમાં એ સિંહ, કન્યા અને કુંભ રાશિમાં પહોંચશે. રાશિઓનો પરિચય પણ આપણે આગળ ઉપર કરતા જઈશું. દરમિયાન ગુરુનું સ્થળાંતર બરાબર જોતા રહેજો. એની ચાલની એક વિશિષ્ટતા આપણે આવતા અંકમાં જોઈશું.

રૂપિયાની માગણી કરી હતી અને એના પ્રત્યુત્તરમાં એમને બે લાખ રૂપિયા મળ્યા હતા! એમના કાર્ય પ્રત્યે શ્રદ્ધા અને એમના પોતાના પ્રત્યે જનતાનો આવો પ્રેમ હતો. એમણે 'મીરાં શિક્ષણ-સંસ્થાઓ', મફત સારવાર આપતાં બે દવાખાનાં, એક ગરીબ-સહાયક-નિધિ અને સ્ત્રીઓના રોજગારની વ્યવસ્થા કરતી પ્રશિક્ષણ સંસ્થા વગેરે એમનાં લોકહિતકારી જીવંત સ્મારકો છે. મૃત્યુ પૂર્વેનાં ૧૬ વર્ષથી તેઓ પગે અપંગ બની ગયા હતા છતાં ખુરશીમાં બેસીને પણ લોકકલ્યાણાર્થે તેઓ ફરતા અને પોતે આરંભેલાં સેવાકાર્યમાં સદા રત રહેતા.

ગાંધીજી અને એમના રાષ્ટ્રવ્યાપી સેવાકાર્ય પ્રત્યે એમને ઊંડી શ્રદ્ધા હતી. ગાંધીજીના અવસાન પછી સેવાક્ષેત્રમાં જે કંઇ પ્રવર્તી રહ્યુ છે એ બધું જોઈ તેઓ વેદનાપૂર્વક કહેતા કે 'ગાંધીજીનું તો માત્ર નામ આપણા હોઠ પર રહ્યુ છે, આપણી યોજનાઓ કે વિચારણામાં એમનું અસ્તિત્વ ક્યાંયે જણાતું નથી.'' 'સાધુ વાસવાણી'ના આદરભર્યા નામે તેઓ લોકપ્રિય બન્યા હતા. એમના અવસાનથી ભારતીય સંસ્કૃતિનો એક ઉત્તમ જ્ઞાતા અને પ્રશંસક તથા ગાંધીયુગની ભાવનાઓનો તેજસ્વી સિતારો બુઝાઈ ગયો છે એમ કહેવું અત્યુક્તિભર્યું નહિ ગણાય.

તાશ્કંદ

ભારત-પાકિસ્તાન ઝગડાની વાટાઘાટો અને કરારના સ્થાન તરીકે આપણા તાજા રાજકીય ઇતિહાસમાં અગત્ય મેળવી જનાર એ મધ્ય એશિયાના ઉઝ્બેકી પાટનગરના સાચા નામ અને અર્થ વિષે ચાલેલી ચર્ચામાં શ્રી અદી ડૉક્ટરના કહેવા પ્રમાણે 'તાશ્કંદ'નો અર્થ થાય છે 'પથ્થરનો કિલ્લો'– તદનુસાર પથ્થરપુર. મધ્યયુગ અને તેની પહેલાંના જંગીઝખાનનાં ધાડાંના કાળમાં આ શહેર એશિયાનું દ્વાર કહેવાતું.

સૈનિક-ચન્દ્રકો

આપણાં લશ્કરી દળોમાં બે નવા ચન્દ્રકો ઠરાવવામાં આવ્યા છે: એક ચાલુ સેવા માટે 'સર્વિસ મૅડલ' અને બીજો યુદ્ધકાલીન 'કૅમ્પેઇન મૅડલ'. લશ્કરમાં આવા ચન્દ્રકો તો સર-અવસરે જ પહેરાતા હોય છે. અન્યથા તેમની સૂચક વિવિધ રંગ તથા કદની પટ્ટીઓ હોય છે. બરાકમાં કે રણમેદાન પર લડતા લશ્કરીઓમાં એમના ગણવેશ પર ડાબી છાતીએ લગાડાતી એ વિવિધ પટ્ટીઓ સૈનિકોમાં પરસ્પરના પ્રેમાદર અને પ્રોત્સાહનને માટે ઘણી પ્રેરક બને છે. દરેક પટ્ટી તેના ધારક સૈનિકના સેવાકાળ, યુદ્ધના અનુભવ અને કોઇકોઇ દાખલામાં તેણે દાખવેલા

ખાસ વીરત્વની દર્શક હોય છે. વીરત્વ માટેના ચન્દ્રકો તો વિશિષ્ટ પ્રસંગ પૂરતા જ હોય છે, પણ 'સેવા-ચન્દ્રક' તે તે સૈનિકના સેવા-કાળનો, અને 'યુદ્ધ-ચન્દ્રક' તેણે જે જે રણમોરચા પર કામગીરી બજાવી હોય તે દરેકનો ખાસ નિદર્શક હોય છે. કોઈ પણ સૈનિકને મન પોતાની છાતી પર લટકતા ચન્દ્રકથી અદકું ગૌરવ અન્ય કોઈ હોતું નથી. કોઈ સૈનિકને કોર્ટ માર્શલ ગુનેગાર ઠરાવે તો તેને બરતરફ કરતાં પહેલાં તેની છાતી પરથી એ ચન્દ્રક અને પટ્ટી ઊતરડી લેવામાં આવે છે. આ પ્રકારની સજાને કારણે ચન્દ્રક એ સૈનિકને મન એક નિગૂઢ ઉપાધિ છે.

ઇતિહાસમાં સૌપ્રથમ સૈનિક-ચન્દ્રક ઇંગ્લંડમાં ક્રૉમવેલે ઈ. ૧૬૪૫ માં 'ન્યૂ મૉડેલ આર્મી' ઊભું કર્યું તેની સાથે યોજ્યો હતો. એ રાજ-શાહી પ્રથા ઈસ્ટ ઇંડિયા કંપનીએ ભારતમાં બંગાળ, મદ્રાસ ને મુંબાઈના ઈલાકા-દળોમાં દાખલ કરી. ઈ. ૧૮૫૮માં એ બધાં દળોનું કેન્દ્રીકરણ થતાં ફડીબંધ 'જનરલ સર્વિસ મૅડલ' અને 'કૅમ્પેઇન મૅડલ' યોજાયા છે. સ્વાતંત્ર્ય પછી સામાન્ય સેવા માટે 'ઇન્ડિપેન્ડન્સ' અને 'સેના' મૅડલ દાખલ કર્યા છે. કાશ્મીર અને નેફામાં લશ્કરી કામગીરી બજાવેલાઓ ખાસ 'સેના મૅડલ' ધારણ કરે છે; એ જ રીતે દરિયાપારની લશ્કરી સેવા બજાવવા માટે 'વિદેશ-સેવા મૅડલ' અપાય છે.

સોનાના સિક્કા અને સુવર્ણબૅાંડ

હમણાં થોડા સમય પર હૈદરાબાદના નિઝામે રૂપિયા સાઠ લાખ જેટલી કિંમતના સોનાના સિક્કા સુવર્ણબૅાંડમાં આપ્યા. એ લઇ જવા માટે બે ખટારા ભરાયા હતા. સિક્કાશાસ્ત્રીની દૃષ્ટિએ તો સાઠ લાખ રૂપિયાના એ સિક્કાઓની કિંમત આથી યે વધારે થાય અને એના દસ્તાવેજી મૂલ્યનું મહત્ત્વ તો રૂપિયા-પૈસાથી આંકવું વાજબી નથી. સોનાના એ સિક્કાઓને જો ગાળી નાખવામાં આવે તો? આવી ઐતિહાસિક, સાંસ્કૃતિક અને કલાનું મહત્ત્વ ધરાવતી સોનાની ચીજો ટકાવી રાખવા બૅાંડનાં નિયમોને જાળવી રાખીને કંઈ ન થઈ શકે? આવી ચીજ વસ્તુઓને માત્ર સોના તરીકે જ લેખવી એ બરાબર નથી. અલબત્ત, નિઝામે સંઘરી રાખેલા એ ઐતિહાસિક સિક્કાઓમાંથી સાલારજંગ ને અન્ય સંગ્રહસ્થાનોમાં એનો એક એક નમૂનો આપવાની આંધ્રના મુખ્યપ્રધાનની જાહેરાત પ્રશંસનીય છે, પણ એટલું જ પૂરતું નથી.

એનો એક માર્ગ થઈ શકે. આવી મૂલ્યવાન ચીજોને હરાજીમાં મૂકીને એની સામે સોનું મેળવવું. આ રીતે સંગ્રાહકો પાસેથી સંભવતઃ વધુ સોનું પણ મળી શકે. જો જાહેર કરવામાં આવે તો સંગ્રાહકો પાસેના સોનાના આવા મૂલ્યવાન નમૂનાઓ એમની પાસે જ રહેવા દેવામાં પણ વાંધો ન હોવો જોઇએ. (ટાઈમ્સ ઑફ ઇંડિયા)

હિમાલયનો પરિસંવાદ

'हिमालयो नाम नगाधिराज' એમ આપણે આપણા એ નગાધિરાજને સાચા અર્થમાં હિમનો આલય કહ્યો છે. અંગ્રેજીમાં એને માટે Himalayas એમ જે બહુવચન ખોટી રીતે વપરાય છે તે બદલીને સાચું એકવચની Himalaya વાપરવાની વાત, તાજેતરમાં મળેલા હિમાલય અંગેના પરિસંવાદમાં મુકાઇ હતી. હિમાલયને તેના ખરા નામે ઓળખાવવાની જેમ જરૂર છે તેમ એ નગાધિરાજનો આપણો અંતરંગ પરિચય અને ઊંડો અભ્યાસ વધારવાની પણ ઘણી જરૂર છે. હિમાલયની કેટલીક સમસ્યાઓને સ્પર્શતા વિચારવા જેવા અગત્યના મુદ્દા પણ એ પરિસંવાદમાં ચર્ચાયા હતા. આપણા રાષ્ટ્રની આબાદી, સંસ્કાર અને સંસ્કૃતિમાં હિમાલય ઘણી નિકટતાથી મહત્ત્વનો ભાગ ભજવે છે. વર્તમાન પરિસ્થિતિમાં ત્યાં જે કેટલાંક પરિવર્તનો થઇ રહ્યાં છે તે વિષેની કેટલીક વાતો તો ચોંકાવનારી અને ભાવિની ચિંતાનો વિષય બની રહે તેવી છે. ભારતની લોકમાતા જેવી સિંધુ આદિ પંજાબની પાંચ ઉપરાંત ગંગા યમુના બ્રહ્મપુત્રા વગેરે જેવી મહાનદીઓનું ઉદ્‌ગમ સ્થાન હિમાલય હોઇને તેનો જલપ્રવાહ ત્યાંના હિમપ્રવાહોથી જ પુષ્ટ થાય છે. આ હિમપ્રવાહોમાં ઉત્તરોત્તર ઘટાડો થતો દેખાય છે એમ એક નિષ્ણાત તાદ્રિદે રજૂઆત કરી છે. આની તો આપણી આ નદીઓના જલપ્રવાહ ઉપર બહુ ગંભીર અસર થાય; અને આ નદીઓનાં જલથી સીંચાતા આપણા ઉત્તર ભારતમાં આ ઘેરી સ્થિતિથી બરબાદી તરફ આપણાં પગરણનો આરંભ થાય, એટલે હિમાલયનાં આપણાં જ્ઞાન અને અભ્યાસને હવે લાંબો વખત અવગણવાનું પોસાઇ શકે નહિ. હિમાલયના સર્વગ્રાહી અભ્યાસ અને સંશોધન માટે એક સર્વતોમુખી સંસ્થા 'હિમાલય જ્ઞાનગંગા' ઊભી કરવી જોઇએ.



ઝેરી ગૅસ, ઇન્જેકશનો, ફાંસી ને બંદૂકની ગોળીઓથી જર્મનોએ મારી નાખેલા ચાળીસ લાખ માણસોનાં શબને એમણે ઓખવિટ્ઝની આ ભઠ્ઠીમાં બાળી નાખ્યાં હતાં. આજે એ સ્થાન રાષ્ટ્રીય સ્મારક તરીકે એ ગોઝારી હત્યાઓને દેશની પ્રજાની અંજલિ આપે છે.



'અર્જુન'ના સંપાદન વિભાગના કાર્યકરો ઈ. ૧૯૪૩માં (ખુરશી પર બેઠેલા ડાબી બાજુથી) સર્વશ્રી ૧ ધીરેન્દ્રજી (આજે હિંદી 'અમેરિકન રીપોર્ટર'ના ઉપતંત્રી), ૨ કૃષ્ણચંદ્ર ('સંપદા' માસિકના પ્રધાન તંત્રી), ૩ ઇન્દ્રજી, ૪ રામગોપાલ (તે વખતે વીર અર્જુન'ના ઉપતંત્રી). પાછળ ઊભેલા ડાબી બાજુથી : ૧ કૃષ્ણચંદ્ર મહેતા (દૈનિક 'હિંદુસ્તાન'ના ઉપતંત્રી). ૨ હરિશ્ચન્દ્રજી (આજે હિંદી 'અમેરિકન રીપોર્ટર'માં), ૩ ?, ૪ આનંદજી (દૈનિક 'નવભારત'ના ઉપતંત્રી), ૫ વિદ્યાસાગર (આજે આકાશવાણીના હિંદી વિભાગમાં) અને ૬ દેવેન્દ્રજી (ગ્રંથ સંપાદક).

ઇન્દ્ર વિદ્યાવાચસ્પતિ (અનુ. પૃ. ૪૭થી) પડતા. ઋતુ પ્રતિકૂળ હોય તો પોતાના નિવાસસ્થાનની ઓસરીમાં ફરતા. જમ્યા પછી શતપદી કરવું એ એમનો નિત્યનિયમ હતો. એમનાં દૈનિક કાર્યો અને વ્યવહારો એવાં સુનિયોજિત, વ્યવસ્થિત, સંયત અને સુરુચિપૂર્ણ હતાં કે એમના સંપર્કમાં આવનાર સહૃદય વ્યક્તિ એમનાથી પ્રભાવિત થયા વિના રહેતી નહિ. સમયપાલનના તેઓ ચુસ્ત આગ્રહી હતા. વાર્તાલાપમાં કુશળ છતાં મિતભાષી હતા. જીવનનાં પાછલાં ૧૦-૧૫ વર્ષોમાં શારીરિક અસ્વસ્થતાને કારણે તેઓ આહાર-વિહાર અને ઔષધસેવનમાં કઠોરરીતે નિયમિત બની ગયા હતા. ખરું પૂછો તો પથ્યસેવન અને નિયમિત જીવનચર્યાને કારણે જ તેઓ છેવટ સુધી કાર્યક્ષમ અને સામર્થ્યવાન રહી બોંતેર વર્ષનું આયુષ્ય ભોગવી શક્યા.

સાદું ગૃહસ્થી જીવન ગાળવા છતાં તેઓ સંન્યાસી જેવા હતા. એમને પુસ્તકો ખરીદવા સિવાય બીજું કોઈ વ્યસન ન હતું. આમ, એક શીલવાન કર્મયોગીનું યશસ્વી જીવન વિતાવીને તેઓ ૧૯૬૦ની ૨૪મી ઑગસ્ટે એક નાની બીમારી પછી દિવંગત થયા.

તેઓ એટલા નિઃસ્વાર્થ રાષ્ટ્રસેવી હતા કે સ્વાધીનતા પ્રાપ્ત થતાંની સાથે જ તેઓએ રાજનીતિમાંથી નિવૃત્તિ લીધી હતી. એક વાર એમણે કહેલું કે 'રાજકારણ મારે માટે ત્યાં સુધી જ આ પોતાની વસ્તુ હતી જ્યાં સુધી તેમાં ત્યાગની જરૂર હતી; હવે તેનું રૂપ અધિકારપ્રધાન થઈ ગયું છે.' જો કે સ્વાધીનતા પ્રાપ્ત થયા પછી તેમને રાજ્યસભાના સદસ્ય બનાવવામાં આવ્યા હતા એ સ્થાને તેઓ ૧૯૪૯ થી ૧૯૫૮ સુધી રહ્યા હતા. ભારત સરકારે નીમેલા 'સંસ્કૃત આયોગ'ના તેઓ એક સભ્ય હતા.

સ્વાધ્યાયશીલતા

શિષ્ટ વાચનનો એમને સારો શૉખ હતો. સંસ્કૃતના તેઓ ઉદ્ભટ વિદ્વાન હતા. મહાપુરુષોની જીવનકથાઓ વિવિધ દેશોની ક્રાંતિઓના ઇતિહાસો, ચિંતનપ્રધાન નિબંધો વગેરે ઉપરાંત પોતાના સ્વાધ્યાયખંડમાં એમણે સંસ્કૃત સાહિત્યના પ્રશિષ્ટ ગ્રંથો (ક્લાસિક્સ) સાચવીને રાખ્યા હતા; અવકાશ મળ્યે તેઓ વાલ્મીકિ, ચાણક્ય, કાલિદાસ, ભારવિ, ઉપનિષદો, મહાભારત, મનુસ્મૃતિ હોમર, શેક્સપીઅર, ગિબ્સન, ટૉલસ્ટૉય, રવીન્દ્રનાથ, શરદચન્દ્ર વગેરેનું સાહિત્ય વાંચતા. એક વાર પગના હાડકાના ઑપરેશન પછી એમને ચારેક માસ ઑસ્પિટલમાં રહેવું પડેલું ત્યારે તેઓ સંપૂર્ણ મહાભારતનું પારાયણ કરી ગયા હતા. ઇશોપનિષદ્ ઉપર એમણે સુંદર ભાષ્ય લખ્યું છે.

આચાર્ય ઇન્દ્રજી પોતાના જીવનમાં ઉત્કટ આશાવાદી, ઉત્સાહી અને માંગલ્યના ઉપાસક રહ્યા. સંકટોની ક્ષણોમાં પણ તે પોતાની આંતરિક શ્રદ્ધા અને માનસિક સંતુલન કાયમ રાખતા : એમની અનેક કૃતિઓમાં વૈદિક આર્યોના પ્રફુલ્લિત આશાવાદનો આલોક દેખાય છે : એમના નિકટતમ સાથીઓનો અનુભવ છે કે એમની જીવન-સાધનાની સફળતાનું અર્ધું શ્રેય એમના ઉત્કટ આશાવાદને છે : આમ શીલ અને માંગલ્યના સૌરભથી સુવાસિત તથા પ્રજ્ઞાના તેજથી પ્રકાશિત 'ઉચ્ચ વિચાર અને સાદા જીવન'ની સંસ્કૃતિ પ્રશંસિત આચાર્ય ઇન્દ્રજીના જીવનમાં અવતાર પામી હતી.

प्रज्ञाशीलवते तस्मै आशया मुदितात्मने।
श्रद्धा-प्रसून-संभारः इन्द्रचन्द्राय दीयते ॥

આ માસ (ફેબ્રુ૦) ઇતિહાસમાં · વ્યક્તિવિશેષ · દિનવિશેષ · પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : સ્વેન હેડિન

વીસમી સદીના આરંભ સુધી તો સુધરેલી દુનિયામાં તદ્દન અજ્ઞાત એવા મધ્ય



એશિયાના પ્રદેશોમાં કડકડતી ઠંડી ને રેતીનાં ભયંકર તોફાનો વચ્ચે નિર્જળ અને નિર્જન એવા અફાટ વેરાન વિસ્તારોમાં સ્વેન હેડિન નામના એક સ્વીડિશ શોધસફરીએ જીવસટોસટની હાડમારીઓ વેઠીને એ પ્રદેશમાં પ્રાચીન સંસ્કૃતિના અવશેષો અને ભુલાઈ ગએલા માર્ગો સૌપ્રથમ ખોળી કાઢ્યા.

સ્વેન ઍન્ડર્સ ફૅાન હેડિન એ એનું પૂરું નામ. સ્વીડનના સ્ટૉકહોમમાં ઈ. ૧૮૬૫-ની ૧૯મી ફેબ્રુઆરીએ એનો જન્મ. અપ્પસલા યુનિવર્સિટી અને પછી બર્લિન હેલની વિદ્યાપીઠમાં એણે અભ્યાસ કર્યો.

ઈ. ૧૮૮૫-'૮૬માં એણે પર્શિયા અને મેસોપોટેમિયાનો પ્રવાસ કર્યો. ઈ. ૧૮૯૦માં ઈરાન ગએલા પર્શિયાના એલચીમંડળમાં એ પણ હતો. એ પછી એણે બુખારા, સમરકંદ કાશ્ગર, તેઈનશાન, ઈસ્યુકુલ, ખોરાસાન અને તુર્કસ્તાનની સફર કરી.

પછી ઑરેનબર્ગથી ઊપડી તાશ્કંદ, કાશ્ગર, પામીર ને તારીમની સફર પણ એણે ખેડી. ઇરાનમાં કોર્લા, ત્યાંથી ખોતાન ને કેરિયા પણ એ ગયો. કુનલુનશાનનો પ્રદેશ પણ એણે ખૂંદ્યો ને ગોબીના ભયંકર રણમાં જીવસટોસટની પરિસ્થિતિમાં પણ એણે પ્રવાસ કર્યો.

ઈ. ૧૮૯૯થી ૧૯૦૨માં ફરી તારીમની લાંબી સફર કરી લોબનોરના વિસ્તારમાં સંશોધનો કર્યાં. ત્યાંથી ફરી તિબેટનો પ્રદેશ વીંધી એ લેહ આવ્યો. ૧૯૦૬માં તિબેટના ઉચ્ચ પ્રદેશમાં એણે પુરાણા વિસ્મૃત માર્ગો ને ઘણાં પ્રાચીન અવશેષો શોધ્યાં. બ્રહ્મપુત્રા તથા સતલજ નદીનાં મૂળ પણ ખોળ્યાં. એ બંને નદીના તટપ્રદેશોમાં પણ એણે કેટલીક નવી જ માહિતીઓ એકઠી કરી.

ઈ. ૧૯૦૮માં તિબેટ અને કારાકોરમની શોધસફર કરી. ઈ. ૧૯૨૮થી '૩૩ના ગાળામાં હેડિને શાંગહાઇથી પેકિંગ જઈ ત્યાંથી ગોબીનું રણ વીંધી એ તુર્ફાન અને પછી કોર્લા, ખોતાન ને કાશ્ગરથી દૂન્ગારિયા થઇને રશિયાનો પ્રવાસ કર્યો. ઈ. ૧૯૩૩થી '૩૫ એણે પેકિંગથી ઊપડી ગોબીના રણની સફર કરીને ચીની સરકારને એ પ્રદેશમાં એક માર્ગ આંકી આપ્યો. અત્યાર સુધી અપરિચિત આ પ્રદેશોના એણે સૌપ્રથમ વિગતવાર નકશાઓ દોર્યા.

એની એ સેવાને બિરદાવવા ઈ. ૧૯૦૨માં સ્વીડનની સરકારે એને ઉમરાવપદ આપ્યું. સ્વીડિશ અકાદમીનું સભ્યપદ પણ એને મળેલું. હિંદુસ્તાનને સ્પર્શતી એની કેટલીક શોધખોળોને નવાજવા બ્રિટિશ હિંદ સરકારે એને કે. સી. એસ. આઈ.નો ખિતાબ આપ્યો; જે એણે પ્રથમ વિશ્વયુદ્ધ વખતે પોતાની જર્મન-તરફી માન્યતાઓને કારણે પાછો વાળ્યો હતો.

ઈ. ૧૯૨૩માં અમેરિકા, મંગોલિયા અને રશિયાને માર્ગે એણે પૃથ્વીની પ્રદક્ષિણા કરી.

પોતાની શોધસફરોને એણે અનેક પુસ્તકોમાં ગ્રંથસ્થ કરી છે. એ પુસ્તકો માહિતી-પ્રચુર હોવા સાથે સાહસ રસથી તરબોળ અને એટલાં જ રોચક અને રોમાંચક છે.

ઈ. ૧૯૫૨માં એનું અવસાન થયું.

દિનવિશેષ

તા. ૧ રૂ. ૩૦૦૦ના વર્ષાસનમાં સિક્કિમના રાજાએ ઇસ્ટ ઇન્ડિયા કં.ને દાર્જિલિંગ દીધું, ૧૮૩૫.
તા. ૮ કુમારોને રોચક વૈજ્ઞાનિક તથા સાહસિક કથાઓના લેખક જુલેવર્નનો જન્મ, ૧૮૨૮.
તા. ૧૪ મહાન મુઘલ શહેનશાહ અકબર તખ્તનશીન થયો, ૧૫૫૬.
તા. ૧૭ હિંદી પ્રજાએ જલિયાંવાલા બાગ પાંચ લાખ રૂપિયા આપી ખરીદી લીધો, ૧૯૨૦.
તા. ૧૯ શિવનેરીના કિલ્લામાં મરાઠી રાજ્યના સ્થાપક શિવાજીનો જન્મ, ૧૬૩૦.
તા. ૨૧ શીખો સાથેની લડાઇમાં જગવિખ્યાત કોહીનૂર હીરો અંગ્રેજોને હાથ ગયો, ૧૮૪૯.
તા. ૨૮ હિંદુસ્તાનમાં કલકત્તા, મદ્રાસ ને મુંબાઇમાં ટેલિફોન-વ્યવહારનો પ્રારંભ થયો, ૧૮૮૨.
તા. ૨૯ ભારતમાંથી છેલ્લી બ્રિટિશ લશ્કરી ટુકડીની મુંબાઈમાંથી વિદાય, ૧૯૪૮.

પ્રસંગવિશેષ : શ્રીરંગપટ્ટણની સંધિ, ૨૩મી ફેબ્રુઆરી, ઇ.સ. ૧૭૯૨

ટીપૂ મસ્તાન ઓલિયાની દુવાથી હૈદરને ત્યાં જન્મેલો અને એટલે ફતહઅલી ટીપૂના નામે ઓળખાએલો ટીપૂ સુલતાન પરાક્રમ અને યુદ્ધકૌશલમાં સર્વોત્કૃષ્ટ વીર પુરુષોમાંનો એક હોવા



છતાં થોડો બિનઅનુભવી હતો. જેમને કાઢવા પિતા હૈદર જીવનભર ઝૂઝ્યો અને એકલેપંડે જેમના પર ગજબની ધાક બેસાડેલી એ અંગ્રેજોને ટીપૂએ પણ પિતા પછી ગાદીએ આવીને એવા જ હંફાવેલા અને પરિણામે ઈ. ૧૭૮૪-માં અંગ્રેજોને ટીપૂનું મ્હૈસૂર પરનું આધિપત્ય સ્વીકારવું પડેલું. પણ હૈદર અને ટીપૂ સામે યુદ્ધોમાં ગુમાવેલી આબરુ અને બીજી બાજુ એ જ વર્ષોમાં અમેરિકાની વસાહતોમાંથી ઊખડી ગએલા એમના વર્ચસ્વનો ઘા એમને પૂરો ચચરતો હતો. અમેરિકાની ખોટ હિંદુસ્તાનમાં પૂરી કરવા તેઓ ફરી કટિબદ્ધ થયા. એ માટે પૂરતી સૂચના ને સત્તા લઈ ને લૉર્ડ કૉર્નવૉલિસ હિન્દમાં ગવર્નર જનરલ તરીકે આવ્યો. ટીપૂના વિરોધી નિઝામ અને મરાઠાઓને એણે પોતાના પક્ષમાં લીધા. ટીપૂના ગોરા અફસરોને અને હૈયાફૂટા અમીરોને ફોડ્યા અને અંદરબહાર બધેથી પૂરતી તૈયારી કરી લઈ એણે ત્રાવણકોરના રાજાને સહાય કરવાના બહાને ટીપૂ પર ચડાઈ કરી. આરંભમાં તો ટીપૂએ એમને પૂરા હંફાવ્યા પણ અંગ્રેજી કૂટનીતિ સામે આખરે એ લાચાર બની ગયો. ઈ. ૧૭૯૨ની ૨૩મી ફેબ્રુઆરીએ શ્રીરંગપટ્ટણમાં ટીપૂ સાથે સંધિ થઈ. ટીપૂનું અર્ધું રાજ્ય પડાવીને મરાઠા, નિઝામ ને અંગ્રેજોએ વહેંચી લીધું અને ટીપૂને ત્રણ કરોડ ત્રીસ હજાર રૂપિયા દંડ પેટે ત્રણ વરસમાં ત્રણ હપતે ભરી આપવાના કરારની પણ ફરજ પાડી. એ અંગે બાંહેધરીમાં કૉર્નવૉલિસ ટીપૂના બે નાના કુંવરોને પોતાની સાથે લઈ ગયો. આ હારથી અત્યંત આઘાત પામેલો ટીપૂ ત્યારથી પલંગબિસ્તર છોડી દઈ ઠેઠ મૃત્યુ સુધી જમીન પર એક કાપડના ટુકડા પર જ સૂતો હતો. અથાક પરિશ્રમ અને પોતાની શક્તિ મુજબના દરેક ઉપાયો કરી એણે દંડની રકમ પણ સમયસર ભરી દીધી હતી ને ફરી પોતાનું સામ્રાજ્ય આબાદ કરી લીધું હતું.

STATEMENT

of ownership and other particulars about the newspaper 'Kumar'

as required to be published under rule 8 of the Registration of Newspapers (Central) Rules 1956.

1. Place of Publication . . .	Kumar Printery, 1454 Raipur, Ahmedabad-1
2. Periodicity of its Publication . .	Monthly
3. Printer's Name	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.)
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1
4. Publisher's Name	Bachubhai P. Rawat (For Kumar Karyalaya Ltd.)
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1
5. Editor's Name	Bachubhai P. Rawat
Nationality	Indian
Address	1454 Raipur, Ahmedabad-1
6. Names and addresses of individuals who own the newspaper and partners or shareholders holding more than one percent of the total capital.	(1) Chinubhai C. Shah and Mangalagauri Chinubhai Shah, 22 B.N. Kapol Nivas, Vincent Road, Bombay-19 (2) Chhotalal Jivraj Sheth, 125 Medows Street, Bombay-1 (3) Chaitanyaprasad Motilal Diwanji, 'Paradise', Shahibag, Ahmedabad-4 (4) Mahendrabhai Shantilal Shah, Shahibag, Ahmedabad-4 (5) Champaklal Chunilal Banker, Kochrab, Opp. Kagdiwad, Ahmedabad-6 (6) Dhirendra Nanjibhai Mehta, Swastik Bhuvan, Uganda Road, Porbandar (7) Lady Tanumati Chinubhai, Shanti Kunj, Shahibag, Ahmedabad-4 (8) Parshuram Premshanker & Rameshchandra P. Raval, C/o Raval Bros., 185 Princess St., Bombay-2 (9) Isuf Abdul Qaiyum Faizullabhai, Karim Bag, Athva Lines, Surat (10) Bhartiben Ramakant Mehta, Moti Mahal, Churchgate Reclamation, Bombay-1 (11) Rajratna Ramjibhai Hansraj Kamani, Parijatak Bungalow, New Colony, Jaipur (12) Bai Triveni, Widow of Pranjivan K. Desai, 47 C. P. Tank, Madhav Bag, Bombay-4 (13) Amritlal P. Trivedi, Mines Owner, Balaghat (M.P.) (14) Narendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (15) Gajendra Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (16) Kanak Ravishanker Raval, Brahmin Mitra Mandal Society, Ahmedabad-6 (17) Mrs. Rashmibala D. Trivedi & Miss Rajanibala K. Pandya, 587, 18th Road, Khar, Bombay-21 (18) Prabhudas Balubhai Patwari & Smt. Savita Prabhudas Patwari, 80 Parimal Society, Ahmedabad-6 (19) Girdharlal Damodardas, 'Prerana', Ambavadi, Ellis Bridge, Ahmedabad-6 (20) Janardan Pranshanker Raval, Mahashanker Bhuvan, Takhteshvar, Bhavnagar (21) Major Balvantrai J. Bhatt, Krishna Bag, Maninagar, Ahmedabad-8

I, Bachubhai P. Rawat, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief. Dated this 26th day of February 1966 Sd./ B. Rawat, Publisher

—મનહર—

'મારું મારું' કરે તેને લોકો કહે 'મારું મારું';
'તારું તારું' કહે તેને લોકો કહે 'તારું તારું'.

—લક્ષ્મીનારાયણ—

મોટી મહેલાતના બાથરૂમમાં બેસી એનો માલિક પોતાનાં હાથરૂમાલ, મોજાં ને ગંજી ધોઈ રહ્યો હતો. ત્યાં બેત્રણ નોકરોએ આવી આજીજી કરવા માંડી: 'સાહેબ, એ બધું અમને આપી દો. આ કંઈ આપનું કામ છે?'

'ના, ભાઈ' પેલાએ કહ્યું: 'નાનપણમાં મારી માએ મને શીખવ્યું છે કે આ ત્રણ કપડાં તો દરેકે જાતે જ ધોઈ લેવાં જોઇએ.' એ મોટો માણસ હતો અમેરિકાનો પ્રમુખ ટ્રુમૅન.

કહેવતોના અર્થ: 'ગરાશિયાની ઘોડી ને રાંડીરાંડની છોડી.'—એ બંનેનું મૂલ્ય ઘણું. કોઈ વસ્તુ તે ધરાવનારને તેમજ તેની અપેક્ષા રાખનાર પારકાને બંનેને પ્રિય ને મૂલ્યવાન હોય તેનો નિર્દેશ કરવા માટેની આ કહેવતમાંનાં ઉદાહરણો ચોટદાર છે. બંનેને લાડ, હોંશ અને વહાલથી ઉછેરેલી હોય ને એ બંને મેળવવા પાછળ લાભવાની લિપ્સા હોય.

અનેકાર્થી શબ્દ: **ચવ**=ઉત્સાહ; હોંશ; પહોંચ, આવડત, રામ, હોશ કે સકાર; આચાર; નાળિયેરનો કચરો; હળનો અણીદાર દાંતો; એ નામનો સુંદર છોડ-કપૂરમધુરી કે કપૂરકરી; શક્તિ, તાકાત કે રામ; ઢંગ, ઠેકાણું કે ચોકસાઇ; સુવાસ, ખુશ્બો કે આબરૂ; સાચા મોતીનો ભાવ કાઢવા માટે મોતીના વજન ઉપરથી કરાતો તોલ કે આંક; મૃત્યુ; હથેલી; દાઢ; સ્વાદ કે લહેજત; સ્પર્ધા કે હોંસાતોસીની ચટપટી; માત્ર ભોગવટા ખાતર ઈનામ મળેલી સરકારી જમીન.

ખોટી વાત

મગરની પીઠ પર ગોળી વાગતી નથી એ વાત ખોટી છે. આધુનિક બંદૂકો તો લોખંડને પણ ભેદી શકે છે.

ભાષાંતર કરવું એ એક કુપ્પીનું અત્તર બીજી કુપ્પીમાં રેડવા જેવું કાર્ય છે; રેડતાં થોડી સુગંધ તો ઊડી જવાની જ.

ઑસ્ટ્રેલિયાના શોએનફિલમાં એક એવું સરોવર છે કે જે ધીમે ધીમે સુકાઈ જાય છે અને ફરી પાછું ભરાઈ જાય છે; ગયાં ૧૨ વર્ષોમાં આ રીતે તે ૨૪ વખત અદૃશ્ય થઈ ગયું છે. અને એ દરેક વખતે ગુરુવાર જ હતો!

પહોળાઈની દૃષ્ટિએ દક્ષિણ ઍટલૅન્ટિક મહાસાગરના સમુદ્ર-કિનારે ને ટાપુમાં રહેતું ઍલ્બૅટ્રોસ પક્ષી સૌથી પહોળું છે. પાંખોના બે છેડા વચ્ચે એ ૧૦ ફૂટ પહોળું હોય છે. અને લંબાઈમાં સૌથી લાંબું પક્ષી ભારતનો મોર છે: સાત ફૂટ.



કલાકણિકા: સોળમી સદીની ઈરાનની એક તશતરી ઉપરના આલેખનમાં દાડમ તથા અન્ય વનસ્પતિનું કરેલું સપ્રમાણ ને સૌન્દર્યમંડિત ભાતનિરૂપણ.

आपदा कथितः पन्था इन्द्रियाणाम् असंयमः।
तज्जयः संपदां मार्गो येनेष्टं तेन गम्यताम्॥

આપત્તિનો કહ્યો માર્ગ ઇન્દ્રિયોનો અસંયમ,
સંપત્તિ સંયમે લાધે: જે રુચે તેહ આચરો.

અનિલ સ્વભાવે એવો તો આનંદી અને ઉત્સાહી કે ન પૂછો વાત. હરેક કામમાં એ મોખરે જ હોય. એ મારો જ ભાઈ છે એ તો કોઈના માન્યામાં જ નહિ આવે.

તેના લગ્ન થયા ત્યારે મેં તેને અપેક્ષિત હયાતીની પોલિસી લેવા કહ્યું. તેણે પોલિસી તો લીધી પણ કમને અને બોલ્યો ય ખરો, 'આ તો તું મારો ભાઈ છે એટલે. બીજો કોઈ એજંટ હોત તો ઘસીને ના પાડત.'

થોડા વખત સુધી તો અનિલે નિયમિત પ્રીમિયમો ભર્યાં. પણ પછી તેને પૈસાની તાણ પડવા લાગી. નવું ફરનિચર વસાવવું હોય, નવા નવા સ્થળે સહેલગાહે જવું હોય અને મનોરંજન કાર્યક્રમો જોવાં હોય ત્યાં પ્રીમિયમ માટે પૈસા જ ક્યાંથી રહે? આમ પ્રીમિયમ માટેની રકમ વપરાઈ જતી.

મેં તેની પાસે જઈ આ વિષે ચર્ચા કરી, 'પોલિસી બંધ પાડીને તમે બધું ગુમાવો છો. જો કે બે વર્ષ સુધી ભરેલા પ્રીમિયમો પોલિસીની મુદત સુધી અનામત રહેશે. પણ તેથી શું? પોલિસીની મુદત સુધી કુટુંબને મળતી સુરક્ષિતાનું શું જે તમે હો કે ન હો તો પણ કુટુંબને મળત.'

પણ એમ માને તો અનિલ શાનો? પરંતુ ભાભીના ગળે આ વાત ઊતરી અને તેમણે ઘરખર્ચમાંથી પૈસા બચાવી પ્રીમિયમ ભરવાનું નક્કી કર્યું.

ત્રણ વર્ષ પછી ભાગ્યાવશાત અનિલને પરદેશમાં ટેકનીકલ લાઈનનો અભ્યાસ કરવાને શિષ્યવૃત્તિ મળી પણ આવવા જવાનો ખર્ચ તેને જ માથે હતો.

અનિલ પાસે આ માટે પૈસા ન હતા પણ મને યાદ આવ્યું કે તેની અપેક્ષિત હયાતીની પોલિસીના પહેલા હપ્તાનો સમય પાક્યો છે. આ રકમ તો તેના આવવા જવાના ખર્ચ માટે પૂરતી હતી.

પૈસા મળતાં જ અનિલ તો ખુશખુશ થઈ ગયો. હવે તો તેના પ્રીમિયમ ભરવાની બાબતમાં કોઈ ફરિયાદ નથી રહી.



ઉપવનમાં કૃષ્ણ-રાધિકા

અઢારમી સદીના ઉત્તરકાળનું કાંગડા શૈલીનું એક ઉત્તમ ચિત્રરત્ન

(પ્રિન્સ ઑવ વેલ્સ મ્યુઝિયમ-મુંબાઈના સંગ્રહમાંથી, તેમના સૌજન્યથી)